Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Pathak, Meera B., 2007, *"વૈષ્ણવપુરાણોમાં પર્યાવરણ નિદર્શો "એક અધ્યયન, (વામન, વરાહ, વિષ્ણુ અને ભાગવતપુરાણના આલોકમાં)"*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/321

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

વિનયન વિદ્યાશાખાની, સંસ્કૃત વિષયની

પીએચ્.ડી.ની ઉપાધિ માટે પ્રસ્તુત શોધ નિબંધ

# "વૈષ્ણવપુરાણોમાં પર્યાવરણ નિર્દેશો" એક અધ્યયન, (વામન, વરાહ, વિષ્ણુ અને ભાગવતપુરાણના આલોકમાં")

*INDICATION OF ENVIRONMENT IN VAISHNAVA PURANS A STUDY*

*(IN THE LIGHT OF VAMANA, VARAHA, VISHNU AND BHAGVAT PURAN*


-:: પ્રસ્તુત કરનાર ::-

**પ્રા. મીરાં બી. પાઠક**

સંસ્કૃત વિભાગ

શ્રી વી.એમ. મહેતા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,

જામનગર.

-:: માર્ગદર્શકશ્રી ::-

**ડો.જે.પી.એન. દ્વિવેદી**

**નિદેશક**

શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી, અને ઈન્ડોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટીટયૂટ - દ્વારકા



વિ.સ.૨૦૬૩ ઈ.સ.૨૦૦૭

યુગાબ્દ : ૫૧૦૯

## જાહેરનામું

:::::::::::::::::

આથી હું સોગંદપૂર્વક જાહેર કરુ છું કે પ્રસ્તુત શોધપ્રબંધ રૂપે રજૂ થયેલ સંશોધનકાર્ય ''વૈષ્ણવપુરાણોમાં પર્યાવરણીય નિર્દેશો'' એક અધ્યયન, વરાહ, વામન, વિષ્ણુ અને ભાગવતપુરાણના આલોકમાં "Indications OF Environment in Vaishnav Purans - A STUDY IN THE LIGHT OF VAMANA, VARAHA, VISHNU AND BHAGVAT PURAN" મેં ઉપર્યુકત સંદર્ભગ્રંથોના આધારે તૈયાર કરેલું છે. તેમાં આવતાં નિરુપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. આથી હું તેની મૌલિકતાની ખાતરીપૂર્વક જાહેરાત કરું છું. ઉપરાંત તેમાં રજૂ થયેલાં મંતવ્યો અને વિગતો માટે હું સ્વયં જવાબદાર છું તે પણ જાહેર કરુ છું. મારી માન્યતા અને જાણ અનુસાર પ્રસ્તુત સંશોધન અભ્યાસ કોઈ પણ પ્રકારની ડીગ્રી માટે આ યુનીવર્સિટી કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં રજુ કરવામાં આવેલ નથી.

તારીખઃ /૦૫/૦૭ મીરાં બી. પાઠક

સ્થળઃ જામનગર

માર્ગદર્શક શિક્ષકની સહી

ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી

નિદેશક, શ્રીદ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી,

દ્વારકા.

## अस्मदीयम्

પુરાણી ઉકિત મુજબ કહીએ તો આ ઘોર કલિકાલ છે. પુરાણોમાં કલિયુગ વિષેનાં જે જે લક્ષણો કે કુલક્ષણો દર્શાવેલાં છે તે જાણે બધાં જ ચરિતાર્થ થતાં હોય તેવું મોટાભાગના લોકોને લાગે છે.

ભારતીય વેદાદિ સાહિત્ય, પુરાણો, શાસ્ત્રોમાં કે વિશ્વના અન્ય ધર્મોના ધર્મસંબંધી ગ્રંથોમાં જે બાબતોના ઉલ્લેખો છે તેના સ્થાને વર્તમાન સમયમાં થયેલાં પરિવર્તનો મનુષ્યની સુખ સુવિધા વધારનારાં તો બન્યાં છે, પણ તેની સાથે સૃષ્ટિ ઉપર વિપરીત અસરો નિપજાવનારાં પણ બન્યાં છે. પ્રાચીન સમયમાં મનુષ્ય જે પ્રાકૃતિક જીવન જીવતો હતો તેમાં ઘણી કૃત્રિમતાઓ અને વિષમતાઓ આવી છે. કેટલેક અંશે મનુષ્ય અપ્રાકૃતિક જીવન જીવે છે. આ પ્રકારનું જીવન તેને પસંદ હોય કે ન હોય, પણ તેણે જીવવું પડેછે. યુગની સાથે તેણે ગતિ કરવી પડે છે.

પ્રાચીન સાહિત્ય અને ખાસ કરીને ભારતીય પ્રાચીન સાહિત્યમાં તે વખતે કેવી જીવન પ્રણાલિથી જીવતો તેનાં સુંદર ચિત્રો મળે છે. સૃષ્ટિની ઉત્પત્તિથી માંડીને વર્તમાન સમય સુધીની ભારતીય પ્રજાની વિચારસરણીમાં સહિષ્ણુતા, પ્રેમ, શાંતિ જેવા સદ્ગુણોનો પ્રવાહ જોવા મળે છે. આ માટે ભારતીય પ્રજાએ પ્રકૃતિ સાથે સતત સહવાસ રાખ્યો હતો. તેણે सार्वे नः सुखिनः सन्तु જેવી ભાવના કેળવી છે, તેણે धौः शांतिः अंतरिक्षं शांतिः જેવા મંત્રનું પઠન કર્યું છે.

પ્રસ્તુત શોધકાર્ય પૌરાણિક પર્યાવરણને લગતું છે. તેની પીઠિકા તરીકે વેદ, ઉપનિષદ, બ્રાહ્મણગ્રંથોમાં પર્યાવરણીય નિરૂપણો લઈ તે પછી પૌરાણિક પર્યાવરણીય નિરૂપણો સમાવવામાં આવ્યાં છે. સૃષ્ટિ ઉત્પત્તિનાં મૂળભૂત પાંચ તત્ત્વો, પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ જેને ભારતીય શાસ્ત્રો પંચમહાભૂત કહે છે. તેની ઉત્પત્તિ, તેનો સૃષ્ટિ પર પ્રભાવ અને તેની પ્રલયરૂપે ભાવિ અસરો અંગે પુરાણોએ વિશદ નિરૂપણ કરે છે. તેની તારવણી કરીને રજૂ કરવામાં આવેલ છે.

ઉપર્યુકત તારવણીઓને આધુનિક પર્યાવરણના સંદર્ભમાં જોવા માટે વર્તમાન કેટલીક સંકલ્પનાઓ જેવી કે પ્રદૂષણ, તે અને તેને ઉત્પન્ન કરનારાં પરિબળોનો ખ્યાલ મેળવવામાં આવ્યો છે. ગ્રીન હાઉસ ઈફેકટ, ઓઝોન વાયુ મંડળનો હ્રાસ જેવા મુદ્દાઓને આધારે પ્રદૂષણ નિયંત્રણના માર્ગો વિચારવામાં આવ્યા છે. આ ઉપરાંત વિશ્વસંસ્થા યુ.એન.ઓ. દ્વારા આ અંગે થતા પ્રયત્નો અને તે માટેના કાયદાઓ, ભારતીય રાજય વ્યવસ્થાએ પ્રદૂષણ નિયંત્રણ અંગે કરેલા કાયદાઓ અને વિશ્વમાં તેમજ ભારતમાં પર્યાવરણ સુધારણા માટે પ્રયત્નશીલ પર્યાવરણવિદો અંગે નિરુપણ કરવામાં આવેલ છે.

પર્યાવરણની જાળવણી અને માનવજાત તેમજ પ્રદૂષણનું નિયંત્રણએ વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે. તેના તરફ અંગુલિ નિર્દેશ કરવામાં આ શોધકાર્ય સહાયક બનશે તેવી આશા છે.

આ શોધકાર્યમાં મને મારા શ્વસુર સ્વ. ઈન્દુભાઈ ગિ. ભટ્ટ તથા મારા સાસુ શ્રીમતી શાંતાબેન ઈ. ભટ્ટે (બન્ને નિવૃત્ત શિક્ષક) કાર્ય કરવા માટે સતત પ્રોત્સાહન આપેલું, બન્ને હવે સ્વર્ગસ્થ થયાં છે, તેમને આ સમયે સ્મરણ કરું છું. મારા પતિ શ્રી હિતેન ભટ્ટે મારાં કાર્ય માટે પુસ્તકો મેળવવાથી માંડીને વેબસાઈટ દ્વારા વિગતો મેળવવામાં પોતાનો સમય આપી મને સતત કાર્યશીલ રાખી છે. આ તબકકે મારા પિતા પ્રા. શ્રી. ભગવતીભાઈ પાઠક (નિવૃત) દ્વારા મને સતત માર્ગદર્શન મળતું રહયું છે. આ બધાં સ્વજનોનાં પ્રોત્સાહનથી આ શોધકાર્ય હું પૂર્ણ કરી શકી છું.

આ વિષયે મને બહુમૂલ્ય માર્ગદર્શન આપવા માટે મારા માર્ગદર્શક શ્રી ડો. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી (નિદેશક, સંસ્કૃત એકેડેમી, દ્વારકા) એ પોતાનો અમૂલ્ય સમય આપી મને માર્ગદર્શન આપ્યું છે તેમનો તથા વિવિધ ગ્રંથોના લેખકશ્રીઓનો અત્રેથી ૠણ સ્વીકાર કરું છું.

## :: **અનુક્રમણીકા** ::


| પ્રકરણનો ક્રમ | પ્રકરણનું નામ | |
|---|---|---|
| – | अस्मदीयम् | I |
| ૧. | સંશોધનની ભૂમિકા અને પર્યાવરણની સંકલ્પના | ૧ |
| ૨. | પુરાણઃ અર્થ, લક્ષણ અને પરિચય | ૫૬ |
| ૩. | જલ તત્ત્વ | ૯૨ |
| ૪. | વાયુ તત્ત્વ | ૧૧૬ |
| ૫. | આકાશ તત્ત્વ | ૧૩૪ |
| ૬. | પૃથ્વીતત્ત્વ | ૧૪૭ |
| ૭. | તેજ તત્ત્વ (તેમજ સૃષ્ટિનાં તત્ત્વોને આનુષંગિક અન્ય તત્ત્વો) | ૧૬૬ |
| ૮. | પુરાણોમાં પર્યાવરણીય નિર્દેશો અને આધુનિક પર્યાવરણીય સંકલ્પનાઓ. | ૧૯૯ |
| – | સંદર્ભસૂચિ. | ૨૩૭ |
| – | પરિશિષ્ટ. | ૨૫૩ |

# પ્રકરણ – ૧

# સંશોધનની ભૂમિકા અને પર્યાવરણની સંકલ્પના



## પ્રકરણ – ૧

## સંશોધનની ભૂમિકા અને પર્યાવરણની

## સંકલ્પના

### સંશોધનની ભૂમિકા :

આ શોધકાર્યનું પ્રથમ પ્રકરણ બે વિભાગોમાં વહેંચ્યું છે. પ્રકરણનો પ્રથમ વિભાગ આ સંશોધન કરવા માટે કેવા પ્રકારની વિચારણા કરવામાં આવી તેની સ્પષ્ટતા કરે છે. તેને મેં સંશોધનની ભૂમિકા એવું ઉપશીર્ષક આપ્યું છે. પ્રકરણનો બીજો વિભાગ પર્યાવરણ એટલે શું તેની વિચારણા કરેલ છે. તે વિભાગને પર્યાવરણની સંકલ્પના એવું ઉપશીર્ષક આપેલું છે.

સંશોધન શબ્દમાં "શોધન" શબ્દ વપરાયેલ છે. શોધન કરવું એટલે શુદ્ધ કરવું. સોનાના અલંકાર બનાવતાં પહેલાં સોનાને શુદ્ધ કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. તેને શોધન કહેવામાં આવે છે. અહીં શોધનને 'સં' એવો પ્રત્યય લાગેલો છે. આમ આખો શબ્દ સંશોધન બને છે. સંશોધન એટલે વિશેષ રીતે શોધન કરવું. જે વિગતને શુદ્ધ કરી નિરુપવાની સંશોધકે ધારણા કરી છે. તેને એક વિશાળ સમુદાયમાંથી તારવી તેનાં અર્થઘટનો કરવાં તેને અહીં સંશોધન કહ્યું છે. જે રીતે સુવર્ણ પ્રથમ એક ગઠ્ઠારુપે હોય છે. તેમાંથી અશુદ્ધિઓ દૂર કરી શુદ્ધ સુવર્ણ મેળવાય છે અને પછી તેમાંથી જુદા જુદા અલંકારો બનાવાય છે, તેમ અહીં પણ એક વિશાળ ચયમાંથી સંશોધકને અભિપ્રેત એવી વિગતો તારવી તેને પોતાનાં કાર્યને અનુરુપ ઘાટ આપવાની પ્રક્રિયા સંશોધન બને છે. મેં એ જ રીતે પુરાણો પૈકી ચાર પુરાણો, જે વિષ્ણુ ભગવાનને સંબંધી છે તેને પસંદ કરી, તેમાંથી માત્ર પર્યાવરણીય સંકેતોની વિગતો તારવી છે. તેને પંચમહાભૂત સ્વરુપે અને અન્ય આનુષંગિક તત્ત્વોને અનુલક્ષીને વિશેષ અર્થઘટનો દ્વારા ઘાટ આપેલ છે.

સંશોધનની આ ભૂમિકામાં આ સંશોધન શા માટે કરવા ધાર્યું, તેના હેતુઓ, મહત્ત્વ, કારણો અને અન્ય આનુષંગિક બાબતો દર્શાવી સ્પષ્ટતાઓ કરી છે. આમ પ્રથમ વિભાગ પૂર્ણ કર્યા પછી આ સંશોધનના કેન્દ્રમાં રહેલ પર્યાવરણની સંકલ્પના અંગે નિરુપણ કરેલ છે.

પર્યાવરણ શબ્દ વર્તમાનયુગમાં ઉદ્ભવેલો શબ્દ છે. પરિ + આવરણ = પર્યાવરણ. પરિ = ચારે તરફનું અને આવરણ ફેલાવ, ઢાંકણ. પૃથ્વીની ચારે તરફનું જે આચ્છાદન છે તે વર્તમાન યુગનું પર્યાવરણ છે. પૃથ્વીને વિંટળાયેલ માટીનું આવરણ, વાયુનું આવરણ, જલનું આવરણ, પશુ, પક્ષી, જીવ, જંતુનું આવરણ. આ બધાંનો સરવાળો એટલે પર્યાવરણ. વર્તમાન સમયમાં એક પૂર્ણ સૃષ્ટિચક્રની કલ્પના થયેલી છે. તેમાં સૂક્ષ્મ જંતુથી માંડીને તમામ સ્થાવર-જંગમ પદાર્થો એક બીજા સાથે એક ચક્ર રુપે સંકળાયેલ છે. તેવી કલ્પના કરવામાં આવી છે. આ આખી શૃંખલા છે. આ શુંખલાની એકાદ કડી નબળી પડે કે નાશ થાય તો સમગ્ર સૃષ્ટિચક્રની શૃંખલા તૂટે તેવી કલ્પના કરવામાં આવી છે. તેથી પર્યાવરણ વિદો નાનાં જંતુથી માંડીને મહાકાય પ્રાણી સુધી તમામ પદાર્થને સાંકળીને પર્યાવરણચક્ર તરીકે સ્વીકારે છે. વાઘ કે સિંહ, હાથી કે ગેંડા, જુદા જુદા પ્રકારનાં વૃક્ષો, આ બધાંને બચાવીશું તો જ સમગ્ર સૃષ્ટિ યોગ્ય રીતે ટકશે તેમ તેઓનું માનવું છે. આ રીતે આ બીજા વિભાગમાં પર્યાવરણ વિષેની સવિગત સંકલ્પના સ્પષ્ટ કરેલ છે.

વર્તમાન સમયમાં પૃથ્વીને વિંટળાયેલ આવરણ અંગે વિદ્વાનો, ચિંતકો, વિજ્ઞાનીઓ જેટલા ચિંતિત છે, તેટલા કયારેય ન હતા. સામાન્ય જન- સમાજનો મોટો ભાગ આવી સમસ્યા અંગે કાં તો અધકચરું જ્ઞાન ધરાવે છે અથવા સાવ અજ્ઞાત છે. ઉદાહરણ સ્વરુપે પેયજલ લઈએ. થોડું જાણનારો વર્ગ તેનાથી ચિંતિત છે. પરંતુ તે વિષે ન જાણનાર વર્ગ પાણી નથી મળતું એટલું જ વિચારે છે. આમ થવાનું કારણ શું છે તે અંગે બહુ ઓછા લોકો વિચારે છે.

આનો અર્થ એમ પણ નથી કે પ્રાચીન સમયમાં આવી સમસ્યા ન હતી કદાચ હશે, પણ આજના જેટલી વિકરાળ નહીં હોય. છતાં પ્રાચીન ભારતીય ચિંતકોએ તે વિષે અધિકૃત રીતે અંગુલિનિર્દેશ કર્યો છે.

પ્રાચીન સાહિત્ય વેદ, ઉપનિષદ, સ્મૃતિઓ, પુરાણો અને કાવ્યોમાં બુહદ્ રીતે વિસ્તરેલ છે, તે તમામનો અભ્યાસ કરી ઉપર્યુકત પર્યાવરણીય સમસ્યા વિષે જ્ઞાન થવું ઘણું મુશ્કેલ બને તે સ્વાભાવિક છે. વ્યાસ ભગવાને વેદના વિસ્તાર પછી સામાન્ય જનસમાજ સમજે તેવાં પુરાણો રચ્યાં છે. તે પુરાણોને આધારે આ બાબતને જોવા માટે મેં વિચાર્યું. મેં અનુસ્નાતક કક્ષાએ 'પુરાણ સાહિત્ય' વિષય લીધેલો. તેમાં અવગાહન કરતાં અન્ય બાબતો ઉપરાંત પર્યાવરણ અંગે પણ ઘણું જાણવા મળતાં તેના વિષે પુરાણોમાંથી વધુ જાણવાની જિજ્ઞાસા અને ઉત્સુકતા જાગી. અનુસ્નાતક કક્ષાએ મેં શ્રીમદ્ ભાગવત પુરાણ અને મત્સ્યપુરાણ જોયેલાં. અન્ય પુરાણમાં આ અંગે શું કહેવાયું છે તે જાણવાની ઈચ્છાથી આ અભ્યાસ હાથ ધર્યો.

વિશ્વની ત્રણ સ્થિતિ છે. ઉત્પત્તિ, સ્થિતિ (પાલન) અને લય. પર્યાવરણને ઉત્પત્તિ અને લય કરતાં વધારે સ્થિતિ એટલે કે પાલન સાથે સંબંધ છે. સ્થિતિના દેવ વિષ્ણુ છે. સૃષ્ટિનું પાલન કરવા માટે તેના દેવ વિષ્ણુએ એક સૃષ્ટિચક્ર યોજયું છે. આ ચક્રમાં બુધ્ધિ ધરાવનાર મનુષ્યથી માંડીને અમીબા જેવા એકકોશી જંતુ પણ સંકળાયેલાં છે. જયાં સુધી આ ચક્રની શૃંખલા અવિરત રહે છે, ત્યાં સુધી બધું બરાબર ચાલે છે. પણ જો તેમાં વ્યવધાન આવે તો સૃષ્ટિ લય–પ્રલય તરફ જાય છે. આમ, વિષ્ણુ ભગવાનનું પ્રદાન સૃષ્ટિ માટે રચેલ ચક્ર છે. જેને અત્યારની પરિભાષામાં પર્યાવરણીય ચક્ર કહી શકાય.

વિષ્ણુ ભગવાન પાલનકર્તા છે. તેમના અવતારો અને અંશાવતારોને આધારે કેટલાંક પુરાણો રચાયેલાં છે. મેં તે બાબતને ધ્યાનમાં રાખી વિષ્ણુના અવતારો પર આધારિત

પુરાણોમાંથી પર્યાવરણીય નિર્દેશોનો અભ્યાસ કરવા વિચાર્યુ. આવાં ઘણાં પુરાણો છે. તેમાંથી મેં ચાર પુરાણોનો અભ્યાસ કરવા ધાર્યું.

સૌ પ્રથમ वराहपुराण લેવા ધાર્યું. આ પુરાણમાં વિષ્ણુએ વરાહ સ્વરૂપ લીધેલું. વરાહ ચતુષ્પાદ છે. પૃથ્વી ઉપર વિચરનાર પ્રાણીઓમાં ચતુષ્પાદ પ્રાણી પ્રથમ છે. તેથી આ પુરાણ લેવા ધાર્યું.

બીજું પુરાણ वामनपुराण નક્કી કર્યું. કદાચ સૃષ્ટિના પ્રારંભે મનુષ્ય વામન સ્વરૂપ ધરાવતો હશે. આ વામનપણું માત્ર શારીરિક નહિં પરંતુ તેના જીવનયાપનનાં સંસાધનો માટે પણ અનુભવતો હશે.

ત્રીજું પુરાણ विष्णुपुराण નક્કી થયું. આ પુરાણમાં સૃષ્ટિના પાલનકર્તા શ્રી વિષ્ણુ ભગવાનની સમગ્રતયા લીલાઓ વર્ણિત છે. આ લીલાઓ મનુષ્યની વિકાસ પ્રક્રિયા બની રહે છે.

ચોથું પુરાણ श्रीमद् भागवत् पुराण એટલા માટે નિરધાર્યું કે આ પુરાણ પુરાણોનું શિરમોર તો છે જ, વિશેષમાં તેમાં કૃષ્ણ સ્વરુપે શ્રી વિષ્ણુનો પૂર્ણાવતાર મનાયો છે. શ્રીકૃષ્ણના સમયે મનુષ્ય વિકાસના મધ્યમાં હતો. તેથી તેનો અભ્યાસ કરવા ધાર્યું.

આમ, વિષ્ણુ આધારિત સાત પુરાણોમાંથી ઉપર્યુકત ચાર પુરાણ वराहपुराण, वामनपुराण, विष्णुपुराण અને श्रीमद् भागवत् पुराण નો અભ્યાસ કરવાનું મેં નિશ્ચિત કર્યું.

મેં આ કાર્ય કરવાના પ્રારંભમાં અભ્યાસના હેતુઓ, અભ્યાસનું મહત્ત્વ, અભ્યાસ કરવાનાં કારણો વગેરે નિશ્ચિત કરેલાં. આ વિગતો નીચે મુજબ છે.

## 卐 અભ્યાસના હેતુઓ :-

મેં સંશોધન કરતાં પહેલા તેના હેતુઓ નિશ્ચિત કરવા ધાર્યું છે. આ સંશોધનના હેતુઓ નીચે મુજબ વિચાર્યા છે.

★ અઢાર પુરાણો પૈકી ચાર પુરાણોનો સઘન અભ્યાસ કરવો.

★ સંશોધન માટેના ચાર પુરાણો વિષ્ણુના અવતારો ઉપર આધારિત હોઈ તેનો જ સઘન અભ્યાસ કરવો.

★ અભ્યાસમાં શકય તેટલા વધુ પર્યાવરણીય મુદ્દાઓ આવરી લેવા.

★ પર્યાવરણના સંદર્ભમાં પુરાણોમાં વર્ણિત સૃષ્ટિચક્રનો અભ્યાસ કરવો.

★ જ્ઞાનની જુદી જુદી શાખાઓ માટે પુરાણોમાં જે નિર્દેશો થયા છે તે તારવીને તેને પર્યાવરણીય સંદર્ભમાં ઘટાવવા.

★ પુરાણોમાં દર્શાવેલ જીવસૃષ્ટિના નિર્દેશો તારવી તેને પર્યાવરણીય સંદર્ભમાં વિચારવા.

★ પરસ્પર સંલગ્ન એવાં સૃષ્ટિ તત્ત્વોના નિર્દેશો તારવી તેમનો પરસ્પરનો સંબંધ તપાસવો.

★ સૃષ્ટિચક્ર અને પર્યાવરણીય સમતુલાચક્રના નિર્દેશો તારવી તેનો સઘન અભ્યાસ કરવો.

★ વર્તમાન સમયની પર્યાવરણીય સંકલ્પનાને આધારે પુરાણોમાં નિર્દિષ્ટ પર્યાવરણનાં તત્ત્વોને તપાસવાં.

★ પુરાણોમાં દર્શાવેલ પર્યાવરણીય મુદ્દાઓ અને પ્રવર્તમાન પર્યાવરણીય મુદ્દાઓની તુલના કરવી.

★ બન્નેની તુલનામાંથી નિષ્કર્ષ તારવવા.

★ અભ્યાસને મહાનિબંધ રૂપે રજૂ કરવો.

## 卐 <u>અભ્યાસનું મહત્ત્વ અને કારણો</u> :-

સંશોધનના પ્રયોજકે પોતે કરવાના કાર્યનું મહત્ત્વ નિશ્ચિત કરવું જરૂરી હોય છે. એ જ રીતે આવો અભ્યાસ શા માટે હાથ ધર્યો છે, તેનાં કારણો વિષે પ્રયોજક સ્પષ્ટ હોવો જોઈએ. પ્રસ્તુત સંશોધનનાં મહત્ત્વ અને કારણો મેં નીચેની રીતે નિશ્ચિત કર્યાં છે.

### (૧) મહત્ત્વ :-

★ આ પ્રકારનો અભ્યાસ સમયને અનુરુપ છે, તેથી કરવો જરૂરી છે.

★ પર્યાવરણનો ખ્યાલ છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિકસ્યો છે, તેવી એક સામાન્ય માન્યતા છે. પરંતુ ભારતના સંસ્કૃત વાઙ્મયમાં આ બાબતે વિચારાયું છે તે દર્શાવવા આવો અભ્યાસ જરૂરી છે.

★ વર્તમાન સમયમાં સૃષ્ટિચક્રની જે સંકલ્પના છે તે પૌરાણિક સમયમાં હતી જ તે પ્રતિપાદિત કરવા આવો અભ્યાસ મહત્ત્વ ધરાવે છે.

★ સૃષ્ટિના પંચમહાભૂત પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ મૂળભૂત વિચારણા ભારતીય પર્યાવરણીય સંકલ્પનાના મૂળમાં રહેલી છે. તે દર્શાવવા આવો અભ્યાસ ખૂબજ જરૂરી છે.

★ પુરાણોમાં વર્ણવેલ મનુષ્યજીવનને અને સમગ્ર સૃષ્ટિને અસરકર્તા ચોવીસ તત્ત્વો અંગે ઋષિમુનિઓએ કરેલી વિચારણા વર્તમાન સમયમાં કેટલી પ્રસ્તુત છે તે જાણવા આવો અભ્યાસ મહત્ત્વનો છે.

★ **जीवो जीवस्य जीवनम्** ની સંકલ્પના દ્વારા પર્યાવરણીય સમતુલાનો ખ્યાલ પૂર્વસૂરિઓએ આપેલો તેનો અભ્યાસ કરવા માટે આવું કાર્ય મહત્ત્વ ધરાવે છે.

**(૨) કારણો :-**

આ અભ્યાસનાં કારણો નીચે મુજબ છે.

★ વિષ્ણુ વિશ્વના પાલનકર્તા દેવ મનાય છે. તેથી વિષ્ણુને લગતાં ચાર પુરાણોનો અભ્યાસ કરવો તેમ વિચાર્યું છે. કેમકે પર્યાવરણ એ માત્ર મનુષ્ય જીવનનાં નહીં પરંતુ સચરાચર સૃષ્ટિના પાલનપોષણ માટે જરૂરી છે. તેના પાલનકર્તા દેવ માટે અભ્યાસ કરવો જરૂરી છે.

★ આ અભ્યાસમાં સમાવિષ્ટ વરાહપુરાણ પ્રાથમિક અભ્યાસ માટે, વામનપુરાણ તેથી આગળનો અભ્યાસ કરવા માટે એટલે કે મનુષ્ય જાતિનાં પ્રારંભિક કાળ માટે, વિષ્ણુપુરાણ

પાલનકર્તા દેવનાં કાર્યોનો અભ્યાસ કરવાં માટે, અને શ્રીમદ્ ભાગવત્ પુરાણ પૂર્ણ પુરુષોતમ એવા શ્રીકૃષ્ણ દ્વારા થયેલ પર્યાવરણીય કાર્યોના અભ્યાસ માટે લેવા વિચાર્યું છે. કૃષ્ણના સમયમાં મનુષ્યજાતિ લગભગ પૂર્ણ રીતે વિકસિત થઈ ચૂકી હતી. તેથી તેનો અભ્યાસ જરૂરી છે.

★ પુરાણોમાં સૃષ્ટિની ઉત્ત્પતિ, તેનો વિકાસ અને તેને ટકાવનારાં પરિબળો તેમજ છેલ્લે પ્રલય દ્વારા સૃષ્ટિનો વિનાશ થવાની જે સંકલ્પના છે તેનો સઘન અભ્યાસ કરી તેને પર્યાવરણીય સંતુલન માટે વિચારવાં આવો અભ્યાસ ખૂબ જરૂરી છે. તેવું મેં નિશ્ચિત કર્યું છે.

★ પુરાણોએ પર્યાવરણ શબ્દનો ઉપયોગ કર્યા વગર જે રીતે પર્યાવરણને દર્શાવ્યું છે, તેનાં અર્થઘટન કરવા માટે આ અભ્યાસ મહત્ત્વ ધરાવે છે, તેવી મારી માન્યતા છે અને તે માટે આ અભ્યાસ કરવા નક્કી કર્યું છે.

★ જેમ આ ચાર પુરાણોના અભ્યાસ દ્વારા હું પર્યાવરણીય નિર્દેશો તારવવા ઈચ્છું છું તે જ રીતે ભવિષ્યમાં અન્ય પુરાણો કે સંસ્કૃત વાઙ્મયના અન્ય ગ્રંથોમાં પર્યાવરણ અંગે જે નિરુપણ કર્યું છે. તેનો અભ્યાસ કરવાનું માર્ગદર્શન મળી રહે તે માટે મેં આ કાર્ય કરવા નિશ્ચિત કર્યું છે.

**(૩) <u>પુરાણમાં પર્યાવરણીય સંકેતો</u> :-**

પુરાણોમાં કદાચ સ્પષ્ટરૂપે પર્યાવરણીય તત્ત્વોના ઉલ્લેખ નહીં હોય, છતાં રૂપકાત્મક રીતે તે જોવા મળે છે. આવા સંકેતો કેવા હોય તેનો સંક્ષિપ્ત નિર્દેશ અહીં કરવાનો ઉપક્રમ

છે. મહાનિબંધ લેખનમાં તેની વિસ્તૃત છણાવટ કરવા મેં નક્કી કર્યું છે. આવા પર્યાવરણીય સંકેતો નીચે મુજબ દર્શાવી શકાય.

★ પુરાણોમાં સૃષ્ટિની ઉત્પત્તિ અંગે આવેલા ઉલ્લેખો વિશ્વમાં પર્યાવરણના પ્રારંભની સ્થિતિ દર્શાવતા માલૂમ પડે છે. ઉદાહરણ તરીકે ભાગવતના દ્વિતીય સ્કંધમાં આપેલ વિરાટ પુરુષનું વર્ણન કે તૃતીય સ્કંધમાં સૃષ્ટિના વિસ્તારનું વર્ણન એ પર્યાવરણના પ્રારંભની સ્થિતિ કહી શકાય.

★ જેને જૈન ધર્મીઓ પોતાના પ્રથમ તીર્થંકર માને છે તે ઋષભદેવજી દ્વારા ભૂમિના વિભાગોની કથા પર્યાવરણના પ્રગતિશીલ તબકકાનો નિર્દેશ કરે છે.

★ રાજા પૃથુએ કરેલું પૃથ્વી દોહન રૂપકાત્મક રીતે વર્ણવાયેલું એક વિશિષ્ટ પર્યાવરણીય તત્ત્વ છે.

★ શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધમાં પર્યાવરણ અંગેની વિસ્તૃત એવી રૂપકાત્મક માહિતી પ્રાપ્ત થાય છે, જેમાં ગંગાવતરણ, પૃથ્વીના દ્વીપો, પર્વતો, વગેરેનું વર્ણન સમાવિષ્ટ છે.

★ શ્રીકૃષ્ણ ચરિતમાં વર્ણવાયેલ કૃષ્ણલીલાઓ પર્યાવરણીય તત્ત્વોની ભરપૂર માહિતી આપે છે.

★ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં અત્રિમુનિના પુત્ર દત્ત દ્વારા કરાયેલા ચોવીસ ગુરુની વિગત પર્યાવરણ સમજવા માટે અત્યંત ઉપયોગી છે.

આ રીતે દરેક પુરાણોમાં રૂપકાત્મક રીતે પર્યાવરણ અંગેની વિગત પ્રાપ્ત થાય છે. મેં મારા અભ્યાસમાં આવરી લીધેલા ચાર પુરાણોમાંથી આવતાં રૂપકો શોધી, તેનાં અર્થઘટન કરી પર્યાવરણના નૂતન અભિગમ સાથે તેનું સામંજસ્ય તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

## <u>પ્રકરણ યોજના</u>

પુરાતન વાઙ્મયમાંથી નૂતન અભિગમને સંશોધવું એ એક મહેનત માંગી લે તેવું કાર્ય છે. તેને સુચારુ, સરળ અને સુરૂપ બનાવવા માટે મેં મહાનિબંધને નીચે પ્રમાણે પ્રકરણ પાડી વિભાજિત કરેલ છે.

અગાઉ આ પહેલાના મુદ્દાઓમાં અભ્યાસના હેતુઓ, અભ્યાસનાં કારણો, અભ્યાસનું મહત્ત્વ વગેરેનું નિરુપણ કર્યું. મેં આ અભ્યાસનું તારતમ્ય જે રીતે રજૂ કરવા નક્કી કર્યું છે તેને શોધ પ્રબંધના પાડેલાં પ્રકરણો મુજબ વહેંચ્યું. મેં તેના સંશોધન પ્રસ્તાવમાં છ પ્રકરણો પાડેલાં. આ પ્રકરણો પૈકી પ્રકરણ ૩,૪,૫ અને ૬ અભ્યાસ હેઠળ નાં ચાર પુરાણોમાં આવેલા પર્યાવરણીય ઈંગિતો માટે રચવા ધારેલું. પછીથી માર્ગદર્શકશ્રી સાથે પરામર્શ કરી આ પ્રકરણોનું પુનઃ નિર્માણ કર્યું અને તેને પુરાણોને બદલે પંચમહાભૂત તત્ત્વોને આધારે રજૂ કરવા નક્કી કર્યું. તે પ્રમાણે પ્રકૃતિમાં વ્યાપ્ત પાંચ મહાતત્ત્વો અને તેને સંબંધી પ્રકીર્ણ તત્ત્વોને આધારે પ્રકરણો રચતાં સંશોધન પ્રસ્તાવના સાત ને બદલે આઠ પ્રકરણમાં શોધપ્રબંધ રજૂ કરવા નિશ્ચિત કર્યું છે. આ રીતે પરિવર્તિત થયેલી પ્રકરણ યોજના નીચે મુજબ છે.

**<u>પ્રકરણ</u> – ૧ :–**

આ પ્રકરણમાં સંશોધનની ભૂમિકા અને પર્યાવરણની સંકલ્પના સ્પષ્ટ કરવાનું અભિપ્રેત છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન સમયમાં પર્યાવરણની સંકલ્પના કઈ રીતે વિકસતી ગઈ તે અંગે વિસ્તૃત ચર્ચા કરવા નિરધાર્યું છે.

**<u>પ્રકરણ</u> – ૨ :–**

પ્રસ્તુત પ્રકરણ પુરાણ વિષયક કરવા નિશ્ચિત કર્યું છે. તેમાં પુરાણના અર્થ, લક્ષણ વગેરે શાસ્ત્રીય બાબતો દર્શાવી, પુરાણોનો પરિચય આપવા નક્કી કર્યું છે. તદુપરાંત અભ્યાસ હેઠળનાં ચાર પુરાણ–वराह, वामन, विष्णु અને भागवत પુરાણનો વિશદ પરિચય આપવાનો છે.

**પ્રકરણ – ૩ :–**

આ પ્રકરણમાં પંચ મહાતત્ત્વ પૈકી આદિ તત્ત્વ જલ તત્ત્વ અંગે નિરુપણ કરવાનું છે. અભ્યાસ અંતર્ગત રહેલાં ચારે પુરાણો અને વેદાદિ સાહિત્યમાં જલતત્ત્વ વિશે થયેલા ઉલ્લેખોને આ પ્રકરણમાં સમાવવામાં આવશે.

**પ્રકરણ – ૪ :–**

આ પ્રકરણમાં વાયુ તત્ત્વનું નિરુપણ કરવા ધાર્યું છે. વેદો અને અભ્યાસ હેઠળના પુરાણોમાં વાયુ તત્ત્વ અંગે જે દર્શાવવામાં આવ્યુ છે તે અંગે વિચાર કરવામાં આવશે.

**પ્રકરણ – ૫ :–**

પાંચમાં પ્રકરણમાં આકાશ તત્ત્વ અંગે નિરુપણ કરવા ધાર્યું છે. અભ્યાસ નીચેના ચાર પુરાણો वराह, वामन, विष्णु અને भागवत પુરાણ ઉપરાંત વેદત્રયી અને અન્ય સાહિત્યમાં આકાશતત્ત્વ અંગે થયેલાં નિરુપણને આવરી લેવામાં આવશે.

**પ્રકરણ – ૬ :–**

આ પ્રકરણ પૃથ્વી તત્ત્વને લગતું છે. સૃષ્ટિના આધારરૂપ પૃથ્વી અને તેને આધારે ટકેલી સૃષ્ટિ તેમજ સૃષ્ટિમાં વ્યાપ્ત વનસ્પતિ, પ્રાણીજગત વગેરેને અભ્યાસ હેઠળનાં પુરાણોને આધારે વિચારવામાં આવશે.

**પ્રકરણ – ૭ :–**

તેજ તત્ત્વને આ પ્રકરણમાં નિરુપવા ધાર્યું છે. સૂર્ય, ચંદ્ર અગ્નિ વગેરે તત્ત્વોથી થતાં તેજ તત્ત્વ અંગે આ પ્રકરણમાં વિચારેલ છે.

**પ્રકરણ – ૮ :–**

આ પ્રકરણ અગાઉ દર્શાવેલ પુરાણો અને સબંધિત સાહિત્યને આધારે મળેલ પર્યાવરણીય સંકેતોનું અર્વાચીન સંદર્ભમાં અર્થઘટન, હાલના સમયમાં તેના ઉપયોજન અને વિનિયોગ, ભાવિ સંશોધન માટેની માર્ગરેખા તેમજ અભ્યાસને અંતે સંશોધકને મળેલા અનુભવને આધારે ભલામણોનો સમાવેશ કરવાનું છે.

## <u>પર્યાવરણની  સંકલ્પના</u>

અગાઉના કોઈપણ યુગમાં પ્રાકૃતિક પ્રદૂષણનો પ્રશ્ન હોય તેવું પ્રાચીન સાહિત્યમાં અવગાહન કરતાં જોવા મળતું નથી. ઘરનાં પ્રાંગણ કે જનપદનાં પાદરોની સ્વચ્છતા, જળાશયની સ્વચ્છતા, વૃક્ષોની પૂજા દ્વારા પવિત્રતાની જાળવણી, ઢોર–ઢાંખરની દેખભાળ વગેરે જેવી બાબતો સમાજને પ્રદૂષણ મુકત રાખતા. તે સમયે માનવજીવન એટલું બધું પ્રાકૃતિક હતું કે જીવનને હાનિકર્તા એવી કોઈ સમસ્યા સર્જાતી નહીં. અને કદાચ સર્જાતી હશે તો તદ્દન નગણ્ય હતી. પ્રદૂષણ શબ્દ પ્રાચીન શાસ્ત્રોમાં જોવા મળે છે, પરંતુ પર્યાવરણની વર્તમાન સંકલ્પના જોવા મળતી નથી. પ્રાચીન સમયમાં લોકો પૃથ્વીનાં મૃદાવરણ અને પૃથ્વીને વિંટળાયેલ વાયુના આવરણ–વાતાવરણ ને જાણતા, ઓળખતા અને તેનો આદર કરી તેને જાળવતા. મધ્યકાળમાં પણ તે જ પ્રથા ચાલતી રહી. લોકો જે પ્રદૂષણને ઓળખતા તેમાં ભૌતિક તત્ત્વો કરતાં ધાર્મિક આચારો, નૈતિક સ્ખલનો જેવી આધિદૈવિક કે આધ્યાત્મિક બાબતોની હાનિને પ્રદૂષણ ગણતાં. આ બધુ તદ્દન અભૌતિક હતું. લોકો સહુથી વધારે વાતાવરણને ઓળખતાં અને તેને અપ્રદૂષિત રાખવા તત્પર રહેતાં. તીર્થજલ કે સામાન્ય જલાશય સ્વચ્છ રહે તે માટે પણ શાસ્ત્રોએ કેટલીક માર્ગરેખાઓ આપેલી છે. જેમ કે, જલાશયમાં નગ્ન સ્નાન ન કરાય, જલાશયમાં મલમૂત્ર ત્યાગ ન કરાય, પેયજલ માટે વપરાતા પાણીને સ્વચ્છ રાખવા તેમાં સ્નાન વર્જ્ય ગણાય વગેરે બાબતો માનવજીવન દ્વારા પ્રદૂષણ ન ફેલાય તે માટેની માર્ગદર્શિકાઓ હતી.

વિશ્વમાં મધ્યકાળ પછી માનવસમાજમાં જાગૃતિ આવી તેમાં પ્રદૂષણ અટકાવવા અને પૃથ્વીના સમગ્ર પરિસરને શુધ્ધ રાખવાનો ખ્યાલ વિકસ્યો. માત્ર મૃદાવરણ, વાતાવરણ કે જલાવરણ જ નહીં, પરંતુ સમગ્ર વૈશ્વિક આવરણને શુધ્ધ રાખવાનાં અભિયાન શરુ થયાં. બહુભાષક એવી અંગ્રેજી ભાષામાં તેને માટે environment

શબ્દ પ્રયોજાયો. આ શબ્દનું ભારતીયકરણ પર્યાવરણને નામે થયું. પર્યાવરણ શબ્દ સંસ્કૃત ભાષાનો છે. તેનું રૂપ નીચે મુજબ સિધ્ધ થાય છે.

**परि + आङ् + वृ + ल्युट् (अन) = पर्यावरण** એટલે કે **परि** અને **आङ्** ઉપસર્ગો **वृ** ધાતુને લગાડી તેને **ल्युट् – अन्** લગાડવાથી પર્યાવરણ શબ્દ સિધ્ધ થાય છે. પર્યાવરણનો સામાન્ય અર્થ आच्छादन થાય છે. તેના અન્ય અર્થો આવરણ, ઘેરાવો કે ઢાંકણું થાય છે, જે ચારે બાજુથી આચ્છાદિત કરે છે તે પર્યાવરણ. પર્યાવરણ સાથે અવિનાભાવી સંબંધે જોડાયેલ શબ્દ પ્રદૂષણ છે. પ્રદૂષણનો અર્થ થાય છે વિકૃતિ અથવા બગાડ. આ શબ્દ प्र + दूष + ल्युट् (अन) થી સિધ્ધ થાય છે. प्र ઉપસર્ગ લગાવી दूष ને ल्युट् (अन्) લગાડવાથી પ્રદૂષણ શબ્દ બને છે. પર્યાવરણની જાળવણી અને શુધ્ધિ કોઈપણ સમય કરતાં વર્તમાન સમયમાં અત્યંત જરૂરી છે. જો તેની શુધ્ધિ ન જળવાય તો ભવિષ્યની પેઢીઓને તેનાં દુષ્પરિણામો ભોગવવાં પડે.

पृथिवीं परितो व्याप्य तामाच्छाद्य स्थितं च यत् ।
जगदाधाररूपेण पर्यावरणमुच्यते ॥

અર્થાત્ – "પૃથ્વીની ચારેબાજુ વ્યાપ્ત થઈને અને તેને આચ્છાદિત કરીને વિશ્વની સ્થિતિ માટે આધારરૂપ છે તે પર્યાવરણ છે." (૧)

जगत्स्थितिविनाशाय पारिस्थितिकजीवनम् ।
जैवा जैवेन यत्प्राप्तं पर्यावरणमुच्यते ॥

એટલે કે, "વિશ્વની સ્થિતિ અને વિનાશ માટેની પરિસ્થિતિરૂપ જીવન જે જીવ અને અજીવ છે તેને પર્યાવરણ કહે છે." (૨)

---

*(१) पर्यावरणकाव्यम् – डो. अशोककुमार शुक्ल*
*(२) पर्यावरणकाव्यम् – डो. अशोककुमार शुक्ल*

આ રીતે પર્યાવરણ શબ્દ બહુ વ્યાપક અર્થમાં વપરાય છે. ભારતનાં પ્રાચીન સાહિત્યમાં પણ પર્યાવરણ એવું નામ આપ્યા વગર પર્યાવરણની વાત કરવામાં આવી છે. વેદો, ઉપનિષદો, પુરાણોમાં તેમજ રામાયણ, મહાભારત, મહાકાવ્યોમાં ભારતના મહામનીષીઓએ પર્યાવરણનાં સંરક્ષણ માટેની વિગતો આપી છે. વાલ્મીકિ, કાલિદાસ, ભવભૂતિ વગેરે કવિઓએ પોતાનાં મહાકાવ્યો, નાટકોમાં પ્રસંગાનુસાર સરોવર, નદી, પર્વત, વન, વૃક્ષો, પુષ્પો, નવપલ્લવોનાં મહત્ત્વ દર્શાવતા નિર્દેશો આપેલા છે. ઉદાહરણ તરીકે સાહિત્યમાં વૃક્ષ માટે કહેવાયું છે કે

वृक्षाणां रोपणे वध्धौ वर्धने रक्षणे सादा ।
भाव्यं हि तत्परैः सर्वैर्वृक्षाः सार्वोपकारकाः ॥

"વૃક્ષનું રોપણ કરવું, તેની વૃધ્ધિ કરવી, તેનું નિત્ય રક્ષણ કરવું, તેને માટે ભાવના ધરાવવી કેમ કે વૃક્ષો સર્વને ઉપકારક છે." [૧]

પર્યાવરણને વિકૃત કરનારું પ્રદૂષણ વર્તમાન સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. વિચારકો આને માટે વૈજ્ઞાનિક શોધો દ્વારા ઉપયોગમાં લેવાતાં સાધનોને કારણભૂત ગણે છે. દષ્ટાંત સ્વરૂપે ગાય-ભેંસ પાસેથી દૂધની પ્રચૂર માત્રા મેળવવા માટે અપાતાં ઈન્જેકશનો કે જમીનમાં પાક વધારવા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોને લઈ શકાય. યાંત્રિક વાહનો દ્વારા થતાં વાયુપ્રદૂષણ અને ધ્વનિપ્રદૂષણ તેનાં અન્ય ઉદાહરણો છે. નદીના પ્રવાહમાં મળતી ગામની ગંદકીનું વહન કરતી ગટરો કે કારખાનાનાં રાસાયણિક પ્રવાહો જલપ્રદૂષણ ઉત્પન્ન કરી પર્યાવરણને વિકૃત બનાવે છે.

---

*(१) पर्यावरणकाव्यम् – डो. अशोककुमार शुक्ल*

જલ સંરક્ષણ વર્તમાન સમયની અગત્યની સમસ્યા છે. વિશ્વની છ અબજની વસતીમાંથી ૨/૩ વસતીને પીવા માટેનું શુધ્ધ જળ મળતું નથી. ભૂગર્ભજળના યથેચ્છ અને બહોળા વપરાશથી જલ સમસ્યા ઉદ્‌ભવી છે. જયાં સુધી રહેંટ, કોશ જેવાં પરંપરાગત સાધનોથી સિંચાઈ થતી હતી ત્યાં સુધી આવી કોઈ સમસ્યા નહોતી. પરંતુ જયારથી યાંત્રિક સાધનો દ્વારા પાણી ઉલેચવાનું શરુ થયું ત્યારથી ભૂગર્ભજળ નીચાં જતાં ગયાં અને તેને કારણે પેયજલની સમસ્યા ઉત્પન્ન થઈ. ભૂગર્ભમાં ઊંડેથી ખેંચાતાં પાણીમાં અનેક અશુધ્ધિઓ રહેલી હોય છે. તેનો ઉપયોગ કરવાથી મનુષ્યો રોગિષ્ટ બને છે. ક્ષાર, ફલોરાઈડ નામનું તત્ત્વ અને અનેક પ્રકારનાં વિઘાતક રસાયણો મનુષ્ય માટે રોગને નોતરે છે. કૂર્મ પુરાણમાં કહ્‌યું છે કે

अफेनाभिरागन्धोभिरद्भिरच्छाभिरादरात् ॥

એટલે કે "ફીણ વગરનું, ગંધ વગરનું , સ્વચ્છ અને પવિત્ર જળનું આચમન કરવું."[૧]

વર્તમાન સમયમાં જલપ્રદૂષણનાં કેટલાંક કારણો છેઃ

(૧) મનુષ્ય દ્વારા મળમૂત્ર ત્યાગની અવ્યવસ્થા.

(૨) ઔદ્યોગિક કચરાનો પાણીમાં થતો નિકાલ.

(૩) મહાનગરો અને મધ્યમકક્ષાનાં નગરોમાં નગરપાલિકાની ગટરોનું ગંદું પાણી નદી કે સમુદ્રમાં વહેવડાવવું.

---

***(१) कूर्म पु ३३०-३८***

(૪) જુદાં-જુદાં ખનીજનાં ખનન પછી વધેલો કચરો વરસાદનાં પાણી સાથે વહીને નદી કે સમુદ્રમાં પાણી સાથે નદી, તળાવમાં વહે. આવાં કારણોથી જલપ્રદૂષણ થાય છે અને લોકોને દૂષિત પાણી પીવું પડે છે.

પ્રાચીન સમયમાં આપણા ધર્મવેત્તા પુરુષોએ જલ સંરક્ષણને ધાર્મિકતા સાથે અને જીવનમાં સકારાત્મક ફલશ્રુતિઓ સાથે સાંકળી લીધેલી. જેમ કે,-

त्रिषु लोकेषु सर्वत्र पूजितो यस्तडागवान् ।

" જે તળાવ કરાવે છે તે ત્રણે લોકમાં સર્વત્ર પૂજાય છે." (૧)

तडागे यस्य गावस्तु पिबन्ति तृषिता जलम् ।
मृग पक्षि मनुष्याश्च सोऽश्वमेध फलं लभेत् ॥

અર્થાત્ - "જેનાં (બનાવેલાં) તળાવમાં તરસ્યાં ગાય, પશુ-પક્ષી અને મનુષ્યો પાણી પીવે છે તે અશ્વમેઘનું ફળ મેળવે છે. " (૨)

यस्तडाग नवं कुर्यात्पुराणं वापि खानयेत् ।
ससर्वे कुलमध्धृत्य स्वर्गलोके महीयते ॥

મનુષ્ય નવાં જલાશય બનાવે તેનું ફળ તો મેળવે જ છે, પરંતુ જૂનાં, જર્જરિત કે પતન પામેલ જલાશયનાં જીર્ણોધ્ધાર કરાવે તે પણ સ્વર્ગ પ્રાપ્ત કરે છે. તેવી ફલશ્રુતિ છે.(૩)

---

*(૧) મહા ભા. શ. ૪*
*(૨) મહા ભા. શ. ૧૭*
*(૩) મહા ભા. શ. ૧૮*

આ રીતે જલને ભારતીય શાસ્ત્રકર્તાઓએ જુદી જુદી રીતે પ્રદૂષણથી બચાવવાની શીખ આપી છે. પાણી શીતળતા અને શાંતિ આપનાર છે. शन्न आपः એમ કહી પાણીની મહત્તા દર્શાવી છે.

વર્તમાન સમયમાં વસ્તી વિસ્ફોટને લીધે જલસમસ્યાએ ભયાનક રૂપ ધારણ કર્યું છે. એક આંગ્લ પર્યાવરણવિદે એવું કહ્યું છે કે જો આ પરિસ્થિતિ રહી તો હવે પછીનું વિશ્વયુધ્ધ પાણી માટે થશે. આ બધો વિચાર કરતાં પાણીના યથાયોગ્ય ઉપયોગ કરવાની મનોવૃત્તિ મનુષ્યજાતિએ કેળવવી પડે. જલસંસાધનોનો વિકાસ કરવો પડશે. સમુદ્ર જલને મીઠાં પાણીમાં પરિવર્તિત કરવાની તક્નિકી વિકસાવવી પડશે. વર્તમાન સમયમાં થતી રિચાર્જિંગ પધ્ધતિ, વરસાદનાં પાણીને સંઘરી લેવાની પ્રવૃત્તિ કે વરસાદનું પાણી ભૂગર્ભમાં ઉતારવાની પ્રવૃત્તિ વિકસે તે જરૂરી છે.

★ ★

જલ સંરક્ષણ જેવો અગત્યનો બીજો મુદ્દો ભૂમિ સંરક્ષણનો છે. પૃથ્વી મનુષ્ય જાતિને વસવા માટેનો એક માત્ર સ્રોત છે. નકકર ભૂમિ ન હોત તો મનુષ્ય કયાં વસત તે એક મોટો પ્રશ્ન છે. આવી ભૂમિને રક્ષવી તે મનુષ્યનું કર્તવ્ય છે. અથર્વવેદમાં એક આખું સૂકત "પૃથ્વીસૂકત" છે. તેમાં ઋષિ કહે છે કે –

पृथिवी माता पुत्रोऽहं पृथिव्याः ।

"પૃથ્વી માતા છે, હું પૃથ્વીનો પુત્ર છું." (१)

---

*(१) अथर्व*

આ રીતે પૃથ્વીનું મહત્ત્વ સ્થાપિત કર્યું છે. અથર્વવેદના પૃથ્વીસૂકતમાં ભૂમિનું વર્ણન કરતાં કહ્યું છે કે –

शिला भूमिरश्मा पांसुः सा भूमिः संधृता धृता।
तस्यै हिररायवक्षसे पृथिव्यां अकरं नमः ॥

અર્થાત્ "શિલા પૃથ્વી છે, પથ્થરો અને ધૂળ પણ ભૂમિ છે, (જગતના) બધા પદાર્થોને ભૂમિએ ધારણ કર્યા છે, જેને કારણે બધા સ્થિરતાથી રહે છે." [૧]

આગળ જતાં પૃથ્વીની મહત્તા દર્શાવતાં ઋષિ કહે છે કે –

अदो यद् देवि प्रथमाना पुरस्तात्
देवैरूक्ता व्यसार्पो महित्वम् ॥

"હે પૃથ્વી, તે તારુ અવર્ણનીય વિશાળ સ્વરુપ અનેક પ્રકારે વિસ્તાર્યું છે. તેથી પૂર્વે થયેલા વિદ્વાનોએ તારું વર્ણન કર્યું છે." [૨]

માતા જે રીતે બાળકને પોતાનું દૂધ પીવડાવે છે તે પ્રમાણે પૃથ્વી માતા સ્વરુપે પોતાનાં જળ, અન્ન, રસ વગેરે પુષ્ટિદાયક પદાર્થ આપે છે. પૃથ્વી એક એવો ગ્રહ છે, જેના ઉપર મનુષ્ય, પ્રાણી, બીજ વગેરે ઉત્પન્ન થઈ વિકસે છે. હજુ સુધી અન્ય ગ્રહોમાં આવું બનતું હોવાના પૂરાવા નથી. આવી સૃષ્ટિકર્તાની અદ્‌ભુત રચનાને જાળવવી એ મનુષ્યનું કર્તવ્ય છે.

છતાં ભૂમિ પ્રદૂષણ એ પણ વર્તમાનમાં એક ગંભીર સમસ્યા છે. પ્રથમ તો

---

*(૧) अथर्व. वे. संहिता १२-१-२६*

*(૨) अथर्व वेद सं. १२-१-५५*

અવિરત વધતી જનસંખ્યા પૃથ્વીને પ્રદૂષિત કરનારું એક મહત્ત્વનું પરિબળ છે. જનસંખ્યા વધતાં મનુષ્યની ઉદરપૂર્તિ માટે અન્ન મેળવવા અધિક ભૂમિનો ઉપયોગ કરવો પડે છે. પરિણામે પ્રાકૃતિક સંપદારૂપ વનપ્રદેશ નષ્ટ થતો જાય છે, જે પૃથ્વીની સ્થિરતા માટે જરૂરી હોય છે. એવો જ બીજો પ્રશ્ન વધતી જનસંખ્યાના નિવાસનો છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેર તરફ આજીવિકા માટે દોડતા મનુષ્યો શહેરમાં નિવાસ માટે ઝૂંપડાઓ બાંધી ગંદકી દ્વારા ભૂમીને પ્રદૂષિત બનાવે છે. ધનવાન લોકો મકાન બનાવવા માટે જે પદાર્થોનો ઉપયોગ કરે છે તે પણ ભૂમિમાંથી જ મેળવાય છે. પરિણામે પૃથ્વીનું સતત ખનન થાય છે. ગગનચૂંબી મહાલયો બનાવવા માટે સિમેન્ટ જેવા પદાર્થો વપરાય છે. તે પૃથ્વી ઉપર એક એવો સ્તર બનાવે છે કે જેને કારણે વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરતું નથી અને સિમેન્ટ જેવા પદાર્થ બનાવવા માટે ચૂનાના પથ્થરો ખનન દ્વારા મેળવાય છે, તે પણ પૃથ્વી માટે વિઘાતક બને છે.

ભૂમિનું ટકવું તે પ્રાકૃતિક બનાવ છે. આવી ભૂમિને ટકાવવા માટે મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ. આવા પ્રયત્નોને કર્મ કહેવામાં આવે છે. તેથી પૃથ્વીને કર્મભૂમિ કહેવાઈ છે. ભૂમિ અપ્રદૂષિત રહે તે માટે વેદોમાં પ્રાર્થના કરાઈ છે કે –

स ना विश्वा दिवो वसूतो, प्रार्थत्या आद्य।
''પૃથ્વી પરના સમસ્ત પદાર્થ પવિત્ર રહે અને કઈપણ પ્રકારે દુષિત ન થાય.''[૧]

शं नो वसूभिः ।

''પૃથ્વી મનુષ્યને શાંતિ પમાડે તે માટે ''ભૂમિ અમને શાંતિ આપો'' [૨]

---

*(૧) सामवेद सं. ५-१६-४*
*(૨) ऋ. ६१-७*

આ માટે ઋષિઓએ મનુષ્યને શૌચ અને પવિત્રતા જાળવવા ઉપદેશ આપ્યો છે.

જો ભૂમિને પ્રદૂષિત કરવામાં આવશે તો મનુષ્યજાતિ માટે કેવી પરિસ્થિતિ આવશે તે દર્શાવતી ભવિષ્યવાણીઓ પુરાણોમાં દર્શાવેલ છે. એક ભવિષ્યવાણી છે કે –

दुर्भिक्षमेव सततं सदा क्लेशम्

"સતત દુષ્કાળ પડશે, હમેશાં કલેશ થશે." (૧)

બીજી એક ભવિષ્યવાણી દર્શાવે છે કે –

अनावृष्ट्या विनंक्ष्यंति दुर्भिक्षं शतिवाततपप्रावृड्

हिमैरन्योन्यतः प्रजाः ।

"સમયસર વર્ષા નહિ થાય, દુષ્કાળ પડશે, કયારેક જોરદાર ઠંડી પડશે તો કયારેક હિમ પડશે અને આંધી, અસહ્ય ગરમી અને વિનાશક પૂર આવશે અને મનુષ્યજાતિ નષ્ટ થશે." (૨)

આ રીતે પૂર્વસૂરિઓએ મનુષ્યજાતિને ચેતવણી આપી જ હતી. છતાં મનુષ્યજાતિના અજ્ઞાન અને આળસને કારણે તેના માઠાં પરિણામો કંઈક અંશે માનવજાત ભોગવી રહી છે.

છતાં, ભૂમિને અપ્રદૂષિત રાખવા માટેના માર્ગો પણ ઋષિ–મુનિઓએ સૂચવ્યા

---

*(૧) ब्रहम पु. द्वि. खंड*

*(૨) श्रीमद्‌भाग. १२–२–१०*

છે. મનુસ્મૃતિમાં મનુભગવાને ભૂમિને શુધ્ધ રાખવા માટે સૂચવ્યું છે કે –

सम्मार्जनोपांजनेनं सेकेनोल्लेखनेन च

गवां च परिवासेन भूमि शुध्धयति पंचभिः ।

"પૃથ્વીની શુધ્ધિ જળ છાંટવાથી, વાળવાથી, લિંપવાથી, ખોદવાથી, તેમજ ગાયોના રહેવાથી થાય છે."(૧)

ગૌતમ ધર્મસૂત્રમાં કહેવાયું છે કે –

आवपनमन्यत आनी परणमधिका शुध्धिभूमेः ।

"અન્ય સ્થાનેથી માટી લાવીને શુદ્દિા માટે ખોદેલી ભૂમિમાં તે ભરવાથી ભૂમિ અધિક શુધ્ધ થાય છે." (૨)

ભૂમિ શુધ્ધિ જાળવી રાખવા મનૃસ્મૃતિએ કયાં કયાં સ્થળોએ મળમૂત્ર ત્યાગ ન કરવો તે માટે સૂચવ્યું છે કે –

न मूत्रं पथि कुर्वीत् न भस्मनि न गोव्रजे

न फालकृष्टे न जले न चित्यां न च पर्वते ।

न सासत्वेषु गर्तेषु न गच्छन्नपि च स्थितः

"રસ્તાની વચ્ચે, ભસ્મ ઉપર, ગૌશાળામાં, ખેડેલા ખેતરમાં, પાણીમાં, ઈટના ભઢ્ઠામાં, નિંભાડામાં, પહાડ ઉપર, દેવ મંદિરમાં, જીવ જંતુના દરમાં, ચાલતાં ચાલતાં કે ઊભાં ઊભાં મલમૂત્ર ત્યાગ ન કરવો."(૩)

---

*(१) मनुस्मृति ५-१२४*
*(२) गौ. धर्मसूत्र ८-३१*
*(३) मनुस्मृति-१-४५/४७*

આ સિવાય પણ અનેક માર્ગો પ્રાચીન સમયમાં પ્રચલિત હતા. જેમ કે યજ્ઞ કરવો, હોમ કરવો, અશુધ્ધ ભૂમિ ખોદીને તેને લાકડાં, ઘાસ, વગેરે બાળીને શુધ્ધ કરવી ગાયના છાણથી ભૂમિ લિંપવી જેવી ક્રિયાઓ ભૂમિશુધ્ધિ માટે કરવામાં આવતી.

વર્તમાન સમયમાં એવી પ્રક્રિયાઓ બધા કરી શકે નહીં પરંતુ ભૂમિ ઓછામાં ઓછી પ્રદૂષિત થાય તે માટે જાગૃતિ કેળવવી જોઈએ. ભૂમિ પ્રદૂષણ થતું અટકાવવા વર્તમાન સરકાર જે નિયમો અને અધિનિયમો બનાવે છે તેનું પાલન કરવું જોઈએ. જેથી આવનારી પેઢી માટે યોગ્ય વારસો છોડી જઈ શકાય.

★ ★

વેદ-વેદાંગમાં વાયુને દેવતા સ્વરૂપે ભજવામાં આવેલ છે. છતાં તેની ભૌતિક સ્થિતિને પણ સ્વીકારવામાં આવી છે. પુરાણમાં ૪૯ પ્રકારના વાયુનો ઉલ્લેખ છે. વાયુ ને વાત પણ કહે છે. આ બન્ને શબ્દ व ધાતુમાંથી ઉત્પન્ન થયેલ છે. **व** નો અર્થ ગતિ કરવી અથવા ગંધ લઈ જવી તેવો થાય છે. વાયુનું અસ્તિત્વ સૃષ્ટિના પ્રારંભથી માનવામાં આવે છે. છતાં

अन्तरिक्ष पथिभिरीयमानो न निविशते कतमच्चनाहः ।

प्रथमजा ॠतुवा स्व स्विज्जातः कुत आ बभूव ॥

"વાયુ કયાંથી ઉત્પન્ન થાય છે અને કયાંથી આવી સમગ્ર વિશ્વમાં ફેલાય છે તે કોઈ જાણતું નથી".(૧)

તેને

अस्य विश्वस्य भुवनस्य राजा (૨) – કહેવામાં આવેલ છે. તેને प्रत्यक्ष ब्रह्मासि. (પ્રત્યક્ષ બ્રહ્મ) (તૈત.ઉપ.૧-૧) કહેલ છે.

---

*(૧) ऋ. १०-१६८-३*

*(૨) ऋ. १०-१६८-२*

બ્રહ્માંડનો – વિશ્વનો ઘણો મોટો વિસ્તાર વાયુથી વ્યાપ્ત છે. આ વિશ્વમાં કોઈપણ પ્રાણી વાયુ વિના જીવી ન શકે.

પ્રાચીન સમયમાં વાયુ પ્રદૂષણની સમસ્યા ન હતી. મનુષ્ય તદ્દન પ્રાકૃતિક જીવન જીવતો હતો. પરંતુ ભવિષ્યમાં (કલિયુગમાં) વાયુ પ્રદૂષણની સમસ્યા આવશે તેવી ભવિષ્યવાણી ઋષિમુનિઓએ કરેલી છે. શ્રીમદ્ ભાગવતમાં કહેવાયું છે કે–

सतिवातातपप्रावृड् हिमैरन्यान्यतः प्रजाः।

"વાયુના પ્રકોપથી આંધી, તાપ અને હિમવર્ષા થશે અને પ્રજા અત્યંત દુઃખી થશે" (૧)

बहु प्रजाः वाते साहाश्च भविष्यन्ति।

ઉપરાંત "મોટા ભાગની પ્રજા વાયુથી અસહાય બનશે." (૨)

આજના યુગમાં વસતીની વૃધ્ધિને લીધે અનેક પ્રકારની સમસ્યાઓ ઉત્પન્ન થઈ છે. તેમાંની એક સમસ્યા વાયુ મંડલની વિકૃતિ પણ છે. આને આપણે વાયુ પ્રદૂષણ કહી શકીએ. વાયુ પ્રદૂષણ થવાનાં કેટલાંક કારણો છે. પ્રથમ તો ઘરમાં જે અગ્નિ પ્રગટાવવામાં આવે છે તેના ધૂમાડાથી વાયુ પ્રદૂષણ થાય છે. વાયુ પ્રદૂષણનું બીજું કારણ ભૂમિ પર આકાશમાં કે પાણીમાં ચાલતા યાંત્રિક વાહનોમાંથી નીકળતો ધુમાડો બને છે. ત્રીજું કારણ ઉદ્યોગો દ્વારા ફેલાતો દૂષિત વાયુ છે. ઉદ્યોગોમાં વપરાતા ઊર્જા સ્રોતો કોલસા,

---

*(१) श्री भाग १२-१०*

*(२) विष्णु. २-६६*

ખનીજતેલ, કુદરતી ગેસ, વિજળી અને આણ્વિક ઊર્જાના ધૂમાડા દ્વારા પ્રદૂષણ ફેલાય છે. Green-house effect ના નામે ઓળખાતી પ્રક્રિયા વાયુના સૌથી ઉપરના સ્તર ઓઝોનને નુકશાન કરે છે. અને સૂર્યનાં કિરણો દ્વારા આવતા પારજાંબલી કિરણોથી વાયુ પ્રદૂષિત બની માનવજાતને નુકશાન કરે છે નરી આંખે ન દેખાતાં પરમાણુ વિકિરણ પણ વાયુને દૂષિત કરે છે. સૌથી મોટું કારણ વનસ્પતિના વિનાશને ગણી શકાય. પ્રાણવાયુ આપનાર અને અંગારવાયુ શોષનાર વનસ્પતિ જેમ જેમ ઘટતી જાય છે તેમ તેમ વાયુ પ્રદૂષણ વધતું જાય છે. વાહનોના અતિ વપરાશ, ઉદ્યોગો દ્વારા નિષ્કાસિત વાયુઓ વાયુને અત્યંત વિકૃત કરે છે. આવા ધૂમાડાઓ વાયુમંડળમાં અનેક પ્રકારનાં ઝેરી તત્ત્વો ફેલાવે છે. તેમાં કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ, નાઈટ્રોજન, સલ્ફર ડાયોક્સાઈડ, હાઈડ્રોક્લોરીન, જેવા માનવજીવનને વિઘાતક બનનારા વાયુઓ વાયુમાં પ્રસરે છે.

આ પ્રકારની અશુધ્ધિઓ દૂર કરવાનો એક ઉપાય આવાં સાધનોનો ઉપયોગ ઘટાડવાનો છે. વિશ્વના ઘણા વિચારકોએ Back to nature 'પ્રકૃતિ તરફ પાછા વળો' નો વિચાર આપ્યો છે. મહાકાય ઉદ્યોગોને બદલે નાના એકમોમાં ઉદ્યોગો વિભાજિત કરવાથી આવી સમસ્યામાં ઘટાડો થઈ શકે. Small is beautiful ''નાની વસ્તુ સુંદર હોય છે'' એવો વિચાર આ માટે મદદરૂપ બની શકે.

છતાં વર્તમાન સમયની કેટલીક આવશ્યકતાઓ જોતાં આ પ્રકારનાં પ્રદૂષણો રહે તો ખરાં જ. વાયુ પ્રદૂષણને ઓછું કરવા માટે મનુષ્ય વ્યકિતગત પ્રયત્ન કરી શકે. પ્રાચીન સમયમાં આ માટે કેટલાક માર્ગો સૂચવાયા છે. આ માટેની એક રીત યજ્ઞ કરવાની છે.

ते प्रीताः अस्मै इषम ऊर्चं नियच्छन्ति ।

''યજ્ઞ દ્વારા જલ અને વાયુ પ્રસન્ન થાય છે તેથી શુધ્ધ અન્નની ઉત્પતિ થાય છે''(૧)

---

*(१) गो. ब्रा. उ. भाग १-६*

વિષ્ણુ ધર્મોત્તર પુરાણ વાયુમંડળને શુધ્ધ કરવા માટે ધૂપ કરવાનું સૂચવે છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે ગાયના ઘી અને પુરોડાશની અગ્નિહોત્રમાં અપાતી આહુતિ વાયુને શુધ્ધ કરે છે. અમુક રોગના ફેલાવા વખતે લીમડાનાં પાનનો ધૂમાડો કરવાનું અત્યારે ભારતીય સમાજમાં પ્રચલિત છે. આમ, આ રીતે વાયુ પ્રદૂષણ દૂર કરવા માટે પ્રયત્ન કરી શકાય.

વાયુ પ્રદૂષણની સાથે જ સંકળાયેલ અન્ય પ્રદૂષણ ધ્વનિ પ્રદૂષણ છે. ધ્વનિ વાયુમંડળમાં ફેલાય છે અને વાતાવરણને પ્રદૂષિત કરે છે. ધ્વનિની અધિકમાત્રા મનુષ્યને માટે વિઘાતક બને છે. ધ્વનિની માત્રા માપવા માટે આધુનિક સમયમાં ડેસીબલ માપ વપરાય છે. મનુષ્યનું કર્ણરંધ્ર ૪૫ ડેસિબલ સહજ રીતે સહન કરી શકે છે, તેથી વધતું જતું માપ મનુષ્યમાં બધિરતા ઉત્પન્ન કરે છે. અને ઉચ્ચ રક્તચાપ, હ્યદયની ગતિ વધવી, અનિંદ્રા જેવી સમસ્યાઓ ઉત્પન્ન કરે છે.

ધ્વનિ પ્રદૂષણ ઉત્પન્ન કરનારાં પરિબળોમાં ભારે કે હળવાં યાંત્રિક વાહનોનાં યંત્રોનો અવાજ કે તેના હોર્નનો અવાજ, શુભાશુભ કે ધાર્મિક પ્રસંગોએ વાગતાં ધ્વનિવર્ધકો, દિવાળીમાં ફૂટતા ફટાકડાઓના અવાજોનો સમાવેશ થાય છે. કેટલાક શહેરોમાં હોસ્પિટલો કે શાળા પરિસર પાસે વાહન ધીમેથી ચલાવવાની કે હોર્ન ન વગાડવાની સૂચના અપાય છે, છતાં વર્તમાન સમયમાં આ પ્રદૂષણ વધતું જ જાય છે.

વન્ય વિસ્તારમાં વનસ્પતિના હલવાથી થતો ધ્વનિ, પંખીની કિલકારીઓ, મંત્ર પઠન, સંગીત જેવી બાબતો ધ્વનિનાં સૌંદર્યને પ્રગટ કરે છે. તેથી મનુષ્યોએ તેવાં વાતાવરણમાં રહેવું જોઈએ.

વાયુમંડલને શુધ્ધ રાખનારું એક મહત્ત્વનું પરિબળ વનસ્પતિ છે. વનસ્પતિનું સંરક્ષણ અને સંવર્ધન વાયુને શુધ્ધ રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે. શ્રીમદ્ ભાગવતમાં છ પ્રકારનાં વૃક્ષોનો ઉલ્લેખ મળે છે. વનસ્પતિ, ઔષધિ, લતા, ત્વક્સાર, વિરુધ અને દ્રુમ, તો મહાભારતમાં વૃક્ષ, ગુલ્મ, લતા, વલ્લી, ત્વક્સાર અને તૃણ એવા વૃક્ષના છ વિભાગ આપેલા છે.

આ લોકમાં વૃક્ષ વાવવાથી કીર્તિ મળે છે અને મૃત્યુ પછી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. તેવી ધર્મશાસ્ત્રોએ બાંહેધરી આપી છે.

वृक्षदं पुत्रवद् वृक्षास्तारयन्ति परत्र च।

"વૃક્ષનું દાન કરનારને વૃક્ષ પરલોકમાં પુત્રની જેમ પાર કરે છે."[૧]

વૃક્ષોના મનુષ્યો પર અનેક ઉપકાર છે. તેનાથી વર્ષા ખેંચાઈને આવે છે. વૃક્ષ છાંયો આપે છે, ફળ આપે છે, શુધ્ધ વાયુ પ્રદાન કરે છે. ગૃહ નિર્માણ માટે પોતાના અંગો આપે છે. શ્રમજીવીઓને બળતણ આપે છે, અનેક પ્રકારની ઔષધિઓ આપે છે.

વનસ્પતિનું સંરક્ષણ કરવાનું પણ પ્રાચીન સમયમાં દર્શાવેલ છે. જેમ કે –

तृणमपि विनाकायं छेत्व्यं न विजानता।
अहिंसानिरतो भूयाधियात्मनि तथा परे॥

"તુચ્છ એવાં તૃણને પણ કાપવું નહિ, કેમ કે તૃણમાં પણ સૂક્ષ્મ વેદના હોય છે"[૨]

વનસ્પતિ દ્વારા વાયુમંડલની શુધ્ધિ માટેની પ્રક્રિયા અવિનાભાવિ છે. સાથે સાથે

*(૧) महा. अनु. ३०*
*(૨) पद्म. पु. १-२३*

વિશ્વનું જે પર્યાવરણચક્ર છે, તેમાં વિશ્વના વિવિધ જીવોનું પણ એટલું જ મહત્ત્વ છે. ચીનમાં એક વખતે ચકલીઓનું પ્રમાણ વધી ગયું હતું. પાકને થોડું નુકશાન પણ થયેલું સત્તાવાળાઓએ ચકલીઓ મારવાનું અભિયાન કર્યું. ચકલીઓનો નાશ થયો. પણ ખેતરોમાં જીવાતોનો ઉપદ્રવ વધતાં પાકને ખૂબ નુકશાન થયું. ચકલીઓ જીવાત ખાઈ જતી, પરિણામે સંતુલન જળવાઈ રહેતું. આખરે ચકલીઓનું સંવર્ધન કરવું પડ્યું. પક્ષીઓ અને મધમાખી, ભમરા જેવા જીવો દ્વારા પરાગનયનની પ્રક્રિયા થવાથી વનસ્પતિ ફળે ફૂલે છે. આ રીતે વન્ય જીવનમાં પણ હિંસક પશુઓ દ્વારા તૃણાહારી પશુઓ હણાતાં પ્રાકૃતિક સંતુલન જળવાઈ રહે છે.[૧]

सार्व नो रक्ष चतुष्पाद यच्च न स्वम् ।

મનુષ્ય રક્ષાકારિણી શકિતને પ્રાર્થનાં કરે છે કે,–

पशुश्चये बन्धयन्ति क्लीबा जायन्ति ते नराः ।

ગાય વગેરે ચાર પગાં પશુઓની રક્ષા કરે.[૨]

પશુઓનો વધ કરનાર માટે કહેવાયું છે કે –

मण्डूकं नकुलं काकं दंतशूकं च मूषिकम् ।

श्वानं हत्वा द्विजः कुर्यात् षोडशाशं व्रतं ततः ॥

"જેઓ પશુઓનો વધ કરે છે તે બધા નપુંસક થાય છે"[૩]

---

*(૧) महा. अनु. ६–१०७*

*(૨) महा. अनु. १३३–३८*

*(૩) એજન*

माढकं नकुलं काकं दंतशूलं च मूषिकम्।
श्वानं हत्वा द्विजः कुर्यात् षोडशाशं व्रतं ततः ॥

"દેડકાં, નોળિયા, કાગડા, ઝેરી પ્રાણી, ઉંદર અને કૂતરાની હત્યા કરનારને મહાવ્રતના ષોડષાંશ ભાગનું વ્રત કરવું જોઈએ" (૧)

આ રીતે કૂતરાની હત્યા કરનારેને ત્રણ રાત્રી પાણીપીને વીતાવવી કે બિલાડી કે નોળિયાને મારનારે એક યોજન ચાલવું અને ઘોડાની હત્યા કરનારે બાર રાત્રીનું કૃચ્છ્રવ્રત કરવાનાં પ્રાયશ્ચિતો બતાવેલ છે.

આમ, કોઈપણ પ્રકારના જીવજંતુની હત્યા કરવી નહીં તેમ શાસ્ત્રો અને પુરાણોમાં દર્શાવી પર્યાવરણ સંતુલનની એક વિભાવના દર્શાવેલ છે.

આ સમગ્ર નિરુપણ વેદો, શાસ્ત્રો અને પુરાણો પ્રમાણિત પર્યાવરણ સંરક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરે છે. જલ, ભૂમિ, વાયુ, ધ્વનિ અને અન્ય સબંધિત તત્ત્વોના સંરક્ષણ અને સંવર્ધન દ્વારા પર્યાવરણની શુધ્ધિ જાળવવી તેવું ચિંતન ભારતીય ચિંતકો, ઋષિઓ અને શાસ્ત્રજ્ઞોએ કરેલું છે.

❋❋❋❋❋❋

---

*(૧) मार्क प ४५-२३*

# વેદોમાં પર્યાવરણ

વૈદિક સાહિત્યમાં પર્યાવરણના સંપ્રત્યયને જાણવા માટે સર્વપ્રથમ એ જાણવું જરૂરી છે કે આ સાહિત્યમાં પર્યાવરણને માટે કયા નામથી વ્યવહાર કર્યો છે. કારણકે વૈદિક ભાષા અતિ પ્રાચીન તથા વર્તમાનમાં પ્રચલિત લૌકિક સંસ્કૃતભાષાથી કંઈક જુદી છે. બીજી વાત આ સાહિત્યમાં 'પર્યાવરણ' અંતર્ગત કયા કયા કારકોને સમાવવામાં આવ્યા છે તથા પર્યાવરણનું સ્વરુપ શું છે ? આ બધા પ્રશ્નોને જાણવા માટે વેદોમાં વર્ણિત પર્યાવરણના આરંભિક સવ્રૂપ જેને 'સૃષ્ટિ ઉત્પત્તિ' પણ કહેવામાં આવે છે. એને જાણવું આવશ્યક છે. જેથી વૈદિક સાહિત્યમાં પર્યાવરણને સમજવામાં સહાયતા મળે. અતઃ સર્વપ્રથમ પર્યાવરણની આરંભિક સ્થિતિને સ્પષ્ટ કરવામાં આવી છે.

**★ પર્યાવરણની આરંભિક અવસ્થા : (સૃષ્ટિ ઉત્પત્તિ) :-**

ઋગ્વેદમાં પ્રજાપતિ, પરમેષ્ઠી નારાયણ તથા દીર્ઘતમા એવા ઘણા ઋષિઓએ સૃષ્ટિની રચનાની આરંભિક અવસ્થાનું વર્ણન કર્યું છે. ઋગ્વેદના પુરુષસૂકત તેમજ નારદીયસૂકત આ વિષય વસ્તુથી વર્ણિત થયા છે. પુરુષસૂકતમાં વિરાટ પુરુષથી જ સૃષ્ટિની ઉત્પત્તિ માનવામાં આવી છે.

ઋગ્વેદમાં નારાયણ ઋષિને પુકુષસૂકતમાં પરમશકિત પરમાત્માની રચનાત્મક શકિત તથા સર્વવ્યાપકતાનું વર્ણન કરતાં કહ્યું છે કે,

'' सहस्रशीर्षा पुरूषः सहस्राक्षः सहस्रपात्
स भूमिं विसर्वतत्वृत्वात्यतिष्ठदृशाङ्गुलम् ।''

અર્થાત્ - સર્વશકિતમાન પરમાત્મા હજારો મસ્તકવાળા, હજારો આંખોવાળા તથા હજારો પગવાળા સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. આ જગતના નિર્માતાએ સર્વાશ્રય પ્રકૃતિને

ચારેબાજુથી પોતાના સ્વરુપથી ઘેરી રાખી છે. પ્રકૃતિને બધી તરફથી વરણ કર્યા પછી પણ તે એનાથી દશ આંગળ પર સુશોભિત થઈને ઊભા છે.(૧)

અર્થાત્ તે ભોગ તેમજ કર્મફળથી પર છે. સંસારમાં સર્વત્ર એની સત્તા છે. એની શકિત કાર્યરત છે. જેમ કે પરમ સત્તાનો ઉપભોગ તેમજ કર્મફળથી પર દર્શાવ્યાં છે. એ તથ્યનાં આપણને અન્ય મંત્રમાં પણ દર્શન થાય છે. ૠગ્વેદના એક પ્રમુખ ૠષિ દીર્ઘતમાએ એક સૂકતમાં સૃષ્ટિઉત્પત્તિના રહસ્યને ઉદ્ઘાટિત કરતાં કહ્યું છે કે –

'' द्वौ सुपर्णा सयुजा सरवाया समानं वृक्षं परिषष्वजाते
तयोरन्य: पिप्पलं स्वादवत्य नश्ननन्यो अभिचाकशीति ।।

અર્થાત્ – બે પક્ષી એક  જ વૃક્ષ પર પાસે–પાસે બેઠા છે. આ બન્નેમાંથી એક વૃક્ષના ફળોને ચાખી–ચાખી સ્વાદ લઈ રહ્યું છે. બીજું ચાખ્યા વગર પહેલા પક્ષીની ગતિવિધિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે. એમાં પહેલું પક્ષી જીવાત્મા છે, જે કર્મ કરી રહ્યો છે. બીજું પરમાત્મા છે, જે એને ફળ દેવા માટે એની ગતિવિધિનું અવલોકન કરી રહ્યો છે. એનાથી એ વ્યકત થાય છે કે સૃષ્ટિ નિર્માણમાં બે પ્રમુખ તત્ત્વ છે.(૨)

આ સર્વશકિતમાન્‌ની વ્યાપકતાનું વર્ણન અથર્વવેદમાં પણ કરવામાં આવ્યું છે.

''बालात् एकम् अणीयस्कम् उत् एकं नैव दृश्यते
तत: परिष्यजीयसी देवता सा मम प्रिया ।

અર્થાત્ – એક એવું તત્ત્વ જે વાળથી પણ સૂક્ષ્મ છે, અણતમ છે. એનાથી જીવનું વર્ણન થાય છે. બીજું એવું તત્ત્વ છે જે વધારે સૂક્ષ્મ છે કે જેથી દેખાતું જ નથી. એનાથી સૂક્ષ્મ અદેશ્ય પ્રકૃતિનું વર્ણન થયું છે. ત્રીજું તત્ત્વ તે છે કે જેણે સમગ્ર જગતને આલિંગન કરેલું છે. તે જ સર્વવ્યાપક મારા પ્રિય દેવતા છે.(૩)

---

*(૧) ऋ. १०-९०-१*
*(૨) ऋ. १-१६४-२०*
*(૩) अर्थव. १०-८-२५*

પરમ પુરુષથી સર્જન પ્રક્રિયામાં પરમાત્માની પ્રમુખતા દેખાય છે. બીજા મંત્રમાં પક્ષીઓમાં એક જીવાત્મા તથા બીજા પરમાત્માની સત્તાનું વર્ણન છે તથા ત્રીજા મંત્રમાં ત્રણ તત્ત્વોની સત્તાનો ઉલ્લેખ કરે છે. એનાથી એમ જણાય છે કે વેદોના સર્જન કાર્યમાં ત્રૈતવાદની વિચારધારા નિહિત છે. જેમાં જડ–ચેતનની સાથે ત્રીજી એક નિયામક શકિત પણ છે. પર્યાવરણના સંદર્ભમાં આપણે ત્રૈતવાદમાં દ્યૌની સૂર્ય, અંતરિક્ષની વાયુ તેમજ પૃથ્વીની અગ્નિ આ ત્રણ દેવતાઓ એવો અર્થ સમજાય છે. જેનાથી સૃષ્ટિ બની છે. ઋગ્વેદના જ નાસદીય સૂકતના પ્રજાપતિ પરમેષ્ઠીઋષિના મતે આરંભકાળમાં એક 'સ્વધા' નામક પદાર્થ રહયો છે. જે તરલ અવસ્થામાં હતો, એનાથી જ સૃષ્ટિની રચના થઈ. એનાથી પર કંઈ જ ન હતું. વર્ણન છે કે –

''आनीदवातं स्वधया तदेकं तस्मादर्धन्यन्नपरः किं चनास''

અર્થાત્ – આપણી આંતરિક શકિતથી માત્ર તેમણે એકે વગર વાયુએ શ્વાસ લીધો. એનાથી અતિરિક્ત કોઈપણ સત્તા ન હતી.[૧]

પ્રજાપતિ દ્વારા આગળ આ એકને માટે કહેવામાં આવ્યું છે કે તે અંધકારમાં અતિસૂક્ષ્મરૂપમાં તરલ અવસ્થામાં હતો.

''तम आसीत्तमसा गूढहमग्रेऽप्रकेतं सालिलं सार्वमा इदम्।''

અર્થાત્ – પ્રારંભમાં અંધારાથી ઢાંકેલું ગહન અંધારું હતું અને કેવળ અચિહ્નિત, અતિસૂક્ષ્મ, એક તરલ (ગતિમાન) પદાર્થ હતો જે પ્રકટ થયો તે ગતિમાન પદાર્થ કેવી રીતે પ્રગટ થયો એવું વર્ણન કરતાં ઋગ્વેદના દીર્ઘતમા ઋષિ કહે છે કે –[૨]

---

*(૧) ऋ. १०-१२९-२*

*(२) ऋ. १०-१२९-३*

'' यदक्रन्दः प्रथमं जायमान उधन्त्समुद्रादुत वा पुरीषात्
श्येनस्य पक्षा हरिणस्य बाहू उपस्तुत्यं महि जातं तु अर्वन्।''

અર્થાત્ – સૃષ્ટિના આરંભમાં સર્વપ્રથમ જે 'એક' તત્ત્વ ઉત્પન્ન થયું તે ઘોર અવાજ કરતું, સૂર્યની જેમ પ્રકાશમાન, બાજની બાહુઓ જેવું વિસ્તીર્ણ તથા હરણના પગની જેમ અત્યંત વેગથી ઉપર ઊઠતાં ફેલાઈ ગયું. તથા સર્વત્ર વ્યાપ્ત થઈ ગયું તે તત્ત્વ તરલ અવસ્થામાં હોવાથી સ્વતઃ જ સર્વત્ર ફેલાઈ ગયું.(૧)

પ્રકૃતિ મૂળરૂપમાં આ 'સ્વધા' નામથી પ્રગટ થઈ. જે દ્રવ રૂપ છે. આ જ કારણે તે પદાર્થ  વહી શકે છે. પ્રકૃતિના કણોને પરમાણુ કહે છે પરમાણુ અત્યંત સૂક્ષ્મ પરસ્પર અસંબધ્ધ હોવાથી વહે છે. એટલા માટે સ્વધાને સલિલા પણ કહેવામાં આવે છે. – 'सालिलं सर्वमहदम्।'

ઋગ્વેદના એક સંપૂર્ણ સૂકતમાં આ ત્રણેયનું વર્ણન કરવામાં આવ્યું છે. ઋષિ 'પરાચ્છેપ' કહે છે કે –

''वृक्षं मित्रस्य सादनमर्यम्णो वरूणस्य च
अथा दधाते बृहदुकथ्यं वय ऊपस्तुत्यं बृहद्वयः।

અર્થાત્ – મિત્ર વરુણ અને અર્યમાં અંતરિક્ષમાં બની જાય છે. અને આ એક મહાન પ્રકૃતિના ભંડારથી બની રહ્યા છે.(૨)

ગુરુદત્ત નાં મતે ''વર્તમાન વિજ્ઞાને 'મિત્ર', 'વરુણ' તેમજ 'અર્યમા' ન ક્રમશઃ

---

*(૧) ऋ. १-१६३-१*
*(૨) ऋ. १-१३६-२*

ઈલેકટ્રોન, પ્રોટોન એને ન્યુટ્રોન નામ આપ્યું છે. વૈદિક વિજ્ઞાનના મતે 'મિત્ર', 'વરુણ' તેમજ 'અર્યમા' થી પરિમંડલ બને છે તથા જેનાથી સૃષ્ટિના બધા પદાર્થ બને છે. વિજ્ઞાન પણ એમ જ  માને છે કે પ્રથમ 'એટમ' બન્યું અને એનાથી અન્ય રચના થઈ.

આ પ્રકારે સૃષ્ટિની આરંભિક અવસ્થામાં સર્જનાત્મક શકિત હતી, સર્જનને ગતિ આપવાવાળી શકિત પણ હતી. અંદર ઊર્જા હતી, ઉપર ગતિ હતી.

ઋગ્વેદના ઋષિ હિરણ્યગર્ભ પ્રજાપતિના મતે પંચતત્ત્વોના ઉત્પતિનાં કારણરુપ તે એક માત્ર સ્વામી હતા.

''हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्यजातः पतिरेकासीत् ।''

અર્થાત્ – સંસારના આ રુપમાં આવવાથી પૂર્વ સંસારના સુવર્ણમય ઉપાદાન કારણને પોતાના ગર્ભમાં રાખવાવાળા 'એક' મહાભૂતો (આકાશ, પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ) નું એકમાત્ર કારણ બન્યું.[૧]

ઋગ્વેદમાં મધુછન્દ ઋષિના મતે – એને સર્વત્ર પોતાનો પ્રભાવ દેખાડયો તથા ક્રિયાશીલ થતાં જ નિર્માણકાર્ય પ્રારંભ કર્યું.

''ततो रा>यजायत ततः सामुद्रो अर्णवः ।''

અર્થાત્ – ''ત્યારે જળથી પૂર્ણ અંતરિક્ષ પ્રગટ થયા. અંતરિક્ષ પરમાણુઓથી ભર્યો હતો''. એના પછી મધુછંદા કહે છે કે–[૨]

---

*(१) ऋ. १०-१२१-१*

*(२) ऋ. १०-१९०-१*

''समुद्रादर्णवाद् संवत्सरो अजायत ।
अहोरात्राणि विदधद्विश्वस्य मिषतो वशी ।

અર્થાત્ – પરમાણુઓથી પૂર્ણ અંતરિક્ષથી સમય, કાલ, ગણના પ્રગટ થયા. સૂર્ય બન્યો, દિન તથા રાત્રી તથા પ્રાણવાન વિશ્વને આ નિયંતાએ ધારણ કર્યો. એના પછી ક્રમશઃ[૧]

''सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्
दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः ।''

અર્થાત્ – એ ધારક પરમાત્માએ ક્રમશઃ સૂર્ય, ચંદ્ર, દ્યુલોક, પૃથ્વીલોક તથા અંતરિક્ષ તથા સ્વર્ગનું નિમાર્ણ કર્યું.[૨]

નિર્માણની આ પ્રક્રિયા અથર્વવેદના મતે નિરંતર નવીન તેમજ રૂપાંતરિત થઈ રહી છે. આ પ્રકારે વેદોમાં પર્યાવરણના વિકાસ તેમજ સ્વરૂપનું વર્ણન વિશ્વસાહિત્યમાં પોતાનો કીર્તિમાન સ્થાપિત કરે છે. આજનું વિજ્ઞાનજગત આનું અનુકરણ કરતો જોવા મળે છે.

આ પ્રકારે વેદોમાં (પર્યાવરણીય તત્ત્વોમાં) દીર્ઘતમાએ ચાર તત્ત્વ માન્યાં છે. તો પ્રજાપતિએ પાંચ. એનાથી સ્પષ્ટ થાય છે કે મુખ્ય પાંચ તત્ત્વોનો સ્વીકાર કરવામાં આવ્યો છે તથા શેષ એનું રૂપાંતર છે.

★ <u>વૈદિક સાહિત્યમાં પર્યાવરણીય તત્ત્વઃ</u>

વેદોમાં પણ પ્રાચીનતમ ઋગ્વેદમાં પર્યાવરણીય તત્ત્વોનું ઘણી જગ્યાએ વર્ણન

---

*(૧) ऋ. ૧૦-૧૮૯-૨*
*(૨) ऋ. ૧૦-૧૯૦-૩*

મળે છે. છઠ્ઠા મંડળના અડતાલીસમાં સૂકતમાં દીર્ઘતમા ઋષિએ મુખ્યરુપથી ચાર તત્ત્વોનો ઉલ્લેખ કર્યો છે.

''सकृद् द्यौरजायत सकृद्भूमिरजायत
पृश्न्या दुग्धं साकृत्पयस्तदन्यो नानु जायते ।''

અર્થાત્ – નિશ્ચય જ સૂર્ય એકવાર ઉત્પન્ન થયો, ભૂમિ એક વાર ઉત્પન્ન થઈ, અંતરિક્ષ એક વાર ઉત્પન્ન થયું તથા જલ એકજ વાર ઉત્પન્ન થયું. એનાથી વધારે અન્ય ઉત્પન્ન નથી થયું. કારણ કે સૃષ્ટિને માટે આટલાં જ તત્ત્વો પર્યાપ્ત હતાં. બાકીના બધાં એનાથી ઉત્પન્ન થયેલાં માનવામાં આવે છે.[૧]

હિરણ્યગર્ભ પ્રજાપતિએ ઋગ્વેદને હિરણ્યગર્ભ સૂકતમાં હિરણ્યગર્ભથી પંચમહાભૂતની ઉત્પત્તિ માની છે. –

''हिरण्यगर्भः समवर्तताग्रेभूतस्यजातः पतिरेकारासीत् ।''

અર્થાત્ – પંચમહાભૂતોનું એક માત્ર હિરણ્યગર્ભ રહ્યું છે.[૨]

આ સમસ્ત તત્ત્વ ત્રણેય લોકોમાં વ્યાપ્ત થઈને એક રક્ષાકવચનું નિર્માણ કરે છે. વેદોમાં ત્રણે લોકોમાં ૧૧–૧૧ તત્ત્વોની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. ઋગ્વેદના પઢચ્છેપ ઋષિના મતે –

''ये देवासो दिव्येकादश स्थ पृथिव्यामध्येकादश स्थ
अप्सुक्षितो महिनैकादश स्थ ते देवासो यज्ञमिमं जुषध्वम् ।''

---

*(१) ऋ. ३-५८-२२*
*(२) ऋ. १०-१२१-१*

અર્થાત્ – હે વિદ્વાનો સૂર્ય લોકમાં જે દશ પ્રાણ અને અગિયારમો જીવ છે, એને પૃથ્વી ઉપર એકાદશ ગુણ છે, એને તથા જલમાં નિવાસ કરવાવાળા દશેન્દ્રિય તથા એક મનને જાણવું. આ પર્યાવરણ ચક્રરૂપી યજ્ઞને પ્રસન્નતાથી કરો તથા સંસારમાં યોગક્ષેમને વહન કરો.[૧]

પર્યાવરણ નિર્માણમાં આ તત્ત્વોની સાથે જ ઋતુઓનું યોગદાન પણ મહત્ત્વપૂર્ણ છે. ઋતુઓ અને એના સ્થાયિત્વમાં નિરંતર પ્રયત્નશીલ છે. યજુર્વેદમાં વર્ણન છે –

''यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत
वसन्तोऽस्यासीदाज्यं ग्रीष्मः इध्मः शरध्धविः ।''

અર્થાત્ – મનુષ્ય દ્વારા પ્રદત્ત હવિથી દેવતા જે યજ્ઞને ફેલાવે છે, એ યજ્ઞમાં વસંતઋતુ ઘી છે, ગ્રીષ્મ ઈંધણ છે, તથા શરદ ઋતુ હવિ છે. જે પ્રકારે યજ્ઞમાં ઘી, ઈંધણ તથા હવિષા પ્રમુખ છે, તે પ્રકારે પર્યાવરણના વિરાટ યજ્ઞમાં વસંત ઘીનું કાર્ય કરે છે. ગ્રીષ્મ ઈંધણનું તથા શરદ હવિષા બની જાય છે.

ઋગ્વેદમાં દીર્ઘતમા ઋષિએ ઋતુ પરિવર્તનના આધારે સૂર્ય, ચંદ્રને બતાવ્યા છે. એક સ્થાન ઉપર સૂર્યનાં કિરણોનો પ્રભાવ જ પરિવર્તન કરે છે. જેમકે, –

''त्रिनाभि चक्रम अजरमनवं
यत्रेमा विश्वा भुवनानि तस्थुः ।
અર્થાત્ –સૂર્યનાં કિરણોના આધાર પર વિશ્વમાં ભુવનોમાં ત્રણ પ્રકારનું ઋતુ પરિવર્તન થાય છે.[૨]

---

*(१) ऋ. १-१३९-११, यजु. ७-१-४*
*(२) ऋ. १-१६४-२*

આ ભાવને વર્તમાનમાં ઊર્જા કહે છે. જે રુપ પરિવર્તિત કરે છે પણ નષ્ટ નથી કરતી. પ્રત્યેક વસ્તુ અગ્નિમય છે. જે સૃષ્ટિની નિયામક શકિત છે. વૈદિક પર્યાવરણમાં સંસારના બધાં કાર્ય અગ્નિમય માનવામાં આવ્યાં છે. જેટલા પણ પિંડ છે, એમાં થતી ક્રિયા પણ અગ્નિમય છે. પ્રત્યેક વસ્તુની કોઈ અન્ય વસ્તુમાં આહુતિ થતી રહે છે. જે આહુતિ થાય છે તેને સોમ કહેવાય છે. સોમ અગ્નિમાં આહુત થઈને અગ્નિમય બની જાય છે. આપણી ચારે બાજુ અસંખ્ય વસ્તુપિંડ વ્યાપ્ત છે. એમાં જે એક વસ્તુ પિંડ હોય છે તે ભૂતાગ્નિ છે. બીજો નિરાકાર પ્રાણાગ્નિ છે, તે દેવતા છે. ભૂતાગ્નિ મર્ત્ય છે. પ્રાણાગ્નિ અમૃત છે. જે બ્રહ્માંડમાં છે તે વસ્તુમાં તથા જે વસ્તુમાં છે તે બ્રહ્માંડ છે. એટલા માટે ઋષિઓએ કહ્યું છે કે,

'' यत्पिण्डे तत् ब्रह्माण्डे । ''

બ્રહ્માંડ અને પિંડની આ એકસૂત્રતા જ પર્યાવરણ છે. આ સમગ્ર સંસાર જ એક યજ્ઞ માનવામાં આવે છે.(૧)

જોવા મળતા બધા પદાર્થો એક-બીજા સાથે સંબંધિત છે. સૃષ્ટિમાં બધી વસ્તુ બાહ્ય દૃષ્ટિથી એવી દેખાય છે કે જાણે બધી અલગ-અલગ છે. પરંતુ આંતરિક રુપથી બધાનો એકબીજા સાથે ઘનિષ્ઠ સંબંધ બતાવવામાં આવ્યો છે. અર્થાત્ પર્યાવરણને એક તંત્રના રૂપમાં બતાવ્યું છે. જેમાં જીવમંડળ પણ એક અભિન્ન અંગના રુપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. સૂર્યનો ચંદ્ર સાથે, ચંદ્રનો પૃથ્વી સાથે, પૃથ્વીનો વનસ્પતિ, અન્ન વગેરે સાથે, વનસ્પતિ, અન્ન વગેરેનો જીવો સાથે, જીવોનો મનુષ્ય સાથે સંબંધ છે.

જે નિયમ મોટામાં મોટી વસ્તુમાં કામ કરે છે તે જ નિયમ નાનામાં નાની વસ્તુમાં પણ કામ કરે છે. આ ગહન અનુભૂતિને વિરાટ પરમ પુરુષથી પર્યાવરણીય તત્ત્વોનો સંબંધ અદ્‌ભૂત રુપથી અભિવ્યકત કર્યો છે. ઋગ્વેદના ઋષિ નારાયણના મતે –

'' चन्द्रमा मनसोजातः चक्षो सूर्यो अजायत,
मुखादिन्द्रश्च अग्निश्च प्राणात् वायुः अजायत।''

અર્થાત્ – "એ પરમ પુરુષના મનથી ચંદ્રમા, નેત્રોથી સૂર્ય, પ્રાણોથી વાયુ તથા મુખથી અગ્નિ તથા ઈન્દ્રની ઉત્પન્ન થયા."(૧)

આ બધાની સાથે જ વેદોમાં પર્યાવરણની પૂર્ણતાને માટે જૈવ વિવિધતાને પણ અનિવાર્ય માનવામાં આવે છે. એટલા માટે યજુર્વેદના પ્રથમ મંત્રમાં જ ઉલ્લેખ મળે છે

'' यजमानस्य पशून् पाहि।''

અર્થાત્ – યજમાનના પશુઓની રક્ષા કરો.(૨)

આ પ્રકારે વેદ પર્યાવરણ સમ્પ્રત્યયમાં એ બધી વાતોને જોડવામાં આવે છે. જે સૃષ્ટિ નિર્માણની પ્રક્રિયાથી જોડાયેલી છે. જેનું પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રુપથી પર્યાવરણ નિર્માણમાં યોગદાન છે.

મુખ્ય રુપથી પર્યાવરણ નિર્માણમાં અગ્નિતત્ત્વને પ્રમુખ માનવામાં આવે છે. એની ત્રણ દેવતાઓના રુપમાં વ્યાખ્યા કરવામાં આવી, જે ક્રમશઃ અગ્નિ, વાયુ અને આદિત્ય નામથી જાણીતા થયા છે. નિરુક્તકાર યાસ્કે પણ સ્પષ્ટ કહ્યું છે કે, આ દેવતા (તત્ત્વ)નો અર્થ 'લોકોમાં ભ્રમણ કરવાવાળા, પ્રકાશિત થવાવાળા તથા બધા પદાર્થોને દેવાવાળા છે. યાસ્કે અગ્નિને પૃથ્વી સ્થાનીય, વાયુને અંતરિક્ષ સ્થાનીય તથા આદિત્યને દ્યુસ્થાનીય દેવ કહ્યા છે.

આ ત્રણેયનો યોગ જ વૈશ્વાનર અગ્નિ છે. જે સર્વત્ર વ્યાપ્ત છે. પર્યાવરણીય બધાં તત્ત્વ આ અગ્નિથી યુકત છે. ૠષિઓએ પર્યાવરણની વાસ્તવિકતા તથા પર્યાવરણના

*(૧) ऋ. १०-९०-१३*
*(૨) यजु. १-१*

'મૂળ'ને ઘણી ઊંડાઈથી જાણ્યો છે. એટલા માટે વેદોનો પ્રથમ મંત્ર તથા ઋગ્વેદના ૮મા, ૯મા મંડળને છોડીને બધા મંડળોનો પ્રારંભ આ અગ્નિતત્ત્વની આકાંક્ષાથી પ્રસ્ફુટિત થાય છે.

મધુચ્છન્દા ઋષિ કહે છે કે–

'' अग्निमीळे पुरोहितम् । ''

અર્થાત્ – આપણે આ અગ્નિતત્ત્વને ઈચ્છીએ છીએ.[૧] એમની સદૈવ આકાંક્ષા કરીએ છીએ. એની સ્તુતિ કરીએ છીએ. એની રક્ષા કરીએ. વેદોમાં સમસ્ત પર્યાવરણના રક્ષક એક મહાન સ્તરનો પણ ઉલ્લેખ મળે છે. અથર્વવેદ અનુસાર –

'' आपोवत्सं जनयन्तीर्गर्भमग्रे समेरयन्,
तस्योत जायमानस्योल्बं आसीत् हिरण्ययः ।''

અર્થાત્ – જે પ્રકારે ઓર ગર્ભસ્થ બાળકની રક્ષા કરે છે, એ પ્રકારે આ મહાન સ્તર સંસારની રક્ષા કરે છે. એનો રંગ સોનેરી છે.

આ મંત્રોમાં 'महत् ऊल्बं' એક મહાન એવા સ્તરનું વર્ણન છે, જે ઓર સમાન છે તથા જે સમસ્ત સંસારના ઉપર વ્યાપ્ત છે અને સંસારની રક્ષા કરી રહી છે. આ સ્તર વર્તમાનમાં પારિભાષિત ઓઝોન સ્તરનો સંકેત કરે છે. એના આધારે કહી શકાય કે વેદોમાં પણ આ રક્ષાકવચનું વર્ણન પ્રાપ્ત થાય છે.

**निष्कर्ष** : વૈદિક મંત્રોના આધાર પર એ સ્પષ્ટ થાય છે કે, સૃષ્ટિ સર્જનની પ્રક્રિયાના મૂળમાં કોઈ એક 'સ્વધા' નામનું કારક રહે છે. જે વિસ્ફોટની સાથે તરલાવસ્થામાં

---

*(१) ऋ. १-१-१*

*(२) अथर्व. ४-२-८*

તેજ ગતિથી સર્વત્ર વ્યાપ્ત થયું, જેનાથી નિર્માણ પ્રક્રિયા પ્રારંભ થઈ. પર્યાવરણ નિર્માણમાં ચાર-પાંચ મૂળતત્ત્વો માનવામાં આવે છે. શેષ બધા તત્ત્વો એનું રુપાંતરણ તેમ જ વિસ્તાર છે. પ્રકૃતિને અજરા, સ્વધા, ઋત, અદિતિ વગેરે નામોથી વ્યવહૃત કરવામાં આવ્યું છે. જૈવ વિવિધતા પર્યાવરણનું મહત્ત્વપૂર્ણ કારક છે તથા અગ્નિતત્ત્વની સર્વત્ર પ્રધાનતા છે.

આ પ્રકારે વેદોમાં વર્ણિત પર્યાવરણ પાર્થિવ, અંતરિક્ષ તેમજ દ્યૌસ્થાનીય તત્ત્વોની અન્યોન્યાશ્રિત શૃંખલા ઉપર આધારિત માનવામાં આવે છે. આ પ્રણાલીને સુરક્ષા પ્રદાન કરવાવાળો એક વિશાળ સ્તર પણ છે જે પર્યાવરણને સુરક્ષિત રાખે છે. –

**<u>અન્ય સાહિત્યો સ્વરૂપો અને પુરાણ</u> ::–**

પુરાણો ભારતીય સંસ્કૃતિનો મેરુદંડ છે. ભારતીય ધર્મનો મુખ્ય આધાર વેદ મનાય છે. પરંતુ આમ જનતાને માટે વેદ સમજવો અઘરો છે. તેથી પુરાણે ધર્મ તથા દર્શનના સિધ્ધાંતોને હૃદયંગમ બનાવવા માટે અને જનહૃદય સુધી પહોંચાડવા માટે રોચક શૈલીનો ઉપયોગ કર્યો છે. તેની શૈલી સરળ, ઉપદેશક અને વ્યાવહારિક છે. તેમાં ગંભીર સત્યોનું પ્રતિપાદન થયું હોવા છતાં પ્રવાહીશૈલીને કારણે સામાન્ય જનતાને માટે પણ પુરાણો વેદવાકય બની રહ્યાં છે.

માર્કંડેય પુરાણમાં જણાવ્યું છે કે –

"વેદપરંપરા શ્રૌત કર્મરૂપે તથા પુરાણ પરંપરા મુનિઓ દ્વારા લોકપ્રિય સાહિત્ય તરીકે સચવાયેલી છે."(૧)

વેદો કર્મકાંડ તથા યજ્ઞોના સંરક્ષક હતા. જયારે પુરાણો મુનિઓ દ્વારા લૌકિક પરંપરાથી સચવાયેલા હતા. અથર્વવેદના યુગમાં પુરાણમાં વંશ અને વંશાનુચરિત સૂત દ્વારા જળવાયેલા હતા. વેદના અધ્યયનની સાથે પુરાણના અધ્યયનને પણ મહત્ત્વ

---

*(१) मार्क. पु. ४५-२३*

અપાવા લાગ્યું. "પુરાણ સંહિતા" નામથી વિકાસશીલ આ પરંપરામાં અનેકવિધ વિષયોનો સમાવેશ થતો ગયો. ધર્મસૂત્રોના સમયમાં રાજા તથા પુરોહિતને પુરાણોનું જ્ઞાન હોવું જરૂરી મનાવા લાગ્યું. આ પુરાણોમાં કથાનકો ઉપરાંત સાંપ્રદાયિક પૂજા, દાન, વ્રત, આચાર, ધર્મ વગેરે વિષયોની છણાવટ પણ થવા લાગી. સંવાદોરુપે રજૂ થયેલી ઋષિ–મુનિ–સૂત ૫રંપરાનું આ પ્રારંભિક સ્વરુપ હતું. તે તો તેનો પ્રાથમિક તબકકો હતો.

### ★ વેદ અને પુરાણ :

પુરાણની પ્રાચીનતા કે પુરાણનાં ઉદ્ભવ વિશે જાણવા માટે વેદની વિચારધારામાં ઉલ્લેખ પામેલ 'પુરાણ' કે 'પુરાણવિત્' શબ્દ પણ મહત્ત્વના બની રહે છે.

વેદકાળથી જ પ્રચલિત આ પરંપરાનો ઉલ્લેખ ઋગ્વેદ [૧] અને અથર્વવેદમાં [૨] પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં મળતો પુરાણ શબ્દ પ્રાચીનતાનો દ્યોતક છે, જયારે અથર્વવેદના પ્રયુકત થયેલ 'પુરાણ' અને 'પુરાણવિત્' શબ્દથી ચતુર્વેદની સાથે સાથે જ તેનો ઉદ્ભવ થયેલ બતાવાયો છે. નયનગોચર નથી તેવી ભૂમિને જોવાવાળા જ્ઞાનીપુરુષને 'પુરાણવિત્' સંજ્ઞા અપાઈ છે. જેવી રીતે સૂર્યની ગરમી પથ્થરાદિમાં પ્રવેશી તેને યથાવત્ રાખે છે. અને તેને કારણે ગ્રીષ્મઋતુમાં સૂર્યાસ્ત થવા છતાં પથ્થરાદિ ઘણા સમય સુધી ગરમ રહે છે, તેવી રીતે મૂળતત્ત્વ (પરમેશ્વર)માંથી જ સર્વ વિદ્યાઓની ઉત્પત્તિ થઈ છે. વેદવિદ્યા આપણાથી પ્રતિકૂળ પ્રકૃતિના નિયમોને અનુકૂળ થવાની રીત શીખવે છે. જયારે પુરાણવિદ્યા પ્રકૃતિ જે નિયમથી કામ કરે છે, જે ક્રમથી સૃષ્ટિનું સર્જન કરે છે. તે સર્વ પ્રકૃતિના નિયમોનું નિરુપણ કરે છે. જેમકે અનાવૃષ્ટિ અને અતિવૃષ્ટિનું નિવારણ યજ્ઞવેદમાં છે. પરંતુ આ પરિવર્તન પ્રક્રિયા કરતાં પહેલાં પ્રકૃતિના નિયમોને જાણવા અત્યાવશ્યક બને છે. વૈદિક સમયમાં યજ્ઞયાગાદિથી પુણ્ય ધાર્મિક પ્રવાહ વહે છે, તો સાથે સાથે લોકવૃક્ષના અવલોકન અને વિવરણવાળા પુરાણ પ્રવાહ પણ પ્રવર્તે છે.

---

*(૧) ऋ. ૩-૫૪-૧, ૩-૫૮-૬, ૧૦,૧૩૬, ૬*

*(૨) अथर्व. ૧૧-૭-૪, ૧૧-૮-૬*

અથર્વવેદમાં પ્રયોજાયેલ 'પુરાણ' શબ્દપ્રયોગ વૈદિક સૃષ્ટિવિદ્યા વિષયક મંત્રો અને તેનાં સૂક્તોનું નિદર્શન કરે છે. સૃષ્ટિ વિષયક ભાવવૃત સૂક્ત અને વેદમંત્રની રચનાના સમકાલીન લાગે છે.

ऋचः सामानि छन्दासि पुराणं यजुषा सह।
ऊच्छष्टाजजिके सर्वे दिवि देवा दिवि ज्रिताः।

तमितिहासश्व पुराणं च गाथाश्व नाराशंसीश्चानुव्यचलन्।
इतिहासस्य च स वै पुराणस्य च गाथानां च।
नाराशंसीनां च प्रियं धाम भवति च एवं वेद॥

અથર્વવેદમાં 'પુરાણ' શબ્દ ગાથા, ઈતિહાસ, નારાશંસ શબ્દો સાથે પ્રયોજાયો છે.[૧] અને તેની ઉત્પત્તિ ' ઉચ્છિષ્ટ' સાથી દર્શાવાઈ છે. [૨]

## ★ બ્રાહ્મણ સાહિત્ય અને પુરાણ :

બ્રાહ્મણ સાહિત્યમાં ઘણું કરીને શતપથ બ્રાહ્મણ અને ગોપથ બ્રાહ્મણમાં આપણને ઉલ્લેખો પ્રાપ્ત થાય છે,

જેનાથી પુરાણની લોકપ્રિયતાને સમર્થન મળે છે. ગોપથ બ્રાહ્મણમાં કલ્પ, રહસ્ય, બ્રાહ્મણ, ઉપનિષદ્દ, ઈતિહાસ, અન્વાખ્યાતની સાથે પુરાણ અને વેદની રચના થઈ હોવાનું દર્શાવાયું છે. ત્યાં જ આગળ અથર્વવેદ, પિશાચવેદ, અસુરવેદ, અને ઈતિહાસવેદની સાથે પણ પુરાણવેદની ઉત્પત્તિ દર્શાવાઈ છે.

---

*(૧) अथर्व ११-७-४*
*(२) अथर्व १५-१-६*

શતપથ બ્રાહ્મણમાં અનુશાસન વિદ્યા, વાકોવાકય, ઈતિહાસ – પુરાણ, ગાથા, નારાશંસી સ્વાધ્યાયથી દેવોને પૂર્ણ આહુતિ પ્રાપ્ત થાય છે તથા દેવોને તૃપ્ત કરાય છે તેવો ઉલ્લેખ છે.(૧)

ऋग्वेदो यजुर्वेदो सामवेदोऽथर्वांगिरस इतिहासपुराणविद्या
उपनिषद: श्लोका: सूत्राणि अनुव्यारव्यानानि
वाचैव सम्राट् प्रजायते ।

अथ नवमेऽह्नि एनमुपदिशन्ति पुराणं वेद: सोऽयमिति
किंचित् पुराणमाचक्षीत् ।

જયારે અન્યત્ર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ ઈતિહાસ, પુરાણવિદ્યા, શ્લોક, સૂત્ર, અન્વાખ્યાન, વ્યાખ્યાનને વાણીરૂપ ગણાવી વાણીને જ સમ્રાટ કહી છે.(૨) અન્યત્ર પ્રાપ્ય ઉલ્લેખાનુસાર યજ્ઞાનુષ્ઠાતાએ પુરાણને જ વેદ સમજીને પરિપ્લાવનના નવમા દિવસે પુરાણનું પઠન કરવાનું જણાવે છે.(૩)

આમ, સ્પષ્ટ થાય છે કે ગોપથ બ્રાહ્મણમાં ઈતિહાસ અને પુરાણનાં ભિન્ન – ભિન્ન ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જયારે શતપથ બ્રાહ્મણમાં 'ઈતિહાસ – પુરાણ' નું સંમિલિત સ્વરૂપ મળે છે. બ્રાહ્મણયુગથી જ ઈતિહાસ અને પુરાણ વચ્ચેની બારીક સીમા રેખા જોવા મળતી.

---

*(૧) तै. आ. २ -९*
*(२) बृहदा. ऊ प. २-४-११*
*(3) छांदोग्य. ૩૫-૭-૧/૨અને ૭-૧-૪, ૭-૨-૧*

## ★ આરણ્યક, ઉપનિષદ્ અને પુરાણ :

ब्रह्मयज्ञप्रकरणे यद् ब्राह्मण नाराशंसीर्मेदाहुतयो

देवानामभवत्।

બ્રાહ્મણોનાં જ અંતિમ ભાગ આરણ્યક અને ઉપનિષદ્ છે. શ્રુતિના આ અંશમાં પણ પુરાણ તથા ઈતિહાસનાં ઉલ્લેખ થયેલા જોવા મળે છે. આરણ્યક યુગમાં તૈતરીય આરણ્યકમાં બ્રહ્મયજ્ઞનાં પ્રસંગે પુરાણને બહુવચનમાં ઉલ્લેખે છે.(૧)

स यथान्द्रेन्धमाग्नेरव्याहितात् पृथग्धूमा तिनिश्चरन्ति

एवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसातिमेतद्

ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहास–

पुराणम्।

જેમ ભીનાં લાકડાં સળગાવતાં ધૂમાડો નીકળે છે તેમ પરમેશ્વરના નિઃશ્વાસમાંથી ઋગ્વેદાદિ તથા ઈતિહાસ – પુરાણ સરી પડયાં છે. આમ બૃહદારણ્યક ઉપનિષદ્ પુરાણને વેદની જેમ જ પરમેશ્વર નિઃશ્વસિત માને છે.(૨)

ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमाथर्वणं

चतुर्थं इतिहास – पुराणं पंचमम् वेदानां वेदः त्रित्यं

राशिं ........... एतत् भगवोऽघ्येमि।

છાંદોગ્ય ઉપનિષદ્માં મહર્ષિ નારદ ઈતિહાસપુરાણને 'પંચમવેદ' કહી પુરાણને વેદની હરોળમાં મૂકે છે.(૩)

આમ, આરણ્યકમાં અને ઉપનિષદના યુગ સુધીમાં તો નિશ્ચિત થઈ ચૂકયું હતું કે પરબ્રહ્મમાંથી જ વેદ ચતુષ્ટયની સાથે સાથે જ ઈતિહાસ અને પુરાણની ઉત્પત્તિ થઈ છે.

---

*(१) आपस्तम्ब सूत्र २-९-२४-६*

*(२) आश्व. गृध सूत्र ૩-८*

*(૩) छांदोग्य. ૩५-७-१/२અને ७-१-४, ७-२-१*

વેદની સમાન જ પુરાણ પણ નિત્ય છે. એટલા માટે જ ઈતિહાસ પુરાણનું પંચમવેદ નામાભિધાન થયું છે. તેનું અધ્યયન થતું હોવાથી ગ્રંથરુપમાં ઉપલબ્ધ હતા અને આરણ્યક યુગમાં पुराणानि શબ્દથી સૂચિત થાય છે કે તે યુગમાં પુરાણો વધુ સંખ્યામાં પ્રાપ્ય હશે. અલબત્ત તે ગ્રંથના રૂપે નહિ પણ આખ્યાનનાં રુપોમાં હશે.

★ **સૂત્ર સાહિત્ય અને પુરાણ :**

સૂત્ર સાહિત્ય વેદ, વ્યવહારશાસ્ત્ર તથા વેદાંગની સાથે સાથે પુરાણને પણ મહત્ત્વ અપાયું છે. પ્રાચીન એવા ગૌતમ ધર્મસૂત્રમાં ન્યાયના નિર્ણયને માટે પુરાણોને પ્રાધાન્ય અપાયું છે.

आमूत – सांप्लावस्ते स्वर्गजितः पुनः सर्गे
बीजार्था भवन्तीति भवष्यित्पुराणे ।

આપસ્તમ્બ ધર્મસૂત્રમાં ભવિષ્યપુરાણનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. [૧]

यथोऽद्यीते पयसः कुल्यां अस्य पितन् स्वधा
अक्षरन्ति यद्यजूंसि धृतस्य कुल्या यत्सामानि लघ्यः
कुल्या यदथर्वांगिरसः सोमस्य कुल्याः यद्‌बाह्मणानि
कल्पान् गाथा नाराशंसीरितिहास पुराणनित्यम–
मृतस्य कुल्याः ।

પ્રલય પર્યંત પિતૃઓ સ્વર્ગમાં નિવાસ કરે છે અને પુનઃ સર્ગસૃષ્ટિનાં સમયે સ્વર્ગાદિલોકનાં હતરૂપ બને છે. તેઓ જ પ્રજાપતિ બને છે. ઈતિહાસ અને પુરાણનું અધ્યયન કરવાવાળી વ્યકિત તથા પિતૃઓને ઘીની તથા દેવોને અમૃતની નહેર પ્રાપ્ત થાય છે. [૨]

*(१) आश्व. गृह्य सूत्र ४-६*
*(२) पं उपाध्याय बलदेवः पुराणविमर्शः पृ १८*

तं दीपयमाना आसत आ – शान्त रात्राद्युष्मता
कथा: । कीर्तयन्तो मांगल्यानीतिहासपुराणानीत्वा
रव्यापयमाना: ।

ચિરંજીવી મનુષ્યની કથાઓ તથા માંગલિક ઈતિહાસ અને પુરાણોનું પઠન કરતાં કરતાં મંથનાગ્નિનાં સ્ફુલ્લિંગોને દીપ્તિમાન કરવાના સમયનો સ્પષ્ટ નિર્દેશ આશ્વાલાયન ગૃહ્યસૂત્રમાં જોવા મળે છે.

દક્ષિણમાર્ગે ચાલતાં પુત્રની કામનાવાળા (પ્રવૃત્તિમાર્ગ) અર્યમાઓ સ્મશાનને પ્રાપ્ત થયા તથા ઉદારમાર્ગે ચાલતા અર્યમાઓએ (નિવૃત્તિમાર્ગ) અપનાવી અમૃત મેળવ્યું. આમ પ્રવૃત્તિમાર્ગ અપનાવવાથી જન્મ-મરણની ઘટમાળમાં ફરાય છે. તથા નિવૃત્તિમાર્ગ અપનાવવાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આપસ્તમ્બ ધર્મસૂત્રમાં મળતા આ જ શ્લોકના ભાવાર્થવાળા શ્લોકો બ્રહ્માંડપુરાણ, પદ્‌મપુરાણ, વિષ્ણુપુરાણ અને મત્સ્યપુરાણમાં પણ મળે છે. આપસ્તમ્બ ધર્મસૂત્રની રચનાનો સમય પાંચમી છઠ્ઠી સદી મનાય છે. તે સમયે પુરાણમાં ઉપલબ્ધ ધર્મશાસ્ત્રીય વિષયોનો પણ સમાવેશ થયો છે. વિશિષ્ટ પ્રસંગે ઉલ્લેખ પામેલો 'ભવિષ્યપુરાણ' શબ્દ સૂચવે છે કે તે યુગમાં પુરાણની રચના થઈ ચૂકી હતી. ભવિષ્યપુરાણ ભવિષ્યની ઘટનાઓનું વર્ણન કરતું પુરાણ છે. જો કે આ પુરાણસાહિત્યની સંરચનાનો આ પ્રાથમિક તબક્કો હોવાનું પંડિત બલદેવ ઉપાધ્યાય નોંધે છે.

## ★ સ્મૃતિઓ અને પુરાણ:

स्वाध्यायं श्रावयेत् पित्र्ये धर्मशास्त्राणि चैव हि ।
आरव्यातानीतिहासांश्च पुराणान्यखिलानि च ॥

वाकोवाक्यं पुराणं च नाराशंसीश्च गाथिकाः।

इतिहासांस्तथा विद्यां योऽधीते शस्ततोऽन्वहम्॥

ધર્મસૂત્રની માફક જ સ્મૃતિઓને પણ વેદ-ધર્મશાસ્ત્ર, અંગ – ઉપવેદ પુરાણોનું જ્ઞાન હોવું અત્યાવશ્યક લાગે છે. (૧) મનુસ્મૃતિ (૨) તથા યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ (૩) પણ શ્રાધ્ધ પ્રસંગે પુરાણનું પઠન જરૂરી માને છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ સમસ્ત વાઙ્યમ જગતનું પઠન કરનાર મુનિને ધર્મપ્રવર્તક કહે છે. તથા જપયજ્ઞની ઉત્કૃષ્ટ સિધ્ધિ માટે વેદ, અથર્વપુરાણ અને ઈતિહાસનું પઠન તથા મનન કરવા કહે છે. (૪)

साहित्यशास्त्र निपुणः सांगीतज्ञः सुरवरः। सर्गदीपश्चज्ञाता

च स वै पौराणिकः स्मृतः॥

मीमांसा तर्कसांख्यानि वेदान्तो योग एव च।

इतिहासपुराणानि स्मृतयो नास्तिकं मतम्॥

શુક્રનીતિમાં પણ મીમાંસા, તર્ક, સાંખ્ય, વેદાંત, યોગ, સ્મૃતિ, ઈતિહાસ અને પુરાણનું અધ્યયન રાજા માટે હિતકારક મનાયું છે. (૫)

## ★ મહાભારત અને પુરાણ :

મહાભારતનાં ત્રણ સંસ્કરણ મળે છે. (૧) જય (૨) ભારત (૩) મહાભારત ગુપ્તકાલીન શિલાલેખોમાં તે લક્ષ શ્લોકાત્મક હોવાનું જણાય છે. આથી તેને ત્રીજી શતાબ્દીથી અર્વાચીન ન માની શકાય. તેનું મૂળ તો પ્રાચીન મનાય છે. મહાભારતમાં પુરાણની કથાઓ અને અઢારપુરાણોનો ઉલ્લેખ થયેલો છે.

---

*(૧) व्यास स्मृ १-५ अने ४-४५*

*(२) मनु स्मृति ३-२३२*

*(3) याज्ञ. स्मृति १-४५*

*(४) याज्ञ स्मृ १-१०१, ३-१४१*

*(५) नीति. २-१७८-२०, शुकनीति ४-२३९*

पुराण मानवो धर्मः सांगो वेदश्चिकित्सितम्।
आज्ञा सिध्दानि चत्वारो न हन्तत्यानि हेतुभिः ॥

મહાભારતના અનુશાસન પર્વમાં માનવધર્મ (મનુસ્મૃતિ), સાંગવેદ અને ચિકિત્સાશાસ્ત્ર આ વિદ્યાઓને ઈશ્વરની આજ્ઞાથી સિધ્ધ થયેલી વિદ્યાઓ માનવામાં આવતી હતી.[૧]

अष्टादश पुराणानि कृत्वा सत्यवतीसुतः।
पश्चाद भारतमारव्यानं चक्रे तदुपबृंहितम्।

આદિપર્વમાં પુરાણોનાં વર્ણ્યવિષયની ચર્ચા કરી સત્યવતી સૂત વ્યાસજીએ અઢાર પુરાણોની રચના કરી તેના ઉપબૃંહણ રુપે મહાભારતની રચના કરી હોવાનું જણાવે છે.[૨]

एतत् ते सर्वमारव्यातमतीतानागतं तथा।
वायुप्रोक्तमनुस्मृत्य पुरामृषिं संस्तुतम्॥

વનપર્વમાં મળતા શ્લોકોને આધારે વાયુપુરાણનું સૂચન સ્પષ્ટપણે જણાઈ આવે છે. [૩]

पुराणपूर्णचन्द्रेण श्रुतिज्योत्स्ना प्रकाशिता।

પુરાણરુપી પૂર્ણચંદ્ર દ્વારા શ્રુતિરુપી ચંદ્રિકા પ્રકાશિત થાય છે.[૪]

---

*(१) महा भा. अनु.*
*(२) महा. आदि अनुक्रमणिका*
*(३) म व न १९१ – १६*
*(४) महा. आदि १-८६*

## ★ રામાયણ અને પુરાણ :

इत्युक्त्वा तु रहः सूतो राजानमिदमब्रवीत्।
श्रूयतां यत् पुरावृत पुराणेषु यथाश्रुतम्॥
इत्युक्त्वा पुरदारमाजगाम पुराणवित्।

વાલ્મીકિ રામાયણમાં પણ પુરાણ તથા પુરાણવિત્‌નો સ્પષ્ટ નિર્દેશ મળે છે. દશરથ અને રામના મંત્રી સુમન્ત્રને 'પુરાણવિત્' કહ્યા છે. રામાયણમાં બાલકાંડ(૧) અને અયોધ્યાકાંડમાં(૨) પુરાણવિત્‌નો ઉલ્લેખ છે.

આમ રામાયણમાં પુરાણ અને પુરાણવિત્ શબ્દનો ઉલ્લેખ છે.

## ★ કૌટિલ્ય અને પુરાણ :

કૌટિલ્ય પોતાના અર્થશાસ્ત્રમાં પુરાણની ગણના ઈતિહાસમાં કરે છે. કૌટિલ્યની દષ્ટિએ ઈતિહાસનું ક્ષેત્ર ઘણું વિસ્તૃત છે.

मुख्यैरवगृहीतं वा राजानं तत प्रियाश्रितः।
इतिवृतपुराणाभ्यां बोधयेदर्थशास्त्रविष्॥

તેમના કથન પ્રમાણે દિવસનાં પાછલા પ્રહરમાં રાજાએ પુરાણ, ઈતિવૃત્ત, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્રવાળા ઈતિહાસનું પઠન કરવું જોઈએ. રાજાની દિનચર્યાના પ્રસંગે તેઓ જણાવે છે કે દિવસનાં પૂર્વાર્ધમાં હસ્તી, અશ્વ, રથ, પ્રહરણ વિદ્યાઓના અભ્યાસમાં વિતાવવો અને ઉતરાર્ધ ઈતિહાસનાં શ્રવણમાં(૩)

---

*(૧) वा रा जा १-९*
*(२) वा रा अ १५-१८*
*(૩) अर्थशास्त्र ५-६*

कार्तान्तिक – नैमित्तिक – मौहूर्तिक – पौराणिक – सूत –
– मागधः पुरोहित पुरूषाः सार्वाध्यक्षाश्च सहस्रशः।

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પુરાણ તથા વેતન મેળવનાર પૌરાણિકની ચર્ચા જોવા મળે છે.(૧) આના આધારે કૌટિલ્યના સમયમાં પુરાણોનું સંકલન થઈ ગયું હોવાનું તથા પુરાણ પારાયણનું વળતર મેળવાતું હોવાનું પાર્જિટર માને છે.(૨)

पश्चिममितिहास श्रवणे। पुराणमिति ......... अर्थशास्त्रं चेतीतिहासः।

કૌટિલ્યનાં સમયમાં પુરાણોમાં સદાચાર જેવા વિષયો પણ સમાવિષ્ટ હતા.(૩)

અહીં કહી શકાય કે એક માત્ર પુરાણસંહિતાનું વિભાજન થઈ અલગ અલગ પુરાણો અસ્તિત્વમાં આવ્યાં હશે. તેમજ પુરાણની પારાયણ કરનાર પૌરાણિકને વેતન પણ મળતું હશે.

## ★ શાસ્ત્રગ્રંથોમાં પુરાણસંદર્ભ :

શાસ્ત્રીય ગ્રંથોના ભાષ્યના અભ્યાસથી ફલિત થાય છે કે ઈ.સ.ના આરંભથી માંડીને આઠમી સદીના વ્યાખ્યાકારોએ એક યા અન્ય રીતે 'પુરાણ' નો નિર્દેશ કર્યો છે. તે વ્યાખ્યાકારોમાં શબરસ્વામી (ઈ.સ. ૨૦૦–૪૮૦ ની મધ્યમાં) કુમારિલ ભટ્ટ (ઈ.સ.ની ૭ મી સદી) શંકરાચાર્ય (ઈ.સ. ૭૦૦) ની આસપાસ તથા વિશ્વરુપ (ઈ.સ. ૮૦૦–૮૫૦) મુખ્ય છે.

---

***(૧) अर्थ. ૫–૨***

***(૨) Pargiter F E. : 'Anient Indiand Historical Tradition - P 54. 519.***

***(૩) अर्थ. ૫ – ૧૩ – ૧૪***

શંકરાચાર્ય તેમની કૃતિમાં કોઈપણ વિશિષ્ટ પુરાણનો ઉલ્લેખ કરતા નથી, તેમ છતાં તેમના ભાષ્યમાં ઉદ્ધૃત પંકિતઓ વિશિષ્ટ પુરાણોમાં પણ પ્રાપ્ત થાય છે. જેમ કે

पुराणे चातीतानागतानां कल्पानां न
परिणामस्तीति।

પુરાણોમાં વર્ણવાયેલાં, વર્તમાન અને આગળ થવાવાળા કલ્પોની સંખ્યા અનંત છે.(૧)

हिंस्राहिंस्रे मृदुक्रूरे धर्माधर्मवृतानृते।
तदूभव्तिाः प्रपद्यन्ते तस्मात् तत् तस्य रोचते॥

સ્વયંભૂ બ્રહ્માએ અનાદિ તથા અનંત, નિત્ય, દિવ્યરૂપ વાણીને સૃષ્ટિના પ્રારંભમાં રચી તથા નામ-રુપ-કર્મ પ્રવૃત્તિને પણ સૃષ્ટિના આરંભમાં રચી, શાંકરભાષ્યમાં ઉપલબ્ધ આ શ્લોક એકાદ શબ્દોનાં પરિવર્તન સાથે કૂર્મ પુરાણ (૧,૭,૩૩), માર્કંડેય (૪૮-૬૬), વાયુ (૯-૩૩), વિષ્ણુ (૧-૫-૬૩) પુરાણમાં મળે છે. સૃષ્ટિનાં સર્જન વિષયક ચર્ચામાં પણ પૌરાણિક સાહિત્યનો આધાર લીધો હોય તેમ જણાઇ આવે છે.(૨)

શાંકરભાષ્યમાં મળતાં શ્લોકોનું અર્થઘટન વાયુપુરાણ પ્રમાણે થઈ શકે છે.(૩)

શંકરાચાર્ય મુખ્ય વિષ્ણુપુરાણ અને વિષ્ણુ સંબંધિત પુરાણનાં સુપરિચિત હોવાનું જણાઇ આવે છે. તેઓ પુરાણને વેદાર્થ ઉપબૃંહણ કરવાને માટે કારણભૂત માને છે. તેઓ

---

*(૧) વેદાંત સૂત્ર ૨-૧-૩૬*

*(૨) શાં. ભા. ૧-૩-૩૯/૯-૫૭-૫૮*

*(૩) શાં. ભા. ૧-૩-૩૦ અને ૨-૧-૨ તેવા જ અર્થ વાળા શ્લોકો વાયુ પુ માં ૧-૬૪-૬૫, ૧-૨૦૫ માં મળે છે.*

સ્પષ્ટ રીતે પુરાણના નામ જણાવતા નથી પરંતુ તેમના ભાષ્યમાં મળતા શ્લોકો અને પુરાણોમાં ઉપલબ્ધ શ્લોકોની સામ્યતાને કારણે કહી શકાય કે તેઓ પુરાણ કે પુરાણમાં સમાવિષ્ટ બાબતો વિશે જાણકાર હતા.

પુરાણો પર સાંખ્યદર્શનની વ્યાપક અસર છે. તેમ કહી આચાર્ય વિશ્વરુપ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ પર લખેલી ટીકામાં પુરાણોનાં મહત્ત્વપૂર્ણ તથ્યો પર પ્રકાશ પાડે છે.

एषा प्रक्रिया सृष्टिः प्रलय वर्णनादौ सर्वत्र
पुराणादिष्वपि।

પુરાણોની સૃષ્ટિનાં સર્જનનું મૂળ સાંખ્ય-દર્શનમાં જોવા મળે છે.[૧]

સાંખ્યનાં ચોવીસ તત્ત્વની વાત લગભગ દરેક પુરાણમાં મળે છે.

तत्रास्ते महात्मानो ॠषयो येऽग्निहोत्रिता॥

અગ્નિહોત્ર કરવાવાળા અને સ્વર્ગની કામનાવાળા પિતૃયાનનાં માર્ગેથી પસાર થાય છે. તેમ વિષ્ણુપુરાણ, મત્સ્યપુરાણ અને વાયુપુરાણ જણાવે છે.[૨]

આમ, જોઈ શકાય છે કે ઈ.સ.ની બીજી સદીથી માંડી નવમી સદીના વિશ્વરુપ જેવા ભાષ્યકારોએ પુરાણ સાહિત્યનાં ઉધ્ધરણોનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. ભાષ્યકારોનાં સમયમાં પુરાણમાં વર્ણન પામેલ વિષયોથી જનતા અજાણ ન હતી. સ્વર્ગ, નર્ક, ધર્મ-અધર્મ, હિંસા-અહિંસા, કર્મફળનું સ્વરુપ, ભાગ્ય, દેવોનું સામર્થ્ય, સ્વયંભૂ બ્રહ્મા દ્વારા અનાદિ

---

*(૧) सांख्य दर्शन સરખાવવાનું कूर्म पु. ૧૦૮-૪-૧૬ વિષ્ણુ ૧-૨-૨૯.30 અગ્નિ ૧૧, ૧, ૭ તથા ૨૦, ૧.૮*
*(૨) विष्णु. ૨-૮-૮૫/૮૬*

અનંત અને દિવ્યરૂપ વાણી તથા સૃષ્ટિનું સર્જન, સૃષ્ટિનાં સર્જનની પ્રક્રિયામાં ચોવીસ તત્ત્વ અને તેના નિયામક ઈશ્વર, તેને પ્રાપ્ત કરવાનાં યજ્ઞ, દાન, તપ, જપ, યાત્રા, દક્ષિણા વગેરે વિષયોનો વિસ્તૃત પરિચય પુરાણોમાંથી મેળવ્યો હશે.

## ★ સાહિત્ય અને પુરાણ :

વિક્રમ સંવતની શરુઆતથી માંડી આઠમી સદી સુધીના લગભગ બધા કવિઓએ પુરાણોનો કાવ્યના આધાર તરીકે ઉપયોગ કર્યો છે. મહાકવિ ભારવિ શિવ-કિરાતનાં પ્રસંગને લઈને "કિરાતાર્જુનીયમ્" રચે છે તો મહાકવિ માઘે મહાભારતનાં શિશુપાલને કેન્દ્રમાં રાખી " શિશુપાલ વધ " રચ્યું. શિવ અને વિષ્ણુના ચરિત્રનું ગાન કરતી આ કૃતિઓએ જનમાનસમાં અપ્રતિમ ચિત્ર ઉપસાવ્યું છે.

સંસ્કૃત સાહિત્યમાં ઝગમગતા તારલા સમી હર્ષચરિત અને કાદંબરીએ બાણભટ્ટની અનુપમ કૃતિઓ છે. કાદંબરીના પૂર્વભાગમાં જાબાલિ મુનિનાં આશ્રમનાં વર્ણન પ્રસંગે બાણભટ્ટ સુંદર ઉપમા આપે છે पुराणेषु वायुप्रलपितम्। ત્યારે વાયુપુરાણ તાદૃશ થાય છે.[૧] पुराणमिव यथाविभागवस्थापितसकलभुवनकोश। તારાપીડના મહેલનાં વર્ણન વખતે કવિ જેમ પુરાણમાં ભુવનકોશ (વિશ્વની ભૂગોળ) વિભિન્ન રીતે સ્થાપિત થયો છે, તેમ કહી સમગ્ર ભુવનકોશ એકત્ર થઈ, ઉચિત સ્થાનો પર મળે છે, તેમ કહે છે.[૨] શાપ વિષયક ગ્રંથોમાં પણ પુરાણનો ઉલ્લેખ લોકપ્રિયતા દર્શાવે છે.

आगमेषुचसर्वेष्वेव पुराण – रामायणभारतादिषु सम्यगनेकप्रकाशः

शापवर्ता : श्रूयन्ते।

ઉત્તર કાદમ્બરીમાં આગમભૂત એવા પુરાણ, રામાયણ, મહાભારતની અનેક પ્રકારની શાપવાર્તાઓ સાંભળવા મળતી હોય તેમ જણાવે છે.[૩]

---

*(१) कादंबरी पूर्वभाग*

*(२) कादंबरी चंद्रापीडवर्णने राजकुलम।*

*(3) कादंबरी उत्तरभाग*

અહીં પુરાણને રામાયણ તથા મહાભારત સાથે ઉલ્લેખ કરી તેને 'આગમ' તરીકે સ્વીકૃતિ આપે છે.

આ સર્વનો નિષ્કર્ષ એ છે કે પુરાણ વેદની જેમ જ પ્રાચીન છે. વેદકાલીન સમાજના નખાયેલા પાયા પર પુરાણની સુંદર અને સુરમ્ય ઈમારત ચણાઈ છે. તેનું વ્યવસ્થિત કલેવર આરણ્યક યુગથી ઘડાયું અને ત્યાર પછીના યુગોમાં સંમાર્જિત અને પરિવર્ધિત થયું. તે વેદોત્તરકાલીન સાહિત્ય માટે માર્ગદર્શક અને રાહબર બની રાહ ચીંધે છે. સત્ત્વ, દાન અને આચારાદિ વિષયોને આવરી લેતાં પુરાણોમાં કથા અને વિષય વૈવિધ્ય જણાય છે. મૂળ પુરાણ સંહિતામાંથી વિભાજન થતાં પુરાણો સાંપ્રદાયિકતાના રંગે રંગાય છે.

❋❋❋❋❋❋

## પ્રકરણ – ૨



# પુરાણ અર્થ, લક્ષણ અને પરિચય

**પ્રકરણ : ૨**

## -: પુરાણ : અર્થ, લક્ષણ અને પરિચય :-

એક સુભાષિતનું પ્રથમ ચરણ છે –

पुराणमित्येव न साधु सर्वम् ।

એટલે કે 'જે જૂનું છે તે બધું જ સારું હોય તેમ નથી હોતું. અહીં 'પુરાણ' શબ્દ 'જૂનું' માટે વપરાયો છે. પ્રથમ દ્રષ્ટિએ જોતાં 'પુરાણ' નો અર્થ પુરાણ નામના ગ્રંથ એવો થઈ શકે. આ ચરણને જુદી રીતે જોઈએ.

पुराणमित्येव हि साधु सर्वम् ।

એટલે કે જે પુરાણ(રુપી ગ્રંથ) છે. બધું સાદુ (સત્વયુકત) છે. કેમ કે પુરાણોમાં જે કંઈ આપ્યું છે તે બધું પ્રજાનાં કલ્યાણ માટે છે. ઈશ્વરના જુદા જુદા અવતારોની કથાથી યુકત પુરાણો એમ દર્શાવે છે કે ઈશ્વરે લોકોનાં દુઃખ દૂર કરવા, લોકોનું કલ્યાણ કરવા માટે જ અવતાર લીધા છે. એ અવતાર સ્વરુપે તેણે દુષ્ટ તત્ત્વોનો સંહાર કરેલ છે. અને શુભતત્ત્વોની સ્થાપના કરેલ છે.

પુરાણોમાં માત્ર યુદ્ધનાં જ વર્ણનો નથી. તેમાં ભકતોનાં ચરિત્રો છે, કાલગણના છે, ભૂગોળ છે, ખગોળ છે, પ્રકૃતિ નિરુપણ છે, નદીઓ, તીર્થો, સમુદ્રો છે, તત્ત્વજ્ઞાન છે, એવું ઘણું બધું છે. તેને યોગ્ય રીતે સમજીને મનુષ્ય જીવન જીવે તો તેનું અવશ્ય કલ્યાણ થાય છે.

ઈ.સ. ની ૧૯ મી સદીમાં ડાર્વિન નામના આંગ્લ વિજ્ઞાનીએ ઉત્ક્રાંતિવાદનો

નિયમ આપ્યો. તેના મત મુજબ સૃષ્ટિનો પ્રારંભ એકકોશી જીવથી થયો છે અને તે વિકસતાં વિકસતાં ચતુષ્પાદ, દ્વિપાદ જીવસૃષ્ટિ સુધી પહોંચ્યો છે, આ મત વિવાદાસ્પદ છે, તેથી તેની ચર્ચા નથી કરવી, પણ ભારતનાં પુરાણોમાં આવી જંતુ સૃષ્ટિથી માંડીને પૂર્ણ મનુષ્ય સુધી સૃષ્ટિ પહોંચી છે તેમ અનાયાસે થયું છે. કૂર્મ અને મત્સય – બન્ને જલચર જીવ રુપે ઈશ્વરે અવતાર લીધો. નૃસિંહ અવતારમાં અર્ધ માનવ – અર્ધ પશુ રુપે, વામન અવતારમાં નાના કદનાં મનુષ્ય તરીકે અને તે પછી રામ, કૃષ્ણ જેવા પૂર્ણ માનવરુપે અવતાર લીધા. આ એક રીતે સૃષ્ટિમાં થયેલી ઉત્ક્રાન્તિ જ કહી શકાય. પરંતુ પુરાણોએ કોઈ વાદનું સ્થાપન નથી કર્યું. એ એક સહજ અને પ્રાકૃતિક ઘટનારુપે નિરુપ્યું છે.

આવાં ૧૮ મહાપુરાણો છે. વળી ૧૮ ઉપપુરાણો છે. આપણે સમગ્રતયા વિચારીએ તો આવી બૃહદ્કાય રચનાઓ કરનાર વિદ્વાનોનાં ચરણમાં મસ્તક નમી જાય. મહાપુરાણોમાં છ હજારથી માંડીને એકયાસી હજાર શ્લોકો ધરાવતાં પુરાણો છે. પુરાણોની વિશેષતા એ છે કે તેનાં નામાભિધાન મુજબ તે, જે તે અવતારનો મહિમા તો કરે જ છે, પરંતુ તેની સાથે મનુષ્ય જીવનને કલ્યાણકારક વિધિ–નિષેધો, ભકતચરિત્રો, તીર્થ મહાત્મ્ય, પ્રાકૃતિક સૌંદર્ય, પશુ પક્ષી ની વાતો બધું જ છે. પુરાણોમાં એક પુરાણમાં આપેલી કથા બીજાં પુરાણમાં પણ હોઈ શકે. તે છતાં દરેકની પોતાની વિશેષતા હોય છે. બ્રહ્માથી માંડીને ઋષિઓની વંશાવળી, રાજાઓની વંશાવળી જેવી બાબતોથી ઐતિહાસિકતા પણ જળવાઈ છે. પુરાણની રચનાકાળ ઈ.સ.ની ૧લી સદીથી માંડી ઈ.સ.ની પંદરમી સદી સુધીનો છે.

આવાં ૧૮ મહાપુરાણો પૈકી વિષ્ણુ, જે સૃષ્ટિના પાલક ઈશ્વર છે તેમના અવતારોનાં જે પુરાણો છે, તે પૈકી ચાર પુરાણો વામન, વરાહ, વિષ્ણુ અને ભાગવત પુરાણ અભ્યાસપૂર્ણ સંશોધન માટે પસંદ કરેલાં છે. આ પ્રકરણમાં પુરાણોનો અર્થ, લક્ષણ, નામાવલી, ટૂંકો પરિચય, શ્લોકસંખ્યા તેમજ અભ્યાસ હેઠળનાં જ પુરાણોનો વિશદ પરિચય રજૂ કરેલ છે.

**અર્થ** : જયારે વન્યસંસ્કૃતિ જનપદ અને નગર સંસ્કૃતિમાં પરિવર્તિત થવા લાગી અને પ્રાકૃતજનોની સંખ્યા વધવા લાગી ત્યારે ઋષિમુનિપ્રણિત વેદ વિદ્યાની સમજણ ઘટવા લાગી. વેદ વિદ્યાનો અમૂલ્ય વારસો જળવાઈ રહે અને લોકો સમજી શકે તેવી ભાષામાં, તેવાં દષ્ટાંતો અને ઐતિહાસિક તથ્યો સાથે નવાં સાહિત્યની રચના ઉદ્દ્ભવી. પુરાણના અર્થને સ્ફૂટ કરતું વાકય મહાભારતમાં મળે છે.

इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ॥

"ઈતિહાસ અને પુરાણમાં વેદનું સમાનતાયુકત વિસ્તરણ છે. " [૧]

इतिहासपुराणानि भिधन्ते कालगौरवात् ।

લિંગપુરાણમાં "કાલનાં ગૌરવથી ઈતિહાસ અને પુરાણો વ્યકત થાય છે. [૨]

એમ કહેવાયું છે કે–

लोकवृत्तमितिहास पुराणस्य विषयः ।

ન્યાયભાષ્યમાં કહેવાયું છે કે લોકોનો વૃત્તાંત ઈતિહાસ અને પુરાણનો વિષય છે. [૩]

આ રીતે પુરાણ, ઈતિહાસ અને સામાન્ય જનસમાજનાં વૃત્તાંતો સાથે જોડાયેલ છે. સામાન્ય જનસમાજ માટે વૈદિક તત્ત્વો અને વૈદિક ક્રિયાકલાપોને લોકદષ્ટિએ પ્રતિપાદન કરવાની આવશ્યકતા ઊભી થતાં પુરાણો રચાયાં. વૈદિક આચારો શ્રુતિપરંપરાથી વેદમાં સૂત્રાત્મક રીતે દર્શાવેલ હતા. લોકો સમજી શકે, પરંપરાનું પાલન કરી શકે તે માટે કઠિન એવા કર્મકાંડો અને આચારસંહિતા સરળ રીતે પ્રતિપાદિત કરવાની જરૂર જણાતાં પુરાણ પરંપરાનો ઉદ્દ્ભવ થયો.

---

*(૧) म. भा. १-१-२६७*

*(૨) लिं. पु. १-३९-६१*

*(૩) न्यायभाष्य -४-१-६१*

વૈદિક વ્યાખ્યાનો સૂત્રરૂપે ઊંડાણભર્યાં દાર્શનિક સત્યો દર્શાવનાર છે. વેદના આચારો, વેદની દાર્શનિકતા, વેદમાં ઉલ્લેખિત ક્રિયાકાંડ જેવી બાબતોને પુરાણોમાં ઈતિહાસને આધારે વિસ્તૃત કરવામાં આવે છે. આમ કરવામાં અનેક વૈદિક ઉપાખ્યાનો અને જેનો માત્ર ઉલ્લેખ થયો હોય તેવાં વ્યાખ્યાનો પુરાણસંહિતાઓમાં સમાવિષ્ટ કરાયાં. આવાં અનિબધ્ધ વ્યાખ્યાનો સાંસ્કૃતિક રીતે ખૂબ મહત્ત્વનાં હતાં. આમ, વેદના ઉપાખ્યાનો અને ન કહેલાં આખ્યાનોને પુરાણોમાં સમાવ્યાં. તેથી નિરુકતમાં '' પુરાનવં ભવતિ'' (૩-૧૯) એમ કહી પુરાણની વ્યાખ્યાને વિસ્તૃત બનાવવામાં આવી છે.

મહાભારતમાં અનેક પુરાણોના સંદર્ભો જોવા મળે છે. તેનાથી પુરાણોની પ્રાચીનતા સિધ્ધ થાય છે. મહાભારતમાં પૌરાણિક કથાઓમાં સ્વરુપ અને વિશિષ્ટતા પણ દર્શાવેલ છે. પુરાણોની રચના પણ દર્શાવેલ છે. પુરાણોમાં ધર્મશાસ્ત્ર, વેદવિદ્યા, ચિકિત્સાશાસ્ત્ર તથા દાર્શનિકતા દર્શાવી હોવાનું મહાભારતમાં નોંધાયું છે. મહાભારતમાં પુરાણોને પ્રામાણિક તથા સ્વતંત્ર સાહિત્યના રૂપમાં દર્શાવેલ છે.

વ્યાકરણની રીતે જોઈએ તો '' पुराभवम्'' એટલે કે " પુરાણની ઘટનાઓ" એવી વ્યુત્પત્તિ થાય છે. તેમાં पुरा અવ્યયપદ છે અને તેનો અર્થ "અત્યંત પ્રાચીન" એવો થાય છે. સાયણાચાર્યે - पुरातन - पुरूष वृत्तान्त प्रतिपादिकानि पुराणं એવી વ્યાખ્યા આપી છે. વાયુપુરાણમાં ''पुरा अनति'' અર્થાત્ "પ્રાચીન સમયે જ અસ્તિત્વમાં હતું" તેવો અર્થ આપ્યો છે. પદ્મપરાણ -

पुरा परम्परां वाष्टि पुराणं तेन तत्स्मृतम् ।

" જે પ્રાચીન એટલે કે પરંપરાની ઈચ્છા રાખે છે, અતીતને ચાહે છે તે પુરાણ કહેવાય છે." (૧)

બ્રહ્માંડપુરાણમાં पुरा एतत् अभूत् એટલે કે " પુરાણાસમયમાં આમ થયેલું " એવો અર્થ આપેલો છે. પુરાણ શબ્દ ઋગ્વેદમાં અનેકવાર પ્રયોજાય છે. તેમાં તેનો અર્થ

---

***(१) धर्मशास्त्र इतिः***

પ્રાચીન, પુરાતન, વૃધ્ધ અને પૂર્વના સમયે થયેલું એવો આપેલ છે. નિઘંટુમાં પુરાણ માટે છ વૈદિક શબ્દો આપેલાં છે. – प्रत्नम्, प्रदिवः, प्रवया, स्नेमि, पूर्व्यम् અને अहाय। શબ્દકોશમાં પુરાણ શબ્દનો અર્થ''ભૂતકાળનો ઈતિહાસ તેમ જ દેવો અને સિધ્ધો વિષે કથા કહેતું ધાર્મિક પુસ્તક'' આપેલા છે. શબ્દકોશકાર પુરાણનો અર્થ પ્રાચીન એમ સ્વીકારે છે. આપસ્તંબ સ્મૃતિ પહેલાં જે ગ્રંથમાં પ્રાચીન કથાઓ – ગાથાઓ આવેલી હોય તેને પુરાણ શબ્દથી ઓળખવામાં આવતા એવા ઉલ્લેખો મળે છે. પુરાણોના અભ્યાસથી જાણવા મળે છે કે જે ગ્રંથમાં વિશ્વની પ્રથમ અવસ્થાથી માંડીને સૃષ્ટિ સર્જન અને વિકાસની પ્રક્રિયા આપેલી હોય તે ગ્રંથને પુરાણ કહેવાય છે. બ્રહ્માજીએ પુરાણને उच्छिष्ट એવી સંજ્ઞા આપી છે. આ અંગે અથર્વવેદમાં મંત્ર છે કે –

ऋचः सामानिछन्दांसि पुराणं यजुषा सह।
उच्छिंजज्ञिरे सर्वे दिवि देवाः दिविश्रिताः॥

''ઋક્, સામ, છંદ અને યજુર્વેદની જેમ પુરાણ પણ ઉચ્છિષ્ટ એટલે કે યજ્ઞોના અવશેષથી કે સૃષ્ટિને સર્જનારા પરમાત્માથી ઉત્પન્ન થયાં છે.'' (૧)

આમ અથર્વવેદના ઉલ્લેખ મુજબ પુરાણ એ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદની જેમ पंचमवेद મનાય છે.

આ રીતે પુરાણ ભલે વૈદિકકાળ પછી રચાયાં હોય, પણ તેમનું મહત્ત્વ સાહિત્ય અને ધર્મશાસ્ત્રમાં સ્વીકારાયું છે. સામાન્ય જનસમાજ પુરાણનાં પારાયણો અને શ્રવણ – સેવન દ્વારા વેદ પરંપરાનાં તત્ત્વોને સમજી પોતાનાં આચારમાં મૂકવા પ્રયત્ન કરે છે. પુરાણ સાહિત્ય ભારતીય જનસમાજનું અવિભાજય અંગ બન્યું છે. રોચક કથાઓ, પ્રાચીન રાજવંશો, ધાર્મિક આચારો, સુંદર છંદોલય, કાવ્યત્વ જેવાં તત્ત્વોને કારણે પુરાણકથા શ્રવણ હંમેશાં આકર્ષક પ્રવૃત્તિ રહી છે. પ્રચ્છન્ન રીતે પુરાણો સદાચાર, સૃષ્ટિનાં તત્ત્વોની જાળવણી, પાપ–પુણ્યની વ્યાખ્યા જેવી બાબતો સ્યુગર કોટેડ–કડવી ગોળીની જેમ લોકોને આપી માનસિક સ્વાસ્થ્ય આપે છે.

---

*(૧) અથર્વ વે. મં. ૧૧ સૂક્ત–૭, ૨૦–૨૪*

★ **<u>પુરાણનાં</u> <u>લક્ષણો</u>** :

મનુષ્ય જાતિનાં લક્ષણોમાં દ્વિપાદ હોવું, બે હાથ, બે આંખ, બે કાન, નાસિકા, ચહેરો વગેરે સમાવિષ્ટ છે. તેમ ચતુષ્પાદ પ્રાણીઓ, પક્ષીગણ વગેરેનાં પણ પોતપોતાનાં લક્ષણો છે આમ જીવંત સૃષ્ટિને જેમ પોતાનાં લક્ષણો છે, તેમ જડ અને નિર્જીવ સૃષ્ટિને પણ તેનાં લક્ષણો છે. મનૃષ્યનાં ચિત્તમાંથી ઉદ્‌ભવતા જુદાં જુદાં પ્રકારનાં સ્પંદનો અને સ્ફૂલ્લિંગોને પણ તેમના લક્ષણો હોય છે. જેમ કે સપ્તસૂર યુકત મધુર સંગીત, વિશ્વને તાદશ્ય કરતી ચિત્રકળા – શિલ્પકળા અને મનુષ્યના મનોભાવો અન મનોમંથનોને અભિવ્યકત કરતાં સાહિત્ય સર્જનમાં પોતપોતાનાં લક્ષણો હોય છે. તે જ રીતે બૃહદ્‌માત્રામાં રચાયેલ પુરાણ સાહિત્યને પણ લક્ષણોમાં વિતરિત કરેલ છે. જો કે જુદા જુદા વિદ્વાનોએ લક્ષણોની સંખ્યા જુદી જુદી આપેલી છે, છતાં કેટલીક બાબતો બધામાં સામાન્ય જોવા મળે છે. અહીં સંશોધકે પુરાણનાં લક્ષણો અંગે નિરુપણ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

એક સંશોધન અનુસાર ઈસવીસનની ચોથી શતાબ્દીમાં પુરાણને ઈતિહાસથી અલગ દર્શાવવા માટે पुराणम् पंचलक्षणम् એવું નિરુપણ થયું. આ ઉકિત સહુ પ્રથમ अमरकोश માં મળે છે. પછીથી અન્ય પુરાણોમાં પણ જોવા મળે છે. પુરાણોમાં એ પાંચ લક્ષણ सार्ग, प्रतिसार्ग, वंश, मन्वन्तर અને वंशानुचरित છે. આ પાંચ લક્ષણો પૈકીનાં वंशानुचरित ને સ્થાને કેટલાંક પુરાણોમાં भूमिसांस्थान – निरूपण એવું પાઠાન્તર પણ મળે છે.

सृष्टि प्रवृत्ति सांहार धर्ममोक्ष प्रयोजनम् ।
ब्रह्मभिर्विविधैः प्रोक्तं पुराणं पंचलक्षणम् ॥

કૌટિલ્યરચિત અર્થશાસ્ત્રમાં આ પાંચ લક્ષણો सृष्टि, प्रवृत्ति, सांहार, धर्म અને मोक्ष એ નામે દર્શાવેલ છે.[૧] જો કે આ લક્ષણો બહુ પ્રચલિત થયાં નથી. ઉક્ત પાંચ લક્ષણોને નીચે મુજબ સમજી શકાય :

(૧) સાર્ગ : – પૃથ્વી અને તેના વિવિધ પદાર્થો અને જીવસૃષ્ટિની ઉત્પત્તિએ સર્ગ છે.

---

*(૧) अर्थशास्त्र १–५*

(૨) પ્રતિસાર્ગ : – આ શબ્દ વિલય કે પ્રલય માટે પ્રયોજાયો છે. પ્રલય ચાર પ્રકારે થાય છે તેમ પુરાણોમાં વર્ણવ્યું છે. તે नैमित्तिक, प्राकृतिक, नित्य અને आत्यन्तिकी એ નામે છે.

(૩) વંશ : – બ્રહ્મા દ્વારા ઉત્પન્ન થયેલ રાજાઓનાં કુળ તેમજ દેવો પ્રજાપતિઓ અને ઋષિઓના વંશને આ લક્ષણમાં ગણાવાય છે.

(૪) મન્વન્તર : – પૌરાણિક પરંપરા અનુસાર એક કલ્પમાં ૧૪ મનુઓ થાય છે. દરેક મનુના ભોગવેલા કાળને મન્વન્તર કહે છે.

(૫) વંશાનુચરિત : – બ્રહ્માએ સર્જેલ સૃષ્ટિના મુખ્ય વંશોના વિશિષ્ટ વ્યકિતઓ અને રાજાઓનાં ચરિત્રનાં વર્ણનને આ નામ અપાયું છે.

## ★ પુરાણોનાં દસલક્ષણ :

પુરાણોની રચના અવસ્થા ક્રમિક રીતે વિકસિત થઈ હોય તેવું વિદ્વાનોએ પ્રતિપાદિત કરેલું છે. તેને નીચે મુજબ દર્શાવેલ છે.

(૧) આખ્યાન અવસ્થાઃ વૈદિકકાળથી લઈને મહાભારતનાં યુધ્ધ સુધીનો સમય.

(૨) વિગલન અવસ્થા.

(૩) પંચલક્ષણ અવસ્થા.

(૪) સામ્પ્રદાયિક અથવા દસલક્ષણ અવસ્થા.

આ પૈકી દસ લક્ષણ અવસ્થામાં બધાં પુરાણો સંમત નથી. વાયુ, અગ્નિ, વામન જેવાં પુરાણો પાંચ લક્ષણ દર્શાવે છે. જયારે શ્રીમદ્ ભાગવત અને બ્રહ્મવૈવર્ત પુરાણ દસ લક્ષણો આપે છે. सार्ग, विसार्ग, वृत्ति, रक्षा, अन्तराणि, वंश, वंशानुचरित, सांस्था, हेतु અને अपाश्रय એવાં દસ લક્ષણો બ્રહમવૈવર્ત પુરાણ (૪–૧૩૧–૬–૧૦) માં આપેલ છે.

શ્રીમદ્ ભાગવત પુરાણના બારમા સ્કંધમાં –

अत्र सार्गो विसार्गश्च मूतयः स्थानपोषणमूतयः ।<br>
मन्वन्तरेशानुकथा निरोधा मुक्तिराश्रयः ॥ (भाग. १२–१०–७)

सार्ग : શ્રીમદ્ ભાગવતમાં સર્ગનાં લક્ષણ દર્શાવેલ છે. "પરમાત્મા દ્વારા સામ્યાવસ્થા પ્રકૃતિમાં ક્ષોભ ઉત્પન્ન થવાથી ગુણોની વિષમતા, મહત્તત્ત્વ, ત્રણ પ્રકારના અહંકાર, તન્માત્રા ઈન્દ્રિય અને પંચમહાભૂતોની સૃષ્ટિ એ સર્ગ છે." સર્ગનો અર્થ છે સૃષ્ટિ.

विसार्ग : – પ્રકૃતિના ગુણ વૈષમ્યથી જે વિરાટ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે તે સર્ગ છે અને વિરાટના એક ખંડમાં બ્રહ્મા દ્વારા જે વ્યષ્ટિ સૃષ્ટિ કે વિવિધ સૃષ્ટિ થાય છે તે વિસર્ગ છે. પુરાણમાં એમ કહેવાયું છે કે પ્રથમ માનસી સૃષ્ટિ થઈ. તે પછી જેમાં સ્ત્રી–પુરુષ એવો લિંગભેદ ન હોય તેવી સૃષ્ટિ. ત્રીજા પ્રકારની સૃષ્ટિમાં એક જ શરીરમાં સ્ત્રી અને પુરુષની સૃષ્ટિ થઈ અને અંતિમ ચોથા પ્રકારની સૃષ્ટિ સ્ત્રી અને પુરુષની મૈથુની સૃષ્ટિ થઈ. શ્રીમદ્ ભાગવતમાં विसार्गः पौरूषः स्मृताः (૨–૧૦–૩) કહેવાયું છે. શ્રીમદ્ ભાગવતના દ્વાદશ સ્કંધમાં નિર્દેશ છે કે "બ્રહ્માની સૃષ્ટિનું નામ વિસર્ગ છે. બ્રહ્મા દ્વારા જીવોની વાસના અનુસાર એક બીજ માંથી બીજા બીજની ઉત્પત્તિ સચરાચરની સૃષ્ટિ છે, જે વિસર્ગ છે. વાસના વિશિષ્ટ સૃષ્ટિનું નામ વિસર્ગ છે."

स्थान : – પુરાણ અનુસાર અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. તેની સ્થિતિનું વર્ણન સ્થાન નામનાં લક્ષણ દ્વારા કરવામાં આવે છે. આવડું વિશાળ બ્રહ્માંડ શી રીતે સ્થિર છે, તેમાં કેટલા લોક છે, દરેકની મર્યાદા શી છે, વિવિધ પ્રકારના લોકોનો વિસ્તાર કેટલો છે. તેનું વર્ણન આ લક્ષણ દ્વારા કરી પરમાત્માની સર્વોત્કૃષ્ટતા સિધ્ધ કરી છે. શ્રીમદ ભાગવતમાં આ બાબત स्थितिवैकुण्ठ विजय :। (૨–૧૦–૪) દ્વારા વ્યકત થયેલ છે. આ લક્ષણમાં ભારતવર્ષનું વિસ્તૃત વર્ણન છે.

पोषणः – મનુષ્ય, દેવ, દાનવ વગેરે પણ પરમાત્માની અહૈતુકી કૃપાને પોષણ કહે છે. શ્રીમદ્ ભાગવતમાં આ કૃપાને पोषणं तदनुग्रहः । (૨–૧૦–૪) એ રીતે વ્યકત કરવામાં આવેલ છે.

ऊतिः– ઊતિ એટલે કર્મવાસના. ऊत्तयः कर्मवासनाः (૨–૧૦–૪) જીવાત્માની વાસનાઓ તેને બંધનમાં નાખે છે તે ઊતિ કહેવાય છે. વાસના બે પ્રકારની હોય છે –શુભ અને અશુભ. સત્પુરુષોની કૃપાથી શુભવાસના ઉત્પન્ન થાય છે અને તેમના તરફના

દ્વેષથી અશુભવાસના. વૈકુંઠના દ્વારપાલો જય-વિજયનું ઉદાહરણ અશુભ વાસનાનું દ્યોતક છે. જયારે પ્રહ્લાદને ગર્ભમાં નારદ દ્વારા મળેલ જ્ઞાન શુભવાસનાને દર્શાવે છે.

मन्वन्तरः- કાલગણના માટે મન્વન્તરની રચના થયેલી છે. ૭૧ ચતુર્યુગીનો એક મન્વન્તર થાય છે. ૪૩,૨૦,૦૦૦ વર્ષની એક ચતુર્યુગી થાય છે. ચૌદ મન્વન્તરનો એક કલ્પ થાય છે. આ કલ્પ સૃષ્ટિ સર્જક બ્રહ્માનો એક દિવસ બને છે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ બદલે છે. આ એક વિશાળ બ્રહ્માંડની વિશાળ કાલગણના છે. આવા મન્વન્તરોમાં ભગવાનના અવતારો થાય છે અને તેમના દ્વારા ધર્મનું પ્રવર્તન થાય છે. તેથી શ્રીમદ્ ભાગવતમાં मन्वन्तराणि सध्धर्मः (૨-૧૦-૪)કહેવાયું છે.

ईशानुकथाः- ભગવાન અને ભગવાનના ભકતોનાં અનેક આખ્યાનોને ઈશાનુકથા કહે છે. શ્રીમદ્ ભાગવતમાં -

> अवतारानुचरितं हरेश्वास्यानुवर्तिनाम् ।
> सतामीशकथा प्रोक्ता नानारव्या नोपबृंहिताः ॥

"ભગવાનનાં વિવિધ અવતારો અને તેમના ભકતોના વિવિધ આખ્યોનાથી યુકત ગાથાઓ તે ''ईशकथा'' છે."[૧]

તેમ કહ્યું છે. પુરાણોમાં આવતા ઈશ્વરના વિવિધ અવતારો અને તેની લીલાઓનાં વર્ણન ઈશાનુકથા છે. કૂર્મ, મત્સ્ય, વરાહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, વગેરેના અવતારો અને તેમના દ્વારા થયેલ પરાક્રમો, લીલાઓ અને ધર્મસ્થાપના ઈશાનુકથાઓ છે. આવી ઈશાનુકથા પુરાણો ઉપરાંત તૈતરીય આરણ્યક, શતપથ બ્રાહ્મણ, તૈતરીય સંહિતા વગેરેમાં પણ આવે છે.

निरोधः- ઈશ્વરના અવતારો દુષ્ટ તત્ત્વોના નાશ માટે થાય છે. આવાં દુષ્ટ તત્ત્વોના નાશ કરવાની લીલાને નિરોધ કહેવામાં આવે છે. તામસિક સૃષ્ટિનો નાશ કરી સાત્વિક

---

*(૧) भाग. २-१०-५*

સૃષ્ટિની સ્થાપના કરવા માટે જે પ્રલય કરવામાં આવે છે તેને પણ નિરોધ કહે છે. શ્રીમદ્ ભાગવતમાં –

निरोधोऽस्यानुशयनमात्मनः सह शक्तिभिः

"જયારે ભગવાન યોગનિદ્રા સ્વીકારીને શયન કરે છે, ત્યારે જીવાત્મા પોતાની સર્વ ઉપાધિ સાથે તેનામાં લીન થઈ જાય છે તે નિરોધ છે."(૧)

એ રીતે કહેવાયું છે કે, સંક્ષેપમાં કહેવું હોય તો તેમ કહી શકાય કે જુદાં જુદાં સંયોગોમાં થતાં પ્રલયો એ નિરોધ છે. પ્રલયના ચાર પ્રકાર દર્શાવેલ છે –नित्य, नैमित्तिक, प्राकृत અને आत्यन्तिक. આ પૈકી હમેશાં થતો ક્ષય તે નિત્યપ્રલય છે. જયારે મન્વન્તર સમાપ્ત થતાં જ પ્રલય થાય છે તે નૈમિત્તિક પ્રલય છે. બ્રહ્માનું આયુષ્ય પૂર્ણ થતાં જે પ્રલય થાય છે તે પ્રાકૃત પ્રલય છે. આત્યન્તિક પ્રલય ગમે ત્યારે થઈ શકે છે. ભકતજન જયારે શ્રવણ, મનન, નિદિધ્યાસન દ્વારા પોતાનાં વાસ્તવિક સ્વરુપનું જ્ઞાન મેળવી ઈશ્વરમાં પોતાને લીન કરી દે છે, તે આત્યન્તિક પ્રલયને નામે પણ ઓળખાય છે.

मुक्तिर्हित्त्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ।

मुक्तिः– "અજ્ઞાન કલ્પિત કર્તૃત્વ, ભોકતૃત્વ વગેરે અનાત્મભાવનો ત્યાગ કરી પોતાનાં વાસ્તવિક સ્વરુપ પરમાત્મામાં સ્થિત થવાની ક્રિયાને મુકિત કહે છે. (૨)

એમ શ્રીમદ્ ભાગવતમાં દર્શાવેલ છે. શ્રીમદ્ ભાગવતમાં પાંચ પ્રકારોની મુકિત, सालोक्य, सार्ष्टि, सामीप्य, सारुप्य અને सायुज्य દર્શાવેલ છે. ભગવાનના નિત્ય ધામમાં રહેવું તે સાલોકય મુકિત છે. જયારે ભગવાન જેવું ઐશ્વર્ય પ્રાપ્ત કરવું તે સાર્ષ્ટિ મુકિત છે. સતત ભગવાનના સાનિધ્યમાં રહેવું તે સામીપ્ય મુકિત છે. ભગવાનમાં મળી જવું, તેનામાં સમાઈ જવું તે સાયુજય મુકિત છે. પરંતુ સાચો ભકત આવી કોઈ મુકિતની વિચારણામાં પડતો નથી. શ્રીમદ્ ભાગવતમાં આ માટે કહેવાયું છે કે नैरपेक्ष्यं

---

*(૧) भाग. २-१०-६*

*(૨) भाग. २-१०-६*

परं प्राहुर्नि:श्रेयस मनरुपकम् । (૧૧-૩૫-૨૫) "પરમ નિરપેક્ષતા સર્વશ્રેષ્ઠ નિઃશ્રેયસ છે."

આશ્રય:- પુરાણનાં દસ લક્ષણો, જે ભાગવત પુરાણમાં દર્શાવેલ છે, તેમાં આશ્રય લક્ષણ છેલ્લે આપેલ છે. આમ જોઈએ તો શ્રીમદ્ ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આશ્રયતત્ત્વ નિહિત છે. સગુણ અને આકારરૂપ આશ્રયતત્ત્વ દશમ સ્કંધમાં છે, જયારે નિર્ગુણ-નિરાકારરુપ આશ્રયનું વર્ણન દ્વાદશ સ્કંધમાં છે. શ્રીમદ્ ભાગવતમાં જણાવેલ છે કે,-

आभासश्च निरोधश्च यतश्चाध्यवसीयते ।
स आश्रय: परं ब्रह्म परमात्मेति शब्द्यते ॥

"હે પરીક્ષિત, આ સચરાચર જગતની ઉત્પત્તિ અને પ્રલય જે તત્ત્વથી પ્રકાશિત થાય છે તે પરમ બ્રહ્મ જ આશ્રય છે. શાસ્ત્રોમાં તેને પરમાત્મા કહેવાય છે. [૧]

શંકરાચાર્યજી તેમનાં શારીરિક ભાષ્યમાં निर्गुण स्वरूप ને બ્રહ્મ કહી આશ્રય તત્ત્વ ગણેલ છે, તો વિશિષ્ટાદ્વૈત મતના પ્રવર્તક શ્રી રામાનુજાચાર્ય તેમના શ્રીભાષ્યમાં સગુણને જ ब्रह्म માની આશ્રય તત્ત્વ માને છે. આમ તમામ તત્ત્વોના નિચોડરૂપ એવું બ્રહ્મસ્વરૂપ આશ્રયતત્ત્વ એ સર્વ લક્ષણોમાં શિરમોર છે.

ઉપર્યુકત નિરુપણ શ્રીમદ્ ભાગવત નિર્દેશિત દસ લક્ષણો દર્શાવે છે. શ્રીમદ્ ભાગવત ઉપરાંત બ્રહ્માંડ પુરાણમાં પણ દસ લક્ષણ દર્શાવેલ છે. તે લક્ષણોમાં નીચેનાં લક્ષણો છે.

सर्ग, विसर्ग, स्थिति, कर्मवासना, मनुवार्ता, प्रलय, मोक्ष, हरिकीर्तन, ईशकथा અને वंशानुचरित આ લક્ષણો અગાઉ દર્શાવેલ લક્ષણો સાથે સામંજસ્ય ધરાવે છે. જો કે શ્રીમદ્ ભાગવતમાં દર્શાવેલ आश्रयतत्त्व અંતિમ બાબત છે. જે પ્રકારાન્તરે

---

*(૧) ભાગ. ૨-૧૦-૭*

મોક્ષ નામે બ્રહ્માંડ પુરાણમાં દર્શાવેલ છે. શ્રીમદ્ ભાગવત આશ્રય ને ખૂબ મહત્ત્વ આપે છે. તેથી તેમાં કહેવાયું છે કે–

दशमस्य विशुद्धार्थं नवानामिह लक्षणम् ।

એટલે કે દસમા લક્ષણ આશ્રયને, ब्रह्म ને પામવાની પરિશુધ્ધિ રૂપે બાકીનાં નવલક્ષણો જરૂરી છે.

આ રીતે પુરાણનાં પાંચ લક્ષણ તેમજ દસ લક્ષણ અંગે જાણકારી મેળવ્યા પછી ભારતીય સાહિત્યમાં રચાયેલ પુરાણો અંગે પરિચય મેળવીશું.

* <u>પુરાણોનો પરિચય :</u>

પુરાણોનાં નામ અને શ્લોક સંખ્યા :

દેવી ભાગવતમાં અઢાર પુરાણોનાં નામોનો સૂત્રાત્મક ઉલ્લેખ થયેલો છે.

मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ।
नापालिंगाग्नि पुराणानि कूस्कं गारूडमेव च ॥

(૧) म અક્ષરથી શરૂ થતાં બે પુરાણ છે :
मत्स्य અને मार्कण्डेय

(૨) भ આદ્યાક્ષરવાળા બે પુરાણ છે :
भागवत् અને भविष्य

(૩) ब्र પ્રથમાક્ષરવાળાં ત્રણ પુરાણ છે :
ब्रह्म, ब्रह्मांड અને ब्रह्मवैवर्त

(૪) व અક્ષરથી શરૂ થતાં ચાર પુરાણ છે :
वराह, वामन, विष्णु, वायु

(૫) अ અક્ષરવાળું એક પુરાણ છે : अग्नि

(૬) प પ્રથમાક્ષરવાળું એક પુરાણ છે : पद्म

(૭) लि આદ્યાક્ષરવાળું એક પુરાણ છે : लिङ्ग

(૮) ग થી શરૂ થતાં અક્ષરવાળું એક પુરાણ છે : गरूड

(૯) कू જેનો પહેલો અક્ષર છે તેવું એક પુરાણ છે : कूर्म

(૧૦) स्क થી શરુ થતું એક પુરાણ છે : स्कन्द

વાયુ પુરાણમાં ૧૬ પુરાણો ગણાવેલ છે. તેમાં (૧) मत्स्य (૨) भविष्य (૩) मार्कण्डेय (૪) ब्रह्मवैवर्त (૫) ब्रह्मांड (૬) भागवत (૭) ब्रह्म (૮) वामन (૯) आदिक (૧૦) अनिल કે वायु (૧૧) नारदीय (૧૨) वैनतेय (गरूड) (૧૩) पद्म (૧૪) कूर्म (૧૫) शौकर (वराह) (૧૬) स्कन्द આમાં अग्नि અને लिङ्ग પુરાણ નથી.

પદ્મપુરાણના પાતાલખંડમાં ૨૨ પુરાણો ગણાવેલ છે. તેમાં ક્રમમાં અને નામમાં ફેર છે. આ પુરાણો નીચે મુજબ છે. :

(૧) ब्रह्म (૨) पद्म (૩) विष्णु (૪) मार्तण्ड (૫) नारद (૬) मार्कण्डेय (૭) अग्नि (૮) कूर्म (૯) वामन (૧૦) गरूड (૧૧) लिङ्ग (૧૨) स्कन्द (૧૩) मत्स्य (૧૪) नृसिंह (૧૫) कपिल (૧૬) वाराह (૧૭) ब्रह्मवैवर्त (૧૮) शिव (૧૯) भागवत (૨૦) दुर्गा (૨૧) भविष्योत्तर (૨૨) भविष्य.

સ્કન્દ પુરાણના કેદારખંડમાં પુરાણોનું વિભાજન દર્શાવેલ છે તે મુજબ –

अष्टादश पुराणेषु दशभिः गीयते शिवः ।
चतुर्भिः भगवान ब्रहमा द्धभ्यां देवी तथा हरिः ॥

"અઢાર પુરાણોમાં દશ શિવને અનુલક્ષીને છે, ચાર ભગવાન બ્રહ્માને માટે છે અને દેવી તથા વિષ્ણુ માટે બે–બે પુરાણ છે."[૧]

*(૧) स्कंद. केदार. –१*

આ પુરાણો નીચે મુજબ છે :

(૧) શૈવપુરાણ : (૧) શિવ, (૨) ભવિષ્ય, (૩) માર્કણ્ડેય, (૪) લિઙ્ગ,
(૫) વારાહ, (૬) સ્કન્દ, (૭) મત્સ્ય, (૮) કૂર્મ,
(૯) વામન, (૧૦) બ્રહ્માંડ,

(૨) બ્રહ્મપુરાણ : (૧) બ્રહ્મવૈવર્ત, (૨) બ્રહ્મ, (૩) બ્રહ્માંડ, (૪) પદ્મ

(૩) શાક્તપુરાણ : (૧) દેવી

(૪) વૈષ્ણવપુરાણ : (૧) વિષ્ણુ, (૨) ભાગવત

ઉપર દર્શાવેલ પુરાણોમાં વારાહ, કૂર્મ, મત્સ્ય, અને વામન ને શૈવ ગણેલ છે, જે વસ્તુતઃ વિષ્ણુ અવતાર આધારિત છે.

એ જ રીતે સ્કન્દ પુરાણના શિવરહસ્યવણ્ડ ના સમ્ભવકાણ્ડમાં પુરાણોનું વિભાજન નીચે મુજબ છે.

(૧) શૈવપુરાણ : (૧) શિવ, (૨) ભવિષ્ય, (૩) માર્કણ્ડેય, (૪) લિઙ્ગ,
(૫) વારાહ, (૬) સ્કન્દ, (૭) મત્સ્ય, (૮) કૂર્મ,
(૯) વામન, (૧૦) બ્રહ્માંડ,

(૨) વૈષ્ણવપુરાણ :(૧) વિષ્ણુ, (૨) ભાગવત્, (૩) નારદ, (૪) ગરૂડ

(૩) બ્રહ્મપુરાણ : (૧) બ્રહ્મ, (૨) પદ્મ

(૪) અગ્નિપુરાણ : (૧) અગ્નિ

(૫) સાવિતા કે સૂર્યપુરાણ : (૧) બ્રહ્મવૈવર્ત

તમિલ ગ્રંથોમાં પણ ઉપર મુજબનું જ વિભાજન દર્શાવેલ છે.

ઉપર દર્શાવેલ વર્ગીકરણો ઉપરાંત પુરાણોનું સત્ત્વ, રજ અને તમ ગુણને આધારે વિભાજન મળે છે. પદ્મપુરાણના ઉત્તરખંડમાં ગુણ પ્રમાણેનું વિભાજન નીચે મુજબ છે.

(૧) સાત્ત્વિક પુરાણ : વિષ્ણુ, નારદ, ભાગવત, ગરૂડ, પદ્મ અને વારાહ
(૨) રાજસ પુરાણ : બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કણ્ડેય, ભવિષ્ય, વામન અને બ્રહ્મ
(૩) તામસ પુરાણ : મત્સ્ય, કૂર્મ, લિઙ્ગ, શિવ, સ્કન્દ અને અગ્નિ

પુરાણોનું અન્ય એક વિભાજન આધુનિક સમયમાં તેનાં વર્ણ્યવિષયને આધારે થયેલું જોવા મળે છે. હિન્દી સામયિક કલ્યાણ ના ઈ.સ. ૧૯૫૦નાહિન્દુ સાંસ્કૃતિ અઙ્ક માં શ્રી પુસાલ્કરે નીચે પ્રમાણે વિભાજન આપેલ છે.

(૧) સાહિત્ય સામગ્રી પ્રધાન પુરાણ : અગ્નિ, ગરૂડ, નારદ
(૨) તીર્થ વ્રત પ્રધાન પુરાણ : બ્રહ્મ, સ્કન્દ, ભવિષ્ય
(૩) ઈતિહાસ પ્રધાન પુરાણઃ બ્રહ્માંડ, વાયુ
(૪) સાંપ્રદાયિક સાહિત્ય પ્રધાન પુરાણ : લિઙ્ગ, વામન, માર્કણ્ડેય
(૫) પ્રક્ષિપ્તાંશ બહુલ પુરાણ : બ્રહ્મ, બ્રહ્મવૈવર્ત, ભાગવત
(૬) આમૂલ પરિવર્તિત થયેલાં પુરાણ : વારાહ, મત્સ્ય, કૂર્મ[૧]

આમ, જુદી જુદી વિચારધારાઓ મુજબ પુરાણોની સંખ્યા, વર્ણ્ય વિષય વગેરે બાબતો જોવા મળે છે. પરંતુ વાયુપુરાણ, વિષ્ણુપુરાણ, અને બ્રહ્માંડ પુરાણમાં એ આદિસંહિતાનું નિર્માણ પ્રસિધ્ધ છે. કૃષ્ણ દ્વૈપાયનજીએ વેદને ચાર વિભાગમાં વહેંચી તેની એક એક સંહિતા રચી, પૈલ, વૈશમ્પાયન, જૈમિની અને સુમન્તુને આપી હતી, જે આદિસંહિતાના નામે વિખ્યાત છે. મત્સ્યપુરાણનાં એક શ્લોકથી એવું સૂચવાય છે કે –

पुराणमेकमैवासीत् तदा कल्पान्तरे ।
त्रिवर्गसाधनं पुण्यं शतकोटि प्रविस्तरम् ॥

---

*(૧) કલ્યાણ, વર્ષ – ૨૮ ઈ.સ. ૧૯૫૦ પ્રથમ આંક*
*હિન્દુ સાંસ્કૃતિ અંક, શ્રી પુસાલકર, પૃ. ૫૫*

"પહેલાં એક જ પુરાણ હતું, જે ધર્મ, અર્થ અને કામ એવા ત્રિવર્ગના સાધનરૂપ હતું, જેનો વિસ્તાર એક કરોડ શ્લોકોમાં હતો."(૧)

આ પ્રમાણે ૧૮ પુરાણો, જેને મહાપુરાણો કહેવામાં આવે છે તેને પુરાણોમાં આંતરિક રીતે વિભાજિત કરેલ છે. એ જ રીતે જુદા જુદા સંપ્રદાયો, વિચારધારાઓ અને વિદ્વાનોએ પણ તેનાં વિવિધ અર્થઘટનો આપેલાં છે. ૧૮ મહાપુરાણ ઉપરાંત ઉપપુરાણો પણ છે. ઉપપુરાણો ૧૮ છે. તેવો નિર્દેશ પદ્મપુરાણના પાતાલખંડના અધ્યાય ૧૧૧ ના શ્લોક ૯૫ થી ૯૭ માં નીચે પ્રમાણે દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) सनत्कुमार | (७) मानव | (१३) साम्ब |
| (२) नृसिंह | (८) उशनस् | (१४) सौर |
| (३) अण्ड | (९) ब्रह्मांड | (१५) पाराशर |
| (४) दुर्वासा | (१०) वरूण | (१६) मारीच |
| (५) नारदीय | (११) कालिका | (१७) भार्गव |
| (६) कपिल | (१२) महेश | (१८) कौमार |

દેવી ભાગવત માં પણ નીચે દર્શાવેલ ૧૮ ઉપપુરાણોની સૂચિ આપી છે :

| | | |
|---|---|---|
| (१) सनत्कुमार | (७) मानव | (१३) सौर |
| (२) नारसिंह | (८) औशनस् | (१४) पाराशर |
| (३) नारदीय | (९) वारूण | (१५) आदित्य |
| (४) शिव | (१०) कालिका | (१६) महेश्वर |
| (५) दुर्वासस् | (११) साम्ब | (१७) भागवत् |
| (६) कपिल | (१२) नन्दी | (१८) वाशिष्ठ |

ઉપરની બન્ને સૂચિમાં કેટલાંક ઉપપુરાણો બન્નેમાં છે. पद्मपुराणની સૂચિમાં अण्ड, ब्रह्मांड, मारीच, भार्गव, कौमार ઉપપુરાણો देवीभागवतની સૂચિમાં નથી, જયારે देवीभागवत માં નિર્દેશેલ शिव, नन्दी, आदित्य, भागवत् અને वाशिष्ठ पद्मपुराणની સૂચિમાં નથી.

---

*(१) मतस्यपु. અ. ૫૩*

મહાપુરાણોને આધારે રચાયેલાં ઉપપુરાણો ભારતીય સમ્પ્રદાય પરંપરાના એક ભાગ રુપે છે. તો ભારતવર્ષના ઉત્તર અને દક્ષિણ એવા જે ભૌગોલિક ભાગ પડે છે તેને આધારે કેટલાંક મહાપુરાણોનાં બે સંસ્કરણ મળે છે. दाक्षिणात्य અને उत्तरीय (गौडीय) તેમાંથી દાક્ષિણાત્ય સંસ્કરણ દ્વારા ઉપલબ્ધ પુરાણોનો બહોળો ઉપયોગ થયો છે. હવે પછીનાં નિરુપણમાં ૧૮ મહાપુરાણોનો સંક્ષિપ્ત પરિચય તેમની વિશેષ લાક્ષણિકતાઓના નિર્દેશ સાથે કરવાનો ઉપક્રમ છે.

મહાપુરાણોનો સંક્ષિપ્ત પરિચય અને કેટલીક લાક્ષણિકતાઓ :

(૧) બ્રહ્મપુરાણ :– આ પુરાણને વિષ્ણુપુરાણ પ્રથમ પુરાણ કહે છે – आद्यं सर्वपुराणानां पुराणं ब्रह्म उच्यते। જયારે દેવી ભાગવત અનુસાર આ પુરાણનો ક્રમ પાંચમો છે. આ પુરાણના બે ભાગ છે– પૂર્વ ભાગ અને ઉત્તર ભાગ બન્ને ભાગના મળીને ૨૪૫ અધ્યાય અને ૧૩૭૮૩ શ્લોક છે. આ શ્લોક સંખ્યા વિષ્ણુ, માર્કંડેય, ભાગવત, બ્રહ્મવૈવર્ત અને શિવપુરાણમાં પણ દર્શાવેલ છે. મત્સ્ય પુરાણ શ્લોક સંખ્યા તેર હજાર દર્શાવે છે. વિદ્વાનોએ એવું નોંધ્યું છે કે આ પુરાણમાં મહાભારત, વાયુ, વિષ્ણુ તથા માર્કંડેય પુરાણના અધ્યાયો મોટી સંખ્યામાં જે તે સ્વરૂપમાં ઉધ્ધૃત કર્યા છે. આ પુરાણના પૂર્વ ભાગના ૧ થી ૧૭૫ અધ્યાય સુધી વક્તા બ્રહ્મા છે અને શ્રોતા મરિચિ છે, જયારે અધ્યાય ૧૭૬થી ૨૪૫ સુધી વક્તા વ્યાસ છે.

कथं पाद्मे महाकल्पेऽभवत् पद्ममयं जगत् ।
जलार्णवगतस्येहनाभौ जातं जलोद्भवम् ॥

(૨) પદ્મપુરાણ :– આ પુરાણનું નામકરણ થવાનાં ઘણાં કારણો દર્શાવેલાં છે તેમાં નારાયણની નાભિમાંથી એક કમળની ઉત્પત્તિ અને તેના પર બેઠેલા બ્રહ્માજી દ્વારા આ પુરાણનું ઉદઘાટન થયાની વિગત નામકરણ માટે ઉપયુકત છે.

આ પુરાણ ૬૨૮ અધ્યાયોમાં ૪૫૪૫૨ શ્લોક સંખ્યા આનંદ પ્રેસ સંસ્કરણમાં દર્શાવેલ છે. અન્ય મતે આ પુરાણની શ્લોક સંખ્યા ૫૫૦૦૦ માનવામાં આવે છે. આ

પુરાણનાં બે સંસ્કરણ મળે છે. દાક્ષિણાત્ય અને ઉત્તરીય (ગૌડીય) હાલમાં પ્રચલિત પદ્મપુરાણમાં પાંચ ખંડ જોવા મળે છે.–

प्रथमं सृष्टिखंडं च भूमिखण्डं द्वितीयकम् ।
तृतीयं स्वर्गखंडं च पातालं तु चतुर्थकम् ।
पंचमं चोचरखंडं सर्व पाप प्रणाशनम् ।

સૃષ્ટિ ખંડ, ભૂમિ ખંડ, સ્વર્ગખંડ, પાતાલખંડ અને ઉત્તરખંડ.[૧]

(૩) विष्णुपुराण :– અઢાર પુરાણોમાં આ પુરાણ સૌથી વધુ પ્રામાણિક અને મહત્ત્વપૂર્ણ પુરાણ માનવામાં આવે છે. આ પુરાણ પુરાણના 'પંચલક્ષણ'ને સંપૂર્ણ રીતે અનુસરે છે. આ પુરાણમાં ૧૨૬ અધ્યાયો અને ત્રેવીસહજાર શ્લોકો દર્શાવવામાં આવે છે. (त्रयो विंशाति साहस्त्रं तत् प्रमाणं विदुर्बुधा:) જો કે વેંકટેશ્વર પ્રેસ, મુંબઈના વિષ્ણુપુરાણના પાઠમાં ૬ અંશો, ૧૨૬ અધ્યાયો અને માત્ર ૬૦૦૦ શ્લોક આપવામાં આવેલ છે. આ પુરાણમાં ગદ્યાંશ ભાગ તથા ગદ્ય–પદ્ય મિશ્રિત અંશ આપવામાં આવેલ છે. આ પુરાણમાં અન્ય પુરાણોની તુલનાએ પાઠાંતરો ખૂબ જ ઓછાં છે. વિષ્ણુપુરાણમાં જે વંશાનુચરિત આપેલ છે તે પ્રાચીન ભારતનાં ઈતિહાસ માટે સાક્ષીરૂપ માનવામાં આવે છે.

(૪) वायुपुराण :– આ પુરાણને અઢાર પુરાણમાં પ્રાચીનતમ માનવામાં આવે છે, કેમકે કવિ મહા બાણભટ્ટે તેને पुराणे वायु प्रलपितम् એમ કહેલ છે. બાણભટ્ટનો સમય ઈ.સ.ની સાતમી સદીનો પૂર્વાર્ધ માનવામાં આવે છે. આ પુરાણના આનંદ આશ્રમ સંસ્કરણમાં ૧૧૨ અધ્યાય અને ૧૦૯૯૧ શ્લોક દર્શાવેલ છે. આ પુરાણ ચાર પાદમાં વિભાજિત છે. – प्रक्रियापाद, अनुषङ्गपाद, उपोद्‌धातपाद અને उपसंहारपाद–આ પુરાણમાં શિવ મહાત્મ્ય સંબંધી ઉલ્લેખો વિવિધ સ્થળોએ જોવા મળે છે. તેથી કેટલાક વિદ્વાનો તેને શૈવપુરાણ કહે છે.

(૫) श्रीमद् भागवतमहापुराण :– तत्र भागवतं पुण्यं पंचम वेद सम्मितम् । એમ ૧૮ મહાપુરાણોમાં આ પુરાણનું સ્થાન પાંચમું છે અને તેને વેદ સમાન માનવામાં આવ્યું

---

*(૧) पद्‌म पु. भूमिखंड–१२५–४८/४९*

છે. ભાગવત પુરાણમાં ૧૨ સ્કંધ અને ૩૩૫ અધ્યાય છે. આ પુરાણની શ્લોક સંખ્યા ૧૮૦૦૦ છે. આ પુરાણનું પૂર્ણ નામ શ્રીમદ્ ભાગવત છે. આમાં શ્રીમદ્ એ વિષ્ણુની વિશિષ્ટ સંજ્ઞા છે. તેથી તેને વૈષ્ણવ પુરાણ કહેવાય છે. આ પુરાણનું માહાત્મ્ય પદ્મપુરાણ માં આપવામાં આવેલ છે. આ પુરાણ વૈષ્ણવી ભકિત સંપ્રદાયનો ઉપજીવ્ય ગ્રંથ છે. તેને निगम तरू गलितं अमृत फलम् કહ્યું છે. આ પુરાણમાં પુરાણના દસ લક્ષણોનું વિશદ નિરુપણ મળે છે. આ પુરાણના પ્રતિસ્પર્ધી દેવી ભાગવતમાં પણ ૧૮ હજાર શ્લોક અને ૧૨ સ્કંધ આવેલા છે.

(૬) नारद અથવા नारदीयपुराण :- આ પુરાણ પૂર્વખંડ અને ઉત્તરખંડ એવા બે ભાગમાં વહેંચાયેલ છે. પૂર્વખંડમાં ૧૨૫ અધ્યાય અને ઉત્તરખંડમાં ૮૨ અધ્યાય છે. બન્ને ખંડોની શ્લોક સંખ્યા ૨૫ હજાર છે. વિષ્ણુપુરાણમાં તેને છઠ્ઠું મહાપુરાણ કહેવામાં આવ્યું છે. बृहन्नातरदीय નામનું એક અન્ય પુરાણ છે, જેને ઉપપુરાણ કહે છે. જયારે नारदीय पुराण મહાપુરાણ માનવામાં આવે છે. આ પુરાણમાં બાકીનાં બધાં પુરાણોની યાદી આપવામાં આવેલ છે.

(૭) मार्कण्डेय पुराण :- માર્કંડેય ઋષિ દ્વારા રચાયેલ આ પુરાણને આ નામાભિધાન મળેલું છે. शिवपुराण (ઉપપુરાણ)ના ઉત્તરખંડમાં તેને मार्कण्डेय पुराणं हि तदाख्यातं च साप्तमम् એમ દર્શાવી સાતમા ક્રમનું મહાપુરાણ કહેવાયું છે. આ પુરાણમાં ૧૩૭ અધ્યાય છે અને હાલમાં પ્રાપ્ત થતી પ્રતમાં ૬૯૦૦ શ્લોક છે. જયારે वायु, मत्स्य, ब्रह्मवैवर्त, અને नारदीय भागवत પુરાણોમાં આ પુરાણની શ્લોક સંખ્યા ૯૦૦૦ દર્શાવેલ છે. આ પુરાણનો સૌથી આકર્ષક ભાગ તેમાં આપેલ साप्तशतीचण्डी છે. આ સ્તોત્ર માર્કંડેય પુરાણના ૭૮ થી ૯૦ એમ ૧૩ અધ્યાયમાં આવે છે. આ પુરાણના વક્તા માર્કંડેય ઋષિ છે. એવું માનવામાં આવે છે કે આ પુરાણનો પૂર્વાંશ જ મળે છે, ઉત્તરાંશ લુપ્ત થયેલ છે. પરંતુ તેનો જે પાઠ મળે છે તે પ્રાચીન છે અને તેમાં પ્રક્ષેપ ખૂબ જ ઓછા છે.

(૮) अग्नि पुराण :- વિષ્ણુપુરાણના નિર્દેશ (૩-૬-૨૧/૨૩)મુજબ આ પુરાણનો ક્રમ

આઠમો છે. આ પુરાણના વક્તા અગ્નિ છે, તેથી તેને આ નામ મળ્યું છે. આ પુરાણમાં ૩૮૩ અધ્યાય છે. હાલમાં પ્રાપ્ય પુરાણમાં ૧૨૦૦૦ શ્લોક છે, જયારે ભાગવત પુરાણમાં તેના ૧૫,૪૦૦ શ્લોક દર્શાવેલ છે. આ પુરાણનું અન્ય એક નામ वह्निपुराण પણ દર્શાવવામાં આવે છે. આ પુરાણમાં વિષ્ણુને વિભિન્ન જ્ઞાનના રૂપમાં દર્શાવેલ છે. આથી આ પુરાણને "ભારતીય જીવન અને વિદ્યાનો વિશ્વકોશ" કહેવામાં આવે છે. પ્રાચીન ભારતમાં જે વિષયોને મહત્ત્વના માનવામાં આવતા તેનું નિરુપણ આ પુરાણમાં છે. તેમાં વાસ્તુશાસ્ત્ર, શિલ્પ-સ્થાપત્ય, જયોતિષ, સામુદ્રિક, સ્વપ્નફળ, શુકન, મંત્ર-તંત્ર-યંત્ર, રત્નપરીક્ષા, આયુર્વેદ, પશુવૈદ્યક, સર્પ ચિકિત્સા, પૂજા, વ્રત, દાન, ઉપાસના, શ્રાધ્ધ, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ, રાજનીતિ, ધનુર્વેદ, યુધ્ધવિદ્યા, જેવા વિષયોનો સંગ્રહ એક સાથે મળે છે. આ ઉપરાંત તેમાં રામાયણ, મહાભારત, ભગવદ્ ગીતા, હરિવંશ, ભાગવત વગેરે અન્ય માન્ય ગ્રંથોના સારાંશ પણ આપેલ છે. આ માટે પુરાણકાર આ પુરાણને आग्नये हि पुराणेऽस्मिन् सर्वविधाः प्रदर्शिताः એમ કહે છે. જો કે હાલમાં તેનો સંપૂર્ણ પ્રચલિત પાઠ નથી મળતો. કદાચ તેના મૂળપાઠમાં ઘણા સમય સુધી સંશોધન અને વૃધ્ધિ થતી રહી હોવાની સંભાવના છે.

(૯) ભવિષ્ય પુરાણ :- શિવપુરાણના ઉત્તરખંડમાં भविष्याकतेर्भविष्यकम् એમ દર્શાવી, જેમાં ભવિષ્યનું વર્ણન કરવામાં આવ્યું છે તે भविष्यपुराण એમ દર્શાવેલ છે. આ પુરાણમાં ૬૦૫ અધ્યાય છે અને તેમાં ૧૪,૫૦૦ શ્લોક છે. આ શ્લોક સંખ્યા મત્સ્ય પુરાણ અને બ્રહ્મવૈવર્ત પુરાણોમાં દર્શાવેલ છે. પરંતુ નારદીય પુરાણમાં ચૌદ હજાર શ્લોક સંખ્યા દર્શાવેલ છે. આ પુરાણ ब्रथ्ह्मपर्व, वैष्णव पर्व, शैवपर्व, सौरपर्व અને प्रतिसर्ग पर्व એમ પાંચ પર્વમાં વહેંચાયેલ છે. આ પુરાણ સાથે સંલગ્ન એક ઉત્તરપર્વ પણ છે, જેને भविष्योत्तर પુરાણ એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ પુરાણમાં ભવિષ્યકાલીન ઘટનાઓ દર્શાવવામાં આવી છે, પરિણામે તેમાં સતત પ્રક્ષેપો થતા રહ્યા છે. તેમાં इंग्रेज અને अष्टकौशल्य (સંસદ)ના પણ ઉલ્લેખો મળે છે, જે આધુનિક છે.

(૧૦)ब्रह्मवैवर्त પુરાણ :- બ્રહ્મ એટલે કે સૃષ્ટિનાં મૂલની વિવર્ત લીલા તેમાં વર્ણિત હોવાથી આ પુરાણને ब्रह्मवैवर्त પુરાણ અભિધાન આપેલ છે. આ પુરાણમાં तदाष्ट्र

दशसाहस्त्रंब्रह्मवैवर्तमुच्यते (मत्स्य पु–૫૩) એમ દર્શાવી તેની શ્લોક સંખ્યા ૧૮ હજાર કહેલ છે. આ પુરાણ ચાર ખંડોમાં વિભાજિત છે. આ પુરાણના ब्रãखण्ड, प्रकृतिखण्ड, गणेशखण्ड અને कृष्णखण्ड સ્કંદ પુરાણ અનુસાર આ પુરાણમાં સૂર્યના મહિમાંનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પુરાણના कृष्णखण्ड માં કૃષ્ણ અને રાધાની લીલાઓ દર્શાવેલ છે. આ પુરાણમાં પરવર્તી સમયમાં પરિવર્તનો થતાં તેનાં મૂળ રુપમાં ઘણા ફેરફારો થયા છે.

(૧૧)लिङ्ग પુરાણ :– આ અગિયારમું મહાપુરાણ છે. તેમાં શ્લોક સંખ્યા ૧૧૦૦૦ છે અને ૧૩૩ અધ્યાય છે. આ પુરાણ બે ભાગમાં વહેંચાયેલ છે. પૂર્વ ભાગ તથા ઉત્તર ભાગ. આ પુરાણ શૈવ પુરાણ છે. શિવનાં લિંગ સ્વરુપનાં ચરિત્રનું વર્ણન હોવાથી આ પુરાણ લિંગ પુરાણ કહેવાય છે. તેમાં આગમો અને તંત્રની ક્રિયાઓ આવે છે. શિવના ૨૮ અવતારો ઉપરાંત ઓમકારનાં રહસ્ય વિષે સુંદર વ્યાખ્યા દર્શાવેલ છે. તેમાં કેટલાક શ્લોક તીર્થો અને ઉપતીર્થો વિષે છે. कल्पतरू, अपशर्क, स्मृतिचंद्रिका, दानसागर જેવા પરવર્તી ગ્રંથોમાં આ પુરાણના શ્લોકો ઉધ્ધૃત થયા છે.

(૧૨)वाराह પુરાણ :– આ પુરાણ વિષ્ણુના વરાહ અવતાર પર રચાયેલું છે. તેમાં વક્તા વિષ્ણુ છે અને શ્રોતા પૃથ્વી છે. વિષ્ણુ અવતાર ઉપર આધારિત હોવાને કારણે આ વૈષ્ણવ પુરાણ છે. તેના અધ્યાય ૨૧૭ છે અને વર્તમાનમાં ઉપલબ્ધ પ્રતમાં ૯६૫૪ શ્લોકો છે. મત્સ્યપુરાણ અનુસાર તેમાં ૨૪ હજાર શ્લોકો છે. તેના પાંચ અધ્યાયો સંપૂર્ણ ગદ્યસ્વરૂપે છે અને પાંચ અધ્યાય ગદ્ય–પદ્ય મિશ્રિત છે. તેનાં બે સંસ્કરણો પ્રાપ્ત થાય છે– ગૌડીય અને દાક્ષિણાત્ય. તેનું ગૌડીય સંસ્કરણ વધારે પ્રચલિત છે. તેમાં વિષ્ણુ સંબંધી અનેક વ્રતો, તીર્થો, મૂર્તિઓ અને પૂજનવિધિના વિશેષ ઉલ્લેખો છે. આ ઉપરાંત તેમાં દાન, અશૌચ, શ્રાધ્ધ, કર્મવિપાક, વિશ્વસૃષ્ટિ, ભુવનકોશ, પ્રાયશ્ચિત વગેરેનું પણ વિશદ વર્ણન જોવા મળે છે. આ પુરાણનાં મથુરા માહાત્મ્ય તથા નચિકેતોપાખ્યાન ઉલ્લેખનીય છે.

(૧૩)स्कन्द પુરાણ :– અઢાર પુરાણોમાં સહુથી બૃહદ્કાય આ પુરાણ છે. તેમાં स्कन्द

(કાર્તિકેય) દ્વારા શિવતત્ત્વનું વિવરણ દર્શાવવામાં આવ્યું છે. સૂતસંહિતામાં દર્શાવ્યા અનુસાર આ પુરાણમાં સનત્કુમારસંહિતા, બ્રાહ્મસંહિતા અને સૌરસંહિતા, શંકરસંહિતા, વૈષ્ણવસંહિતા એવી છ સંહિતાઓ સમાવિષ્ટ છે. આ પુરાણની અધ્યાય સંખ્યા ૧૬૭૧ થાય છે અને તેના ૮૧ હજાર શ્લોક છે. આ પુરાણ ૭ ખંડોમાં વિભાજિત છે. – माहेश्वरखण्ड, वैष्णवखण्ड, ब्रह्मखण्ड, काशीखण्ड, अवन्तीखण्ड, नागरखण्ड અને प्रभासखण्ड. આ પુરાણમાં પાછળથી ઘણા પ્રક્ષેપો થયા છે.

(૧૪)वामन पुराण :– પુરાણોના ક્રમમાં वामनपुराण (चतुर्दश वामनमाहुरग्रयम्) ચૌદમા ક્રમે છે. આ પુરાણમાં વામન ત્રિવિક્રમ–(વિષ્ણુ) અવતારનું સવિસ્તાર નિરુપણ થયેલ છે. આ પુરાણમાં કુલ ૫૮૭૭ શ્લોક છે. જો કે મત્સ્ય, સ્કંદ, અગ્નિ તથા નારદીય પુરાણમાં ૧૦ હજાર શ્લોક વામન પુરાણમાં હોવાનું દર્શાવેલ છે. વામનપુરાણમાં જણાવ્યા મુજબ નારદીય પુરાણોકત ચાર હજાર શ્લોકો ધરાવતી બૃહદ્ વામન નામના ઉત્તરવર્તી ભાગની माहेश्वरी, भागवती, સૌરી તથા गणेश्वरी સંહિતા ના પાઠ ઉપલબ્ધ નથી. હાલ પ્રાપ્ત થતાં વામનપુરાણના પ્રચલિત પાઠમાં નારદીય પુરાણોકત વામન પુરાણનો પૂર્વભાગ છે અને તે સંપૂર્ણ પ્રાચીનતા ધરાવે છે. આ પુરાણની પ્રાચીનતા દર્શાવતો પૂરાવો વિષ્ણુની પૂજામાં તુલસીના ઉપયોગનું વર્ણન નથી તે છે.

(૧૫)कूर्म पुराण :– આ પુરાણોમાં ખાસ કરીને शिव ના ઉલ્લેખ મળે છે, છતાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશને એકરુપ પણ માનેલ છે. વેંકટેશ્વર પ્રેસ, મુંબઈનાં સંસ્કરણમાં આ પુરાણની શ્લોક સંખ્યા ૫૯૨૫ છે. દેવી ભાગવતમાં ૧૭,૦૦૦ વાયુ અને મત્સ્ય પુરાણમાં ૧૮,૦૦૦ અને અગ્નિપુરાણમાં ૮૦૦૦ શ્લોક સંખ્યા દર્શાવેલ છે. કૂર્મ પુરાણના બે ભાગ છે–પૂર્વ ભાગ અને ઉત્તરભાગ. પૂર્વભાગમાં સૃષ્ટિ વર્ણન, પાર્વતીની તપસ્યા, કાશી અને પ્રયાગ મહાત્મ્ય છે. જયારે ઉત્તર ભાગમાં ईश्वरगीता અને व्यासगीता નાં વર્ણન છે. વ્યાસગીતામાં ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા વિષે વિસ્તૃત નિરુપણ છે.

(૧૬)मत्स्य पुराण :– વામન પુરાણ માં નિર્દેશ કર્યા મુજબ –

मुरव्य पुराणेषु यथैय मत्स्यः ।
"પુરાણોમાં મત્સ્ય પ્રમુખ (પુરાણ) છે." [1]

આ પુરાણની રચના નર્મદા કિનારે થયાનું મનાય છે. આ પુરાણ એક રીતે શૈવ મહાપુરાણ છે. આનંદ આશ્રમ સંસ્કરણ અનુસાર આ પુરાણમાં ૨૮૧ અધ્યાય છે. અને તેની શ્લોક સંખ્યા ૧૪૦૬૨ છે. આની ગણના પણ પ્રાચીન પુરાણમાં થાય છે અને તેમાં પ્રક્ષેપો ઘણા ઓછા છે. આ પુરાણમાં વ્રતોનું વિવરણ અને સાપ્તાહિક દિવસોના ઉલ્લેખો મળે છે. આ પુરાણના છેલ્લા અધ્યાયમાં તમામ પુરાણોની સૂચિ અને અઢારે પુરાણોની વિષયાનુક્રમણિકા આપેલ છે. તેમાં ઋષિઓની વંશાવલિ, રાજધર્મ, પ્રતિમાલક્ષણ જેવી બાબતો અને વિષ્ણુનો મત્સ્યાવતાર, તારકાસુર વધ, ત્રિપુરવધ જેવાં આખ્યાનો વિસ્તારથી વર્ણવ્યાં છે.

(૧૭)गरुड पुराण :– આ પુરાણ વૈષ્ણવ પુરાણ ગણાય છે. અત્યારે મળતી પ્રતિમાં તેની શ્લોક સંખ્યા ૧૦ હજાર છે, જયારે ભાગવત, નારદીય અને બ્રહ્મવૈવર્ત પુરાણ અનુસાર શ્લોક સંખ્યા ૧૯ હજાર અને મત્સ્ય પુરાણ અનુસાર ૧૮ હજાર છે. આ પુરાણના બે ખંડ છે– પૂર્વ ખંડ અને ઉત્તરખંડ. ગરુડ પુરાણના પૂર્વખંડમાં રત્ન પરીક્ષા, ચિકિત્સાશાસ્ત્ર, છંદશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર વગેરેના ઉલ્લેખો છે અને ઉત્તરખંડમાં પ્રેતકલ્પ છે. ઉત્તરખંડમાં આપેલ પ્રેતકલ્પનું વિવરણ ભારતના હિન્દુ સમાજમાં વિશેષ પ્રચલિત છે. આ પુરાણમાં પ્રક્ષેપોનું પ્રમાણ ઘણું મોટું છે.

(૧૮)ब्रह्माण्ड पुराण :– આ પુરાણ પ્રાચીન પુરાણો પૈકીનું છે. સ્કંદ પુરાણમાં થયેલા ઉલ્લેખ મુજબ પ્રારંભમાં મૂળ એવું આ બ્રહ્માંડ પુરાણ એક જ પુરાણ હતું અને તેની શ્લોક સંખ્યા ૧ કરોડ હતી. નારદીય પુરાણમાં તેની શ્લોક સંખ્યા ૧૨ હજાર દર્શાવી છે. વેંકટેશ્વર પ્રેસ, મુંબઈ સંપાદિત આ પુરાણમાં પ્રક્રિયા, અનુસંગ, ઉપોદ્ઘાત અને ઉપસંહાર એવા ચાર પાદ છે. એક ઉલ્લેખ મુજબ સૃષ્ટિના પ્રારંભમાં ઉત્પન્ન થયેલ ખંડને કેન્દ્રમાં

---

*(१) वामन पु. १२-४८*

રાખીને આ પુરાણની રચના થયેલી છે. કૂર્મ પુરાણ અનુસાર આ પુરાણની કથા ઋષિઓને સંભળાવવામાં આવી હતી. આ પુરાણમાં ભુવનકોશ અને બ્રહ્માંડ વિશે વિસ્તૃત વિવરણ છે.

## પુરાણ : નામ અને શ્લોક સંખ્યા

| **ક્રમ** | **પુરાણનું નામ** | **શ્લોક સંખ્યા** |
|---|---|---|
| ૧ | બ્રહ્મ પુરાણ | દસ હજાર |
| ૨ | પદ્મ પુરાણ | પંચાવન હજાર |
| ૩ | વિષ્ણુ પુરાણ | ત્રેવીસ હજાર |
| ૪ | શિવ પુરાણ | ચોવીસ હજાર |
| ૫ | શ્રીમદ્ ભાગવત | પુરાણ અઢાર હજાર |
| ૬ | નારદ પુરાણ | પચ્ચીસ હજાર |
| ૭ | માર્કંડેય પુરાણ | નવ હજાર |
| ૮ | અગ્નિ પુરાણ | પંદર હજાર ચારસો |
| ૯ | ભવિષ્ય પુરાણ | ચૌદ હજાર પાંચસો |
| ૧૦ | બ્રહ્મવૈવર્ત પુરાણ | અઢાર હજાર |
| ૧૧ | લિંગ પુરાણ | અગિયાર હજાર |
| ૧૨ | વારાહ પુરાણ | ચોવીસ હજાર |
| ૧૩ | સ્કંદ પુરાણ | એકાસી હજાર એકસો |
| ૧૪ | વામન પુરાણ | દસ હજાર |
| ૧૫ | કૂર્મ પુરાણ | સત્તર હજાર |
| ૧૬ | મત્સ્ય પુરાણ | ચૌદ હજાર |
| ૧૭ | ગરૂડ પુરાણ | ઓગણીસ હજાર |
| ૧૮ | બ્રહ્માંડ પુરાણ | બાર હજાર |

## *અભ્યાસ અંતર્ગતનાં પુરાણો–*

વરાહ, વામન, વિષ્ણુ અને ભાગવત પુરાણનો વિશદ પરિચય

આની પહેલાં કરેલાં નિરુપણમાં અઢાર પુરાણોનો સંક્ષિપ્ત પરિચય તેમની લાક્ષણિકતાઓ સાથે જોયો. કૃષ્ણ દ્વૈપાયને इतिहास पुराणाभ्यां वेदं समुपर्बृंहयेत् – વેદનો વિસ્તાર કર્યો. વળી દેવી ભાગવતમાં દર્શાવ્યા મુજબ –

अष्टादश पुराणानि कृत्वा सत्यवतीसुतः ।
भारतारव्यानमखिलंचक्रे तदुपबृंहितम् ।।
''સત્યવતીના પુત્રે અઢાર પુરાણો રચીને સમગ્ર ભારતને વિસ્તારિત કર્યું. [૧]

એટલે પુરાણો ઉપરાંત ઉપપુરાણો પણ રચાયાં અને એ રીતે ભારતીય સાહિત્ય, ભારતીય સમાજ, ભારતીય આધ્યાત્મિકતા વિસ્તૃત અને સમૃધ્ધ બન્યાં.

અઢાર પુરાણો પૈકી મેં ૪ પુરાણો મારા અભ્યાસ માટે પસંદ કર્યાં. તેમાં વરાહ પુરાણ સહુ પ્રથમ છે. તે પછી વામન, પછી વિષ્ણુ અને ચોથું શ્રીમદ્ ભાગવત. આ પૈકી પ્રથમ વરાહપુરાણનો પરિચય આપવાનો અહીં પ્રયાસ કરેલ છે.

### वराह पुराण :

આ પુરાણ વિષ્ણુના વરાહ અવતારને અનુલક્ષીને રચવામાં આવેલ છે. આ પુરાણના વક્તા સ્વયં વિષ્ણુ ભગવાન છે અને શ્રોતા તેમણે ઉધ્ધારેલ પૃથ્વી છે. આ એક વૈષ્ણવ પુરાણ છે. તેમાં ૯૬૫૪ શ્લોકો ૨૧૭ અધ્યાયમાં નિરુપાયેલ છે. તેમાં પાંચ અધ્યાય ગદ્ય સ્વરૂપે છે અને અન્ય પાંચ અધ્યાય ગદ્ય–પદ્ય મિશ્રિત છે. બાકીના તમામ અધ્યાયો પદ્ય છે. આ પુરાણમાં વિષ્ણુને અનુલક્ષીને અનેક વ્રતો, તીર્થો, મૂર્તિઓ અને પૂજન વિધિઓ આપેલી છે.

---

*(૧) देवी भाग. १–३–१७*

આ પુરાણમાં વરાહ ભગવાન કેન્દ્રસ્થાને છે. वराह શબ્દના અનેક અર્થ છે. વન્ય કે ગ્રામ્ય શૂકર એ વરાહ છે. તે ઉપરાંત શ્રેષ્ઠ વિષ્ણુ, મેઘ, વૃષભ, ઘેટો, ઔષધ, એક માપ, એક રાક્ષસ, આવા અર્થ अनेकार्थ संग्रह (૩-૮૧૨) માં આપેલ છે.

વરાહ શબ્દની વ્યુત્પત્તિ પાણિનિએ (૩-૩) આપી છે. આ શબ્દમાં वृज् ધાતુ છે. આ ધાતુ स्वादि પરસ્મૈપદ છે. ग्रह्, वृ, टृ જેવા ધાતુમાં થતા અ કાર પ્રશ્લેષથી वर થઈ वराह શબ્દ બનેલ છે. આ પુરાણ અગાઉ નિર્દેશ કર્યા મુજબ વૈષ્ણવ પુરાણ છે અને તેની ગણના સાત્ત્વિક પુરાણમાં થાય છે. જે પુરાણમાં વિષ્ણુના મહાત્મ્યનું નિરુપણ થયેલું હોય છે તે બધાં સાત્ત્વિક પુરાણ કહેવાય છે.[1]

सात्विकेषु पुराणेषु माहात्म्यमधिकं हरेः ।

भविष्योत्तर પુરાણના ૧૯૪માં અધ્યાયમાં આ પુરાણને धरणि-वराह संवाद કહેવામાં આવ્યું છે. શારદાતિલક નામના ગ્રંથમાં આ પુરાણના અધિષ્ઠાતા વરાહ ભગવાન માટે કહેવાયું છે કે -

समुद्रकांची सरिदुत्तरीया वसुंधरा मेरुकिरीटभारा ।
द्रंष्ट्राग्रतो ये न सामुद्धृता भूस्तमादिकोलं शरणं प्रपद्ये ।।

"જેની મેખલારૂપે સમુદ્ર છે, ઉત્તરીય રુપે નદીઓ છે, સુમેરુ પર્વત જેનો સુવર્ણ મુકુટ છે. એવી સંપૂર્ણ પૃથ્વીને જેણે પોતાની દાઢ ઉપર ઉપાડેલી હતી તેવા ભગવાન આદિ વરાહનાં શરણમાં જાઉ છું."[2]

**વર્ણ્ય વિષય :**

પ્રસ્તુત પુરાણમાં વેદની અને ઉપનિષદ્ની આખ્યાયિકા, પૃથુ દ્વારા પૃથ્વી દોહન, ગજેન્દ્ર મોક્ષ, શ્રાધ્ધ પ્રકરણ, મહાભારતની ધર્મવ્યાધની કથા, ગીતાના અનેક શ્લોકો,

---

*(૧) पद्म पु. उत्तर खंड २६३-८३*
*(२) शा. ति. १७-१५७*

કૃષ્ણપ્રિયા રાધાના ઉલ્લેખ અને અધિક રીતે વિષ્ણુ ચરિત છે. તદુપરાંત ત્રિશકિત મહાત્મ્ય, શકિત મહિમા, ગણપતિ ચરિત્ર, કાર્તિકેય ચરિત્ર, સૂર્ય, શિવ અને બ્રહ્માનાં ચરિત્રો, વિવિધ પ્રકારનાં દાનો, વિષ્ણુ પૂજનવિધિ, પંચરાત્ર ચર્ચા અને ભુવનકોશનાં નિરુપણો છે. તીર્થોનો મહિમા દર્શાવતાં હરિદ્વાર-ઋષિકેશ મહાત્મ્ય, મથુરા મહાત્મ્ય, રૂદ્રક્ષેત્રોનાં નિરુપણો છે. આ ઉપરાંત કોકામુખ મહાત્મ્ય, લોહાર્ગલ, માર્ગશીર્ષ, માઘ, વૈશાખ માસનો મહિમા વર્ણવેલ છે.

વરાહ પુરાણમાં તત્કાલીન ભારતવર્ષનાં ભૌગોલિક સ્થાનોનો સંક્ષિપ્ત ઉલ્લેખ જોવા મળે છે. તેમાં તે સમયના પ્રચલિત પ્રદેશ અને તીર્થસ્થાનોનાં નામો દર્શાવેલ છે. તેમાં નેપાલ, મથુરા, માયાપુરી, શાલગ્રામ, ચિત્રોપલા, શ્લેષ્મા, તકવન, સપ્તસાગર, સૂકર ક્ષેત્ર, સોનપુર, હરિહરક્ષેત્ર વગેરે સમાવિષ્ટ છે.

વરાહપુરાણમાં जगत्पापहरा નદીઓનો વિશેષ મહિમા દર્શાવેલ છે. ભારતીય સંસ્કૃતિમાં ગંગા, યમુના, ગોદાવરી, નર્મદા, સિંધુ, સરસ્વતી, સરયૂ , કાવેરી જેવી નદીઓ માટે તેનાં સ્મરણ, કીર્તન, અવગાહન, દર્શન, જલપાન, તેના કિનારે કરેલ દાન, શ્રાધ્ધ, સંધ્યા, તર્પણ, યજ્ઞ વગેરે વિશેષ મહત્ત્વ રાખે છે. આવી ક્રિયાઓથી ધર્મ, અર્થ, કામ એવા ત્રિવર્ગની પ્રાપ્તિ સાથે ચોથો વર્ગ મોક્ષ પણ પ્રાપ્ત થવાનું વિધાન છે. અન્ય પુરાણો અને ગ્રંથોમાં નદીઓનાં મહાત્મ્ય આપેલાં છે. તેમાં માર્કંડેય પુરાણ, મત્સ્ય પુરાણ, બ્રહ્મપુરાણ, બ્રહ્માંડ પુરાણ, વાયુપુરાણ, વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ, વામનપુરાણ, ગરૂડપુરાણ ઉપરાંત હરિવંશપુરાણ, શિવતત્ત્વ રત્નાકર, બૃહદ્સંહિતા અને નાગર સંવૃત્તમાં આપેલાં નદીના નામો અને મહિમાનો સમાવેશ થાય છે. પણ ખૂબ જ વિગતપૂર્ણ નિરુપણ વરાહપુરાણમાં થયેલું છે. વરાહપુરાણના ૮૫મા અધ્યાયમાં ૯૩ નદીઓની નામાવલી તેમનાં ઉદ્ભવસ્થાન સાથે આપેલ છે. નદીઓ ઉપરાંત આઠ શ્રેષ્ઠ કુલ પર્વતોનાં નામ દર્શાવેલા છે. હિમાલય, પારિપાત્ર, ઋક્ષમાન, વિંધ્યાચલ, સધ્હાદ્રિ, મલયગિરિ, મહેન્દ્રગિરિ અને શકિતમાન એવા આઠ શ્રેષ્ઠ પર્વતો દ્વારા પુણ્યસલિલા લોકમાતાઓ પ્રકટ થઈ ભારત ભૂમિને પ્લાવિત કરે છે.

વરાહ પુરાણમાં ભગવદ્ ભકિત અને આત્મજ્ઞાનની પ્રશંસા લગભગ સમગ્રતયા જોવા મળે છે. તીર્થ, શ્રાધ્ધ, ક્ષમા, દાન, દયા વગેરેની કથાઓ અનેક સ્થળે આપેલ છે.

આ પુરાણે વૃક્ષારોપણને ઘણું મહત્ત્વ આપેલ છે. એક સ્થળે કહેવાયું છે કે, –

अश्वत्थमेकमपिचमन्दमेकंन्यग्रोधमेकं दश पुष्पजातिः ।
द्वे द्वे तथा दाडिममातुलुंगो पंचाम्ररोपी नरकं न याति ॥

"એક પીપળો, એક લીમડો, એક વડલો, દસ માલતી કે અન્ય લતા, બે દાડમડી, બે નારંગી તથા પાંચ આમ્રવૃક્ષ વાવનાર મનુષ્ય ક્યારેય નર્કમાં જતો નથી."[(૧)]

આ રીતે વરાહપુરાણમાં પ્રાકૃતિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક નિરુપણો થયેલ છે. સંશોધકે વરાહ પુરાણના સમગ્ર અભ્યાસથી તેમાં નિરુપિત પર્યાવરણીય તત્ત્વો પ્રાપ્ત કરી તેને નિરુપવા પ્રયાસ કર્યો છે.

## वामन पुराण :

સંશોધકના અભ્યાસ હેઠળનાં ચાર પુરાણો પૈકી બીજું પુરાણ वामनपुराण છે. પુરાણોના ક્રમમાં આ પુરાણ ચૌદમા ક્રમે છે. આ પુરાણમાં હાલ પ્રાપ્ય પ્રતિમાં ૫૮૭૭ શ્લોક છે, જે ૮૩ અધ્યાયમાં વહેંચાયેલ છે. અગાઉનાં કેટલાંક પુરાણો મત્સ્ય, સ્કંદ, અગ્નિ, નારદીયમાં આ પુરાણની શ્લોક સંખ્યા દસ હજાર દર્શાવેલ છે. આ પુરાણ વિષ્ણુના વામન અવતાર ઉપર આધારિત છે. વિષ્ણુના અવતારોના ક્રમમાં વામન અવતાર પાંચમા ક્રમે છે. વેદમાં

इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् ।
"આમ વિષ્ણુએ પોતાનાં ત્રણ પગલાં ભર્યાં "[(૨)]

એ રીતે વામન અવતાર દર્શાવેલ છે."

આ પુરાણનું મૂળ કથાવસ્તુ વિષ્ણુ દ્વારા વામન સ્વરુપે પ્રહ્લાદજી પૌત્ર બલિરાજાના જુલમમાંથી પ્રજાને છોડાવવા માટે કરેલ લીલા પર આધારિત છે. પરંતુ તે મૂળ કથા લગભગ અંતિમ ૧૧ અધ્યાયોમાં આપેલી છે. તે પહેલાની કથામાં વામન અવતાર

---

*(૧) वराह पु. १७२-३९*
*(२) यजुर्वेद*

પહેલાંની પ્રક્રિયા પુરાણના ૨૩ થી ૩૧ એમ ૯ અધ્યાયમાં આપેલી છે. પુરાણનો પ્રારંભ શિવલીલાથી થાય છે. આ વિગતો વામનપુરાણમાં ઠેર–ઠેર આપેલી છે. તેથી આ પુરાણની ગણના કેટલાક વિદ્વાનો શૈવપુરાણ તરીકે કરે છે.

**વર્ણ્ય વિષય :**

આ પુરાણનો પ્રારંભ શિવચરિત્રથી થાય છે. શિવને લાગેલી બ્રહ્મહત્યા અને તેમાંથી છૂટવા માટે તીર્થભ્રમણ બદરીકાશ્રમમાં નારાયણની કરેલી સ્તુતિ, કાશીમાં બ્રહ્મહત્યાથી છૂટકારો, દક્ષયજ્ઞ, સતીનો દેહત્યાગ, દક્ષના યજ્ઞનો વિનાશ અને શિવનું કાલ સ્વરૂપ, વેન રાજાએ કરેલી શિવસ્તુતિ, બ્રહ્માએ કરેલી શિવસ્તુતિ, શિવ–પાર્વતીના વિવાહનું વર્ણન, કાર્તિકેયનો જન્મ અને તેનું પરાક્રમ, શિવ દ્વારા અંધકનો નાશ વગેરેની શિવલીલા વર્ણવેલ છે.

આ પુરાણનો અન્ય પ્રવાહ શકિત સ્વરુપની લીલાનો છે. તેમાં સુકેશીની કથા, દુર્ગા દ્વારા મહિષાસુર મર્દન જેવી કથાઓ આવેલી છે. તે ઉપરાંત વિશ્વકર્મા સંબંધી કથા અપાયેલ છે.

વામન પુરાણનો ત્રીજો પ્રવાહ તીર્થો સંબંધી છે. બદરીકાશ્રમ, વારાણસી, પૃથુદક, કુરુક્ષેત્રનાં તીર્થો, કામ્યકાવન, સ્થાણુતીર્થ વગેરેનાં મહાત્મ્ય તથા વર્ણનો વર્ણવેલાં છે. અન્ય પ્રકીર્ણ બાબતોમાં દશાંગધર્મ, આશ્રમધર્મ, સદાચારનાં વર્ણન ઉપરાંત નર્ક વર્ણન, પુત્રના પ્રકારો, કેટલાંક વ્રતો, શુક્રાચાર્યને મળેલી સંજીવની વિદ્યા જેવા પ્રસંગો અને વર્ણનો આપેલાં છે.

આ પુરાણનું જે વિષ્ણુ અવતાર પરથી નામ પડેલ છે, તે વામન અવતાર અંગેનું નિરુપણ આ પુરાણમાં હોવું તદ્દન સ્વાભાવિક છે. દેવો અને કશ્યપનું બ્રહ્મલોકમાં જવું, બ્રહ્માનો ઉપદેશ, દેવતાઓનું તપ, કશ્યપે કરેલી ભગવાન વામનની સ્તુતિ, અદિતિની

તપસ્યા અને પ્રાર્થના, બલિ અને પ્રહલાદનો પ્રસંગ, વામન સ્વરુપે બલિ પાસેથી ત્રણે લોક મેળવી બલિને પાતાળ લોકમાં મોકલવો આ તમામ કથાઓ વામનચરિત્ર દ્વારા વર્ણવેલ છે.

વામન પુરાણમાં કુરુક્ષેત્રનાં સાત વન અને નવ નદીઓ દર્શાવેલ છે. આ વિગતના વક્તા લોમહર્ષણજી ઋષિઓને કહે છે કે, –

काम्यकं च वनं पुण्यं तथाऽदितिवनं महत् ।
व्यासस्य च वनं पुण्यं फलकीवनमेव च ॥
तत्र सूर्यवनस्थानं तथा मधुवनं महत् ।
पुण्यं शीतवनं नाम सर्वकल्मषनाशनम् ॥

"કામ્યકવન મહાન અદિતિવન, પુણ્યપ્રદ વ્યાસવન, ફલકીવન, સૂર્યવન, મહાન મધુવન તથા સર્વ પાપોનો નાશ કરનાર શીતવન છે."(૧)

અહીં જ કુરુક્ષેત્રની નવ નદીઓનાં નામ આપ્યાં છે. આ નદીનાં સરસ્વતી, વૈતરણી, આપગા, મંદાકિની, ગંગા, મધુસ્રવા, વાસુ, કૌશિકી અને દૃષદ્વતી એવાં નામ છે. સરસ્વતી સિવાયની તમામ નદીઓ વર્ષાઋતુમાં વહે છે.

આ રીતે વામન પુરાણ અનેક પર્યાવરણીય સંકેતોથી સમૃધ્ધ છે. વરાહ પુરાણ એ વિષ્ણુના ચતુષ્પાદ પ્રાણીના અવતારનું વર્ણન કરે છે, તો વામન પુરાણ વિષ્ણુના વામન સ્વરુપે થયેલા માનવ અવતારનું નિરુપણ કરે છે. પ્રથમનાં અવતારોનું ક્રમિક નિરુપણ થયેલું જોવા મળે છે. સૃષ્ટિના પ્રારંભમાં જલચર કૂર્મ અને મત્સ્ય અવતાર થયા પછી પૃથ્વી પર વિચરનાર શૂકર રૂપે વરાહ અવતાર થયો. તે પછીનો અવતાર વિશિષ્ટ છે, જે નૃસિંહ રૂપે થયો. આ અવતારમાં વિષ્ણુએ અર્ધમાનવ અને અર્ધપશુ રુપે અવતાર લીધો. જે સૃષ્ટિનો ક્રમિક વિકાસ દર્શાવે છે. વામન અવતાર પૂર્ણ માનવ અવતાર હોવા

*(१) वामन पु. ३४-४-५*

છતાં માનવ સૃષ્ટિની મનુષ્ય જાતિની પ્રારંભિક શારીરિક અનુે સાંસ્કૃતિક વામનતા સૂચવે છે.

જે ઈશ્વરે આ અવતારો ધારણ કર્યા અને તે પછી સંપૂર્ણ પુરુષરુપે અવતારો પરશુરામ, રામ અને કૃષ્ણરૂપે ધારણ કર્યા તે શ્રીવિષ્ણુ ભગવાનનાં ચરિત્ર રૂપે વિષ્ણુપુરાણ છે. તેના વિષે નિરુપણ કરવાનો હવે પછીનો ઉપક્રમ છે. સૃષ્ટિના આદિ પુરુષે બ્રહ્મા–સર્જન, વિષ્ણુ–પાલન અને મહેશ–સંહાર એવાં કાર્યો સોંપ્યાનું પુરાણોમાં દર્શાવેલ છે. વિષ્ણુ એ પાલનકર્તા દેવ હોવાથી તેને સત્ત્વગુણ પ્રધાન કહે છે. તેવા સૃષ્ટિના પાલનહાર દેવ અંગે રચાયેલાં પુરાણ विष्णुपुराण અંગે સંશોધકે નિરુપણ કરેલ છે.

## विष्णु पुराण :

પુરાણ સાહિત્યમાં વિષ્ણુપુરાણને પ્રાચીનતમ માનવામાં આવે છે. તેમાં વિષ્ણુતત્ત્વની દાર્શનિક મીમાંસા તદન પ્રામાણિકરુપે પ્રસ્તુત કરવામાં આવી છે. આ પુરાણ વૈષ્ણવ મતનો મૂળભૂત સ્ત્રોત છે. પરિણામે આ પુરાણ મધ્યકાળમાં પ્રસ્થાપિત થયેલા વૈષ્ણવ સંપ્રદાયોનો ઉપજીવ્ય ગ્રંથ ગણાયો છે. શ્રી રામાનુજાચાર્ય, શ્રી માધવાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુએ પોતાના વિશિષ્ટ મતોની પુષ્ટિ માટે આ પુરાણનાં તથ્યો સ્વીકાર્યાં છે. આ પુરાણની શ્રીધર સ્વામી, વિષ્ણુચિત્ત, રત્નગર્ભ જેવા આચાર્યોએ તેની વ્યાખ્યાત્મક ટીકાઓ રચી છે. આવી ટીકાઓ હોવી તે આ પુરાણની મહત્તા દર્શાવે છે. પુરાણનાં પાંચ લક્ષણોને આ પુરાણ સંપૂર્ણ રીતે અનુસરે છે.

વિષ્ણુ પુરાણ ૭ અંશોમાં વહેંચાયેલું છે. તેમાં ૧૨૬ અધ્યાયો છે. અને હાલ ઉપલબ્ધ પ્રતિમાં ૭ હજાર શ્લોક છે. નારદીય પુરાણ અનુસાર તેમાં ૨૪ હજાર શ્લોક છે. અને બલ્લાલ સેનના નોંધ્યા મુજબ તેમાં ૨૩ હજાર શ્લોક છે. આ પુરાણના વક્તા પારાશર ઋષિ છે અને શ્રોતા મૈત્રેય છે. આ પુરાણમાં કેટલોક ભાગ ગદ્ય છે અને અમુક ભાગમાં ગદ્ય પદ્ય મિશ્રિત છે.

**વર્ણ્ય વિષય :**

આ પુરાણના પ્રથમ અંશમાં ૧૧ થી ૨૦ અધ્યાય – દસ અધ્યાયમાં આ પુરાણના પ્રતિપધિ વિષયનું ઘણું જ વિસ્તારથી વર્ણન કરેલ છે. પ્રથમ અંશના ઉક્ત અધ્યાયોમાં ધ્રુવ ઉપાખ્યાન, રાજા વેન અને પૃથુના ચરિત્રો, પ્રાચીનબર્હિ તથા પ્રચેતાના પ્રસંગો, પ્રહલાદ ચરિત્ર, વગેરેનું નિરુપણ થયેલું છે. ધ્રુવજી અને પ્રહ્લાદજીએ કરેલી વિષ્ણુની સ્તુતિ વૈષ્ણવ ભકિતમત દર્શાવે છે. ધ્રુવજી કહે છે કે–

भूमिरापोऽनलो वायुः रवं मनो बुध्धिरेव च ।
भूतादिरादिप्रकृतिर्यस्य रूपं नतोऽस्मि तम् ।

"પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુધ્ધિ, અહંકાર અને પ્રાણીમાત્રની મૂળપ્રકૃતિ આ બધાં જ જેનાં રુપ છે તે ભગવાનને હું નમસ્કાર કરું છું."[૧]

પ્રહ્લાદજી શ્રી નૃસિંહની સ્તુતિમાં કહે છે કે–

ब्रह्मत्वे सृजते विश्वं स्थितौ पालयति पुनः ।
रूद्ररूपाय कल्पान्ते नमस्तुभ्यं त्रिमूर्तये ।

"આપ બ્રહ્મારૂપે સૃષ્ટિ રચો છો, વિષ્ણુરુપે તેનું પાલન કરો છો, અને રુદ્ર રુપે તે સંહાર કરો છે. તે ત્રિમૂર્તિધારી એવા આપને નમસ્કાર છે." [૨]

આ ઉપરાંત જડભરત અને ઋભુની આખ્યાયિકા, રામચરિત, નિમિચરિત, યયાતિનું ચરિત્ર, કૃષ્ણાવતાર ચરિત્ર જેવાં કથાનકો આપેલાં છે. વંશાનુચરિત અંતર્ગત કશ્યપવંશ, ઈક્ષ્વાકુ વંશ, પુરુવંશ, કુરુવંશ, યદુવંશ, મગધવંશ પણ તેમાં દર્શાવેલ છે. પૃથ્વીની ઉત્પત્તિ, મનુઓ, વેદવિદ્યા, વર્ણાશ્રમ ધર્મો, શ્રાધ્ધ કલ્પ, કાલગણના, પ્રલય જેવી બાબતો અને

---

*(૧) વામન પુ. ૧-૧૨-૫૧*
*(૨) વામન પુ. ૧-૧૯-૬૬*

કલિયુગમાં થનારી સ્થિતિ અને કલિયુગમાં આચરવાના ધર્મ વિષે નિરુપણ કરવામાં આવેલ છે. આ પુરાણમાં ભૂગોળ, જયોતિષ અને કર્મકાંડનું નિરુપણ થયેલ છે. સમગ્ર પુરાણમાં જ્ઞાન અને ભકિતની ધારા પ્રછન્ન રુપે વહેતી રહે છે.

આ રીતે આ પુરાણ સંપૂર્ણરૂપે વિષ્ણુને સમર્પિત છે. કૃષ્ણ ચરિત્રમાં કૃષ્ણ અને શિવનાં યુધ્ધનાં વર્ણન સાથે વિષ્ણુ અને શિવનું અભિન્નત્વ પણ દર્શાવેલ છે. અન્ય ઉપકારક તત્ત્વો તરીકે આડકથાઓ, આખ્યાયિકાઓ અને સૃષ્ટિના પ્રારંભમાં થયેલી સમુદ્રમંથન જેવી ઘટનાઓ પણ સમાવિષ્ટ છે.

श्रीमद् भागवत पुराण :

પહમપુરાણમાં કહેવાયું છે કે,–

पुराणेषु च सर्वेषु श्रीमद्भागवतं परम् ।

''બધાં પુરાણોમાં ભાગવત શ્રેષ્ઠ છે. [૧]

આ પુરાણને સાત્ત્વિક પુરાણ કહેવામાં આવ્યું છે. આ પુરાણ પૌરાણિક સાહિત્યનો અનુપમ અને વિલક્ષણ ગ્રંથ છે. ભાગવતકારે તેને –

निगमकल्पतरोर्गलितं फलं ।

''નિગમ કલ્પતરુમાંથી ગલિત થયેલું પરિપકવ અમૃત ફળ''[૨]

કહ્યું છે. તેની ભાષા, તેમાં પ્રતિપાદ્ય વિષય, તેની શૈલી વગેરેને કારણે તેના વિષેની બહુ જાણીતી ઉકિત છે. – विद्यावतां भागवते परीक्षा। આ પુરાણને ''पंचमं वेदसम्मितम्'' કહેવામાં આવે છે. આ પુરાણમાં ૧૨ સ્કંધ, ૩૩૫ અધ્યાય અને ૧૮ હજાર શ્લોક છે. વૈષ્ણવ, સંપ્રદાયોની ભકિત શાખાનો આ ઉપજીવ્ય ગ્રંથ છે. આ પુરાણ

---

*(१) भाग. १-१-२*

*(२) भाग. पु. १-१-३*

પર શ્રી વલ્લભાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, નિમ્બાર્કાચાર્ય, રામાનુજાચાર્ય, શ્રીધર સ્વામી, જીવ ગોસ્વામી વગેરેએ ટીકાઓ લખી છે. આ પુરાણ પુરાણનાં દસે લક્ષણોનું નિર્વહણ કરે છે. આ પુરાણના મુખ્ય વકતા અને શ્રોતા શ્રી શુકદેવજી મહારાજ અને પરીક્ષિત રાજા છે. માત્ર સાત દિવસમાં મોક્ષ અપાવનાર પુરાણ તરીકે તે પ્રતિષ્ઠિત છે. આ પુરાણમાં જ્ઞાનાત્મક અધ્યાત્મ વણાયેલું છે. તેથી તેના અધ્યાયોની પુષ્પિકામાં તેને पारमहंसी संहिता કહેવામાં આવેલ છે. આ પુરાણનાં શ્રવણ અંગે તેમાં કહેવામાં આવ્યું છે કે स्वस्थः शेते मृत्युरस्मादुपैति । આ પુરાણનો ધ્યાનમંત્ર છે. सत्यं परं धीमहि । આ પુરાણ પુરાણોમાં સર્વશ્રેષ્ઠ છે. એટલું જ નહિ પણ ઉત્તમ એવી સાહિત્ય કૃતિ પણ છે. આ પુરાણ ભગવાને કહેલું હોવાથી, ભગવાનને કેન્દ્રમાં રાખીને રચાયેલું હોવાથી ભાગવત્ ના નામે પ્રસિધ્ધ છે.

**વર્ણ્ય વિષય :**

અન્ય પુરાણોની જેમ આ પુરાણમાં પણ અનેક વિષયોનું નિરુપણ થયેલું છે. આ પુરાણનો પ્રારંભ સૂત અને શૌનકના સંવાદથી થાય છે. અગાઉ દર્શાવ્યા મુજબ શુકદેવજી અને પરીક્ષિતના સંવાદનું તેમાં પ્રાધાન્ય છે. તે ઉપરાંત અનેક વકતા–શ્રોતાનાં યુગ્મો તેમાં આવે છે. આ પુરાણમાં મહાભારતનાં યુધ્ધ પછીના સમયથી પ્રારંભ કરી જન્મેજય અને પરીક્ષિતનાં વૃત્તાંત અને વ્યાસજીને નારદજી દ્વારા કહેવાયેલ ચતુઃશ્લોકી ભાગવતથી આ ગ્રંથનું નિરુપણ થયેલ છે. ભાગવત પુરાણમાં અનેક વંશાવળીઓ દર્શાવેલ છે તેમાં બ્રહ્માના માનસપુત્રોના–પ્રજાપતિઓના વંશ, ઋષિઓના વંશ, રાજવીઓના વંશ વર્ણવેલા છે. વંશાનુચરિતમાં સૂર્ય અને ચંદ્રવંશ વિશેષ રુપે દર્શાવેલ છે. સૃષ્ટિ રચના પહેલાંની સ્થિતિ, વિરાટ પુરુષનો ઉદ્ભવ, બ્રહ્માની ઉત્પત્તિ, કાલગણના જેવી બાબતોને અતિ સૂક્ષ્મ અને વિશદ રીતે વર્ણવેલી છે. તેમાં અનેક ઉપકથાઓ છે. વરાહ અવતાર, કપિલ–દેવહૂતિ કથા, ધ્રુવકથા, વેન અને પૃથુની આખ્યાયિકા, જડભરત આખ્યાન, અજામિલ ઉપાખ્યાન, જેવી અનેક કથાઓ આપેલી છે.

શ્રીમદ્ ભાગવત પુરાણમાં મત્સ્ય, કૂર્મ, વરાહથી માંડીને ભવિષ્યમાં થનારા

વિષ્ણુના કલ્કિ અવતારને નિરુપેલ છે. આ પુરાણનું કેન્દ્રસ્થાન શ્રી વિષ્ણુનો પૂર્ણાવતાર ગણાતો શ્રીકૃષ્ણાવતાર છે. આ માટે પૂર્ણ પુરૂષોતમ ભગવાન કૃષ્ણનું સમગ્ર ચરિત્ર ભાગવતકારે આલેખ્યું છે. કારાગૃહમાં થયેલ જન્મ, ગોકુળ પ્રદેશની લીલાઓ, યાદવોનું અભ્યુત્થાન અને અનેક પરાક્રમની કથાલીલાથી માંડીને ભગવાનનાં સ્વધામ ગમન સુધીના પ્રસંગોને તેમાં આવરી લીધેલ છે. શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ સમગ્ર પુરાણના હૃદયરૂપ છે. આ સ્કંધમાં કૃષ્ણની બાળલીલાઓનું હૃદયસ્પર્શી નિરુપણ અને યુવાનીનાં પરાક્રમો વર્ણવેલાં છે. એકાદશ અને દ્વાદશ સ્કંધમાં ભગવાનની ઉત્તરાવસ્થા અને શ્રીમદ્ ભગવદ્ ગીતાની કક્ષાનું ઉધ્ધવજીને આપેલું જ્ઞાન નિરુપેલ છે.

ઉપરની વિગતો ઉપરાંત, સૃષ્ટિ રચના, શિવકથા અને અનેક એવી રોચક કથાઓ તેમાં આપેલ છે. અધ્યાત્મનો પુટ ઠેર ઠેર જોવા મળે છે. કપિલ મુનિ દ્વારા માતા દેવહૂતિને અપાયેલ સાંખ્યયોગનું જ્ઞાન, રહુગણ રાજાને ભરતજીએ કરેલો બ્રહ્મોપદેશ, ઋષભદેવજી દ્વારા પોતાના પુત્રોને આપેલ ઉપદેશ, પુરંજન આખ્યાન દ્વારા પ્રાચીન બર્હિને અપાયેલ જ્ઞાન, શ્રી દત્તાત્રેય દ્વારા નિરુપાયેલ અવધૂતાખ્યાન અને અવધૂત ગીતા તેમ જ શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવજીને આપેલ જ્ઞાન વગેરે શ્રીમદ્ ભાગવતનું આધ્યાત્મિક પાસું છે.

જ્ઞાન, કર્મ અને ભકિતના ત્રણ પ્રવાહો ભાગવતમાં સમાનરુપે વહે છે. તેમાં ભકિતનું તત્ત્વ વધારે પ્રકાશિત થયેલ છે. ધ્રુવ, પ્રહ્લાદ વગેરેની સ્તુતિ, બ્રહ્માએ અને ઈન્દ્રએ કરેલ વિષ્ણુના કૃષ્ણાવતારની સ્તુતિ, ગ્રાહમાંથી મુક્ત કરવા હરિને ગજેન્દ્ર હાથીની સ્તુતિ ભકિતરસનાં ઉત્તમ ઉદાહરણો છે.

ભાગવત પુરાણમાં દ્વીપ વર્ણન, ભારત વર્ષ, સપ્તપાતાલનું વર્ણન, સૂર્યની ગતિ, ચંદ્રાદિ ગ્રહોની મનુષ્ય પર થતી અસર, શિશુમાર ચક્ર, નર્ક વર્ણન, ભારત વર્ષની ભૂગોળ, પુંસવન જેવાં વ્રતો, તેની વિધિ, મનુષ્યના ધર્મ, સ્ત્રીઓના ધર્મ, આશ્રમો, વર્ણવ્યવસ્થા વગેરેનું વિશદ્ નિરુપણ થયેલ છે.

શ્રીમદ્ ભાગવતની અન્ય એક વિશેષતા એ છે કે તેનો પ્રારંભ કરતાં પહેલાં પદ્મપુરાણ અંતર્ગત શ્રીમદ્ ભાગવત માહાત્મ્યના સાત અધ્યાયો આપવામાં આવે છે, જેમાં ધુંધુકારીની કથા દ્વારા શ્રીમદ્ ભાગવત શ્રવણથી તેના મોક્ષની વાત કરવામાં આવી છે. આ માહાત્મ્ય દ્વારા તત્કાલીન કાળમાં જ્ઞાન અને વૈરાગ્ય જેવી બાબતોની અવગણના થતી હોવાથી ભકિતને પ્રાધાન્ય આપવાનું રુપક દર્શાવવામાં આવેલ છે.

આ ગ્રંથ એક અનન્ય રત્ન છે.

❋❋❋❋❋❋

# પ્રકરણ – ૩

# જલતત્વ



**પ્રકરણ : ૩**

## : જલ તત્ત્વ :

સૃષ્ટિનાં પંચ મહાભૂત તત્ત્વો પૈકી જલ તત્ત્વ એ સૌ પ્રથમ ઉત્પન્ન થયેલું તત્ત્વ છે. જલ એ આકાર વગરનો, ગંધ વગરનો, દૃષ્ટિથી અને સ્વાદેન્દ્રિયથી જાણી શકાય તેવો પદાર્થ છે. વિશ્વને સર્જનાર પરમતત્ત્વએ જયારે સૃષ્ટિ રચવાનો પ્રારંભ કર્યો ત્યારે સૌ પ્રથમ જલ ઉત્પન્ન કર્યુ ં તેમ ભારતીય શાસ્ત્રો પુરાણો કહે છે. તે જલમાં આદિપુરુષ નારાયણે નાભિકમળમાંથી બ્રહ્માને ઉત્પન્ન કર્યા. તે પછી પરમ શકિતએ જલમાં વિરાટ અંડ સ્વરુપે આકાર લીધો અને તેમાંથી સમગ્ર સૃષ્ટિ ઉત્પન્ન થઈ તેવી માન્યતા ભારતીય દર્શનો ધરાવે છે. એ વિરાટ અંડમાંથી દેવ, મનુષ્ય, વિવિધ પશુઓ, વિવિધ વર્ણો, યજ્ઞયાગાદિક ક્રિયાઓ, ઋતુઓ વગેરે રચાયાં. આવું દર્શન ઋગ્વેદ અને યજુર્વેદમાં વ્યકત થયેલ છે. એ વિરાટ અંડ દ્વારા રચાયેલી સૃષ્ટિને બ્રહ્માંડ કહેવામાં આવ્યું. એ વિરાટ અંડનો આધાર જલતત્ત્વ જ હતું.

જલતત્ત્વનું મહત્ત્વ વેદો અને પુરણોએ સ્વીકારી તેના સ્વરુપને દેવનું સ્થાન આપેલ છે. જલના દેવ તરીકે વરુણને પ્રસ્થાપિત કરેલ છે. વરુણનો અર્થ સર્વત્ર વ્યાપ્ત અને સર્વને આચ્છાદિત કરનાર દેવ એવો થાય છે. આ રીતે જલએ વ્યાપક તત્ત્વ છે અને સૃષ્ટિના તમામ સ્થાવર જંગમ પદાર્થોને આચ્છાદિત કરનાર તત્ત્વ બની રહે છે.

ભારતીય ઋષિઓ, મનીષીઓ વગેરે એ જલનાં ગુણાનુવાદ કરેલ છે. તેનું એક કારણ એ છે કે ભારતીય ઋષિ પરંપરા સરિતાતીરે પાંગરી છે. ભારતનાં મહાનગરો સરિતા

અને સમુદ્રતીરે સ્થાપાયાં અને વિકસ્યાં છે. સરિતાઓ અને સમુદ્રો જલસ્રોતો છે. તેથી તેને દેવરૂપી ગણી તેની સ્તુતિ કરવાનું પોતાનું કર્તવ્ય માની તેનાં મૂળ તત્ત્વ જલને સ્તવ્યું છે. આવું માત્ર ભારતમાં જ થયું છે તેમ નથી. વિશ્વની મોટાભાગની સંસ્કૃતિઓ નદી કિનારે જ સ્થપાઈ છે, વિકસી છે. તેમાંની કેટલીક નામશેષ થઈ છે. જયારે મિશ્ર, ચીન અને ભારતીય સંસ્કૃતિ હજુ વિદ્યમાન છે.

જલતત્ત્વએ સૃષ્ટિના તમામ સજીવો માટે અતિ આવશ્યક એવું તત્ત્વ છે. ખાસ કરીને તૃષા મટાડનાર, અન્ન તૃણ, વનસ્પતિને ઉત્પન્ન કરનાર અને પોષનાર પરિબળ તરીકે જલનું અનન્ય મહત્ત્વ છે. જલના અભાવથી સજીવો કુંઠા અનુભવે છે. વૃષ્ટિ દ્વારા સૃષ્ટિ પર આવતું જલ જો તેના સમયે ન મળે તો સૃષ્ટિમાં દુર્ભિક્ષ ઉત્પન્ન થાય છે. ભૂતકાળમાં વિશ્વમાં પડેલા દુષ્કાળોમાં અસંખ્ય જીવો હોમાયા હોવાનું ઈતિહાસમાં નોંધાયેલ છે. વનસ્પતિનો નાશ થાય છે, નદીઓ શુષ્ક બને છે અને તૃણનો અભાવ થાય છે. સૃષ્ટિએ ખૂબ સહન કરવું પડે છે. આ રીતે જોતાં જલ એ જીવન છે, તેવી પ્રાચીન કલ્પના તદ્દન સાચી છે.

જલ, જેને લૌકિક, ભાષામાં પાણી કહે છે તે માત્ર તૃષા મટાડનાર જ નથી, પરંતુ તે મનુષ્યના નિવાસને અને દેહને સ્વચ્છ અને શુદ્ધ રાખનાર પદાર્થ પણ છે. એટલે જ અથર્વવેદના ઋષિ – જલ અમારી માતા સમાન છે અને તે અમને બલિષ્ઠ અને પવિત્ર બનાવે છે– તેમ કહે છે. સાથે સાથે તે – જલ અમારી રક્ષા કરે તેમ પણ કહે છે.

વૃષ્ટિ દ્વારા વરસતાં જલને આયુર્વેદ દિવ્યજલ કહે છે. તેનું સેવન કરવાથી મનુષ્યના શારીરિક અને માનસિક વ્યાધિ અને વિકારો શાંત અને શુદ્ધ થાય છે. જો વર્તમાન યુગનો મનુષ્ય આ વૃષ્ટિજલને ઝીલી, તેનો સંગ્રહ કરી સેવન કરે તો આ જલ તેને લાભાન્વિત કરે છે. આ માટે દૃષ્ટિ અને વૃતિ કેળવવાની જરૂર છે.

હવા અને પાણીને પ્રાચીન ગ્રંથોમાં મરુત અને વરુણ દેવના પ્રતીક ગણીને તેમનું પૂજન કરવાનું વિધાન બતાવ્યું છે. અત્યારની સ્થિતિએ જો પાણીનું ખરા અર્થમાં પૂજન કરવું હોય તો પેયજળની યોગ્ય માવજત, તેને પ્રદૂષણ મુકત રાખવું અને જમીનમાં ઘટતા જતા જળસ્તરને રોકી જળસ્તરને ઊંચે લાવવાના પ્રયત્નો થાય તે છે. યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ દર વર્ષની ૨૨ મી માર્ચના રોજ "વિશ્વજલ દિન" ઉજવવાનું જાહેર કર્યું છે. જળનો ઉપયોગ કરતી વખતે પ્રત્યેક ક્ષણે એ યાદ રાખવું જરૂરી છે કે બિનજરૂરી જળ વપરાશ ભવિષ્યમાં આપણને પાણી વિના ટળવળતા કરી મૂકશે. એટલે જ કહેવાયું છે કે જળ એ જ જીવન છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને અને ઘરમાં ગૃહિણીઓને આ દિશામાં જરૂરી કેળ વણી કે તાલીમ આપવાની જરૂર છે. રિ-ચાર્જિગ પ્રત્યે સભાન બની વરસાદનું વહી જતું પાણી રોકીએ. આપણે બધા સામૂહિક રીતે આ કાર્યને નહિ ઉપાડીએ તો એ નહિ ચાલે. વેદમાં પણ કહ્યું છે "હે જળ, તમે તો જીવન પ્રદાયક છો, અમને એવું પોષણ આપો કે અમે ઉલ્લાસપૂર્ણ જીવન જીવીએ." અહીં એટલું ઉમેરીએ "શં નો આપઃ । - જલ અમને શાંતિ પ્રદાન કરે."

संस्कृतमां जल नो पर्याय जीवन छे. પાણી એ પ્રાણીમાત્ર અને સચરાચર સૃષ્ટિ માટે જીવનરૂપ છે. સજીવ-નિર્જીવ સૌને પોષક એવું જલતત્ત્વ આદિ તત્ત્વ છે. સૃષ્ટિનો પ્રારંભ જલમાંથી થયાનું વેદોપુરાણોમાં નિર્દેશાયું છે. સૃષ્ટિકર્તાનું એક નામ नारायण છે. नारायण નામ नारा એટલે કે जल માંથી વ્યુત્પન્ન થયેલો છે. પ્રલયકાળે नारा અર્થાત્ जल સનાતન પરમાત્માનો આશ્રય હતો. જલના દેવ वरुण છે. वरुण શબ્દ वृ ધાતુમાંથી બનેલો છે. वृ નો અર્થ થાય છે આચ્છાદિત અથવા આવૃત કરવું. આ સૃષ્ટિ પ્રલયકાળે જલથી આચ્છાદિત કે ઘેરાયેલી હતી. शतपथ ब्राहण માં કહેવાય છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં સમસ્ત જગત જલથી અભિન્ન હતું. જલે જગત અને તેના નિવાસીઓને આચ્છાદિત કરેલાં હતાં. આ રીતે જલ એ આદિતત્ત્વ છે. જલના અભાવમાં જીવન સંભવિત નથી, તેથી તેને અધિક મહત્ત્વ આપવામાં આવે છે. પશ્ચિમના એક વિચારકે તો ત્યાં સુધી કહ્યું છે કે કદાચ હવે પછીનું વિશ્વયુધ્ધ પાણીના પ્રશ્ને લડાશે. પાણીની સમસ્યા વિશ્વ વ્યાપી છે. વિશ્વના મોટાભાગના દેશો સ્વચ્છ પેયજલ મેળવવાની સમસ્યાથી પીડાય છે. આ બાબતે ભારતીય સંસ્કૃતિમાં પરાપૂર્વથી ઊંડું ચિંતન થયેલું છે. ભારતના ચિંતકો અને મનીષીઓએ સૃષ્ટિના પ્રારંભથી જ જલનું મહત્ત્વ જાણ્યું છે અને તેને જુદી-જુદી રીતે વ્યકત કર્યું છે. જલ એ પ્રકૃતિની અણમોલ દેન છે, તે જગન્નિયંતાના આશીર્વાદ છે એ બાબત તેઓ સમજૂયા હતા. ભારતીય ઋષિઓએ તેની અભિવ્યકિત વેદ, વેદાન્ત, સ્મૃતિઓમાં કરેલી છે.

વિશ્વસાહિત્યના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં જલ વિષે ઋષિઓએ ઘણું ચિંતન કરેલું છે. ઋષિઓનાં તપોવનો અને આશ્રમો નદી કિનારે હતા તે સર્વવિદિત છે. ઋગ્વેદમાં વત્સ કણ્વઋષિ કહે છે કે –

उपहवरे गिरीणा सांगमे च नदीनाम् ।

घियो विप्रो अजायत ॥

"પર્વતોની કંદરાઓ તથા નદીઓના સંગમ પર બુધ્ધિમાન ઋષિઓએ પોતાના નિવાસ બનાવ્યા."[૧]

ઋષિઓનાં સ્નાન, ધ્યાન વગેરે માટે તો જલની આવશ્યકતા હતી જ, પણ તપોવનમાં વસનારા અનેક અંતેવાસીઓ માટે પણ જલની એટલી જ આવશ્યકતા હતા, તેથી સરિતાને કાંઠે નિવાસ ઉપયુકત હતો. ડો. કૈલાસનાથ દ્વિવેદીએ તેમના "ઋગ્વૈદિક ભૂગોલ" નામક પુસ્તકમાં લખ્યું છે કે "આર્યોની પાવન જન્મ-કર્મભૂમિ સપ્તસૈન્ધવ પ્રદેશ" કહેવામાં આવી છે." (પૃ . ૨૧) આ સપ્તસિંધુ એટલે સાત નદીઓથી બનેલો પ્રદેશ. તેમાં સિંધુ, બિયાસ, સતલજ, ઝેલમ, ચિનાબ, રાવી અને સરસ્વતી નદીઓનો સમાવેશ થાય છે. નદીનાં જલનો આભાર વ્યકત કરતાં અથર્વવેદમાં કહેવાયું છે કે -

शुद्धाः न आपस्तन्वेक्षरंतु ।

"અમારા માટે શુધ્ધ જલ વહેતું રહે."[૨]

ઋષિઓએ જલને માતા સમાન કહેલ છે.

आपो अस्मन्मातरः शुन्धयन्तु घृतेन नः ।

" જલ અમારી માતા છે. તે અમને ઘી જેવાં પાણીથી બળવાન અને પવિત્ર કરે."[૩]

ઋષિઓ દિવ્યજલના ત્રણ પ્રકાર દર્શાવે છે. -

*(૧) ऋ - ८ - ६ - २८*

*(२) अथर्व वेद-१२-१-30*

*(3) ऋ. १०-१७-१०*

या आपो दिव्या ऊत स्रवन्ति खनित्रिमा ऊत वा याः स्वयंजाः ।

" જે જલ સ્ત્રવે છે, ખોદવાથી મળે છે અને પોતાની મેળે ઉત્પન્ન થાય છે."(૧)

आपो देवी रिह मामवन्तु ।

"જલ અમારી રક્ષા કરો."(૨)

પાણીનું મહત્ત્વ દર્શાવતાં ઋષિ કહે છે –

शं नो आपो देवीरभिष्टये आपो भवन्तु पीतये ।

शं योरभि स्रवन्तु नः

" દિવ્ય ગુણવાળાં જલ અમારી ઈષ્ટ સિધ્ધિ માટે, પીવા માટે, અમારી રક્ષા માટે સુખદાયક બનો. અમારી શાંતિ માટે વરસો."(૩)

ઋષિ મનુષ્યોને સલાહ આપતાં કહે છે.

मा आपो हिंसीः ।

"જલને દૂષિત ન કરો."(૪)

આ રીતે વેદ, વેદાંત વગેરે સાહિત્યમાં જલનાં મહત્ત્વને નિરુપેલ છે. ત્રણે વેદ ઉપરાંત સંહિતાઓ, આરણ્યકો, બ્રાહ્મણો, સ્મૃતિઓમાં પણ જલનું મહત્ત્વ, જલનું રક્ષણ, જલને અપ્રદૂષિત રાખવાની શીખ ઘણી જ પ્રચૂર માત્રામાં આપેલી છે.

વેદનાં ઉપબૃંહણ દ્વારા રચાયેલ પુરાણ સંહિતા પણ આ રીતે જલનાં મહત્ત્વને

---

*(૧) ऋ. ७-४९-२*

*(૨) ऋ. ७-४९-२*

*(૩) अथर्व वेद – १-४-१*

*(૪) यजु। ६ – २२*

નિરુપે છે. અઢાર મહાપુરાણ અને અઢાર ઉપપુરાણમાં પણ જલ વિષે બહોળા પ્રમાણમાં નિરુપણ થયેલ છે. અઢાર પુરાણ પૈકી સંશોધકે જે ચાર પુરાણોનો અભ્યાસ કરવાનું નિશ્ચિત કરેલું છે તેમાં દર્શાવેલ જલ તત્ત્વ અંગે નિરુપણ કરવાનો ઉપક્રમ છે.

જલ તત્ત્વનું મહત્ત્વ દર્શાવતા नारदीय પુરાણમાં[૧]

सांरक्षार्थं भूतानां सृष्टं प्रथमतो जलम् ।

"પ્રાણીઓનાં સંરક્ષણ માટે સર્વપ્રથમ જલની રચના કરી."[૨]

અને જે સમગ્ર પ્રાણીના પ્રાણરૂપ છે તે જલનું પ્રથમ સર્જન કર્યું.

यत्प्राणा सर्वभूतानां सृष्टं प्रथमतो जलम् ।

આ રીતે ભારદ્વાજ ઋષિએ ભૃગુઋષિને બ્રહ્મા વિષે પૂછતાં જણાવ્યું હતું.

જે જે પુરાણોએ પ્રલયનું વર્ણન કરેલું છે તેમણે એવું દર્શાવ્યું છે કે સૃષ્ટિનો અંત આવે છે ત્યારે સમગ્ર સૃષ્ટિ જલમાં નિમગ્ન થઈ જાય છે. શ્રીમદ્ ભાગવતમાં પ્રલયનું નીચે મુજબ નિરુપણ થયેલ છે. –

नैमित्तिकः प्राकृतिको नित्य आत्यन्तिको लयः ।

सांस्थेतिको कविभिः प्रोक्ता चातुर्धास्य स्वभावतः ॥

"આ બ્રહ્માંડનો સ્વાભાવિક રીતે જ પ્રલય થઈ જાય છે. તેના ચાર પ્રકાર છે– નૈમિત્તિક, પ્રાકૃતિક, નિત્ય અને આત્યન્તિક." તેને વિદ્વાનો 'સંસ્થા' કહે છે. "[૩]

---

*(૧) नारदीय पु १-४२*

*(૨) એજન*

*(૩) भाग १२-८-१७*

पर्जन्यः शतवर्षाणि भूमौ राजन् न वर्षति

આ પૈકી પ્રાકૃતિક પ્રલયમાં "સો વર્ષ સુધી વરસાદ વરસતો નથી."(૧)

ततो मेघाकुलान्यंग चित्रवर्ण्यन्यकेशः ।

शतवर्षाणि वर्षन्ति नदन्ति रभसास्वनैः ।

त त  एकोदकं विश्वं ब्रह्मांडविवरान्तरम् ॥

આ પછી "વાયુ, અગ્નિ, સૂર્યની પ્રચંડ ગરમીના ઉપદ્રવથી બળતાં છાણાં જેવી પૃથ્વી થયા પછી અસંખ્ય રંગબેરંગી વાદળો આકાશમાં ફરવા લાગે છે અને ભયંકર ગર્જન સાથે સો વર્ષ સુધી વર્ષા કરે છે. એ વખતે સમગ્ર બ્રહ્માંડ એક સમુદ્ર બની જાય છે."(૨)

આને ભાગવતમાં જલપ્રલય કહયો છે. આ પ્રલયને બ્રહ્માની રાત (ब्राहमी रात्रिरुदाहृता) પણ કહે છે. વિષ્ણુ પુરાણ આ પ્રલયને પ્રતિસમ્બર કહે છે.

પરાશર મુનિ અને મૈત્રેયનાં સંવાદમાં પરાશરજી પ્રલયનું વર્ણન કરતાં કહે છે કે –

चतुर्युगसहस्रान्ते क्षीणप्राये महीतले ।

अनावृष्टिरतीवोग्रा जायते शतवार्षिकी ।

ततो यान्यल्पसाराणि तानि सत्वान्यशेषतः ।

क्षयं यान्ति मुनिश्रेष्ठ पार्थिवान्यनुपीडनात् ॥

" એક હજાર ચતુર્યુગ વિત્યા પછી જયારે પૃથ્વી ક્ષીણપ્રાયઃ થઈ જાય છે ત્યારે સો વર્ષ સુધી અનાવૃષ્ટિ થાય છે. એ સમયે જે પાર્થિવ જીવ અલ્પશકિતવાળા હોય છે તે બધા નાશ પામે છે."(૩)

---

*(૧) ભાગ ૧૨-૪-૭*

*(૨) ભાગ ૧૨-૪-૧૨/૧૩*

*(૩) વિષ્ણુ ૬-૩-૧૪/૧૫*

આ ઉદાહરણ દ્વારા એ સ્પષ્ટ થાય છે. કે જલભાવથી જીવમાત્રથી કેવી ઘોર દશા થાય છે. આગળ જતાં પરાશરજી કહે છે કે –

ततस्स भगवान् विष्णुर्भानोस्सप्तसु राशिषु ।
स्थित पिबत्यशेषाणि जलानि मुनिसत्तम ॥
पित्वाभांसि समस्तानि प्राणिभूमिगतान्यपि शेषं
नयति मैत्रेय सामस्तं पृथिवीतलम् ॥

"એ વખતે ભગવાન વિષ્ણુ સૂર્યનાં સાતે કિરણોમાં રહીને સંપૂર્ણ જલને શોષી લે છે. આ પ્રકારે પ્રાણીઓ તથા પૃથ્વીમાં રહેલાં સમગ્ર જલને શોષી સમગ્ર ભૂમંડળને શુષ્ક બનાવી દે છે."(૧)

આ રીતે પ્રથમ જલનું શોષણ કર્યા પછી પ્રલયના બીજા તબકકામાં અનવરત મેઘવૃષ્ટિ થાય છે. આ માટે કહેવાયું છે કે –

ततो गजकुलप्रव्यास्तडित्वन्तोऽतिनादिनः ।
उत्तिष्ठन्ति तथा व्योम्नि घोरास्संवर्तका घनाः ॥

"જયારે પૃથ્વી કાલાગ્નિથી બળેલાં છાણાં જેવી થઈ જાય છે ત્યારે વિષ્ણુ પોતાના મુખનિઃશ્વાસથી મેઘ ઉત્પન્ન કરી."(૨)

વિદ્યુતયુકત ભયંકર ગર્જના કરવા વાળા હાથીના સમૂહ જેવાં વિશાળકાય સંવર્તક

---

*(૧) विष्णु ६-३-१८/१९*
*(૨) विष्णु ६-३-३१*

નામનો ભયંકર મેઘ આકાશમાં છવાય છે. આ મેઘ અનવરત વરસી ત્રિલોકમાં વ્યાપ્ત ભયંકર અગ્નિને શાંત કરી દે છે અને તે પછી

नष्टे चाग्नौ च सततं वर्षमाणा ह्यहर्निशम ॥
प्लावयन्ति जगत्सर्वमंभोभिर्मुनिसत्तम् ॥

"જયારે અગ્નિનો નાશ થઈ જાય છે ત્યારે પણ સતત વરસતો વરસાદ સંપૂર્ણ જગતને જલમાં ડૂબાડી દે છે."[૧]

વિષ્ણુ પુરાણમાં દર્શાવેલ પ્રલયનું આ વર્ણન પણ જલને કેન્દ્રમાં રાખી થયેલ છે. પ્રલયના પ્રારંભમાં થતી દીર્ઘકાળની અનાવૃષ્ટિ જીવમાત્ર માટે જે જલાભાવ ઉત્પન્ન કરે છે તેને કારણે થતી પરિસ્થિતિ જલતત્ત્વનું મહત્ત્વ દર્શાવે છે. એ જ રીતે પ્રલયનાં અંતિમકાળમાં થતી સતત વૃષ્ટિ અને તેને કારણે સમગ્ર જગત જલપ્લાવિત થાય છે તે પણ જલનું મહત્ત્વ દર્શાવે છે. આ જલને "પૃથ્વીથી દસગણું" વેદાંતમાં દર્શાવેલ છે. જે તન્માત્રા અંગેની પરિકલ્પના છે. તે માટે વિષ્ણુપુરાણ વિધાન કરે છે કે–

संभवन्ति ततोम्भांसि रसाधाराणि तानि च ।
रसामात्राणि चांभासि रुपमात्रं सामावृणोत् ॥

"એ (રસ તન્માત્રા રૂપ) વડે રસગુણ યુકત જલ ઉત્પન્ન થયું. રસ તન્માત્રાવાળાં જલને રૂપ તન્માત્રાવાળા તેજે આવૃત્ત કર્યું.[૨] આમ જલ એ રસાત્મક છે. અને તેજને કારણે તે દશ્ય બને છે. વેદાન્તમાં પૃથ્વીના દસ આવરણો અંગે નિરુપણ થયેલું છે. તેમાં જલને પૃથ્વીથી દસગણું કહેવામાં આવેલ છે.

---

*(૧) વિષ્ણુ ૬–૩–૩૮*
*(૨) વિષ્ણુ ૧–૨–૮૨*

જલના ધર્મો દર્શાવતાં ભાગવતમાં નિરુપાયું છે કે –

क्लेदनं पिंडनं तृप्ति : प्राणानाप्यायनोन्दनम् ।

तापापनोदो भूयस्त्वमम्भो वृत्तयः स्त्विमा ॥

"ભીનું કરવું, પિંડ બનાવવો, તૃપ્ત કરવું, જીવાડવું, તરસ છીપાવવી, પદાર્થોને મૃદુ બનાવવા, તાપ નિવારવો અને કૂવા વગેરેને વારંવાર ઉલેચવા છતાં પ્રકટ થવું તે જલની વૃત્તિ છે."[૧]

વામન પુરાણમાં દર્શાવેલ છે કે –

"મણિ, રત્ન, પ્રવાલ, મોતી, પથ્થર, કાષ્ટનાં વાસણ, તૃણ, મૂળ, ઔષધિઓ, સુપ, ધાન્ય, મૃગચર્મ, સિવેલાં વસ્ત્ર અને વૃક્ષોની છાલની શુધ્ધિ જલથી થાય છે."[૨]

मणिरत्नप्रवालानां तद्वन्मुक्ताफलस्य च ।

शैलदारुमयानां च तृणमूलौषधान्यपि ।

शूर्प धान्याजिनां च संहतानां च वाससाम् ।

वल्कलानामशेषाणामम्बु शुद्धिरिष्यते ॥

વામનપુરાણમાં વિષ્ણુ ભગવાન વિશ્વમાં જલ સ્વરૂપે રહે છે તેમ કહેવાયું છે.

योऽत्र तोयस्वरुपस्थो बिभर्त्यरिवलमीश्वरः ॥

" જે (વિષ્ણુ) જલસ્વરૂપે રહીને સમસ્ત વિશ્વનું પાલન કરે છે."[૩]

---

*(૧) विष्णु. ३-२६-४३*

*(२) विष्णु. १४-६१-६२*

*(૩) भाग. ४-२७-३२*

ભાગવતમાં જલની સ્તુતિ કરતાં કહેવાયું છે કે –

तृप्तिदाय च जीवानां नमः सर्वरसात्मने ॥

"આપ (જલ) સર્વ પ્રાણીઓને તૃપ્ત કરનાર સર્વરસરૂપ છો. તેવા આપને નમસ્કાર.[૧]

स्वच्छः प्रकृतितः स्निग्धो माधुर्यस्तीर्थभूर्नृणाम् ।

આવું " જલ સ્વભાવથી જ સ્વચ્છ, સ્નિગ્ધ, મધુર અને પવિત્ર કરનાર છે."[૨]

જલ અને પૃથ્વીનો સંબંધ દર્શાવતાં વામન પુરાણમાં કહેવાયું છે કે –

योजनानां प्रमाणेन पंचाशत्कोटिरायता ।
जलोपरि महीयं हि नौरिचास्ते सरिज्जले ॥

" આ પૃથ્વી પચાસ કરોડ યોજનના વિસ્તારવાળી છે. અને તે નદીમાં રહેલ નાવની માફક જલમાં રહેલી છે."[૩]

અહીં જણાવેલ પૃથ્વીના વિસ્તારનું પ્રમાણ ઘણું દર્શાવેલ છે. તે કદાચ પુરાણ રચનાના સમયે પ્રચલિત માપના સંદર્ભમાં હોઈ શકે, પરંતુ તેની જલમાં નાવની માફક રહેવાની બાબત કાવ્યાત્મક અને તાદૃશ્ય છે.

જલના પ્રાદુર્ભાવનું કારણ એક ભૌગોલિક અને ખગોલીય ઘટના છે. વર્ષના આઠ માસ સુધી અને ખાસ કરીને ગ્રીષ્મઋતુમાં સૂર્ય સમુદ્રમાંથી વરાળરૂપે મેળવે છે અને વર્ષાઋતુમાં તેને

---

*(૧) ભાગ ૧૧-૭-૪૩*
*(૨) ભાગ ૧૧-૭-૪૪*
*(૩) વામન ૧૧-૩૧*

વૃષ્ટિરૂપે વરસાવે છે. આ બાબત સર્વસ્વીકૃત છે. આ અંગે પુરાણ રચનાકારો પણ જ્ઞાન ધરાવે છે. તેનાં ઉદાહરણો પુરાણમાં મળે છે. શ્રીમદ્‌ભાગવતકાર કહે છે.

अष्टौमासान् निपीतं यद्‌भूम्याश्चोदमयं वसु ।
स्वर्गोभिर्भोक्‌तुमारेभे पर्जन्यः काल आगते ॥

"સૂર્યે પૃથ્વીરૂપી પ્રજા પાસેથી આઠ મહિના સુધી જલ સ્વરૂપે જે કર લીધેલો તે હવે સમય આવતાં પોતાનાં કિરણરૂપી હાથેથી ફરીથી વર્ષારૂપે મુકત કર્યો."(૧)

વિષ્ણુપુરાણમાં પણ આ ઘટનાને વર્ણવેલ છે. તેમાં નિરુપાયું છે કે –

विवस्वानष्टभिर्मासैरादायापो रसात्मिकाः ।
वर्षत्यम्बु ततश्चान्नमन्नादप्यखिलं जगत् ॥

" સૂર્ય આઠ માસ સુધી પોતાનાં કિરણોથી છ રસથી યુકત જલને ગ્રહણ કરીને તેને ચાર મહિનામાં વરસાવી દે છે. તેનાથી અન્નની ઉત્પત્તિ થાય છે અને અન્નથી સમસ્ત જગત પોષાય છે."(૨)

સૂર્ય, વૃષ્ટિ અને તેના દ્વારા ઉત્પન્ન થતાં અન્નને અવિનાભાવિ સંબંધ છે. આ પ્રક્રિયામાં કેન્દ્રસ્થાને જલ છે.

સૂર્ય પૃથ્વી પરનાં જલને શોષે છે. અને તેને વરસાવી અન્નોત્પાદનમાં સહાયક બને છે. સૂર્ય જે જલ પ્રાપ્ત કરે છે. તે પણ વિશિષ્ટ છે. વિષ્ણુપુરાણમાં કહેવાયું છે કે –

---

*(૧) भाग १०-२०-५*
*(૨) विष्णु २-९-८*

सरित्समुद्रभौमास्तु तथापः प्राणिसंभवाः ।
चतुष्प्रकारा भगवानदष्त्ते सविता मुने ॥
आकाशगंगा सलिलं तथादाय गभस्तिमान् ।
अनभ्रगतमेवोर्व्यासिद्यः क्षिपति रश्मिभि : ॥

"ભગવાન સૂર્ય નદી, સમુદ્ર, પૃથ્વી અને પ્રાણીઓમાંથી ઉત્પન્ન એવાં ચાર પ્રકારનાં જલોનું આકર્ષણ કરે છે તથા આકાશગંગાનાં જલને ગ્રહણ કરી તે મેઘની અનુપસ્થિતિમાં પણ પોતાનાં કિરણોથી પૃથ્વી પર વરસાવી દે છે."[૧]

આ ઉધ્ધરણમાં સમુદ્ર સરિતા ઉપરાંત સૂર્ય દ્વારા શોષાતાં જલમાં પૃથ્વી પરનાં જલને અને પ્રાણીમાં ઉત્પન્ન થતાં જલને પણ દર્શાવેલ છે. પૃથ્વી પરનું જલ એટલે ગ્રીષ્મઋતુમાં વાવ-કૂવા, તળાવમાંથી શોષાતું જળ અને તે ઉપરાંત પૃથ્વી પર ઢોળાયેલ જલ પણ સૂર્ય શોષે છે. પ્રાણીઓનાં મૂત્ર, પુરીષ અને પ્રસ્વેદ દ્વારા ઉત્પન્ન થતાં જલને પ્પણ સૂર્ય શોષે છે. આકાશગંગાનાં જલને સૂર્ય વાદળના અભાવમાં પણ વરસાવે છે, તે સૂર્ય પ્રકાશમાં ઝાકળ રૂપે મનુષ્ય અનુભવી શકે છે. આ રીતે જલ અને સૂર્ય પરસ્પર સંબંધિત છે. वराहपुराणमां પણ કહ્યું છે. કે "મેઘ લવણ સમુદ્રમાંથી ખારું જલ લઈ તેને મીઠું બનાવી વરસાવે છે. " ઉપરાંત " જલનો કેટલોક ભાગ વાદળ સ્વરૂપે આકાશમાં રહે છે અને કેટલોક ભાગ પૃથ્વી પર આવેલાં નદી, સરોવરમાં રહે છે. " (वराह અ. ૧૨૪) જલ જયારે પૃથ્વી ઉપર અવતરણ કરે છે ત્યારે સૃષ્ટિને મનોરમ્ય બનાવે છે. જલના પ્રભાવથી વર્ષની બે ઋતુઓ વધારે પ્રભાવિત થાય છે. તે છે વર્ષા અને શરદઋતુ. અન્ય ઋતુઓ પણ જલથી પ્રભાવિત તો થાય જ છે. છતાં જલનું સૌથી સોહામણું સ્વરૂપ વર્ષા અને શરદઋતુમાં જોવા મળે છે. वराहपुराणमां નિરુંપાયું છે કે "ધન - ધાન્ય વગેરેનાં સંવર્ધન અને પોષણ કરવા માટે વર્ષાઋતુ આવે છે. આ ઋતુમાં વૃક્ષો પુષ્પિત થાય છે. તેમાં નદીઓનો રવ, મોરોની કેકા, વૃક્ષ પરનાં ફૂલોની સુગંધ,

---

*(१) विष्णु २-९-११/१२*

ભમરાનો ગુંજારવ, પવનનો પ્રવાહ વગેરે જોવા, સાંભળવા, સૂંઘવા મળે છે." (અધ્યાય – ૧૩૯) વર્ષાની જેમ શરદઋતુ પણ આહ્લાદક હોય છે. વરાહપુરાણ કહે છે કે " જયારે શરદઋતુ આવી ત્યારે સરોવરનાં જલમાં સ્વચ્છતા આવી ગઈ અને તેમાં કમળ, કુમુદ ખિલવા લાગ્યાં." (અધ્યાય – ૧૩૯) શ્રીમદ્‌ભાગવતકાર આ અંગે કહે છે કે –

शरदा नीरजोत्पत्या नीराणि प्रकृतिं ययुः ।

"શરદઋતુમાં કમળની ઉત્પત્તિથી જલાશયનાં જલે સહજ સ્વચ્છતા ધારણ કરી."[૧]

શ્રીમદ્ ભાગવત નિરુપણ કરે છે. કે –

ततः प्रावर्तत प्रावृट् सर्व सात्त्वसमुद्भवा

" પછી વર્ષાઋતુ આવી. આ ઋતુમાં સર્વ પ્રાણીઓની વૃધ્ધિ થાય છે."[૨]

વર્ષાના જલનો પ્રભાવ જીવસૃષ્ટિ ઉપર અદ્‌ભુત રીતે પડે છે. વર્ષાની પ્રથમ વર્ષ થાય છે ત્યારે પૃથ્વી પર રહેનારાં, જલનાં નિવાસી કે આકાશગામી જીવો સૌંદર્ય ધારણ કરે છે. શ્રીમદ્ ભાગવતકાર દર્શાવે છે કે–

जलस्थलौकसः सर्वे नववारिनिषेवया ।
अबिभ्रद् रूचिरं रूप यथा हरिनिषेवया ॥

"ભગવાનની સેવા કરવાથી જેમ મનુષ્યની આંતર–બાહ્ય સુંદરતા વૃધ્ધિ પામે છે તેમ નવાં વરસાદી જલનાં સેવનથી જલચર અને સ્થલચર પ્રાણીઓની સુંદરતા વૃધ્ધિ પામી."[૩]

---

*(૧) ભાગ. ૧૦, ૨૦, ૩*
*(૨) ભાગ. ૧૦, ૨૦–૩*
*(૩) ભાગ. ૧૦, ૨૦–૧૩*

આકાશમાં ઉડનારાં પક્ષીઓ પણ વર્ષાથી પ્રભાવિત થાય છે. વામનપુરાણ નિરુપે છે કે –

पतन्ति धारा गगनात् परिच्युता ।
बकाबलाकाश्च सरन्ति तोयदान् ॥

" આકાશમાંથી પડતી જલધારાઓ નીચે આવી રહી છે અને બગલાઓ અને બગલીઓની પંકિતઓ જલાશયમાં તરી રહી છે."(૧)

આકાશમાંથી વરસતું જલ સૃષ્ટિ પર જે અસર કરે છે તે પણ અદ્ભુત હોય છે. ગ્રીષ્મના પ્રખર તાપથી તપેલી પૃથ્વી વર્ષાનાં આગમનથી, તેના સ્પર્શથી હરિયાળી ધારણ કરે છે. ભાગવતકાર કહે કે –

तपः कृशा देवमीढा आसीद् वर्षीयसी मही ।
यथैव काम्यतपसास्तनु साम्प्राप्य तत्कालम् ॥

"ગ્રીષ્મ ઋતુમાં ગરમીને લીધે પૃથ્વી સૂકાઈ ગઈ હતી તે હવે વર્ષાનાં જલથી સિંચાઈને હરીભરી થઈ ગઈ છે."(૨)

વર્ષાની નદીના પ્રવાહ ઉપર થતી અસર નોંધતાં ભાગવતકાર કહે છે કે–

आसन्नुत्पथवाहिन्यः क्षुद्रोनद्योऽनुशुष्यति ।
पुंसो यथा स्वतंत्रस्य देहद्रव्याणिसाम्पदः ॥

"જેઠ અને અષાઢ માસમાં જે નદીઓ સાવ સૂકાવા લાગી હતી તે બધી જેમ કુમાર્ગી મનુષ્યનાં શરીર અને ધનસંપતિનો કુમાર્ગે ઉપયોગ થાય તેમ કિનારાઓની બહાર વહેવા લાગી."(૩)

---

*(૧) वामन. १-१८*

*(૨) भाग. १०-२०-७*

*(3) भाग. १०-२०-१०*

આ રીતે જલના પ્રભાવથી ઋતુઓ સુશોભિત થાય છે અને ઋતુના પ્રભાવથી સૃષ્ટિમાં વિચરતા સ્થાવર જંગમ પદાર્થો સૌંદર્યમંડિત બને છે. ભાગવતકારે કહ્યું છે કે, –

पिब्बापः पादपाः पद्भिरासन्नानात्म मूर्तयः ।
प्राक् क्षामास्तापसा – श्रान्ता यथाकामानु सेवया ॥

"જેમ સકામ ભાવથી તપ કરનાર દુર્બળ થઈ જાય અને કામના પૂરી થતાં સબળ થઈ જાય તેમ ગ્રીષ્મમાં સૂકાયેલાં વૃક્ષો પોતાનાં મૂળથી જલ પીને પાંદડાં, ફૂલ અને ડાળીઓથી સમૃધ્ધ બની ગયાં."(૧)

જલનો પ્રભાવ માત્ર વર્ષા અને શરદ જ નહિ, પરંતુ અન્ય ઋતુઓને પણ જલ પ્રભાવિત કરે છે.

वराहपुराण ના અધ્યાય ૧૨૫ માં કહેવાયા પ્રમાણે हेमन्ते सलिलं कूपे उष्णं भवति सुन्दरि। भवेच्च शीतलं ग्रीष्मे मायेचं मम तत्त्व तः –"હેમંતઋતુમાં જલ ઉષ્ણ હોય છે અને ગ્રીષ્મઋતુમાં જલ શીતલ હોય છે." આ એક પ્રાકૃતિક ઘટના છે. જો હેમંત–શિશિરમાં જલ શીતલ હોય તો મનુષ્ય કે પ્રાણીઓ તેનો કષ્ટપૂર્વક ઉપયોગ કરી શકે. તે જ રીતે ગ્રીષ્મમાં ઉષ્ણજલ હોય તો પણ તેમ બને. પરંતુ જલ શીતઋતુમાં ઉષ્ણ અને ઉષ્ણઋતુમાં શીતલ થઈ સૃષ્ટિના જીવોનું જીવન સુગમ બનાવે છે.

જલની સાથે સંલગ્ન એવી સૃષ્ટિ રચનામાં તેને મૂર્ત કરનારાં માધ્યમોમાં સમુદ્ર, સરિતા, સરોવર, તળાવ, વાપિ, કૂવા વગેરે છે. વાવ, કૂવા, તળાવ, મનુષ્ય નિર્મિત હોય છે. પરંતુ તેની અંતર્ગત રહેલું જળ પ્રકૃતિની દેણગી છે. જયારે સમુદ્ર, સરિતા કે સરોવર એ સંપૂર્ણતયા પ્રકૃતિ

---

*(૧) भाग–१०–२०–२१*

નિર્મિત છે. સમુદ્રનું નિર્માણ સૃષ્ટિના પ્રારંભથી જ છે. તેવું પુરાણકારોએ નોંધ્યું છે. સમુદ્ર વિષેના જે ઉલ્લેખો પુરાણમાં મળે છે તેમાં સમુદ્રનો જલરાશિ જુદા જુદા પ્રકારના સ્વાદો ધરાવે છે. તેમ કહેવામાં આવ્યું છે. આ બાબત વિગતપૂર્ણ રીતે જોઈએ.

જમ્બૂદ્વિપ ક્ષાર સમુદ્રથી ઘેરાયેલો છે. જમ્બુદ્વિપને ભારતવર્ષ તરીકે ઓળખવામાં આવે છે. ભારત વર્ષને ફરતો લવણ સમુદ્ર છે તે સર્વવિદિત છે.

क्षारोदेन यथा द्वीपो जम्बूसंज्ञोऽभवेष्टितः ।

"જમ્બુદ્વીપ ક્ષાર સમુદ્રથી ઘેરાયેલ છે."(૧)

અગાઉ વર્ષા માટે સૂર્ય લવણસાગરમાંથી જલ ખેંચે છે. તેવું દર્શાવેલ છે તે,

तथैवेक्षुरसादेन परिवेषानुकारिणा ।

"આ દ્વીપના સમુદ્રને અનુલક્ષીને છે. તેમ સ્પષ્ટ થાય છે. બીજો દ્વીપ પ્લક્ષદ્વીપ છે."(૨)

एषः द्वीपः समुद्रेण सुरोदेन समावृतः ।

તે (દ્રીપ) ઈક્ષુરસ (શેરડીના રસ)થી બનેલા સમુદ્રથી ઘેરાયેલ છે. તે પછીનો શાલ્મલ દ્રીપ છે. આ દ્વિપ મદિરાના સમુદ્રથી ઘેરાયેલ છે.(૩)

શાલ્મલ દ્વીપ પછીનો દ્વીપ કુશ દ્વીપ છે.

---

*(૧) विष्णु २-४-१*
*(૨) विष्णु २-४-२०*
*(૩) विष्णु २-४-३३*

...रा द्वीपो घृतादेन समावृतः ।

" તે દ્વીપ ઘીના સમુદ્રથી ઘેરાયેલ છે."[૧]

કુશદ્વીપ પછી ક્રૌંચ દ્વીપ છે.

क्रौंचद्वीपसमुद्रेण दधिमंडोदकेन च ।

"ક્રૌંચ દ્વીપ દધિમંડ (દહીં)ના સમુદ્રથી આવૃત્ત છે."[૨]

તે પછી શાકદ્વીપ છે.

शाकद्वीपस्तु मैत्रेय क्षीरोदेन समावृतः ।

" શાકદ્વીપ વર્તુળાકાર દૂધના સમુદ્રથી વિંટળાયેલ છે."[૩]

અંતિમ દ્વીપ પુષ્કર દ્વીપ છે.

स्वादूदकेनोदधिना पुष्करः परिवेष्टितः ।

" આ દ્વીપ મીઠા પાણીના સમુદ્રથી ઘેરાયેલ છે."[૪]

જમ્બુદ્વીપ સિવાયના જે દ્વીપ અને સમુદ્રનું વર્ણન છે તે સંભવતઃ પુરાણકારની કલ્પના હોઈ શકે. સંભવતઃ લવણ સમુદ્ર સિવાયના જે સમુદ્ર સિવાયના વિશેષ પ્રકારના પ્રદેશોની લાક્ષણિકતા પણ હોઈ શકે. ઈક્ષુરસ સમુદ્ર દર્શાવે છે તે

---

*(૧) ભાગ ૧૨-૪-૭*
*(૨) ભાગ ૧૨-૪-૧૨/૧૩*
*(૩) વિષ્ણુ ૬-૩-૧૪/૧૫*
*(૪) વિષ્ણુ ૨-૪-૮૬*

પ્રદેશમાં શેરડીનો વિપુલ પાક થતો હોઈ શકે. તે જ રીતે દૂધ અને દહીંવાળા પ્રદેશો તે પ્રકારના સમુદ્રના રૂપે હોઈ શકે. મદિરાના સમુદ્રની કલ્પના કદાચ જે પ્રદેશમાં વધારે મદિરા ઉત્પન્ન થતી હોય તે પણ હોઈ શકે. મીઠાં જલવાળાં કોઈ વિશાળ સરોવરવાળા પ્રદેશને મીઠા જલના સમુદ્ર તરીકે મનાયો હોય. મૂળભૂત રીતે તો ક્ષાર સમુદ્ર તરીકે જ જલના ઉદ્‌ભવનું કારણ છે અને જમ્બુદ્વીપ-ભારતવર્ષને વિંટળાયેલ સમુદ્ર તે ક્ષાર સમુદ્ર જ છે, જે ભારતવર્ષમાં વૃષ્ટિ કરી ધન, ધાન્ય, વનસ્પતિ અને પ્રાણીમાત્રને નવજીવન આપે છે. વામનપુરાણ અનુસાર

यदेतत् भारतं वर्ष नवद्वीपं निशाचर ।
सागरान्तरिताः सर्वे अगम्यश्च परस्परम् ॥
इन्द्रद्वीपकसेरुमांस्ताम्रवर्णो गभस्तिमान् ।
नागद्वीप कटाहश्च सिंहलो वारुणस्तथा ॥
अयं तु नवमस्तेषां द्वीपः सागरसांवृतः ।
कुमाराख्यः परिख्यातो द्वीपोऽयं दक्षिणोत्तरः ॥

"ભારતવર્ષના પણ નવ ઉપદ્વીપ છે. એ બધા જ સમુદ્રથી ઘેરાયેલા છે અને પરસ્પર અગમ્ય છે. તે ઈન્દ્રદ્વીપ, કસેરુમાન, તામ્રવર્ણ, ગભસ્તિમાન, નાગદ્વીપ, કટાહ, સિંહલ અને વારુણ છે. નવમો કુમાર દ્વીપ ભારતના સાગરને જોડાયેલ છે અને તે દક્ષિણથી ઉત્તર તરફ ફેલાયેલો છે."(૧)

આ જ વિગત નામાન્તરે શ્રીમદ્ ભાગવત પુરાણના પંચમ સ્કંધના ૨૦મા અધ્યાયમાં પણ દર્શાવેલ છે.

ઉપર દર્શાવેલ દ્વીપોનો સમાવૃત્ત કરનારા સમુદ્રો ઉપરાંત તેમાં જુદાં જુદાં નામો ધરાવતી સરિતાઓનો પણ ઉલ્લેખ મળે છે. જંબુદ્વીપમાં સાત સમુદ્રગામિની નદીઓ આવેલી છે.

*(૧) વામન અ. ૧૩-૮/૯/૧૦*

પ્લક્ષ દ્વીપમાં પણ સાત નદીઓ આવેલી છે. એ જ રીતે કુશદ્વીપમાં સાત, ક્રૌંચ દ્વિપમાં સાત, શાકદ્વીપમાં સાત નદીઓ આવેલી છે. આ દ્વીપો પૈકી પુષ્કર દ્વીપ એવો છે કે તેમાં "એક પણ નદી નથી." (न तत्र नद्यः।) (विष्णु २-४-८१) સંભવતઃ આ રણપ્રદેશ હોઈ શકે. वराहपुराण (अ.-८८) મુજબ આ દ્વીપના બધા જ ભાગોમાં મીઠું પાણી મળે છે. (स्वादुद केना वृतः) આ પુરાણના અધ્યાય-૮૫માં દર્શાવ્યું છે કે " ભારતવાસીઓ જે નદીઓનું પાણી પીએ છે તે ગંગા, સિંધુ, સરસ્વતી, શતદ્રુ, વિતસ્તા, વિપાશા, ચંદ્રભાગા, સરયૂ, યમુના, ઈરાવતી, દેવિકા, કુહૂ, ગોમતી, ધૂતપાપા, બાહુદા, દેશદ્ગવતી, કૌશિકી, નિશ્ચિરા, ગંડકી, ઈક્ષુમતી અને લોહિતા આ તમામ નદીઓ હિમાલયમાંથી ઉદ્ભવેલી છે. પરિયાત્ર કે પરિપાત્ર પર્વતમાંથી પ્રાદુર્ભાવ પામતી નદીઓમાં વેદસ્મૃતિ, વેદવતી, સિંધુ, પર્ણાશા, ચંદ્રનાભા, નર્મદા, સદાનીરા, ચર્મણવતી, વિદિશા, વેત્રવતી, શિપ્રા, અવન્તી, કુન્તી ઋક્ષમાન પર્વતમાંથી નીકળતી શોણ, જયોતિરથા, નર્મદા, સુરક્ષા, મંદાકિની, દશાંર્ણા, ચિત્રકૂટા, તમસા, પિપ્પલા, કરતોયા, વગેરે છે. આમાંની કેટલીક નદીઓ અત્યારે પણ એ જ નામે ઓળખાય છે, જયારે કેટલીક નદીઓનાં નામ પણ બદલી ગયેલાં છે.

વામનપુરાણમાં કુરુક્ષેત્રનાં તીર્થસ્થાનમાં વહેનારી અતિ પવિત્ર સાત નદીઓના ઉલ્લેખ મળે છે. તે

सारस्वती नदी पुण्या तथा वैतरणी नदी ॥
आपगा च महापुण्या गंगा मंदाकिनी नदी ।
मधुस्रवा वासुनदी कौशिकी पापनाशिनी ॥
दृष्ट्रवती महापुण्या तथा हिरण्वती नदी ।

"પવિત્ર સરસ્વતી, વૈતરણી, મહાપવિત્ર આપગા, મંદાકિની, ગંગા, મધુસ્રવા, વાસુ નદી, પાપનાશિની, કૌશિકી, મહાપવિત્ર દેશદ્રવતી તથા હિરણ્વતી છે."[૧]

(૧) વામન ૩૪-૬/૭

આ રીતે જોતાં ભારતવર્ષને જલના અમોઘ ખજાના જેવી અનેક નદીઓ મળેલી છે. ભારતનાં લોકોને જલનો કયારેય અભાવ ન થાય એવી જાણે પ્રકૃતિએ વ્યવસ્થા કરી હોય તેમ જલથી પૂર્ણ નદીઓ આપેલી છે. આજે પણ આ મોટાભાગની નદીઓ

જલપૂર્ણ હોય છે. અને તેનો લાભ વર્તમાનમાં પણ લોકોને મળે છે. ભારતીય સંસ્કૃતિ નદી તીરે સ્થપાયેલી છે અને ફલીફૂલી છે તે સર્વવિદિત છે. વેદકાળનો સપ્તસિંધુ પ્રદેશ કે વર્તમાન સમયનો પંજાબ (પંચ+આબ) તેનાં ઉદાહરણો છે. અલબત્ત, વર્તમાન સમયમાં નદીઓની દુર્દશા અંગે પર્યાવરણના ચિંતકો ચિંતિત છે અને નદીને પ્રદૂષણોમાંથી બચાવવા પ્રયત્ન કરે છે. આ અંગે આગળ જતાં વિચારવાનું હોઈ, અત્યારે એ વિષય અંગે નિરુપણ નથી કર્યું.

જલ માટેનું અન્ય પરિબળ સરોવર છે. સરોવરો પ્રકૃતિએ બનાવેલાં હોય છે. અત્યંત પ્રસિધ્ધ એવાં સરોવરોમાં માનસરોવર, બિંદુ સરોવર, નારાયણ સરોવર, પંપા સરોવર વર્તમાન કાળમાં પણ પ્રસિધ્ધ છે. આ સરોવરોની ઉત્પત્તિ સાથે કેટલીક પુરાણ કથાઓ જોડાયેલી હોય છે. આવાં સરોવરોનો વ્યાપ ઘણો મોટો હોય છે અને તે મોટાભાગે મીઠાં પાણીથી ભરેલાં હોય છે. પુરાણોમાં અલગ રીતે આવાં સરોવરનાં ઉલ્લેખો ઘણા ઓછાં મળે છે. કર્દમ ઋષિ અને દેવહૂતિ તેમજ કપિલ ભગવાનની કથા બિંદુ સરોવર પર આકાર લે છે. આ સરોવરનો ઉલ્લેખ કરતાં કર્દમ ઋષિ દેહહૂતિને વિમાન વિહાર કરતાં પહેલાં કહે છે કે–

निमज्जयास्मिन् ह्रदये भीरू विमानमिद्मारूह ।
इदं शुक्लकृतं तीर्थमाशिषां यापक नृणाम् ।।

" તમે આ બિંદુ સરોવરમાં સ્નાન કરી વિમાનમાં ચઢો. વિષ્ણુ ભગવાન દ્વારા રચેલું આ તીર્થ મનુષ્યની બધી જ કામનાઓની પ્રાપ્તિ કરાવનાર છે."(૧)

---

*(૧) भाग–૩–૨૩–૨૩*

એ જ રીતે શિવનાં નિવાસસ્થાન કૈલાસ સાથે માનસરોવર જોડાયેલું છે. અત્યંત સૌંદર્યમંડિત આ સરોવર અત્યંત પવિત્ર મનાયું છે. કૈલાસ અને માનસરોવરોના પરિસરમાં વિવાહોપરાન્ત શિવ-પાર્વતીની ક્રિડાઓને કાલિદાસ જેવા પરવર્તી કવિઓએ સુંદર રીતે વર્ણવી છે. નારાયણ સરોવર ભારતનાં પાંચ મહાન સરોવરોમાંનું એક છે. ભારતના પ**શ્ચિમ**વર્તી ભૂભાગમાં આ સરોવર આવેલું છે. પમ્પા સરોવર શ્રીરામ રૂપેના વિષ્ણુ અવતારની લીલામાં માતંગઋષિના આશ્રમમાં વસતી શબરીની કથા સાથે સંબંધિત છે. પુષ્કર સરોવર બ્રહ્માને સમર્પિત થયેલું છે. આમ માનસરોવર, બિંદુ સરોવર, નારાયણ સરોવર, પંપા સરોવર અને પુષ્કર સરોવર લોકમાનસમાં ચિરંજીવ છે.

कपिलाह्रदमासाद्य तीर्थं त्रैलोक्यविश्रुतः ।
तत्र स्नात्वाऽर्चयित्वा च दैवतानि पितृंस्तथा ।।
कपिलानां सहस्रस्य फलं विंदति मानवः ।

આ ઉપરાંત જેના વિષે પુરાણમાં ઉલ્લેખ મળે છે. તેવાં કુરુક્ષેત્રમાં કપિલા તીર્થનો ઉલ્લેખ ''પછી ત્રૈલોકયપ્રસિધ્ધ કપિલા તીર્થમાં જઈ તેમાં સ્નાન કરી દેવતા અને પિતૃઓની પૂજા કરવાથી મનુષ્યને સહસ્ત્રા કપિલા ગાયોનાં દાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે.[૧]

કુરુક્ષેત્રમાં આવાં નાનાં નાનાં સરોવરો કુંડ સ્વરૂપે આવેલાં છે. અને તેમાં સ્નાન દર્શનનો ખૂબ મહિમા દર્શાવેલ છે. આ બધામાં સ્થાણુતીર્થ ઘણું પ્રસિધ્ધ છે.

આ રીતે જલપ્રાપ્તિના વિવિધ સ્રોતો છે અને તેના દ્વારા સૃષ્ટિનાં સ્થાવર જંગમ તત્ત્વો પોતાનું અસ્તિત્વ ટકાવે છે. સૂર્ય દ્વારા સમુદ્રમાંથી મેળવાતું જલ વૃષ્ટિરૂપે પૃથ્વી પર પડે છે અને નદી

---

*(૧) વામન.-૩૫-૨૪/૨૫*

વગેરે દ્વારા પુનઃ સમુદ્રમાં જાય છે. આવું એક પ્રાકૃતિક ચક્ર પરાપૂર્વથી ચાલ્યા કરે છે. તે ચક્ર ચાલતું રહે તે માટે મનુષ્ય જાતિએ સજાગ રહેવું અનિવાર્ય છે.

હવે પછીના પ્રકરણમાં સૃષ્ટિ રચનાનાં પંચમહાભૂત પૈકી બીજાં તત્ત્વ વાયુ અંગે નિરુપણ કરવાનો ઉપક્રમ છે.

❋❋❋❋❋❋

# પ્રકરણ – ૪

# વાયુતત્વ



## પ્રકરણ : ૪

## <u>-: વાયુતત્ત્વ :-</u>

સૃષ્ટિમાં ફેલાયેલ અસંખ્ય પદાર્થોમાંથી જીવનને ઉપકારક એવાં તત્ત્વોને તારવી તેની અનિવાર્યતા સિદ્ધ કરનારા ક્રાંતદૃષ્ટાઓને આપણે સતત યાદ રાખવા જોઈએ અને તેમને નમન કરવું જોઈએ. આગળનાં પ્રકરણ ૩ માં જલતત્ત્વ અંગેની વિગતો જોઈ. આ પ્રકરણ સજીવો માટે અનિવાર્ય એવાં વાયુતત્ત્વ અંગેનું છે.

ભારતીય પ્રાચીન વાઙ્મયમાં વાત, માતરિશ્વા, મરુત્, વાયુ તરીકે ઓળખાતું આ તત્ત્વ આગળ જણાવ્યા પ્રમાણે સજીવો માટે જીવન ટકાવનારું અનિવાર્ય ઘટક છે. વાયુના અભાવે સજીવ જીવન ન ટકાવી શકે તેથી બધાં જ તત્ત્વોમાં વાયુતત્ત્વ સૌથી મહત્ત્વનું તત્ત્વ બની રહે છે.

ભારતીય વાંઙ્મયમાં – વેદથી માંડીને પુરાણો સુધી વાયુનાં મહત્ત્વની વાત કરવામાં આવી છે. તેનાં સ્વરૂપ વિશે કથાઓ, ઉપકથાઓ, પ્રસંગોનું આલેખન કરવામાં આવ્યું છે. સજીવના દેહમાં જુદા જુદા પ્રકારના વાયુઓ રહેલા છે અને તેઓ જીવનને યોગ્ય રીતે ચલાવવામાં ઉપયોગી થાય છે. એવી વિચારણા વિશ્વભરનાં સાહિત્યમાં માત્ર ભારતીય

વાઙ્મયમાં જ જોવા મળે છે.

વિશ્વભરમાં સતત વહેતો રહે તો વાયુ ખરેખર કયાં રહે છે તે કોઈ જાણતું નથી. તે કઈ દિશામાંથી, કયા સ્વરૂપે અને કયા પ્રકારે આવશે તેની સામાન્ય સંજોગોમાં કોઈ આગાહી કરી શકાતી નથી. વર્તમાનયુગમાં વિકસિત દેશોએ હવામાનશાસ્ત્રની શાખા વિકસાવી છે. તે માટે જુદા જુદા પ્રકારનાં યંત્રો, ઉપકરણો પ્રયોજયાં છે, પરંતુ વાયુ અંગે સ્વયંસંપૂર્ણ કહી શકાય તેવી આગાહી શકય નથી બની શકી. ભારતીય શાસ્ત્રોએ દિશાઓની સાથે બે દિશા વચ્ચે બનતા કોણ (ખૂણા) ની સંકલ્પના આપી છે. તેને નામો આપેલાં છે. તેના દેવતાદિક્પાલો નિશ્વિત કરેલા છે. તેમાં ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચે આવેલા કોણને વાયવ્ય કહે છે. વાયવ્ય કોણ એ વાયુ નું સ્થાન છે તેમ પ્રાચીન વિદ્વાનો માનતા. આજે પણ જયાં સુધી ભારતને લાગે વળગે છે ત્યાં સુધી શિયાળાની ઋતુમાં પડતા કમોસમી વરસાદ કે ઉનાળામાં આવતી ભયાનક ઉષ્ણ લહેરો વાયવ્ય કોણમાંથી આવતી હોવાનું ભારતીય હવામાનશાસ્ત્રીઓ કહે છે, તેને અત્યારની પરિભાષામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કહે છે.

વાયુ જીવન ટકાવનાર તો છે જ, સાથે તે સૃષ્ટિ માટે ઉપકારક એવી વૃષ્ટિ કરાવવામાં પણ સહાયક બને છે. તેનું ભયાનક સ્વરૂપ વા-વંટોળ કે વાવાઝોડાં રૂપે વ્યકત થાય છે. તેથી જ પ્રાચીન ઋષિઓએ "વાયુ અમારું અંતરિક્ષમાં રક્ષણ કરો." એવી પ્રાર્થના કરી છે.

मरुत्पते नमस्तुभ्यं वायोः संशुद्धि हेतवे ।
प्रयच्छ भूतले बुद्धि वायुर्न दूषितो भवेत् ।।

ડૉ. અશોકકુમાર શુકલ વિરચિત पर्यावरणकाव्यम् નો આ શ્લોક કહે છે "હે મરુત દેવ, આપને પ્રણામ કરું છું. આપ પૃથ્વીનાં તમામ લોકોને એવી બુધ્ધિ આપો કે તેઓ વાયુને શુધ્ધ રાખે અને વાયુને પ્રદૂષિત થવાથી બચાવે."

વાયુ વિશ્વનું અત્યંત મહત્ત્વનું તત્ત્વ છે. તેના અભાવમાં શ્વાસોચ્છ્વાસ કરતાં પ્રાણી, વનસ્પતિ વગેરેનું જીવન સંભવિત નથી. વેદો, પુરાણો, આરોગ્યશાસ્ત્ર વગેરે બધાએ વાયુનું મહત્ત્વ દર્શાવેલ છે. મનુષ્યના દેહમાં પાંચ વાયુ રહે છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ દરેકનાં મનુષ્યદેહમાં સ્થાનો નિશ્ચિત થયેલાં છે. તેમાં સહુથી અગત્યનો પ્રાણવાયુ છે. મનુષ્યનાં અસ્તિત્ત્વનો આધાર જ પ્રાણવાયુ છે. તેના પછીનું સ્થાન અપાન વાયુનું છે. શ્રીકૃષ્ણે ગીતાના પુરૂષોતમ યોગમાં प्राणापानसमायुक्त એમ કહેલું છે. તેના દ્વારા એ સ્પષ્ટ થાય છે કે મનુષ્યનાં અસ્તિત્ત્વ માટે આ બન્ને વાયુઓ અને તેની શુધ્ધિ અત્યંત મહત્ત્વનાં છે. અથર્વવેદમાં કહ્યું છે કે –

प्राणापानौ, मृत्योर्मा पातं स्वाहा ।

"હે પ્રાણ મને અપાન વાયુ અને મૃત્યુમાં પડવાથી બચાવો."(૧)

વેદકાળના ઋષિઓ વાયુનું મહત્ત્વ સુપેરે જાણતા હતા. તેથી તેમણે મંત્રો દ્વારા વાયુની સ્તુતિ કરેલી છે. અથર્વવેદમાં ઋષિ કહે છે –

शन्नो वातो पवताम्

"વાયુ અમારા માટે સુખપૂર્વક વહો." (૨)

---

*(૧) અથર્વ ૨-૧૬-૧*

*(૨) અથર્વ ૩૬-૧૦*

તેમણે વાયુની ગતિ, વાયુની દિશા પણ જાણી હતી. એ બાબત સર્વવિદિત છે કે વાયુની ગતિ બે દિશામાં હોય છે. એક સમુદ્ર તરફથી પૃથ્વી ઉપર અને બીજી પૃથ્વી તરફથી સમુદ્ર ઉપર. જયારે સમુદ્ર ઉપરથી વાયુ આવે છે ત્યારે તે શીતળતા લાવે છે. પૃથ્વી પરથી સમુદ્ર તરફ વહેતો વાયુ ઉષ્ણતા ઉત્પન્ન કરે છે. એટલું જ નહી, પણ પૃથ્વી પરના મલને તે ઘસડી જાય છે. આ અંગે ઋગ્વેદમાં ઋષિએ નિરુપ્યું છે કે –

द्वाविवौ वातौ वात असिन्घोरा परावतः ।
दक्षं ते अन्य आ वातु परान्यो वातु यद्रूपः ॥

"બે પ્રકારના વાયુઓ પ્રવાહિત થાય છે. એક સાગર તરફથી થાય છે. અને જયારે બીજા અન્ય સ્થળેથી. એક વાયુ બલ, જીવન અને ઉત્સાહ આપે છે, બીજો વાયુ મલને દૂર લઈ જાય છે."(૧)

रथ्यार्कदम तोयानि नावः पथि तृणानि च ।
मारुते नैव शुद्ध्यन्ति पक्वेष्ट कचितानि च ॥

વામન પુરાણ આ વિગતને આ રીતે નિરુપે છે. "માર્ગનો કીચડ, જલ, નાવ, તૃણ, અને પાકેલી ઈંટો વાયુથી શુધ્ધ થાય છે." (૨)

આમ વાયુથી કેટલીક શુધ્ધિઓ આપોઆપ થાય છે. માર્ગમાં વર્ષાજલથી કે અન્ય જલથી થયેલ કીચડ સમય જતાં સૂકાઈ જાય છે. તેમાં સૂર્યના તાપ ઉપરાંત વાયુની સહાય પણ હોય છે. પાણીમાં રહેલી નાવને વાયુ જ વેગ આપે છે. જલથી ભીનાં થયેલાં તૃણને વાયુ સૂકવે છે. માટીમાંથી બનાવેલી ઈંટો પકાવવાની પ્રક્રિયામાં સૂર્ય તાપ ઉપરાંત વાયુ પણ ભાગ ભજવે છે. કદાચ તે સમયે અગ્નિ દ્વારા ઈંટ પકાવવાની રીત શરુ થઈ ન હોય તેવું બને. આમ વાયુ

*(૧) ऋ १०-१३७-१२*
*(૨) વામન ૧૪-૭૩*

અનેક પદાર્થોને શુષ્ક બનાવવામાં સહાયક બને છે. અર્થવવેદના ઋષિ વાયુની આ રીતે સ્તુતિ કરે છે.

मरुतां मन्वे अधि मे ब्रुवन्त प्रेम वाजं वाजसाते अवन्तु ।
आशूनिव सुयगानहय उतये तेनो मुंचं त्वं हसः ।

"દોષનાશક પવનનું હું ધ્યાન ધરું છું. મારા માટે તે કૃપા કરીને વહે. શક્તિ અને અન્નનું સુખ આપે તથા દાન માટે સારી રીતે તૃપ્ત કરે. શીઘ્રગામી અશ્વો જેવા સુંદર નિયમોવાળા મરુતોને મેં મારી રક્ષા માટે પુકાર્યા છે. તે અમને કષ્ટમાંથી મુકત કરે."[૧]

यत्सीमन्तं न धूनुथ ।

અહીં ઋષિ વેગીલા પવનને શીઘ્રગામી અશ્વ કહી તેના વેગથી પોતાનું રક્ષણ કરવાનું કહે છે અને પવનને દોષનાશક કહે છે. ઋગ્વેદના ઋષિ "આપ તૃણ, વૃક્ષ વગેરેથી યુકત ખેતરોને ઉજ્જડ ન કરો."[૨]

તેવી વાયુને પ્રાર્થના કરે છે. ધન ધાન્ય અને વનસ્પતિથી ભરપૂર ખેતરોને આ રીતે પોતાના વેગથી નાશ ન કરે તેવી વિનંતી આ મંત્રમાં છે. ઋષિ માત્ર પૃથ્વી ઉપર જ વાયુને પોતાનું રક્ષણ કરવાનું છે તેટલું

જ કહેતા નથી, પરંતુ

पातु वातो अन्तरिक्षात् ।

"વાયુ અંતરિક્ષના ઉપદ્રવથી અમારી રક્ષા કરે."[૩]

એમ પણ કહે છે. આકાશ માર્ગેથી વહેતા વાયુ જો પ્રચંડ વેગ ધારણ કરે તો

---

*(૧) અથર્વ ૪-૨૭-૧*
*(૨) ઋ. ૧-૩૭-૬૭*
*(૩) ઋ. ૧૦-૧૫૮-૧*

સૃષ્ટિને નુકસાન થાય એ ઋષિ સ્પષ્ટ કરે છે. વાવાઝોડાં જેવા ઉપદ્રવ અંતરિક્ષમાં થાય છે. અને તેનાથી સૃષ્ટિમાં કષ્ટ ઉત્પન્ન થાય છે તે જાણીતી બાબત છે. તેનાથી રક્ષણ કરવાની આ પ્રાર્થનામાં વિનંતી છે. આવા વાયુનું સ્વરૂપ દર્શાવતાં ઋષિ કહે છે કે –

आत्मा देवानां भुवनस्य गर्भो यथावशं देव एषः ।
घोषा इदस्य शृणिवरे न रुपं तस्मै वाताय हविषा विधेम ॥

"દિવ્ય શકિતયુકત વાયુ પોતાની ઈચ્છા અનુસાર વિચરણ કરે છે. વાયુનું સ્વરુપ કોઈને દેખાતું નથી, માત્ર અવાજ જ સંભળાય છે. શબ્દથી જ તેનું અનુમાન થાય છે."(૧)

વામન પુરાણ આ બાબતની પુષ્ટિ કરતાં કહે છે –

स्पर्शश्व वायुः ।

"વાયુ સ્પર્શગુણવાળો છે." (૨)

આ રીતે વાયુનું કોઈ સ્વરૂપ, આકાર, આકૃતિ નથી. તેના વહેવાથી જે શબ્દ ઉત્પન્ન થાય છે તેનાથી વાયુનું અનુમાન થઈ શકે છે. આ ઉપરાંત ઋગ્વેદ અને વામન પુરાણ તેનો અન્ય ગુણ "સ્પર્શ" છે તેમ કહે છે. શરીરની ત્વચાને વાયુનો સ્પર્શ થતાં પ્રાણી વાયુને અનુભવે છે. સ્પર્શગુણ યુકત વાયુની વાત વિષ્ણુપુરાણમાં આ રીતે વર્ણવેલ છે.

बलवानभवदवायुस्तस्य स्पर्शो गुणो मतः ।
आकाश शब्दमात्रं तु स्पर्शमात्रं समावृणोत् ॥

"સ્પર્શ તન્માત્રાથી બળવાન વાયુ ઉત્પન્ન થયો. તેનો ગુણ સ્પર્શ છે. શબ્દ તન્માત્રાવાળાં આકાશે સ્પર્શ તન્માત્રા વાળા વાયુને આવૃત્ત કર્યો."(૩)

---

*(૧) ऋ १०-१६८-४*
*(૨) वामन १४-२६*
*(3) विष्णु १-२-३९*

આકાશના શબ્દગુણ અને વાયુના સ્પર્શગુણને અહીં દર્શાવેલ છે. વાયુ આકાશમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી શબ્દતન્માત્રા પણ તેમાં રહેલી છે. અગાઉ ઋગ્વેદનાં ઉધ્ધરણમાં ''घोषा इदस्य शृण्विरे'' એમ જણાવેલ છે, તેને વિષ્ણુપુરાણનાં આ અવતરણની પુષ્ટિ મળે છે.

વેદ અને પુરાણમાં વાયુનાં વિવિધ નામો મળે છે. વાયુને વાયુ, વાત, પવન, માતરિશ્વા, મરુત્ વગેરે નામથી ઓળખવામાં આવેલ છે. કદાચ દરેક નામની પોતાની એક અર્થચ્છાયા હોઈ શકે. વેદમાં મોટા ભાગે વાયુ અને વાત એ બે નામોનો વધારે ઉલ્લેખ મળે છે. પુરાણોમાં ઉપર દર્શાવેલાં નામો મળે છે. આ નામો પૈકી મરુત્ એવું વાયુને અપાયેલું નામ વિશિષ્ટ છે. મરુત્‌ની સંખ્યા પુરાણમાં ઓગણપચાસ બતાવવામાં આવી છે અને તેઓ ઈન્દ્રના સહાયક છે. મરુત્‌ગણની ઉત્પત્તિ પુરાણમાં વર્ણવેલી છે. શત્રુતામાંથી ઉત્પન્ન થયેલ મરુતો ઈન્દ્રના મિત્ર કેવી રીતે બન્યા તેની રૂપકાત્મક રોચક કથા પુરાણમાં પ્રાપ્ત થાય છે. મરુત્ ગણની ઉત્પત્તિ વિશેની આ રૂપકકથા રોચક હોવાથી અત્રે નિરુપી છે.

શ્રીમદ્ ભાગવતના ષષ્ઠ સ્કંન્ધના અઢારમા અધ્યાયમાં આ કથા આવેલી છે. પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછયો છે કે મરુતતો દિતિના પુત્ર છે. તેથી તેમનામાં દૈત્યભાવ આવવો જોઈએ તેને બદલે તેમને ઈન્દ્ર દ્વારા દેવ કેમ બનાવાયા. આ પ્રશ્નના ઉત્તરમાં શુકદેવજી કહે છે કે વિષ્ણુએ ઈન્દ્રનો પક્ષ લઈ દિતિંના બન્ને પુત્રો–હિરણ્યકશિપુ અને હિરણાક્ષનો વધ કર્યો હતો. તેથી ''ઈન્દ્ર ખૂબ જ વિષયી, ક્રૂર અને નિર્દયી છે. તેનો વધ થવો જોઈએ. એમ નિશ્ચય કરીને દિતિએ પોતાના પતિ કશ્યપઋષિની સેવા કરી તેમને પ્રસન્ન કર્યા અને ઈન્દ્રનો વધ કરે તેવો અમર પુત્ર આપવા વરદાન માંગ્યું. કશ્યપ ખિન્ન થયા, પરંતુ વરદાન આપ્યું અને એક વર્ષનું વ્રત આપ્યું. આ વ્રતપાલનમાં કાંઈ ખામી ન રહે તેની તાકીદ કરી. આ વ્રતમાં ઘણા નિષેધો હતા. તેમાં એક નગ્નાવસ્થામાં સવારે કે સાંજે સૂવું નહિ તે પણ હતું. આ વ્રતને 'પુંસવન વ્રત' કહ્‌યું છે. દિતિ ઈન્દ્રનાં માસી થાય. ઈન્દ્ર વેશ બદલી દિતિની

સેવા કરવા લાગ્યા. દિતિ વ્રતપાલન ચૂસ્તતાપૂર્વક કરતાં હતાં. તેમાં એક દિવસ સંધ્યા સમયે અજીઠાં મ્હોં સાથે, આચમન કર્યા વગર અને પગધોયા વગર દિતિ સૂઈ ગયાં. ઈન્દ્ર યોગબળ થી દિતિના ગર્ભમાં પ્રવેશી ગયા. તેણે

चकत साप्तधा गर्भ वज्रेण कनकप्रभम् ।
रुदन्तं साप्तद्यैकैकं मा रोदीरिति तान् पुनः ॥

"ત્યાં જઈને સોના જેવા ચમકતા વજ્ર દ્વારા ગર્ભના સાત ટુકડા કરી નાખ્યા. જયારે ગર્ભ રોવા લાગ્યા ત્યારે ઈન્દ્રએ તેમને રડો નહિ રડો નહિ એમ કહી દરેક ટુકડાના સાત – સાત ટુકડા કરી નાખ્યા."(૧)

જયારે આમ બન્યું ત્યારે તે ઓગણપચાસ ટુકડાઓએ હાથ જોડીને ઈન્દ્રને કહયું.–

ते तमूचुः पाटयमानाः सर्वे प्रांजलयो नृप ।
नो जिघांससि किमिन्द्र भ्रातरो मरुतस्तवा ॥

"તમે અમને શા માટે મારો છો. અમે તો તમારા ભાઈઓ મરુત્ ગણ છીએ."(૨)
આ સાંભળીને ઈન્દ્રએ કહ્યું –

मा भैष्ट भ्रातरो मह्यं यूयमित्याह कौशिकः ।
अनन्यभावान् पार्षदानात्मनो मरुतां गणान् ॥

" તમે આમ કહ્યું તો તમે મારા ભાઈ છો અને ડરો નહિ. તમે હવે અનન્યભાવથી મરુત્ગણ નામના મારા પાર્ષદ બનશો." (૩)

આ રીતે મરુત્ ગણની ઉત્પત્તિ થઈ. દિતિના આ પુત્રોને અમરત્વનું વરદાન

*(१) भाग. ६-१८-६२*
*(२) भाग. ६-१८-६३*
*(३) भाग. ६-१८-६४*

મળેલું હોવાથી તેનો નાશ ન થયો. ઈન્દ્રએ મેઘનું સ્વરુપ છે. અને તેની સહાય માટે વાયુ – મરુત્‌ની આવશ્યકતા હોય છે. આ રીતે રૂપકાત્મક રીતે પુરાણ વાયુની નામાન્તરે ઉત્પત્તિની કથા કહે છે.

વામનપુરાણમાં આ કથા પ્રકારાન્તરે આપી છે. ઈન્દ્રએ પોતાની માસીના પુત્રને માર્યા તેથી તેનું એક નામ गोत्रभिद् થયું છે. આ ભાઈઓ એટલે મરુત્‌ગણ. તેણે મરુતોના ટુકડા કરેલા. વામનપુરાણની આ અંગેની કથાનો પૂર્વાર્ધ શ્રીમદ્‌ ભાગવત મુજબ જ છે. દિતિએ કશ્યપ પાસે ઈન્દ્રનો વધ કરનાર પુત્ર માગ્યો અને કશ્યપે વ્રતનાં અનુષ્ઠાન સાથે એ વરદાન આપ્યું. આ પુરાણ વ્રતપાલન માટે કશ્યપ દ્વારા એક સો દિવ્ય વર્ષો ઠરાવવામાં આવે છે

तेनैव गर्भं दितिजं वज्रेण शतपर्वणा ।
चिच्छेद साप्तधा ब्रह्मन् स रुरोद च विस्वरम् ॥

અને એ રીતે દિતિ પુત્ર પ્રાપ્તિ માટે વ્રતપાલન કરવા લાગ્યાં. અહીં પણ ઈન્દ્ર સેવા કરવાને બહાને કશ્યપના આશ્રમમાં રહે છે. વ્રતપાલનમાં ચૂક થાય તેની રાહ જુએ છે. તેમાં એક દિવસે માથાબોળ સ્નાન કરી, કેશ ખુલ્લા કરી, પોતાના ઘૂંટણ પર મસ્તક ટેકવી દિતિ સૂઈ ગયાં. વાળનો ઉપરનો ભાગ પગમાં લાગી ગયો. એ વખતે ઈન્દ્ર દિતિનાં નાકનાં છિદ્રમાંથી તેમનાં ગર્ભમાં પ્રવેશી ગયા. ત્યાં ઈન્દ્રએ કમર ઉપર હાથ રાખીને ઉપરની દિશાએ મુખ રાખેલ બાળકને મસળી નાખ્યો. તે માંસપેશી કઠિન બની ગઈ અને તેમાંથી સો અણીવાળાં વજ્રથી દિતિના પુત્રના ગર્ભને સાત ટુકડામાં કાપી નાખ્યો અને તે (ગર્ભ) વિચિત્ર સ્વરે રડવા લાગ્યો.''[૧]

તે ગર્ભને ઈન્દ્રે કહયું –

*(૧) વામન. ૭૧-૩૪*

शक्रोऽपि प्राह मा मूढ रुदस्वेति सुघर्घरम् ।
इत्येवमुक्त्वा चेकैकं भूयश्र्विच्छेद सप्तद्या ॥

"મૂર્ખ ઘર્ઘર શબ્દ કરીને રડ નહિ, એમ કહીને દરેક ટુકડાના સાત-સાત ટુકડા કરી નાખ્યા." (૧)

વામનપુરાણ નિરૂપે છે કે -

ते जाता मरुतो नाम देवभृत्याः शतक्रतो ।

"તે બધા મરુત્ નામના દેવના સેવકો થઈ ગયા" (૨)

વામનપુરાણમાં આગળ જતાં એમ કહેવામાં આવ્યું છે. -

इत्येवमुक्त्वा तान् बालान् परिसान्त्व्य दितिः स्वयम् ।
देवराज्ञा सहैतांस्तु प्रेषयामास भामिनी ॥

"દિતિએ બાળકોને સાન્ત્વના આપી તેમને ઈન્દ્ર સાથે જ મોકલી આપ્યા."(૩)

આમ, મરુતોની ઉત્પત્તિની બાબતે ભાગવત અને વામન બન્ને પુરાણોમાં થોડી વિગત ફેર સાથે સરખાપણું છે. મરુતોનાં સર્જનમાં ઈન્દ્ર છે અને તેમની સંખ્યા ઓગણપચાસ છે તે વિગત બન્નેમાં સમાન છે.

*(૧) वामन. ७१-३६*
*(૨) वामन. ७१-३७*
*(૩) वामन. ७१-४१*

सुषुवं सप्त तनयान् रुदतो भैरवं मुने ।

तेषां रुदित शब्देन सर्वमापूरितं जगत् ॥

વામન પુરાણમાં મરુતોની ઉત્પત્તિ અંગે અન્ય આખ્યાયિકા પણ છે. તે આખ્યાયિકા પ્રમાણે પ્રિયવ્રત નામના રાજાનો પુત્ર સવન અપુત્ર મૃત્યુ પામ્યો. તેની પત્ની સુદેવા તેની સાથે સતી થઈ. મૃત્યુ પછી બન્ને આકાશચારી થયાં સુદેવામાં કામમોહિત થઈ સવનનું શુક્ર સ્ખલિત થયું. બન્ને અશરીરી હોવાથી સ્ખલન થયેલાં શુક્રને સાત ઋષિપત્નીઓએ ધારણ કર્યું. તે સાત સ્ત્રીઓને ભયંકર રૂદન કરનાર સાત પુત્રો થયા.[૧]

અને તેમનાં ભયંકર રૂદનથી આખું જગત ભરાઈ ગયું. એ સમયે બ્રહ્માએ આવીને કહ્યું. "(રડો નહિ) તમારાં નામ મરુત્ થશે અને તમે આકાશમાં વિરારનારા થશો મરુત્–વાયુએ આકાશમાં વિચરનારું તત્ત્વ છે.

सारस्वतीभ्यः साप्तभ्यः सप्त वै मरुतोऽभवत् ।

વાયુની ઉત્પત્તિ માટે વામનપુરાણમાં એક અન્ય આખ્યાયિકા છે. તે આખ્યાયિકામાં માત્ર સાત મરુતોની ઉત્પત્તિ દર્શાવેલ છે. તે કથા પ્રમાણે સપ્ત સારસ્વત તીર્થમાં મંકિ નામના એક સત્યવાદી અને પવિત્ર ઋષિ રહેતા હતા. તેમની તપસ્યામાં વિઘ્ન નાખવા માટે દેવતાઓએ વપુ નામની એક અપ્સરાને મોકલી. તેનાં દર્શનથી ક્ષોભ પામેલા મંકિ ઋષિનું શુક્ર સ્ખલિત થઈ ગયું. ઋષિએ વ્યથિત થઈ વપુને અશ્વ દ્વારા યજ્ઞમાં નાશ પામવાનો શાપ આપ્યો. ઋષિનાં શુક્રને સપ્ત સરસ્વતીઓએ ધારણ કર્યું અને તેમને સાત મરુતો ઉત્પન્ન થયા.[૨]

---

*(૧) વામન. ૭૨–૨૦*

*(૨) વામન. ૭૨–૭૫*

ब्रह्मण: सृष्टिकामस्य भखाद वायु विनिर्ययौ ।
प्रचंड शर्वरावर्षी तं बह्म प्रत्यषेद्ययत ॥
भूतो भवस्व शांतिश्य तेनोसाता मूर्तिमान् भवत् ।
सर्वेषामेच देवानां यदषि तं फलमेच चा तत्सर्व
पाहि येनोक्तं तस्माघ्द्यनपति भवान् ॥

વરાહ પુરાણના ૩૦ માં અધ્યાયમાં વાયુની ઉત્પત્તિને કુબેરની ઉત્પત્તિ સાથે સાંકળેલ છે. તે કથા પ્રમાણે એક સમયે બ્રહ્માજીના મનમાં સૃષ્ટિ રચવાની ઈચ્છા થઈ ત્યારે તેમનાં મુખમાંથી વાયુ નીકળ્યો. તે ખૂબ જ વેગથી સ્થૂલ બનીને વાવા લાગ્યો અને તેનાથી ધૂળની પ્રચંડ વર્ષા થવા લાગી. બ્રહ્માએ તેને શરીર ધારણ કરવા કહ્યું. અને તેને કુબેર નામ આપ્યું.[૧]

વરાહપુરાણના બીજા અધ્યાયમાં વાયુની ઉત્પત્તિ માટે

"પ્રથમ શબ્દની ઉત્પત્તિ થઈ. શબ્દમાંથી આકાશ ઉત્પન્ન થયું, આકાશમાંથી વાયુ (ઉત્પન્ન થયો.)[૨]

તે જ પુરાણમાં આગળ જતાં નિરુપાયું છે કે –

शून्यं त्वासीतत्र शब्दस्तु खं च तस्माद् वायुस्तत एवानुं तेज : ।

"તે પછી વિરાટ પુરુષમાંથી જગતના પ્રાણરૂપ વાયુ પ્રકટ થયો. આ વાયુ દેવતા જ આજે પણ આપણા સહુના હૃદયમાં પ્રાણરૂપે વ્યાપ્ત છે."[૩]

---

*(१) वराह. अ. २*
*(२) वराह. अ. ८*
*(३) वराह. अ. ३०*

વરાહપુરાણ વાયુને વિષ્ણુ ભગવાન સાથે જોડીને કહે છે.–

તત : પ્રાણ : સામુતરથૌ વાયુશ્ચ પરમેષ્ટિન : ।
સૃ ऐव वायु – र्भगवान्योडधापि ह्रदियो विभु : ॥

"(વિષ્ણુભગવાન) વાયુમાં શબ્દ અને સ્પર્શ એમ બે સ્વરૂપે બિરાજે છે."(૧)

માયાનું સ્વરૂપ પૃથ્વીને સમજાવતાં ભગવાન નારાયણ કહે છે. – " માયાથી ઓતપ્રોત થઈ વાયુરૂપ બનીને મેઘોનું સંચાલન કરવું તે મારું કર્તવ્ય છે."

मरुता नाम यूयं वै भविष्यध्वं वियच्चराः ।
तानादाय वियच्चारो मारुतानादिदेश च ।
ते त्वासन् मरुतस्त्वाद्या मनोः स्वायम्भुवेऽन्तरो ॥

ते त्वासत् मरुतो ब्रह्मंस्तामसो देवतागणाः ॥

આ વાયુ અથવા મરુત્‌ને પુરાણમાં જુદાં જુદા સમયે જુદાં જુદા નામે પણ ઓળખાવાયા છે. વામનપુરાણ માં પ્રિયવ્રતના પુત્ર સવન અને તેની પત્ની સુદેવાની જે કથા આગળ આપી છે, સવનના પ્રેતયોનિમાં સ્ખલિત થયેલાં શુક્રને સાત ઋષિ પત્નીઓએ ધારણ કર્યું અને સાત ભયંકર રૂદન કરતા પુત્રોને જન્મ આપ્યો. તે કથામાં વિચરનારા થશો. બ્રહ્માએ તેમને કહયું (રડો નહિ) તમારાં નામ મરુત્ થશે અને તમે આકાશમાં વિરારનારી થશો બ્રહ્માએ તેમને આકાશમાં રહેવાનો આદેશ આપ્યો. તે બધા સ્વાયંભૂ મનુના કાળમાં આદ્ય મરુત્ બન્યા." (૧) આ રીતે "તમામ મન્વન્તરમાં તે મરુત્ નામના દેવતા થયા."(૨)

---

*(૧) વામન. ૨૦-૨૨/૨૩*

*(૨) વામન. ૭૨-૬૨*

શ્રીમદ્ ભાગવત વાયુની ઉત્પત્તિ અને તેનાં કાર્યો અને ગુણો આ રીતે વર્ણવે છે.-

नभसः शब्दतन्मात्रात्कालगत्या विकुर्वतः ।
स्पर्शोऽभक्ततो वायुस्त्वक् स्पर्शस्य च संग्रहः ॥
मृदुत्वं कठिनत्वं च शैत्यमुष्णत्वमेव च ।
एतत्स्पर्शस्य स्पर्शत्वं तन्मात्रत्वं नभस्वतः ॥
चालनं व्यूहनं प्राप्तिर्नेतृत्वं द्रव्यशब्दयोः ।
सर्वेन्द्रियाणामात्मत्वं वायोः कर्माभिलक्षणम् ॥

"શબ્દ તન્માત્રામાં કાલગતિથી વિકાર થતાં સ્પર્શ તન્માત્રા થઈ અને તેનાથી વાયુ તથા સ્પર્શ ગ્રહણ કરનારી ત્વચા ઉત્પન્ન થઈ. કોમલતા, કઠોરતા, શીતલતા, ઉષ્ણતા તથા વાયુનું સૂક્ષ્મરૂપ હોવું. તે સ્પર્શનાં લક્ષણ છે. વૃક્ષની ડાળીઓ વગેરેને હલાવવાં, તૃણ વગેરેને એકત્ર કરવાં, બધે પહોંચાડવાં, ગંધથી યુકત, દ્રવ્યને ઘ્રાણઈન્દ્રિય પાસે અને શ્રોત્રેન્દ્રિય પાસે થતા શબ્દને શ્રોત્રેન્દ્રિય પાસે લઈ જવા અને સમગ્ર ઈંદ્રિયોને કાર્યશકિત આપવી તે વાયુની વૃત્તિનાં લક્ષણો છે."(૧)

શ્રીમદ્ ભાગવતમાં વિરાટપુરૂષનાં વર્ણનમાં વાયુને પ્રાણરૂપ ગણાવ્યો છે-

सर्वसत्यात्मदेहाय विशेषाय स्थवीयसे ।
नमस्त्रैकोक्यपालाय साह ओजो बलाय च ॥

"આપ સમસ્ત પ્રાણીઓના દેહ, પૃથ્વી અને વિરાટ સ્વરુપ છો તથા ત્રિલોકની રક્ષા કરનાર માનસિક, ઐન્દ્રિયિક અને શારીરિક શકિત સ્વરુપ વાયુ પ્રાણ છો. આપને નમસ્કાર છે."(૨)

---

*(૧) ભાગ. ૩-૨૬-૩૫/૩૬/૩૭*
*(૨) ભાગ. ૩-૨૬-૩૮*

ભાગવતમાં જ વાયુને ઈશ્વરની શકિત તરીકે વર્ણવતાં નિરુપાયું છે કે –

ओजः सहो बलं चेष्टा गतिर्वायोतवेश्वर ।
यद् भयात् वाति वायोऽयम् ।

"ઈન્દ્રિય શકિત (ઓજ) અંતઃકરણની શકિત (સહ) શરીરની શકિત (બલ), શરીરનું હલનચલન (ચેષ્ટા) અને ચાલવું (ગતિ) આ સર્વે વાયુની શકિત ઈશ્વરની છે."[૧] (ઈશ્વર) ના ભયથી જ વાયુ વાય છે.[૨]

ઉપરની તમામ વિગતો જોતાં વાયુ એ સૃષ્ટિનું અત્યંત મહત્ત્વનું ચાલક બળ છે. અન્નના અભાવમાં પ્રાણી ઘણો સમય જીવી શકે. જલના અભાવથી પણ પ્રાણી કેટલોક સમય જીવંત રહી શકે. પરંતુ વાયુ વિના એક ક્ષણ પણ જીવિત ન રહી શકે. તેથી જ વાયુને પ્રાણ કહયો છે. પ્રાણીમાત્રનાં અસ્તિત્વ માટે વાયુ પ્રાણરૂપ છે. એટલું જ નહિ પણ વૃક્ષ, વનસ્પતિ, તૃણ વગેરે જે પદાર્થ સ્થાવર રૂપે છે તેને પણ વાયુની આવશ્યકતા રહે છે. વર્તમાન સમયના વૈજ્ઞાનિક પ્રયોગોએ સિધ્ધ કર્યું છે કે પ્રાણીઓ ઉચ્છ્વાસ દ્વારા જે અંગારવાયુ – કાર્બન ડાયોકસાઈડ છોડે છે, તેનો ઉપયોગ વૃક્ષ, વનસ્પતિ વગેરે પોતાનું જીવન ટકાવવા કરે છે. પુરાણોમાં દર્શાવ્યા પ્રમાણે પ્રાણીનાં ઓજ, બલ, ગતિ, શકિત તમામ બાબતો વાયુને આધારે છે અને વર્તમાન વિજ્ઞાન પણ આ બાબતને પુષ્ટિ આપે છે. જે પ્રદેશનો વાયુ પ્રદૂષિત હોય છે તે પ્રદેશનાં પ્રાણીઓ બલહીન, શકિતહીન, ઓજહીન, જોવા મળે છે. તે સાબિત થયેલું સત્ય છે.

અન્ય એક બાબત નોંધનીય છે કે વાયુની સાથે શબ્દ જોડાયેલ છે. નાના એવા ખંડમાં ફરતો પંખો વાયુને કાપતાં શબ્દ કરે જ છે. ઈન્દ્રએ દિતિના ગર્ભમાં જે બાળકનો નાશ

*(૧) भाग. ૧૦-૮૫-૮*
*(૨) भाग. ૩-૨૯-૪૦*

કરે છે તે અમરત્વને કારણે મૃત્યુ પામતા નથી, પણ ઘર્ઘર અવાજ સાથે રૂદન કરે છે. વાયુ જયારે ગતિમાન બને છે ત્યારે અવશ્ય શબ્દ ઉત્પન્ન કરે છે. આ રીતે વાયુને અને શબ્દને પ્રગાઢ સંબંધ છે.

પુરાણોમાં વર્ણવેલ પ્રલયકાળમાં સૂર્યાગ્નિ, જલની સાથે વાયુના પણ ઉલ્લેખો મળે છે. પ્રલયનો સમય આવતાં સો વર્ષ સુધી પૃથ્વી પર વર્ષા થતી નથી. અન્ન નથી ઉત્પન્ન થતું. લોકો ભૂખથી વ્યાકુળ બને છે. સૂર્ય પોતાના પ્રચંડ તાપથી પૃથ્વી અને તેના પર વસતાં પ્રાણી પદાર્થના રસ કસ ખેંચી લે છે. તે વખતે સંકર્ષણ ભગવાનનાં મુખમાંથી સંવર્તક નામનો અગ્નિ પ્રકટ થાય છે. અને

दहत्यनिलवेगोत्थशून्याभुविवरानथ ।

"વાયુના વેગથી તે અત્યંત વધીને સાતે લોકને ભસ્મ કરી દે છે." [૧]

પૃથ્વી સૂર્યનાં પ્રચંડ તાપથી

ततः प्रचंड पवनो वर्षाणामधिकं शतम् ।
परः सांवर्तको वाति धूम्रं खं रजसाऽऽवृतम् ॥

સળગતાં છાણાં (ગોમયપિંડ) જેવી બની જાય છે. તે પછી "પ્રલયકાલીન અત્યંત પ્રચંડ સાંવર્તક વાયુ સેંકડો વર્ષ સુધી વહેતો રહે છે. એ સમયે આકાશ ધૂમાડા અને ધૂળથી ભરેલું રહે છે."[૨]

---

*(૧) ભાગ. ૧૨-૪-૧૦*
*(૨) ભાગ. ૧૨-૪-૧૧/૧૨*

પ્રચંડ વાયુથી રજના વંટોળ ચડવાની પ્રક્રિયા સહજ છે. પ્રલયકાળમાં બધું જ જલમગ્ન થયા પછી જે ક્રમમાં તન્માત્રાઓ સૃષ્ટિના પ્રારંભે ઉત્પન્ન થઈ હતી તે ક્રમિક રીતે એકબીજામાં વિલીન થવા લાગે છે. જલના ગુણ રસને તેજ તત્ત્વ ગ્રસી લે છે." તે પછી વાયુ તેજના ગુણરૂપને ગ્રસી લે છે.

ग्रसते तेजसा रुपं वायुतद्रहितं तदा ।
लीयते चानिले तेजो वायोः खं ग्रसते गुणम् ।

"અને તેજ રૂપરહિત થઈ વાયુમાં લીન થઈ જાય છે."(૧)

પ્રલયની પ્રક્રિયા ખૂબ લાંબા સમય સુધી ચાલે છે. પ્રલયના મધ્ય તબકકામાં શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તેની મૂળ તન્માત્રા પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશમાં ક્રમશઃ વિલીન થઈ જાય છે. અને અંતિમ તબકકામાં ત્રણે ગુણો – સત્વ, રજસ્ અને તમસ્ મહતત્ત્વમાં લીન થતાં સમગ્ર બ્રહ્માંડ શૂન્ય બની જાય છે. આ પ્રક્રિયામાં વાયુતત્ત્વ બરાબર મધ્યમાં આવીને આકાશમાં વિલીન થાય છે.

વાયુએ સૃષ્ટિનો પ્રાણ છે. શ્વાસોચ્છ્વાસ કરતાં પ્રાણીઓના હૃદયપ્રદેશમાં પ્રવેશતો વાયુ પ્રાણવાયુને નામે ઓળખાય છે. તેના અભાવમાં સૃષ્ટિમાં જીવન હોવું સંભવિત નથી. આ વાયુ એ સૃષ્ટિનું અત્યંત મહત્ત્વનું તત્ત્વ અને પરિબળ છે. તેને વેદકાળથી લઈને વર્તમાનકાળ સુધી અપ્રદૂષિત રાખવાની વિચારણાઓ ચાલી રહી છે. વેદના ઋષિ વાયુ શાંતિ અને પવિત્રતા આપવાની પ્રાર્થના કરે છે. આકાશમાર્ગે વહેતા પ્રચંડ વાયુઓને પોતાની રક્ષા કરવાનું કહે છે. ઋષિએ વાયુના સ્વરૂપને ઓળખ્યું હતું. તેનો અનુભવ સ્પર્શથી થાય છે. વાયુને કોઈ આકાર નથી, તે માત્ર સ્પર્શ અને શબ્દથી જ જાણી શકાય છે તેમ તેઓ જાણે છે. પુરાણમાં ઈન્દ્ર અને અન્ય રૂપકો દ્વારા કથા સ્વરુપે જે વિગતો આપી છે તે પણ વાયુની શકિત, વાયુનું અમરત્વ જેવી બાબતોને સ્પષ્ટ કરે છે. ઈન્દ્ર (મેઘ) પોતાનાં વજ (સહસ્રધારાઓ) થી વાયુને છિન્નભિન્ન કરી નાખતો હોવા છતાં તે અમર રહે છે એટલું જ નહિ પણ તે દેવભૃત્ય બની ઈન્દ્ર (મેઘ)

*(૧) भाग. १२-४-१५/१६*

ને સહાયક બને છે. સપ્ત સરસ્વતીનાં રૂપક દ્વારા મેઘને સહાયક મરુતો છે, તેમ સ્પષ્ટ થાય છે. બ્રહ્મા દ્વારા વાયુને કુબેરનું રૂપ આપવાની વાત એ વાતની દ્યોતક છે કે મરુત્‌થી વૃષ્ટિ થાય છે અને તેનાથી અન્ન, વનસ્પતિ ઉત્પન્ન થાય છે, તે સમૃધ્ધિ આપે છે. કુબેર સમૃધ્ધિના દેવ છે.

આ સમગ્ર નિરુપણનું તારતમ્ય મેળવીએ તો નીચે મુજબની વિગતો જાણી શકાય છે.

★ વાયુ સૃષ્ટિનું ચાલક બળ છે.
★ વાયુને કોઈ આકાર નથી.
★ વાયુની તન્માત્રા શબ્દ અને સ્પર્શ છે.
★ વાયુ અંતરિક્ષથી માંડીને પૃથ્વીતલ સુધી વ્યાપ્ત છે.
★ વાયુ દ્વારા પ્રાણી, ઓજ, વિવિધ ઈન્દ્રિયોની શકિત, ચેષ્ટાઓ, ગતિ પ્રાપ્ત કરે છે
★ વાયુનો મુખ્ય ગુણ શીતળતા આપવાનો છે.
★ વાયુ વૃષ્ટિને સહાયક બને છે.
★ પ્રાણ નામનો વાયુ સૃષ્ટિનાં પ્રાણીઓને જીવંત રાખે છે.
★ વાયુ પૃથ્વીને સ્વચ્છ રાખવામાં સહાયક બને છે.
★ વાયુ કેટલાક પદાર્થોને શુષ્ક બનાવી શકે છે.

આ રીતે વાયુના અનેક ગુણો છે. તેનું પાવિત્ર્ય જાળવવાની મનુષ્યજાતિની ફરજ બને છે. પ્રાચીનકાળમાં વાયુની શુધ્ધિ માટે અનેક ઉપયોગ દર્શાવેલા છે. અગ્નિહોત્ર, યજ્ઞકાર્ય જેવી પ્રક્રિયાઓ કે ધૂપ કરવા જેવી સામાન્ય બાબતોથી વાયુની શુધ્ધિ જાળવી શકાય છે. વર્તમાન સમયમાં આ માટે મનુષ્યજાતિએ જાગૃત થવું પડશે. જે વખતે પર્યાવરણમાં પરિશુધ્ધ વાયુ વહેતો હતો, ત્યારે પણ ચિંતકોએ તેની શુધ્ધિની ચિંતા સેવી છે, તો વર્તમાનકાળમાં જે વાયુપ્રદૂષણો ઉત્પન્ન થયાં છે. તેને શુધ્ધ કરવા વિશેષ પ્રયત્નો કરવા પડશે. આ અંગે આગળ વિગતે વર્ણન કરવા નિરધાર્યું છે.

❋ ❋ ❋ ❋ ❋ ❋

# પ્રકરણ – ૫



# આકાશતત્વ

## પ્રકરણ : ૫

### -: આકાશતત્ત્વ :-

સજીવોને શ્વાસોચ્છ્વાસ કરવાની કેટલી આવશ્યકતા છે તે માટે કંઈ કહેવાની ભાગ્યે જ જરૂર પડે. કેમ કે જીવન અને શ્વાસ લેવા વચ્ચે અવિચ્છિન્ન સંબંધ છે. શ્વાસ અને ઉચ્છ્વાસને મૂળભૂત રીતે વાયુ સાથે સંબંધ છે. પરંતુ વાયુને રહેવા, વિચરવા માટે અવકાશની જરૂર કહે છે તે પણ એક સ્વીકૃત સત્ય છે. બે સપાટીની વચ્ચે ભીંસાયેલ પ્રાણીને શ્વાસોચ્છ્વાસ કરવાનો અવકાશ ન રહે તો તેનું જીવન ન ટકી શકે. અવકાશ એ આકાશતત્ત્વ સાથે જોડાયેલી સંકલ્પના છે. આકાશ એ પંચમહાભૂતો પૈકીનું એક તત્ત્વ છે.

આકાશતત્ત્વ માટે વેદોમાં અંતરિક્ષ શબ્દ વિશેષ વપરાયેલ છે. આકાશ અનંત છે તેમ માનવામાં આવે છે. આકાશની સીમાઓ નિશ્ચિત નથી થઈ શકતી. આ સત્ય ભારતના પ્રાચીન ઋષિઓએ આંતરદર્શન દ્વારા પ્રાપ્ત કર્યું હતું. વર્તમાનયુગમાં અનેક યંત્ર સામગ્રી ધરાવતાં વિજ્ઞાને પણ આ સત્ય સ્વીકાર્યું છે. આકાશના વ્યાપક વિસ્તાર માટે બ્રહ્માંડ શબ્દ વપરાય છે. આ બ્રહ્માંડ અનંત છે, અસીમ છે તેમ અખંડ પણ છે. તેના વિભાગો – ખંડો પાડી શકાતા નથી. સજીવ જીવ સૃષ્ટિના નિવાસ પૃથ્વી અને આકાશ વચ્ચે હજારો કિલો મિટરનું અંતર છે, એવી કલ્પના થાય છે, પરંતુ તે કેટલું દૂર છે, કેટલું ઊંચું છે તે હજુ સુધી સંપૂર્ણ રીતે માપી શકાયું નથી. આમ આકાશ–બ્રહ્માંડ એક અમાપ એવું તત્ત્વ છે. આકાશ અનંત, અખંડ, અસીમ, અમાપ અને વ્યાપક તત્ત્વ છે. આકાશ પ્રલયકાળે પણ હોય છે અને પ્રલય થતાં તે મહત્તત્ત્વમાં વિલીન થઈ જાય છે તેવું દર્શન પ્રાચીન ભારતીય દાર્શનિકોએ કર્યું છે. સૃષ્ટિના

પ્રારંભમાં જલતત્ત્વની સાથે જ આકાજ્ઞશતત્ત્વ ઉત્પન્ન થાય છે તેવું ઋષિઓનું દર્શન છે. વર્તમાન વિજ્ઞાન સૃષ્ટિનો પ્રારંભ આકાશમાં થયેલ એક મહાવિસ્ફોટ દ્વારા થાય છે તેમ કહે છે. પ્રાચીન ભારતીય દર્શન પણ વિરાટ પુરુષની ઉત્પત્તિ પછી આકાશમાં થતા મહાશબ્દનો ઉલ્લેખ કરે છે. આ રીતે સૃષ્ટિ રચનામાં આકાશતત્ત્વ પણ પ્રારંભિક યોગદાન આપે છે.

જેવી રચના બ્રહ્માંડમાં છે તેવી જ રચના સૃષ્ટિના સજીવોમાં પણ હોય છે. તેથી યથા પિંડે તથા બ્રહ્માડે એવું કહેવાયું છે. જેમ બ્રહ્માંડમાં વ્યાપક અવકાશ છે તેમ સજીવની દેહરચનામાં પણ સર્જનહારે અવકાશો રાખેલા છે. સજીવને જીવંત રાખનાર હૃદય નામનાં અંગની આસપાસ જરૂરી અવકાશ છે. શ્વાસોચ્છવાસ માટે ફેફસાંઓમાં આવશ્યક અવકાશ આપેલો છે. અન્નગ્રહણ, અન્નપાચન અને અન્નના અનાવશ્યક પદાર્થને મલસ્વરૂપે નિઃસરણ કરવા માટે પણ અવકાશ રહેલો છે. વાયુતત્ત્વની સહાયથી સજીવનાં જીવનને ટકાવી રાખનારી પ્રક્રિયા માટે દેહના વિવિધ અવયવોમાં જરૂરી અવકાશ અપાયેલ છે.

સામાન્ય સંજોગોમાં મનુષ્યના નિવાસની રચના તેનાં સ્વાસ્થય માટે વિચારવામાં આવે છે. વિશાળ તંદુરસ્ત હોઈ શકે છે, જયારે ગંદી, ગીચ વસાહતમાં વસનારી પ્રજા પૂરતા અવકાશને અભાવે રોગના ભોગ બની શકે છે. ગામડાઓમાં પ્રાકૃતિક રીતે ખુલ્લાં વાતાવરણમાં રહેતી પ્રજા શહેરની ગીચ વસ્તીમાં વસનાર પ્રજા કરતાં વધું તંદુરસ્ત હોઈ શકે છે. આ રીતે આકાશતત્ત્વ એ મનુષ્ય અને તમામ સજીવો માટે અત્યંત જરૂરી એવું તત્ત્વ છે.

આકાશ વ્યાપક છે. સૃષ્ટિના તમામ સચરાચર પદાર્થો અવકાશ કે આકાશમાં ઊભા છે. બેઠા છે, સૂતા છે, હાલે છે, ચાલે છે, ચેષ્ટા કરે છે. પદાર્થ આકાશથી પરિવૃત્ત થયેલા હોય છે. વેદ, શાસ્ત્ર, પુરાણોમાં આકાશને ખ, વ્યોમ, ગગન, અવકાશ, જેવાં વિવિધ નામે વ્યકત કરવામાં આવેલ છે.

વામન અવતારમાં પૃથ્વીને ત્રણ પગલામાં માપતી વખતે આકાશ વામનના વિરાટ સ્વરૂપની "જંઘાઓમાં સમાઈ ગયું." (सक्थिदेशे स्थितावृभौ) એવું નિરુપણ થયેલું છે. ભારતીય દર્શન શાસ્ત્રમાં આત્માનું પરમાત્મામાં લય થવાની પ્રક્રિયા સમજાવવા ઘટાકાશનું ઉદાહરણ આપવામાં આવે છે. ઘટ ઘડામાં રહેલું આકાશ ઘડો ફૂટી જતાં જેમ મહદાકાશમાં લય પામે છે તેમ શરીર રૂપી ઘટમાંથી નીકળેલો આત્મા પરમાત્મામાં – પરમતત્ત્વમાં મળી જાય છે. આ રીતે આકાશને પરમતત્ત્વ સાથે સરખાવવામાં આવ્યું છે.

વેદો આકાશ અને સૂર્યાદિગ્રહો તેમજ પૃથ્વી અને પૃથ્વીને સંલગ્ન પર્વતો વગેરેની સ્થિરતા માટે આકાશ સાથે સૂર્યને પણ જોડે છે. ઋગ્વેદમાં કણ્વઋષિનો મંત્ર છે કે–

यस्ते शृंगवृषो तपाप्रणपात्कृंडपाप्य: नयस्मिंद्रद्म आमन:

"પરમાત્મા દ્વારા રચેલ સૂર્ય મહાન છે. તેમાં તત્ત્વજ્ઞાનીઓનું મન આનંદ પામે છે. તેઓ આશ્ચર્યથી જુએ છે. કેમ કે તે આ નિરાધાર આકાશમાં સ્થાપિત હોવા છતાં પતન પામતો નથી અને અન્ય ગ્રહોને પણ પતન પામવા દેતો નથી."[૧]

આ મંત્રમાં આકાશ વ્યાપક છે તેમ સ્પષ્ટ થાય છે. અને સૂર્ય જેવા ગ્રહો આધાર

(૧) ऋ. ८-१८-१३

વગરના હોવા છતાં કોઈ અગમ્ય બંધનથી આકાશમાં બંધાયેલા રહે છે. એમ અહીં આકાશની સર્વોપરિતા સિધ્ધ થાય છે. યજુર્વેદના એક શાંતિમંત્રમાં –

पृथ्वी सामन्घा सारसास्तथापः स्पर्शश्च वायुर्ज्वलनं सतेजा।
नभः साशब्दं महता सादैव यच्छन्तु सर्वे मम सुप्रभातम्।

"અંતરિક્ષ – આકાશમાં શાંતિ થાઓ." (अन्तरिक्षं शांतिः – यजु. ३६–१७) એમ કહેવામાં આવ્યું છે.  વામનપુરાણમાં જુદાં જુદાં તત્ત્વોની સ્તુતિ કરતાં ઋષિઓ આકાશને સશબ્દ કહે છે.(૧)

સૃષ્ટીના પાંચે તત્ત્વોના ગુણ આ શ્લોકમાં દર્શાવેલ છે તેમાં આકાશતત્ત્વનો ગુણ શબ્દ છે. તેમ સ્પષ્ટ થાય છે. આ બાબત વરાહ પુરાણમાં દેવતાઓ દ્વારા શિવની સ્તુતિ કરવામાં આવે છે. તેમાં "આકાશમાં આપ ધ્વનિરૂપે લીન રહો છો." (वराह. अ. २५) એમ કહેવાયું છે. આ રીતે આકાશતત્ત્વ શબ્દ સાથે સંલગ્ન છે તેમ સ્પષ્ટ થાય છે.

શ્રીમદ્ ભાગવતમાં શબ્દનાં લક્ષણો નિરુપતાં જણાવ્યું છે કે –

अर्थाश्रयत्वं शब्दस्य द्रष्टुर्लिंगत्वमेव च।
तन्मात्रत्वं नभसो लक्षणं कवयो विदुः॥

"શબ્દનો અર્થ પ્રકાશ કરાવવો અદ્રશ્ય રહેલ વકતવ્યનું જ્ઞાન કરાવવું. અને આકાશનું સૂક્ષ્મરૂપ હોવું તે વિદ્વાનોના મતે શબ્દનાં લક્ષણ છે."(૨)

---

*(૧) વામન. ૧૪–૨૬*

*(૨) ભાગ. ૩–૨૬–૩૩*

भूतानां छिद्रदातृत्वं बहिरन्तरमेव च ।
प्राणेन्द्रियात्मधिष्णत्वं नभसो वृतिलक्षणम् ॥

આગળ ચાલતાં આકાશનાં લક્ષણો દર્શાવતાં કહે છે."પ્રાણીઓને અવકાશ દેવો, બધાની અંદર અને બહાર રહેવું તથા પ્રાણ, ઈન્દ્રિય અને મનનું આશ્રયરૂપ હોવું તે આકાશનાં કાર્ય છે."[૧]

આ આકાશની તન્માત્રા શબ્દ છે. આ જ વિગત શંકરે નરનારાયણની ભાગવતમાં જે સ્તુતિ કરી છે.

તેમાં આ રીતે કરી છે. –

अर्थलिंगाय नभसे नमोऽन्तर्बहिरात्मनः ।

" આપ જ આપના ગુણ શબ્દ દ્વારા સમસ્ત પદાર્થોનું જ્ઞાન કરાવનાર તથા અંદર – બહારના ભેદ કરનાર આકાશ છો."[૨]

શબ્દ જેમ તન્માત્રારૂપે આકાશમાં રહેલું છે તેમ પ્રાણીમાત્ર માટે આકાશ શ્વાસોચ્છ્વાસ માટે આવશ્યક છે. ઈશ્વરનાં શાસનની વાત કરતાં ભાગવતકાર કહે છે–

नभो ददाति श्वसतां पदं यन्नियमाददः ।

"(તેનાં શાસનથી) આ આકાશ જીવિત પ્રાણીઓના શ્વાસોચ્છ્વાસ માટે અવકાશ આપે છે."[૩]

*(૧) ભાગ. ૩-૨૬-૩૪*
*(૨) ભાગ. ૪-૨૪-૪૦*
*(૩) ભાગ. ૩-૨૯-૪૩*

શબ્દ અને શ્વાસ-પ્રશ્વાસએ આકાશની વૃત્તિ – લક્ષણ છે. વસુદેવજી કૃષ્ણની સ્તુતિ કરતાં ઈશ્વરને શબ્દરૂપે આ પ્રમાણે વર્ણવે છે."

दिशां त्वमवकाशोऽसि दिशः खं स्फोट आश्रयः ।

દિશાઓ અને તેના અવકાશ તેમ જ આકાશ અને તેના આશ્રયભૂત સ્ફોટ – શબ્દ તન્માત્રા તમે જ છો.[૧]

અહીં સૃષ્ટિનો પ્રારંભ મહાવિસ્ફોટ દ્વારા થયેલા શબ્દથી થયો છે. તેમ વર્તમાન ખગોળીય વિજ્ઞાન માને છે. તેને આનાથી પુષ્ટિ મળે છે.

આકાશનાં કાર્યો અંગે વિષ્ણુપુરાણમાં બ્રહ્માજી પાસે રેવતના પુત્ર રૈવત કુકુદ્મી પોતાની પુત્રી રેવતી માટે યોગ્ય વર શોધવા જાય છે. ત્યારે બ્રહ્માજી પરમાત્માએ રચેલી સૃષ્ટિનાં તત્ત્વો વિષે વર્ણન કરતાં આકાશ માટે કહે છે –

करोति चेष्टा श्वसनस्वरूपी लोकस्य तृप्तिं च जलान्नरूपी ।
ददाति विश्वस्थितिसंस्थितस्तु सर्वावकाशं च नभस्वरूपी ॥

'જે શ્વાસોચ્છ્વાસ રૂપે જીવોને ચેષ્ટા કરાવે છે, જલ અને અન્ન રૂપે લોકોની તૃપ્તિ કરે છે અને વિશ્વની સ્થિતિમાં સંલગ્ન રહી આકાશ રૂપે બધાને અવકાશ દે છે.'[૨]

વરાહપુરાણમાં દેવતાઓ જયારે ગૌરીનું દર્શન કરે છે ત્યારે શંકર ભગવાનને પૂછે છે – "આ આકાશનું સ્વરૂપ કેમ દેખાતું નથી? પૃથ્વી, જલ, તેજ અને વાયુની મૂર્તિ

*(૧) भाग. १०-८५-९*
*(૨) विष्णु. ४-१-८८*

તો જોવા મળે છે, પણ આકાશની મૂર્તિ કેમ જોવા મળતી નથી?" આ પ્રશ્નમાં પૃથ્વી, જલ અને તેજઅગ્નિ અને સૂર્ય રૂપે – મૂર્તિમંત જોવા મળે છે,

તે સમજાય છે, પણ વાયુની મૂર્તિ અંગે સંશય રહે છે. જો કે પ્રાણીની ચેષ્ટા, શ્વસનક્રિયા વગેરેને વાયુની મૂર્તિ તરીકે સ્વીકારી શકાય. પરંતુ આકાશનું કોઈ મૂર્ત સ્વરૂપ નથી તે નિર્વિવાદ છે. દેવતાઓના આ પ્રશ્નના ઉત્તરમાં શંકર કહે છે – "ઘણા સમય પહેલાં બ્રહ્માજી એ કહેલું કે શરીરધારીની જ મૂર્તિ હોય છે. આકાશ શરીરધારી ન હોવાથી તેની મૂર્તિ અસંભવ છે." (वराह. अ. २३) આકાશ વ્યાપક છે ખરું, પણ તેનો કોઈ આકાર નથી. જે સ્થળે રિકતતા હોય ત્યાં આકાશ હોય જ છે વ્યાપક પૃથ્વીના ખાલી સ્થળો, નાનાં કે મોટાં ગૃહોની રિકત જગ્યા, કે નાનાં–મોટાં પાત્રોનાં ખાલીપણામાં આકાશ વિદ્યમાન હોય છે. ભારતીય દર્શનશાસ્ત્રમાં આને માટે ઘટાકાશ અને મહાકાશ શબ્દો વપરાયેલા જોવા મળે છે.

આકાશ શી રીતે ઉત્પન્ન થયું તે વિષે વિષ્ણુપુરાણમાં સ્પષ્ટતા કરતાં કહેવાયું છે કે –

भूतादिस्तु विकुर्वाणः शब्दतन्मात्रकं ततः ।
ससर्ज शब्दतन्मात्रादाकाशं शब्दलक्षणम् ॥
शब्दमात्रं तथाकाशं भूतादिः स समावृणोत् ।
आकाशस्तु विकुर्वाणः स्पर्शमात्रं ससर्ज ह ॥

"ભૂતાદિ તામસ અહંકારે વિકૃત થઈને શબ્દ તન્માત્રા અને તેનાથી શબ્દગુણ વાળાં આકાશની રચના કરી. એ ભૂતાદિ તામસ અહંકારે શબ્દ તન્માત્રા રૂપે આકાશને વ્યાપ્ત કર્યું. પછી આકાશને વિકૃત કરી સ્પર્શ તન્માત્રાની રચના કરી."[૧]

*(૧) विष्णु १-२-३७/३८*

શ્રીમદ્ ભાગવત આકાશનું સ્વરુપ અને લક્ષણ કૃષ્ણ દ્વારા વ્યકત કરે છે. બદરીકાશ્રમમાં ઉધ્ધવજીને તત્ત્વજ્ઞાન સમજાવતાં કૃષ્ણ કહે છે –

अन्तर्हितस्व स्थिरजंगमेषु ब्रह्मात्वभावेन समन्वयेन ।
व्याप्त्याव्यवच्छेद मसांगमात्मनो मुनिर्नभस्त्वं विततस्य भावयेत् ॥

"જેટલા સ્થાવર – જંગમ પદાર્થ છે તે ભિન્ન – ભિન્ન દેખાતા હોવા છતાં વાસ્તવમાં આકાશ એક જ અને અપરિછિન્ન (અખંડ) જ છે"(૧)

तेजोऽवन्नमयैर्भावैर्मेघा द्यौर्वायुनेरितैः ।
न स्पृश्यते नभस्तद्वत् कालसृष्टैर्गुणैः पुमान् ॥

આકાશની લાક્ષણિકતા દર્શાવતાં કૃષ્ણ ઉધ્ધવને કહે છે – "અગ્નિ પ્રજ્વળે, અન્ન ઉત્પન્ન થાય, અને નાશ થાય, વાયુ દ્વારા વાદળો આવે – જાય, તેમ છતાં આકાશ અસ્પૃશ્ય જ રહે છે. આકાશની દ્રષ્ટિએ એવું કાંઈ છે જ નહિં."(૨)

આ વિધાન એવું સ્પષ્ટ કરે છે કે આકાશ અલિપ્ત છે. તેના સિવાયના અન્ય તત્ત્વો પોતાનાં, રૂપ, રંગ, લક્ષણો, આકાર વગેરે બદલે છે, પરંતુ આકાશ તો જે સ્થિતિમાં ઉત્પન્ન થયું છે તે જ સ્થિતિમાં રહે છે, તેમાં કોઈ વિકાર થતો નથી. આકાશમાં ઉત્પન્ન થતા વાયુઓ કયારેક સૌમ્ય તો કયારેક રૌદ્ર બને પણ તેથી આકાશને કોઈ અસર થતી નથી. વાયુનું સ્વરુપ બદલતાં આકાશ યથાવત્ જ દષ્ટિગોચર થાય છે. જલને સૂર્ય દ્વારા ઉપર ખેંચવાથી વાદળો બંધાય છે તેમાં પણ વિવિધ સ્વરુપો થતાં જોવા મળે છે, પરંતુ તેના વરસી જવા પછી આકાશ તેનાં મૂળ સ્વરુપે જ જોવા મળે છે અને પૃથ્વી પર થતાં

*(૧) ભાગ. ૧૧-૭-૪૨*
*(૨) ભાગ. ૧૧-૭-૪૩*

અન્ન, વનસ્પતિ વગેરેના થતા વિકારો પણ આકાશને સ્પર્શતા નથી. આકાશ સ્વયંમાં એક અખંડ સ્વરુપ છે. સૃષ્ટિની કોઈપણ દિશા, કોઈપણ કોણથી આકાશનું દર્શન એક સરખું જ હોય છે. શબ્દએ આકાશનું મૂળભૂત લક્ષણ હોવાથી તે શબ્દ વિવિધ સ્વરૂપે સંભળાય છે. કયારેક સૌમ્ય, કયારેક રૌદ્ર અને કયારેક સુખદુઃખાદિ આપનાર શબ્દો ઉત્પન્ન થાય છે.

વરાહપુરાણ સૃષ્ટિનાં મૂળતત્ત્વો અંગે નિરુપતાં એક વિશિષ્ટ વાત નોંધે છે – "પૃથ્વીમાં

क्षितौ भवान् पंचगुणस्तथा जले चतुः स्त्री विधोऽथ तेजसि ।
द्विधाऽथ वायो वियति प्रतिष्ठितो भवान् हरिः शब्दचरः पुमानसि ॥

(શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) એવા પાંચ પ્રકારે, જલમાં (શબ્દ, સ્પર્શ, રુપ અને રસ એવા) ચાર પ્રકારે, અગ્નિમાં (શબ્દ, સ્પર્શ અને રુપ એવા) ત્રણ પ્રકારે, વાયુમાં (શબ્દ અને સ્પર્શ એવા) બે પ્રકારે અને આકાશમાં માત્ર શબ્દરુપે રહેનાર પરમાત્મા છે." (૧) આનાથી એક બાબત સ્પષ્ટ થાય છે કે પંચમહાભૂતોમાં ક્રમશ : એક એક તન્માત્રા ઘટતી જાય છે. આકાશમાં માત્ર એક જ તન્માત્રા શબ્દ રહે છે. શબ્દ તન્માત્રા આકાશ સિવાયનાં બાકીનાં ચાર પૃથ્વી, જલ, વાયુ અને તેજમાં હોય છે. તેથી શબ્દ એ વ્યાપક તન્માત્રા છે, જે આકાશનો ગુણ છે.

સૃષ્ટિ ઉપર વિચરતાં પ્રાણીઓનો બાહ્ય સ્વરુપે અવકાશ આપી શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયાને સહજ બનાવવાનું કાર્ય આકાશતત્ત્વ દ્વારા થાય છે, તે જ રીતે પ્રાણીની આંતરિક પ્રક્રિયાને પણ આકાશતત્ત્વ સહાયરૂપ બને છે. પ્રાણીના હૃદયને સ્પંદિત રાખનાર વાયુ માટે યોગ્ય અવકાશ આપવાનું કાર્ય આ તત્ત્વ કરે જ છે. તે ઉપરાંત તેની શારીરિક ક્ષમતા ટકાવી રાખનાર ચયાપચયની ક્રિયામાં પણ આકાશ તત્ત્વ ઉપયોગી થાય છે. આરોગ્યશાસ્ત્રમાં કહેવાયું છે કે –

---

*(૧) वराह १२-६/७*

द्वौ भागौ पूरयेदन्नैस्तृतीयं तु जलेन च।
वायु संचरणार्थाय चतुर्थभवशेषयेत्।

મનુષ્યે પોતાનાં "જઠરના બે ભાગમાં ખાદ્ય પદાર્થ, એક ભાગમાં જલીય પદાર્થ અને એક ભાગ વાયુને ફરવા માટે રિક્ત – અવકાશ યુકત રાખવો જોઈએ, જેથી ચયાપચયની ક્રિયા બરાબર થાય અને શરીરને પુષ્ટિ મળે. જૈનધર્મમાં આ ક્રિયાને ઉણોદરી કહે છે. આ અંગે આર્યુવેદનો એક શ્લોક નોંધનીય છે.[૧]

પેટના બે ભાગ અન્ન વડે પુરવા ત્રીજો ભાગ પાણી વડે પુરવો અને ચોથા ભાગ પવનની ગતિ માટે ખાલી રહેવા દેવો. વિષ્ણુપુરાણમાં આ પ્રક્રિયા અંગે નિરૂપ્યું છે કે –

अग्निराप्याययेद्यातुं पार्थिवं पवनेरिनः।
दत्तावकाश नभसा जरयस्वस्तु मे सुखम्॥

"(પ્રાણવાયુ) પવનથી પ્રજવલિત થયેલો જઠરાગ્નિ, આકાશ દ્વારા અવકાશયુકત અન્નને પકાવે અને તેનાથી શરીરની પાર્થિવ ધાતુઓને પુષ્ટ કરે જેથી મને સુખ પ્રાપ્ત થાય."[૨]

આ રીતે પ્રાણીને માત્ર બાહ્ય રીતે જ નહીં, પરંતુ આંતરીક રીતે પણ આકાશતત્ત્વ સહાયરૂપ બને છે.

આકાશ અનંત છે અને અત્યંત વ્યાપ્ત છે. તેને માટે પુરાણોએ એવી પણ કલ્પના કરી છે કે તે એક સમુદ્ર જેવું છે અને તેમાંથી જુદી જુદી બાબતો ઉત્પન્ન થાય છે. જેમ કે–

*(૧) विष्णु. ૩– ૧૧– ૯૧*
*(૨) विष्णु. ૩– ૧૧– ૯૨*

पादे भूमिस्तथा जंघ्ने नभ-स्त्रै लोक्य वन्दितम् ।।

વામન પુરાણમાં વિરાટ સ્વરૂપે વામન ભગવાન પોતાનું દાન લે છે તેમાં બીજાં પગલે[૧]

भुवं सन्तक त्रिदशा द्यिवासं सोमार्क ऋक्षेरभिमंडिलं नमः ।।

"પગમાં ભૂમિ, જંઘાઓમાં ત્રણે લોકમાં સત્કાર પામેલ આકાશને માપી લીધા"[૨]

तपस्वरतु पृथिवीं प्रचेतःसु महीरुहा ।
अरक्ष्यमाणामाववृ बभूवाथ प्रजाक्षय : ।।
नाशकन्मरुतो वातुं वृतं स्वमभवदेद्रुमैः ।।

એ પગલાંઓમાં વામન ભગવાને "દેવતાઓનું પ્રિય કરવાની ઈચ્છાવાળા વામન ભગવાને બીજા પગથી તરત જ દેવનિવાસ, સ્વર્ગ સાથે ભૂવર્લોક, ચંદ્ર, સૂર્ય, તારાથી મંડિત આકાશને પણ માપી લીધું."[૩]

આ રીતે આકાશમાં સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર, તારા વગેરેની એક આખી સૃષ્ટિ ઉત્પન્ન થયેલી છે. વરાહપુરાણ આ અંગે કહે છે. – "આકાશ સમુદ્રમાંથી આકાશગંગાનો ઉદ્‌ભવ થયો છે. (वराह.अ.८२) આધુનિક માન્યતા પ્રમાણે આકાશગંગા એક તારાવિશ્વ છે અને તેની નિહારિકા છે પ્રાચીન માન્યતા મુજબ તે ઈશ્વરનું આકાશમાં કરેલું અદ્‌ભુત સર્જન છે. તે આકાશની ગંગા છે.

---

*(૧) વામન. ૯૧-૧૯*
*(૨) વામન. ૭૮-૮૪*
*(૩) विष्णु.१-१५-१/२*

પૃથ્વીની સારસંભાળ લેવામા ન આવે તો તેની દુર્દશા થાય છે તે સર્વવિદિત છે.

અવાવરૂ – જેનો ઉપયોગ કે રક્ષણ ન થતું હોય તેવી પૃથ્વી પર વનસ્પતિ પોતાનું સામ્રાજય ફેલાવે છે. આવી વનસ્પતિઓમાં કેટલીક એટલી વિશાલકાય હોય છે કે તે આકાશને પણ આચ્છાદિત કરી દે છે. વિષ્ણુપુરાણમાં પ્રચેતાઓએ રાજય સ્વીકારવાનું છોડીને તપશ્ચર્યા આદરી ત્યારે આવી પરિસ્થિતિ થયેલી તેનું નિરુપણ છે. તેમાં કહેવાયું છે કે "પ્રચેતાઓના તપમાં લીન રહેવાથી, કોઈપણ પ્રકારની રક્ષા ન થવાથી પૃથ્વી વૃક્ષોથી ઢંકાઈ ગઈ. પ્રજા મોટે ભાગે નષ્ટ થઈ ગઈ. આકાશ વૃક્ષોથી ભરાઈ ગયું" એનો અર્થ એવો કરી શકાય કે વૃક્ષોનું બાહુલ્ય થવાથી આકાશમાંથી આવનારાં સૂર્યકિરણો પૃથ્વી સુધી ન પહોંચે અને એમ થતાં પૃથ્વીની ફળદ્રુપતા, તેની સમૃધ્ધિ નાશ પામે, પરિણામે પ્રજા પણ નાશ પામે. આ બાબતનું અર્થઘટન કરીએ તો વનસ્પતિનું સંવર્ધન અને સંરક્ષણ જેટલું આવશ્યક છે તેટલું જ તેની યોગ્ય રીતે કાંટછાંટ કરી વનસ્પતિને પૂરતો પ્રકાશ, વાયુ અને વર્ષા મળી રહે તેવો પ્રબંધ પણ કરવો જરૂરી છે.

આકાશ સૃષ્ટિના પ્રારંભે ઉદ્ભવે છે. શબ્દ–તન્માત્રા દ્વારા તેનું અસ્તિત્વ જણાય છે. જયારે સૃષ્ટિ પ્રલયકાળમાં પ્રવેશે છે ત્યારે આકાશ પણ અન્ય તત્ત્વોની જેમ વિલીન થાય છે. નિત્ય, નૈમિત્તિક, આત્યન્તિક અને પ્રાકૃતિક પ્રલય પૈકી અંતિમ એવો મહાપ્રલય – પ્રાકૃતિક પ્રલય થાય છે, ત્યારે આકાશતત્ત્વનું વિલીનીકરણ ક્રમિક રીતે થવાનું પુરાણોએ નિરુપ્યું છે. શ્રીમદ્ ભાગવતમાં પ્રલયની આ પ્રક્રિયા આ રીતે વર્ણવી છે.–

लीयतेचानिले तेजो वायोः रवं ग्रसाते गुणम् ।
सं वै विशति खं राजंततस्व नभसो गुणम् ॥

"પછી આકાશ વાયુના ગુણ સ્પર્શને પોતાનામાં લીન કરી દે છે અને વાયુ સ્પર્શહીન થઈ આકાશમાં શાંત થઈ જાય છે."(૧)

(૧) भाग १२-४-१६

વાયુને આકાશતત્ત્વમાં મળી જતો દર્શાવેલ છે અને તેની તન્માત્રા સ્પર્શને પણ આકાશતત્ત્વમાં લીન કરી દે છે. વિષ્ણુપુરાણ પ્રલયની આ પ્રક્રિયાને વિગતપૂર્ણ રીતે વર્ણવે છે. વિષ્ણુપુરાણ નિરુપે છે કે–

वायोरपि गुणं स्पर्शमाकाशो ग्रसते ततः ।
प्रशाम्यति ततो वायु : खं तु तिष्ठत्यनावृतम् ॥
अरुपरसमस्पर्शमगन्ध्यं न च मूर्तिमत् ।
सर्वमापूरयच्चैव सुमहत्तत्प्रकाशते ॥
परिमंडलं च सुषिरमाकाशं शब्दलक्षणम् ।
शब्दमात्रं तदाकाशं सर्वमावृत्य तिष्ठति ॥

"તે પછી વાયુના ગુણ સ્પર્શને આકાશ લીન કરી લે છે. ત્યારે વાયુ શાંત થઈ જાય છે અને આકાશ આવરણ હીન થઈ જાય છે. એ સમયે રુપ, રસ, ગંધ, સ્પર્શ તથા આકાર રહિત અત્યંત મહાન આકાશ જ સર્વને વ્યાપીને પ્રકાશિત બને છે. એ સમયે ચારે તરફથી વર્તુળાકાર, છિદ્રસ્વરુપ શબ્દ લક્ષણ આકાશ જ બાકી રહે છે અને તે શબ્દમાત્ર આકાશ સર્વેને આચ્છાદિત કરી દે છે."(૧)

આ રીતે એક પછી એક તત્ત્વ એકબીજામાં લીન થતાં જાય છે અને અંતે મહદાકાશ તેનાં સ્વરૂપે અવશિષ્ટ રહે છે. આ રીતે પ્રલય થાય એ દર્શન કરવા કોઈ સજીવ

કે નિર્જીવ પ્રાણી અસ્તિત્વમાં ન જ હોઈ શકે. પરંતુ ઋષિ, મુનિ, વિદ્વાન, ચિંતક અને પુરાણકારો કહે છે અને જયારે આકાશતત્ત્વ પણ વિલીન થઈ જાય છે ત્યારે મહાશૂન્યની અવસ્થા આવે છે અને ભારતીય દાર્શનિક માન્યતા મુજબ નારાયણ જલમાં શયન કરી જાય છે.

* * * * * *

(૧) *ભાગ ૧૨-૪-૧૭*

# પ્રકરણ – ૬

# પૃથ્વીતત્વ



## પ્રકરણ : ૬

## -: પૃથ્વીતત્ત્વ :-

સર્જનહારે સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો વિચાર કર્યો તે પહેલાં સૃષ્ટિમાં વિચરનારા સ્થાવર–જંગમ, સજીવ–નિર્જીવ પદાર્થોને રહેવા માટેનું સ્થાન બનાવ્યું. પુરાણોમાં તેને માટે એવી કલ્પના કરવામાં આવી છે કે સૃષ્ટિનાં આદિતત્ત્વ જલમાં પરપોટા થયા, પરપોટામાં કાદવ થયો, કાદવ કઠિન સ્વરૂપ પામતાં તેમાંથી પૃથ્વીતત્ત્વ એટલે કે નકકર ભૂમિ રચાઈ. આ ભૂમિ તે સૃષ્ટિનાં તમામ નિવાસીઓ માટેનું તેમને સ્થિર ટકાવનારું આશ્રયસ્થાન બન્યું. આ રીતે સૃષ્ટિનાં પંચ મહાભૂતમાંનું એક એવું પૃથ્વી તત્ત્વ પ્રકટ થયું.

પૃથ્વીની ઉત્પતિ પછી નારાયણનાં નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલ બ્રહ્માજીએ સૃષ્ટિ રચના કરી. બ્રહ્મા સૃષ્ટિના સર્જક છે. સૃષ્ટિનાં સજીવોનું પાલન કરવાનું વિષ્ણુ ભગવાને સ્વકાર્યું અને તે પૃથ્વીના પાલનકર્તા દેવ થયા. આથી ધર્મશાસ્ત્રમાં પૃથ્વીની સ્તુતિ કરતાં કહેવાયું છે કે –

પૃથ્વિ ત્વચા ધૃતા લોકાઃ દેવિ, ત્વં વિષ્ણુના ધૃતા ।

અર્થાત્ – હે પૃથ્વી, તમે સમસ્ત લોકને ધારણ કરેલ છે અને હે દેવી, તમને ભગવાન વિષ્ણુએ ધારણ કરેલ છે.

પૃથ્વી ઉપર સજીવો, વનસ્પતિઓ અને નિર્જીવ એવાં તત્ત્વો વસે છે. તે વિશાળ કાય પર્વતોને ધારણ કરનારી છે અને સમુદ્ર, સરિતા, સરોવર, તળાવોને વહેવાનો, સ્થિર

થવાનો માર્ગ આપનાર છે. તે વિશાળ વૃક્ષોથી માંડીને સૂક્ષ્મ તૃણ સુધીની વિવિધ વનસ્પતિના આશ્રયરૂપ છે. પોતાના પગ ઉપર ચાલતાં દ્વિપાદ અને ચતુષ્પાદ પ્રાણીઓ, પક્ષીઓ અને સરકતાં સરિસૃપોને ધારણ કરી પોષનાર છે. તે સતત ભ્રમણશીલ હોવા છતાં પોતાના આશ્રયે રહેલાં ઉપર્યુકત તત્ત્વોને પોતાની સાથે જકડી રાખે છે. તે વિવિધ પ્રકારનાં અન્ન અને તૃણ ઉત્પન્ન કરી મનુષ્યો અને તૃણભક્ષી પ્રાણીઓનું પોષણ કરનારી છે. આ રીતે સચરાચર સૃષ્ટિનાં સ્થાવર જંગમ તત્ત્વોને તે પોતાના શરીર ઉપર ધારણ કરી ઉપકારક બને છે.

પૃથ્વીને વિશ્વંભરા, વસુંધરા, ધરિત્રી, જેવાં જુદાં જુદાં નામોથી સંબોધવામાં આવે છે. આ બધા જ શબ્દમાં રહેલા ગુણો પૃથ્વી ધરાવે છે. વિશ્વંભરા એટલે સમગ્ર વિશ્વનું ભરણપોષણ કરનાર, અન્ન, જલ, તૃણ વગેરેથી તે સમગ્ર વિશ્વને પોષે છે તે પોતાની અંદર વિવિધ ધાતુઓ ધરાવે છે. આ ધાતુઓ મેળવી મનુષ્ય તેના દ્વારા ધનપ્રાપ્તિ કરે છે. ધન એટલે વસુ. આવાં વસુને ધારણ કરનાર પૃથ્વી વસુંધરાના નામે પ્રસિદ્ધ છે. સમગ્ર સૃષ્ટિને ધારણ કરતી હોવાથી તે ધરિત્રીના નામે ઓળખાય છે. વિશાળ હોવાને કારણે સામાન્ય રીતે પૃથ્વીના નામે વધારે જાણીતી છે. પૃથુ એટલે ફેલાયેલ. ખૂબ ફેલાયેલ હોવાથી પૃથ્વી. આ રીતે તેના વિવિધ અને અનન્ય ગુણોને કારણે તે ઘણાં ઘણાં સાર્થક નામોથી પ્રસિદ્ધ છે.

જયારે જયારે સૃષ્ટિમાં ઉપદ્રવો વધી જાય છે ત્યારે ત્યારે પૃથ્વી ગાયનું સ્વરૂપ ધારણ કરી બ્રહ્મા, વિષ્ણુ કે શિવની સ્તુતિ કરી, પોતના ઉપર વધેલા પાપના ભારને ઉતારવા વિનંતી કરે છે, તેવું ભારતીય પુરાણોમાં દર્શાવેલ છે.

પૃથ્વી, ભૂમિ માતા સ્વરૂપ છે. તેનાં જતન, રક્ષણ અને વિકાસ કરવા તે તેના પર વસતી મનુષ્યજાતિનું પરમ કર્તવ્ય છે.

અર્થવવેદમાં પૃથ્વી સૂકત છે. તેમાં કહેવામાં આવ્યું છે કે :-

माता भूमिः पुत्रोऽहम् पृथिव्याः

ભૂમિ-પૃથ્વી માતા છે અને હું પૃથ્વીનો પુત્ર છું.(૧)

ભૂમિ-પૃથ્વીના આધાર વગર પ્રાણી સૃષ્ટિનું અસ્તિત્વ સંભવ નથી. અથર્વવેદમાં જ કહેવાયું છે કે -

महत् साद्यस्थं महती बभूविथ महान् वेग हंजथुर्वेपथुष्टे ।

અર્થાત્ "પૃથ્વી જ એકત્ર થવા માટેનું વિશાળ ભવન છે, તેનો વેગ, કંપન અને સંચાલન પણ ખૂબ વિશાળ છે." પ્રાણી ઉપરાંત વૃક્ષાદિ તત્ત્વો પણ પૃથ્વીને આધારે જ રી શકે છે. પૃથ્વી સચરાચર સૃષ્ટિની જન્મદાતા અને નિભાવનારું તત્ત્વ છે. શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહયું છે કે, :-(૨)

भूमिरापोनलो वायुः खं मनोबुद्धिरे व  च ।

अहंकार मे भिन्ना प्रकृतिरष्टधा ॥

અર્થાત્ "ભૂમિ, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુધ્ધિને અહંકાર મારી આઠ

---

*(૧) अथर्व. १२-१-१२*

*(૨) अथर्व. १२-१-१७*

પ્રકૃતિ છે." આમ ઈશ્વરે જે તત્ત્વો પણ રચ્યાં છે. તેમાં ભૂમિ અને પૃથ્વીનો પણ સમાવેશ થાય છે. ભૂમિ ઈશ્વર રચિત છે. પૃથ્વીના ગુણો વર્ણવતાં અથર્વવેદમાં કહયું છે કે, :-

विश्वम्भरा वसुधानी प्रतिष्ठा हिरण्यवक्षा जगतो निवेशनी ।
वैश्वानरं बिभति भूमिरग्निरिंद्र ऋषभा द्रविणो न दधातु ॥

એટલે કે – "(પૃથ્વી) બધાનું ભરણપોષણ કરનારી સંપતિની રક્ષા કરનારી, દૃઢ આધારવાળી, પોતાની છાતીમાં સુવર્ણ રાખનારી, ઈન્દ્રને મુખ્ય માનનારી આ ભૂમિ ધન અને બળથી અમને સુરક્ષિત રાખો"[૧] પૃથ્વી બધાનું ભરણપોષણ કરનારી છે તે સર્વ – સ્વીકૃત બાબત છે. પૃથ્વીનાં અસ્તિત્વને લીધે મનુષ્ય અને પ્રાણી તેમજ વૃક્ષાદિ સૃષ્ટિ પોતાનું જુદી – જુદી રીતે પોષણ મેળવે છે. મનુષ્યો અન્ન, ઓષધી અને જલ પૃથ્વીમાંથી મેળવે છે. પ્રાણીઓ તૃણ વગેરેથી પોતાનું પોષણ કરે છે. વૃક્ષાદિ સૃષ્ટિ પૃથ્વીમાં રસ અને કસ મેળવી પોતાની વૃધ્ધિ કરે છે. પૃથ્વી દૃઢ આધારવાળી હોવાથી પ્રાણીમાત્ર તેમાં વિચરી શકે છે. મનુષ્ય પોતાનાં રક્ષણ અને સુખાકારી માટે નિવાસ સ્થાનો સર્જી શકે છે. અત્રે સુવર્ણ ધાતુઓના પ્રતિનિધિરૂપ દર્શાવેલ છે. પૃથ્વીની અંદર અનેક ધાતુઓ રહેલી છે. મનુષ્યજાતિ તે મેળવી તેના દ્વારા પોતાની રક્ષણ, દ્રવ્ય અને રોજિંદી જરૂરિયાતોની પૂર્તિ કરે છે. લોહ, તાંબું, સુવર્ણ, રૌપ્ય, જેવી ધાતુઓ પ્રાચીનકાળમાં મેળવાતી. વર્તમાન કાળમાં અનેક ધાતુઓ તેમાંથી મેળ વાય છે. આવી ધાતુએ પૃથ્વીનું દ્રવ્ય – વસુ છે. તેથી પૃથ્વીને વસુંધરા કહેવાય છે. વરાહપુરાણમાં મત્સ્ય દ્વાદશીનાં વ્રતમાં મનુષ્યે પૃથ્વી પરથી માટી લઈ એમ કહેવાનું કહ્યું છે કે –

आनीयं मृनिकां शुद्धां मंत्रेणानेन मानवः ।
धारणं पोषणन्त्वतो भूतानां देवि सार्वदा ॥

એટલે કે " હે દેવિ, સમસ્ત પ્રાણીઓનાં ધારણ અને પોષણ તમામ આધાર છે."[૨]

*(૧) અથર્વ. ૧૨-૧-૬*
*(૨) વરાહ ૩૯-૩૫*

આ પૃથ્વી ઈન્દ્રને માનનારી કહેવાય છે, કેમ કે તેનો મુખ્ય આધાર મેઘવર્ષા છે અને તેનો દેવ ઈન્દ્ર છે. ઋષિ પૃથ્વીને ધન અને બળ આપનારી કહે છે.

વરાહપુરાણમાં પૃથ્વીની સ્તુતિ કરતાં કહેવાયું છે કે

देवानां दानवानां च यक्षगंधर्वरक्षसाम् ।
पशूनां वीरुधांचापि त्वमुत्पत्तिर्वरानने ॥

એટલે કે "હે દેવિ, દેવતા, દાનવ, યક્ષ, ગંધર્વ, રાક્ષસ, પશુ, અને વીરુધ (વૃક્ષ-લતા) એ બધાંનો જન્મ તારી કૃપાથી થાય છે."[૧]

પૃથ્વી તત્ત્વની ઉત્પત્તિ વિષે પુરાણોમાં વિવિધ પ્રકારની વિગતો મળે છે. વામનપુરાણ પૃથ્વીની ઉત્પત્તિ અંગે નિરૂપે છે કે –

तेजसा शोषितं शेषं कललत्वमुपागतम्
कलकलाद् बुद्बुदं ज्ञेयं ततः काठिन्यतां गतम् ॥
काठिन्याद् धरणी ज्ञेया भूतानां धारिणी हि सा ॥

અર્થાત્ "તેજ થી જલ શોષાઈ જવાથી બાકીનું જલ/કલલ (કાદવ) બની ગયું. કલલમાં બુદ્બુદ થયા અને પછી તે બુદ્બુદ કઠોર થઈ ગયો. કઠોર થઈ જવાને કારણે તે બુદ્બુદ પ્રાણીઓને ધારણ કરનારી ધરણી બની ગયો." વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે –[૨]

*(૧) વરાહ. ૯૧-૧૨*
*(૨) વામન. ૪૩-૩૩-૩૪*

यदम्बु वैष्णवः कायस्ततो विप्र वसुंधरा ।

पद्माकारा समुद्भूता पर्वताब्ध्यादिसंयुता ॥

એટલે કે – "ભગવાન વિષ્ણુનું જે મૂર્ત સ્વરૂપ જલ છે તેનાથી પર્વત અને સમુદ્રાદિ સહિત કમલ જેવા આકારની પૃથ્વી ઉત્પન્ન થઈ." આ પુરાણમાં પ્રથમ અંશના તેરમા અધ્યાયમાં આ વિગત વધારે સ્પષ્ટ કરેલ છે. તેમાં જણાવ્યું છે કે –[૧]

सैषा धात्री विधात्री च धारिणी पोषणी तथा ।

सार्वस्य तु ततः पृथ्वी विष्णुपादतलोद्भवा ॥

અર્થાત્ – "આ માટે વિષ્ણુ ભગવાનનાં ચરણોમાંથી પ્રકટ થયેલી આ પૃથ્વી જ બધાંને જન્મ દેનારી, બનાવવનારી તથા ધારણ અને પોષણ કરનારી છે."[૨]

વામનપુરાણ પૃથ્વી બનવાની જે પ્રક્રિયા દર્શાવે છે તે તાર્કિક જણાય છે. જલ સૂકાવા લાગતાં જલની અંદર રહેલા મલતત્ત્વનું કાદવમાં રૂપાંતર થાય તે તદ્દન વાસ્તવિક બાબત છે. આ કાદવમાંથી ઉત્પન્ન થયેલ એક વિશાળ બુદ્બુદ (પરપોટો) કાળક્રમે કઠિન અવસ્થાને પામતાં તે નક્કર ભૂમિ રૂપે અસ્તિત્ત્વમાં આવ્યો તેમ તેમાં દર્શાવેલ છે. વિષ્ણુપુરાણ માત્ર પર્વત અને સમુદ્ર સહિત પૃથ્વી અસ્તિત્વમાં આવી તેમ દર્શાવે છે. પરંતુ બન્નેમાં એક બાબત સમાન છે કે પૃથ્વીના ઉદ્ભવને જલની સાથે સબંધ છે. જલ એ પૃથ્વીને વિંટળાયેલું એક તત્ત્વ છે. તેમ વામનપુરાણમાં નિરૂપતાં કહે છે કે –

योजनानां प्रमाणेन पंचशत्कोटिशयता ।

जलोपरि महीयं हि नौरिवास्ते सरिज्जले ॥

અર્થાત્ – આ પૃથ્વી પચાસ કરોડ યોજન વિસ્તારવાળી છે અને તે નદીમાં નાવની જેમ જલ ઉપર સ્થિર રહે છે."[૩]

---

*(૧) विष्णु. २-१२-३७*

*(२) विष्णु. १-१३-९२*

*(3) वामन. ११-३१*

પુરાણનાં કથન મુજબ પૃથ્વીની ફરતે જલનું આવરણ છે. અને પૃથ્વી તેમાં નાવની જેમ તરે છે. આ વિગતને વિષ્ણુપુરાણ પણ આ રીતે પુષ્ટિ આપે છે –

तस्योपरि जलौघस्य महती नौरिव स्थिता ।
विततत्वात्तु देहस्य न मही याति सांप्लवम् ॥
ततः क्षितिं सामां कृत्वा पृथिव्यां सोऽचिनोद्गिरीन् ।
यथाविभागं भगवाननादिपरमेश्वरः ॥

એટલે કે "એ (પૃથ્વી) જલ સમૂહની ઉપર એક ખૂબ જ મોટી નૌકાની જેમ સ્થિત છે. અને ખૂબ વિસ્તૃત આકાર હોવાને લીધે એમાં ડૂબતી નથી. પછી અનાદિ પરમેશ્વરે પૃથ્વીને સમતલ કરી તેના ઉપર સ્થળે પર્વતોના વિભાગ કરીને સ્થાપિત કર્યા."[૧] આ પુરાણ પણ પૃથ્વીને ફરતું જલાવરણ છે તેમ દર્શાવે છે. જલમાં પૃથ્વી નાવની જેમ સ્થિત છે તેમ પણ કહે છે. વધુમાં પૃથ્વી બૃહદકાય હોવાથી જલમાં ડૂબતી નથી. તેવો તર્ક પણ આપે છે. તદુપરાંત પરમેશ્વરે સમતલ કરેલી ભૂમિ પર જુદાં જુદાં સ્થળોએ સ્થાપેલ પર્વતો પણ જાણે પૃથ્વીને જલમાં સ્થિર રાખવામાં સહાયક બને છે તેવું દર્શાવવામાં આવ્યું છે. પૃથ્વીને ફરતા આવેલા સમુદ્રોને કારણે પૃથ્વી જલમાં જ સ્થિત છે તેવી કલ્પના પુરાણકારે કરી હોય તેવું જણાય છે.

બ્રહ્માજીએ સૃષ્ટિ રચનાનો પ્રારંભ કર્યો ત્યારે તેમણે જુદા જુદા સર્ગો રચ્યા તેમ વિષ્ણુપુરાણના પ્રથમ અંશના પાંચમા અધ્યાયમાં નિરૂપ્યું છે. આ રચનામાં છેલ્લે જે સર્ગ રચ્યો તેને વિષ્ણુપુરાણમાં "અર્વાક્સ્ત્રોત સર્ગ" કહયો છે. આ અંગે વિષ્ણુપુરાણમાં દર્શાવ્યું છે કે –

***(१) विष्णु. १-४-४६/४७***

तथाभिध्यायतस्तस्य सत्याभिध्यायिनस्ततः ।
प्रादुर्बभूव चाव्यक्तादर्वाक्स्त्रोतास्तु साधकः ॥
तस्मादर्वाग् व्यवर्त्तन्त ततोऽर्वाक् स्त्रोतस्तु ते ।
ते च प्रकाशबहुलास्वमोद्रिकता रजोधिकाः ॥
तस्माते दुःखबहुला भूयोभूयश्च कारिणः ।
प्रकाशा बहिरत्नश्च मनुष्याः साधकास्तु ते ॥

"સત્ય સંકલ્પ બ્રહ્માજીએ આ પ્રકારે ચિંતન કરવાથી અવ્યકત (પ્રકૃતિ) માંથી પુરુષાર્થના સાધક રૂપ અર્વાક્સ્રોત કહેવાય છે. તેમાં સત્ત્વ, રજ અને તમ ત્રણેની અધિકતા હોય છે, તેથી તે દુઃખ–બહુલ, અત્યંત ક્રિયાશીલ, બાહ્માભ્યંતર જ્ઞાનથી યુકત અને સાધક છે. આ સર્ગનાં પ્રાણી મનુષ્ય છે."[૧]

વિષ્ણુપુરાણ જુદા જુદા સ્રોતના સર્ગ દર્શાવતાં છેલ્લે મનુષ્ય જાતિ માટેના અર્વાક્સ્રોત સર્ગની જે વિગત દર્શાવે છે તેમાં સ્પષ્ટરીતે પૃથ્વી પર વસતાં મનુષ્યનું જ નિરુપણ છે. પૃથ્વી પર ત્રણે ગુણ – સત્ત્વ, રજ, તમનું બાહુલ્ય છે અને પૃથ્વી પર વસતી મનુષ્યજાતિની લાક્ષણિકતાઓ શી શી છે તે પણ દર્શાવેલ છે. પૃથ્વીની ઉત્પત્તિ અંગે વરાહ પુરાણ ક્રમશઃ પૃથ્વી કેવી રીતે ઉદ્ભવી તે દર્શાવે છે. "શબ્દથી આકાશ થયું, આકાશથી વાયુ, વાયુથી તેજ અને તેજથી જલની ઉત્પત્તિ થઈ. તે પછી પ્રાણીઓને પોતાના ઉપર ધારણ કરવા માટે પૃથ્વીની ઉત્પત્તિ થઈ." (વરાહ.અ.૩૯) આ પ્રરાણ પૃથ્વીની ઉત્પર્ત્તિ જલમાંથી થઈ તેમ દર્શાવે છે. વરાહપુરાણમાં પૃથ્વીએ કરેલાં તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ સૃષ્ટિને વરદાન આપતાં કહયું :

---

*(૧) विष्णु. १-५-१६/१७/१८*

जयस्व सात्यसंभूते ध्रुवे देवि वरे क्षमे ।
सर्वगे सर्वजननी सर्वभूत महेश्वरि ॥
सर्वज्ञा त्वं वरारोहे सर्वसिद्धि - प्रदायिनी ।
सिद्धिबुद्धि करे देवि प्रसूतिः परमेश्वरी ॥

અર્થાત્ હે દેવિ, તું સત્યસ્વરૂપા, હંમેશા અચલ રહેનાર, બધાને આશ્રય આપનાર, અવિનાશી, સર્વવ્યતપી, બધાંને જન્મ આપનાર, બધાં જ પ્રાણીઓ પર શાસન કરવામાં પરમ સમર્થ, સર્વજ્ઞા, સિધ્ધિબુધ્ધિ સ્વરૂપા તથા સર્વ સિધ્ધિ પ્રદાન કરનારો થાઓ.[(૧)]

બ્રહ્માએ પૃથ્વીનાં તમામ લક્ષણો દર્શાવી દીધાં છે. પૃથ્વી અચલ છે. પૃથ્વી સતત ફરતી હોવા છતાં તેનાં અચલત્વને કારણે સૃષ્ટિ ટકી રહે છે. તે બધાંને જન્મ આપનારી અને બધાં પર શાસન કરનારી છે તે પણ નિર્વિવાદ છે. આમ પૃથ્વી - સૃષ્ટિ શત લક્ષણા છે. પૃથ્વીનાં લક્ષણો ભાગવતપુરાણમાં આ રીતે નિરૂપવામાં આવ્યાં છે. -

भावनं ब्रह्मणः स्थानं धारणं साद्विशेषणम् ।
सर्वसत्वगुणोद्भेदः पृथिवीवृत्तिलक्षणम् ॥

અર્થાત્ - ''પ્રતિમા વગેરે રૂપ દ્વારા બ્રહ્મની સાકાર ભાવનાના આશ્રયરૂપ હોવું, જલ વગેરે કારણ તત્ત્વોથી ભિન્ન કોઈ બીજા આશ્રયની અપેક્ષા વગર સ્થિત રહેવું, જલ વગેરે અન્ય પદાર્થોને ધારણ કરવા, આકાશ વગેરેના અવચ્છેદક થવું (ઘટાકાશ, મહાકાશ વગેરે ભેદ સિધ્ધ કરવા તથા પરિણામ વિશેષ દ્વારા સંપૂર્ણ પ્રાણી (સ્ત્રી, પુરુષત્ત્વ વગેરે) ના ગુણ પ્રકટ કરવા તે પૃથ્વીનાં કાર્યરૂપ લક્ષણ છે.''[(૨)] આ નિરૂપણ દ્વારા પૃથ્વીને અન્ય તત્ત્વો સાથે સંલગ્ન દર્શાવેલ છે. તે જલ, આકાશ સાથે જોડાયેલ છે અને પોતાના પર વિચરતાં

*(૧) વરાહ. ૯૧-૯/૧૦*
*(૨) ભાગ. ૩-૨૬-૪૬*

પ્રાણીઓના નર–માદા જેવા ભેદો ઉત્પન્ન કરનાર છે તેમ દર્શાવેલ છે. વામનપુરાણ મનુષ્ય જાતિ પૃથ્વી પર જે રીતે વસે છે તેનું નિરૂપણ કરતાં કહે છે. –

ये वसन्ति महीपृष्ठे नराद्वीपेषु साप्तसु ॥

"મનુષ્યો પૃથ્વીના સાત દ્વીપોમાં વસે છે."(૧) આ દ્વીપો અંગે પુરાણોમાં વિસ્તૃત વર્ણનો કરેલાં છે. પૃથ્વીનો એક ગુણ ગંધ છે તેથી વામનપુરાણની મંગલપ્રભાત અંગેની સ્તુતિમાં સૃષ્ટિ રચનાનાં જુદાં જુદાં તત્ત્વોની લાક્ષણિકતા અને ગુણો દર્શાવતાં

पृथ्वी सगन्धा.

"પૃથ્વી ગંધપણાના ગુણવાળી" તરીકે દર્શાવી છે."(૨)

પૃથ્વીનાં ઉપકારક તત્ત્વોને વેદકાળનાં ઋષિઓ અને પુરાણકારોએ ખૂબ ભાવપૂર્વક સ્મર્યા ં છે. પૃથ્વીનાં અસ્તિત્ત્વને કારણે જ મનુષ્ય, પ્રાણી અને સચરાચર સૃષ્ટિ ટકે છે તે બાબતને તેઓ જાણે છે. અથર્વવેદમાં પૃથ્વીની સ્તુતિ કરતાં ઋષિ કહે છે –

तमस्यावपनी जनानामदितिः कामदुधा पुप्रथमाना ।

"હે પૃથ્વી તું ખૂબ જ ઉપજાઉ થઈને મનુષ્યની અખંડવ્રતની કામનાને પૂર્ણ કરનાર તરીકે પ્રસિધ્ધ છો."(૩) પૃથ્વી ઉપજાઉ હોય અને ખૂબ અન્ન વગેરે ઉત્પન્ન કરતી હોય તો જ મનુષ્ય અખંડ પણે પોતાનાં કાર્યો પૂર્ણ કરી શકે. આગળ જતાં ઋષિ કહે છે.

---

*(૧) वामन. ११–३०*

*(२) वामन. १४–२६*

*(3) अर्थव. १२–१–६१*

उपस्थास्ते अनमीवा अयक्ष्मा अस्मभ्यं सन्तु पृथिवी प्रसूताः ।
दीर्घं न आयुः प्रतिबुध्यमाना वयं तुभ्यं बली ह्रुतः स्याम ॥

એટલે કે – "હે પૃથ્વી તારો ઉછંગ અમારા માટે નીરોગ અને રાજરોગ (રાજયક્ષ્મા) રહિત બને. અમે અમારું આયુષ્ય દીર્ઘકાળ સુધી જાગૃત રાખી તારા માટે બલિદાન કરનાર બનીએ."(૧) આ મંત્ર દ્વારા ઋષિ નિરામય દીર્ઘ આયુષ્ય માગે છે. આ આયુષ્ય જાગ્રતિપૂર્વક પસાર થાય તેવી મનીષા વ્યકત કરે છે. પૃથ્વીની કૃપાથી જ આ શકય બને તેમ તેઓ જાણે છે. પૃથ્વીના ઉપકારના બદલામાં ઋષિ તેને માટે બલિદાન આપવા પણ તત્પર છે. આ બલિદાન એટલે પૃથ્વીની રક્ષા કરવી તે. પોતાની જીવિકા મેળવવા માટે પૃથ્વીને ખોદવી પડે. પરંતુ તે માટે ઋષિ પૃથ્વીની ક્ષમા તે પ્રાર્થે છે.

यत्ते भूमि विखनामि क्षिप्रं तदपि रोहतु ।
मा ते मर्म विमृग्वारि मा ते हृदयमर्पिपम् ॥

"હુ ભૂમિ, હું જો તારો કોઈ ભાગ ખોદું તો તે ફરીથી ઊગી નીકળે. હે શોધવાયોગ્ય ભૂમિ, હું તારાં મર્મસ્થળ પર પ્રહાર ન કરું અને તારાં હૃદયને હાનિ ન પહોંચાડું."(૨) પૃથ્વી–ભૂમિ મનુષ્યને  કેટલી ઉપકારક છે તે ઋષિ જાણે છે, તેથી કહે છે. –

स नो भूमिरादिशतु य द्धनं कामयामहे ॥

"આ ભૂમિ જ આપણે જે ધનની કામના કરીએ છીએ તે આપણને પ્રદાન કરે છે."(૩)

ભૂમિને અને ભૂમિને સંલગ્ન ગૃહ વગેરેને શુધ્ધ રાખવા માટે પણ મનુષ્યે જાગૃત

---

*(૧) अथर्व. १२-१-६२*
*(૨) अथर्व. १२-१-३५*
*(૩) अथर्व. १२-१-४०*

રહેવું જોઈએ. જેનો આપણે મહત્તમ ઉપયોગ કરીને અનેકાનેક લાભો મેળવીએ છીએ તેનું પરિમાર્જન, તેની શુધ્ધિ અને તેનું પૂજન કરવું જોઈએ. વામનપુરાણમાં નિરૂપવામાં આવ્યું છે કે –

भूमिर्विशुध्यते खातदाहमार्जनगोक्रमैः ।
लेपादुल्लेखनात् सेकाद् वेश्मसंमार्जनार्चनात् ॥

"પૃથ્વીની શુધ્ધિ ખોદવાથી, બાળવાથી, ઝાડુ મારવાથી, ગાયના ચાલવાથી, લીંપવાથી, ઉખેડવાથી તથા ભીની કરવાથી થાય છે. અને ઘરની શુધ્ધિ ઝાડુ મારવાથી, પાણી છાંટવાથી અને પૂજા વગેરેથી થાય છે." આ પૃથ્વીનો વિસ્તાર દર્શાવવા માટે વિષ્ણુપુરાણકાર આ વિગત નિરૂપે છે."[૧]

रवि चन्द्रमसोर्यावन्मयूरवैरव भास्यते ।
सामुद्रसरिच्छैला तावती पृथिवी स्मृता ॥

"જેટલે દૂર સુધી સૂર્ય અને ચંદ્રનાં કિરણોનો પ્રકાશ જાય છે. સમદ્ર, નદી અને પર્વત વગેરેથી યુકત છે. તેટલો પ્રદેશ પૃથ્વી કહેવાય છે."[૨] પૃથ્વી તત્ત્વ અંગે નિરૂપણ કરે છે. એક કથા વિષ્ણુ ભગવાનના વરાહ અવતાર અંગેની છે. સમુદ્રમાં ડૂબી ગયેલી પૃથ્વીને પોતાની દાઢો ઉપર ઉપાડીને પાછી તેને યથાસ્થાને પ્રસ્થાપિત કરવાની ઘટના આ કથામાં આવેલી છે. વરાહ ભગવાનનાં આ પરાક્રમ દ્વારા પૃથ્વીની સાથે વેદોનો ઉધ્ધાર પણ ભગવાને કર્યો તેવી વિગત પણ નિરુપાઈ છે. આ કાર્ય દરમ્યાન દિતિ અને કશ્યપના પુત્ર હિરણાક્ષનો વરાહ ભગવાને વધ કર્યો અને વેદ ધર્મનું પુનઃસ્થાપન કર્યું. આ રૂપક કથા દ્વારા એવું સૂચવાયું છે કે અજ્ઞાનના સમુદ્રમાં નિમજિજત થયેલી પૃથ્વીનો વરાહ જાતિના પરાક્રમી પુરુષે ઉધ્ધાર

*(૧) वामन. १४-६८*
*(२) विष्णु. २-७-३*

કરી વેદવિદ્યા ફરી પ્રચલિત કરી. તેમાં વિઘ્નરૂપ બનેલ રાક્ષસીવૃત્તિના પુરુષ હિરણાક્ષનો વધ કરી પૃથ્વીને નિશ્ચિંત કરી. આ રૂપકકથાનાં આધારે રચાયેલ વરાહપુરાણમાં વરાહ અને પૃથ્વીના સંવાદરૂપે મનુષ્યોના આચારો વ્રતાદિ કાર્યો વગેરેનું નિરુપણ કરી પૃથ્વીને વસવા યોગ્ય બનાવવામાં આવી.

બીજી રૂપકકથા ઋષભદેવજી અંગેની છે. પુરાણોમાં દર્શાવાયું છે કે ઋષભદેવના કાળ સુધી મનુષ્યજાતિની કોઈ વ્યવસ્થિત જીવનપ્રણાલી ન હતી. ઋષભદેવજીએ પૃથ્વીના વિભાગો કર્યા, લોકોનો કૃષિવિદ્યા શીખવી, કાંતણવણાટ શીખવ્યાં અને પૃથ્વીને પોતાના પુત્ર ભરતના અધિકારમાં સોંપી. આ કથા સૃષ્ટિના આરંભકાળમાં જયારે મનુષ્ય જાતિ તદ્દ્ન પ્રાથમિક અવસ્થામાં જીવતી હતી. તે સમયના જીવન વ્યવહારનું ચિત્રણ કરે છે. પૃથ્વીને યોગ્ય ભાગોમાં વિતરિત કરવાનું કાર્ય ઋષભદેવજીએ કર્યું. લોકોને કૃષિ, પશુપાલન જેવા વ્યવસાયો શીખવ્યા, ઋષભદેવજીની કથા પુરાણોમાં આપેલી છે. શ્રીમદ્ ભાગવત પુરાણમાં તેનું વિગતે નિરુપણ થયેલું છે.

અકે કથા વામન ભગવાન દ્વારા બલિરાજા પાસેથી પૃથ્વી સહિત ત્રણે લોક મેળ વવા અંગેની છે. આ કથાનું ઘણાં પુરાણોએ નિરૂપણ કરેલ છે. ઈશ્વરના વામન અવતાર અંગે વામનપુરાણ નામનું પુરાણ રચાયું છે. શ્રીમદ્ ભાગવતમાં પણ આ કથાનું વિગતપૂર્ણ નિરુપણ થયું છે. આ કથા વેદકાળમાં પણ પ્રસિધ્ધ છે. યજુર્વેદનો મંત્ર – इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम्। (यजुर्वेद०) "પછી વિષ્ણુએ ત્રણ પગલાં ભર્યાં." માં આ વિગત નોંધાયેલી છે. પ્રહલાદજીનો પૌત્ર બલિ મહાપરાક્રમી હતો. તેણે પૃથ્વી સહિત ત્રણે લોક જીતી લીધા હતા. દેવોએ પોતાનું સ્થાન મેળવવા વિષ્ણુની સ્તુતિ કરી. વિષ્ણુએ કશ્યપઋષિને ત્યાં તેમનાં પત્ની અદિતિ દ્વારા વામન સ્વરૂપે જન્મ લીધો. બલિરાજાના યજ્ઞમાં બ્રાહ્મણ બટુકના વેશે વામન ભગવાન ગયા અને દાનમાં માત્ર ત્રણ પગલાં ભૂમિ માગી. બલિના ગુરુ શુક્રાચાર્ય વામનને ઓળખી ગયા અને બલિને દાન આપવા ના પાડી, પણ સંકલ્પ થઈ ગયો હતો, તેથી

બલિએ ત્રણ પગલાં ભૂમિ આપવા નિર્ણય કર્યો. ભગવાને વામન સ્વરૂપમાંથી વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. અને –

कृत्वा च रुपं दितिजां हत्त्वा प्रणम्य चार्षिन् प्रथमक्रमेण ।
महीं महीध्रैः साहितां सहार्णवा जहार रत्नाकर पत्तनैर्युताम् ॥

"(વિશાળ) રૂપ ધર્યા પછી તેમણે દૈત્યોનો વધ કરી ઋષિઓને પ્રણામ કર્યા અને પ્રથમ પગલામાં જ પર્વત, સાગર, રત્નોની ખાણ અને નગરોથી યુકત પૃથ્વીને માપી લીધી."(૧)

ततः सामागच्छति वासुदेवे मही चकम्पे गिरयश्व चेलुः ॥

"વામન સ્વરૂપ ધારણ કરનાર વાસુદેવ આવતાં પૃથ્વી કંપવા લાગી, પર્વત પોતાના સ્થાનેથી ડગી ગયા."(૨) આ જ સ્થિતિને આગળ વર્ણવતાં પુરાણકાર કહે છે –

तदंघ्री विक्षेपमपारयन्ती मही सशैला चलता दितीश ।
तस्यां चलत्यां मकरालयामि ऊद्वृचवेलादितिजाधजाताः ॥

અર્થાત્ "તેના ચરણ રાખવાના ભારને સહન ન કરી શકવાથી પર્વતો સાથે પૃથ્વી કંપી રહી છે. પૃથ્વીનાં કંપનથી આ સમુદ્ર આજે તટનું ઉલ્લંઘન કરી ગયો છે. વામન ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કરી માત્ર બે જ પગલામાં ત્રણે લોક માંથી લીધા."(૩) તે કથા એમ દર્શાવે છે કે જયારે એવા કોઈ ઉપદ્રવવાળી મનુષ્ય દ્વારા સમગ્ર માનવજાતિ દુર્દશા ભોગવે છે તે વખતે કોઈ પરાક્રમી પુરુષ આતતાયીને શિક્ષા કરીને કે વધ કરીને પૃથ્વી પર

*(૧) વામન. अ. ७८*
*(૨) વામન. અ. ૯૦-૧*
*(૩) વામન. अ. ૯૦-૯*

શાંતિનું સ્થાપન કરે છે. વામન અવતારનાં રૂપક દ્વારા એવું પણ સૂચિત થાય છે કે એ સમયે કોઈ ભયાનક ભૂકંપ આવ્યો હોવો જોઈએ. જેને કારણે પર્વતો, સમુદ્ર અને સમગ્ર પૃથ્વી કંપાયમાન થઈ હોઈ શકે. આવા પ્રાકૃતિક ઉપદ્રવથી ગભરાઈને આતતાયી વર્ગના લોકોએ વેદવિદ્યા ધારણ કરનાર પૃથ્વીના ભાગને છોડી દીધો હોય અને કોઈ અજ્ઞાત પ્રદેશમાં વસવાટ કર્યો હોય. વામન ભગવાને બે પગલામાં ત્રણે લોક માપી લીધા પછી ત્રીજું પગલું બલિરાજાના મસ્તકે મૂકીને તેને સુતલમાં મોકલી આપ્યો. આ સુતલ એટલે એવો કોઈ અજ્ઞાત પ્રદેશ હોઈ શકે. પૃથ્વીમાં જયારે ઉપદ્રવ વધી જાય ત્યારે કોઈ પ્રાકૃતિક ભયાનક આપત્તિ આવે જ છે. પછી તે આપત્તિ, ધરતીકંપ, મહામારી કે મહાયુધ્ધ સ્વરૂપે હોઈ શકે. એ જ રીતે ઉપદ્રવી લોકો, જેને પુરાણકારોએ રાક્ષસ, દાનવ કે દૈત્ય તરીકે ઓળખાવ્યા છે, તેનો ઉપદ્રવ વધતાં વામન, એટલે ઓછી શકિતવાળા લોકોની સહાયમાં પ્રકૃતિ પણ આવે છે અને ઓછી શકિતવાળા વામન લોકો સંગઠિત બની ઉપદ્રવીઓને દૂર કરે છે. આને પુરાણકારો પૃથ્વીનો ભાર ઉતરવાની ક્રિયા કહે છે.

આ વામનકથા પહેલાં ઋષભદેવજીની કથા જોઈ. તેવી જ એક બીજી રૂપકકથા પુરાણકારોએ નિરુપી છે. એ કથાના નાયક રાજા પૃથુ છે. પૃથુના શાસન પહેલાં વેન રાજાનું રાજય હતું. વેન રાજા વેદવિદ્વેષી, જુલ્મી અને અનુશાસનહીન હતો. તેના રાજયકાળ દરમ્યાન કોઈ પણ ધાર્મિક કાર્યો થતાં નહિ, પ્રજા ઉપર અસહ્ય જુલમ થતા. એ વખતના સમાજના બુધ્ધિશાળી અને સદાચારી બ્રાહ્મણવર્ગ આ જુલમથી ત્રાસેલી પ્રજાને બચાવવા માટે આગળ આવ્યો અને વેનનો નાશ કર્યો. કદાચ પ્રજાએ બળવો કર્યો અને વેનનાં શાસનની સમાપ્તિ થઈ. રાજયગાદી ખાલી રહે તો રાજયમાં અરાજકતા ફેલાય. તેની, પુરાણકથા પ્રમાણે વેનના મૃત શરીરનું મંથન કરવામાં આવ્યું અને તેના જમણા અંગમાંથી પૃથુ નામનો પુરુષ ઉત્પન્ન થયો. આ રૂપક છે. વાસ્તવિક રીતે પ્રજામાંથી શ્રેષ્ઠ પુરુષ તરીકે પૃથુએ રાજય સંભાળ્યું ત્યારે સમગ્ર પૃથ્વીમાં અંધાધૂંધી ફેલાયેલી હતી શ્રીમદ્ ભાગવતમાં આ કથામાં પૃથ્વી દ્વારા પૃથુને કહેવાયું છે કે –

पुरा सृष्टा ह्योषधयो ब्रह्मणा या विशाम्पते ।
भुज्यमाना मया दृष्टा असद्भिरधृतव्रतैः ॥
अपालितानादृता च भवद्भिर्लोकपालकैः ।
चोरीभूतेऽथ लोकेऽहं यणार्थेऽग्रसमोषधीः ॥

અર્થાત્ – "પૂર્વકાળમાં બ્રહ્માજીએ જે ધાન્ય વગેરે ઉત્પન્ન કર્યાં હતાં, તે મેં જોયું કે યમ-નિયમ વગેરે વ્રતનું પાલન ન કરનારા દુરાચારી લોકો તેને ખાઈ રહ્યાં છે. આપ રાજાઓએ મારું પાલન અને આદર કરવાનું છોડી દીધું, તેથી બધા લોકો ચોર સમાન થઈ ગયા છે, તેથી યજ્ઞને માટે ઔષધીઓને મેં મારામાં છૂપાવી દીધી."[૧] પૃથ્વી ઉપર ક્રોધે ભરાયેલા પૃથુને વિનંતી કરતાં પૃથ્વી સૌપ્રથમ પોતાની વ્યવસ્થા કરવાની સલાહ આપે છે. જો પૃથ્વી વ્યવસ્થિત હોય તો જ તેમાં અન્ન, ઔષધીનું પ્રજાની સુખાકારી માટે ઉત્પાદન થાય. આ માટે પૃથ્વી પૃથુને કહે છે –

सामां च कुरु मां राजन्देववृष्टं यथा पयः ।
अपर्तावपि भद्रं ते उपावर्तेत मे विभो ॥

અર્થાત્ – "આપે મને સમતલ કરવી જોઈશે. જેથી વર્ષાઋતુ પૂર્ણ થયા પછી પણ મારા પર ઈન્દ્ર દ્વારા વરસાવેલ જલ સર્વત્ર યથાવત્ રહે, મારી અંદરની આર્દ્રતા સૂકાઈ ન જાય."[૨] પૃથ્વીની આવી વિનંતી સાંભળી રાજા પૃથુએ પૃથ્વીની વ્યવસ્થા કરતાં પહેલાંની સ્થિતિ જોઈ. વિષ્ણુપુરાણમાં દર્શાવ્યું છે કે –

---

*(૧) ભાગ. ૪-૧૮-૬/૭*
*(૨) ભાગ. ૪-૧૮-૧૧*

नहि पूर्वविसर्गे वै विषमे पृथिवीतले ।
प्रविभाग पुराणानां वा ग्रामाणां वा पुराऽभवत् ॥
न सास्यानि गौरक्ष्यं न कृषिर्न वणिक्प्रथः ॥

"તે પહેલાં પૃથ્વી સમતલ ન હોવાથી પુર અને ગ્રામ વગેરેના કોઈ નિયમિત વિભાગ ન હતા. એ સમયે અન્ન, ગોરક્ષા, કૃષિ અને વેપારનો કોઈ ક્રમ ન હતો."(૧) પૃથ્વીની પ્રારંભિક અવસ્થામાં આવી પરિસ્થિતિ તેને વ્યવસ્થિત બનાવવા માટે

ततो उत्सारयामास शैलान् शतसहस्रशः ।
धनुष्कोट्या तदा वैन्य स्तेन शैलविवर्धिताः ॥

"ત્યારે મહારાજ પૃથુએ પોતાનાં ધનુષ્યથી સેંકડો પર્વતોને ઉખેડી નાખ્યા અને તેને એક સ્થળે એકત્ર કર્યા."(૨) પૃથુ રાજાએ પોતાનાં ધનુષ્યની સહાયથી પર્વતો ઉખેડીને ભૂમિને સમતલ બનાવી. આ રૂપકનો અર્થ એમ ઘટાવી શકાય કે ઊંચા નીચી રહેલી ભૂમિને પોતાનાં તત્કાલીન ઓજારો અને પ્રજાની સહાયથી પૃથ્વીને સમતલ બનાવી વસવા યોગ્ય બનાવી.

वैन्यात्प्रभृति मैत्रेय सर्वस्यैतस्य संभवः ।

"પૃથુ રાજાના વખતથી જ આ બધું શરૂ થયું."(૩) પૃથ્વી સમતલ થતાં પ્રજાએ તેના ઉપર વ્યવસ્થિત વસવાનું શરૂ કર્યું. વિષ્ણુપુરાણકાર આ અંગે નિર્દેશ આપે છે.

---

*(૧) विष्णु. ૧-૧૩-૮૩/૮૪*
*(૨) विष्णु. ૧-૧૩-૮૨*
*(૩) विष्णु. ૧-૧૩-૮૪*

यत्र यत्र समं त्वस्या भूमेरासीद्द्विजोतम ।
तत्र तत्र प्रजाः सर्वा निवासं समरोचयन् ॥

"જયાં જયાં ભૂમિ સમતલ હતી ત્યાં ત્યાં પ્રજાએ વસવાનું પસંદ કર્યું."(૧) પૃથ્વી સમતલ થવાથી પ્રજાને પોતાનું નિવાસસ્થાન મળ્યું. પરંતુ આહારની બાબતમાં પ્રજા વ્યથિત હતી આ અંગે પુરાણકાર નિરુપે છે કે –

आहारः फलमूलानि प्रजानामभवत्तदा ।
कृच्छ्रेण महता सोऽपि प्रणष्टास्योषधीषु वै ॥

"એ સમય સુધી પ્રજાનો આહાર કેવળ ફૂલમૂલ વગેરે હતો અને તે પણ ઔષધીઓ નષ્ટ થવાથી ખૂબ દુર્લભ થયાં હતાં."(૨) જે પ્રજાને પેટ પૂરતું ભોજન ન મળે તે પ્રજા દુઃખ ભોગવે છે તે કોઈપણ કાળ માટે નિર્વિવાદ સત્ય છે. પ્રજાપાલકે આ માટેનો માર્ગ શોધવો પડે છે. વર્તમાન કાળમાં કૃષિ વિકાસ કે અન્ય સ્થળેથી અન્નની આયાત જેવાં પગલાંઓ લેવામાં આવે છે. પ્રાચીનકાળમાં આ શકય ન હતું, તેથી શાસકે તેનો માર્ગ શોધવો પડે. પૃથુ રાજાના સમયમાં પૃથ્વીની સલાહથી રાજાએ ગાયરૂપી પૃથ્વીનું વિવિધ પ્રકારે દોહન કર્યું. ગાયને દોહવા માટે પ્રથમ તેના વાછડાને તેનું સ્તનપાન કરાવવું પડે છે. પૃથુરાજાએ પણ તેમ કર્યું. પ્રજા માટે અન્નાદિનું દોહન કરવા પૃથુએ સ્વયંભુ મનુને વાછડા બનાવી દોહન કર્યું. વિષ્ણુપુરાણ કહે છે કે –

स कल्पयित्वा वत्सं तु मनुं स्वायंभुवं प्रभुम् ।
स्वपाणौ पृथिवीनाथो दुदोह पृथिवीं पृथु ॥

---

*(૧) विष्णु. १-१३-८५*
*(૨) विष्णु. १-१३-८६*

सस्यजातानि सर्वाणि प्रजानां हितकाम्यया ।
तन्नानैर्न प्रजास्तात वर्तन्दधापि नित्यशः ॥

એટલે કે – "ત્યારે પૃથ્વીપતિ પૃથુએ સ્વાયંભુમનુને વાછડા બનાવી પોતાના હાથમાં જ પૃથ્વીમાંથી પ્રજાનાં હિત માટે સમસ્ત ધાન્યો દોહ્યાં. એ અન્નના આધારે અત્યારે પણ પ્રજા જીવિત રહે છે."[૧] અન્નાદિ ધાન્ય પ્રાપ્ત કરવા પૃથુરાજાએ જે પ્રક્રિયા કરી તેનાથી વર્તમાનકાળ સુધી લોકોને આહાર પ્રાપ્ત થાય છે. સ્વાયંભુમનુને વાછડા બનાવવાનું રૂપક એવું સમજાવે છે કે પૃથુએ લોકોમાં સ્વયંભુ એક જુવાળ ઉત્પન્ન કરી લોકોને કૃષિ તરફ વાળ્યાં. આ ધાન્યો તેણે પોતાની હથેળીમાં દોહ્યા, એટલે કે જે કાંઈ ઉત્પન્ન થયું તેનો અધિકાર રાજ્ય પાસે રાખ્યો, જેથી સબળા લોકો નબળાને ભાગ ન આપે તેમ ન બને. સહુને સરખો આહાર મળી રહે.

ઋષભદેવથી શરુ થયેલી ક્રાંતિ પૃથુરાજાના સમયમાં ચરમસીમાએ પહોંચી અને પૃથ્વીતત્ત્વનો મહત્તમ લાભ મનુષ્ય જાતિને મળે તેવી વ્યવસ્થા ઊભી થઈ. આ વ્યવસ્થા એક યા બીજા સ્વરૂપે અત્યાર સુધી ચાલી આવે છે.

જલ, વાયુ જેવું જ અને કેટલેક અંશે મનુષ્યજાતિને સ્પર્શતું પૃથ્વી તત્ત્વ કેટલું ઉપકારક છે, તે આનાથી પ્રતીત થાય છે.

❋❋❋❋❋❋

---

*(૧) विष्णु. १-१३-८७/८८*



## પ્રકરણ – ૭

# તેજતત્વ

## પ્રકરણ : ૭

## -: તેજ તત્ત્વ :-

સર્વત્ર અંધકાર હોય તેવી સ્થિતિમાં સજીવ કશું જોઈ શકતો નથી. દષ્ટિક્ષેત્રને સહાયક એવું માધ્યમ તેજ પ્રકાશમાં દષ્ટિગોચર થવા લાગે છે. તેજ તત્ત્વ સજીવની દષ્ટિક્ષેપની ગોચરતાનું દ્યોતક છે. તેજ તત્ત્વને સહાયક ત્રણ માધ્યમો છે – અગ્નિ, સૂર્ય અને ચંદ્ર.

અગ્નિ અને સૂર્ય દષ્ટિ ઉપરાંત ઉષ્મા પણ આપે છે. આકાશમાંથી તેજ કિરણો વરસાવતો સૂર્ય સૃષ્ટિના પ્રારંભથી જ સજીવોને દષ્ટિ અને ઉષ્મા આપતો હતો, પરંતુ રાત્રીના સમયે સૂર્ય અદૃશ્ય થતાં તે લાભ ન મળતો. આ માટે તેને અગ્નિ જ કામ લાગે તેમ હતો. મનુષ્ય પાસે અગ્નિનું આગમન કદાચ આકસ્મિક હશે. વનમાં લાગતા દાવાનળોમાંથી તેને અગ્નિ પ્રાપ્ત થયો હશે. પછી તે અગ્નિને તે રક્ષતાં, જાળવતાં શીખ્યો હશે અને તેને દેવ ગણી તેનાં પૂજન, અર્ચન, સ્તુતિ કર્યાં હશે. પછીના સમયમાં મનુષ્યની સમજ વિકસતાં, વૈજ્ઞાનિક અભિગમ વિકસતાં તત્કાલ અગ્નિ મેળવવાનાં ઉપાયો પણ તેણે શોધ્યા. પરંતુ અગ્નિનું દેવ તરીકેનું મહત્ત્વતો રહયું જ છે. સૂર્ય અને અગ્નિ બન્નેએ મનુષ્યજાતિને તેજ અને ઉષ્માનું અનન્ય વરદાન આપેલ છે. સૂર્યનાં કિરણોનું પરાવર્તન કરનાર ચંદ્ર પણ તેજનું માધ્યમ બને છે. તે તેજ આપે છે. પણ ઉષ્માને બદલે શીતળતા આપે છે. સૂર્ય દિવસે પ્રકાશે છે. ચંદ્ર રાત્રે પ્રકાશે છે. આ ઉપરાંત પણ તેજ પ્રદાન કરે છે. તેજ તત્ત્વની ગેરહાજરીમાં મનુષ્ય કશું જોઈ શકતો નથી. તેથી તેજ એ પણ એક અનિવાર્ય એવું સૃષ્ટિ પરનું તત્ત્વ છે. અને તેને પંચમહાભૂતમાં સ્થાન મળેલું છે.

જલ, વાયુ, આકાશ, પૃથ્વી અને તેજ એ પંચમહાલભૂતને સહાયક અથવા તેના દ્વારા ઉતપન્ન થઈ સજીવોને જીવનશકિત પ્રદાન કરનાર કેટલાંક ગૌણ અને આનુષંગિક તત્ત્વો પણ છે. તેમાં પ્રથમ સ્થાન આપવું હોય તો વનસ્પતિને આપી શકાય સૃષ્ટિ ઉપર વનસ્પતિનું અસ્તિત્વ શ્વાસોચ્છ્વાસ કરનાર સજીવો માટે અત્યંત જરૂરી માધ્યમ છે. કેમ કે સજીવો ઉચ્છ્વાસ કાઢે છે તેના દૂષિત વાયુને શુદ્ધ કરી પ્રાણવાયુ આપવાનું અત્યંત અગત્યનું કાર્ય વનસ્પતિ કરે છે. તેથી વનસ્પતિને વાવવી, ઉછેરવી, રક્ષવી તે મનુષ્ય જાતિનું કર્તવ્ય બની રહે છે.

નદીઓ, સમુદ્રો, સરોવરો, પર્વતો, પૃથ્વીમાંથી પ્રાપ્ત થતી ધાતુઓ પણ સૃષ્ટિનાં પાંચ તત્ત્વોને સહાયક બને છે તેનું સંવર્ધન અને સંરક્ષણ કરવાની પણ એટલી જ જરૂર છે.

સૃષ્ટિના સજીવોમાં પશુ–પક્ષીનો સમાવેશ છે. હિંસક પશુઓ, પાલતુ, પશુઓ, વિવિધ પ્રકારનાં ભ્રમર અને પતંગિયાં જેવાં નાનાં જંતુઓ સૃષ્ટિચક્રની કડીરૂપ છે. તેના દ્વારા રચતી પર્યાવરણીય શૃંખલા અવિચ્છિન્ન રહે તે સૃષ્ટિ માટે ખૂબ જ જરૂરી છે. પશુઓમાં ગાયને ભારતીય ઋષિઓએ અત્યંત પૂજનીય સ્થાન આપેલું છે. ગાયને માતા ગણી તેનું સંવર્ધન કરવું જોઈએ.

આ રીતે તેજ તત્ત્વ અને અન્ય ગૌણ અને આનુષંગિક તત્ત્વો અંગે આ પ્રકરણમાં નિરુપણ કરેલ છે.

તેજ તત્ત્વની સંકલ્પનામાં પ્રકાશ અને ઉષ્મા – બન્ન બાબતો સમાવિષ્ટ છે. તેથી તે જ તત્ત્વોની વાત કરતાં તેજના બે મૂળભૂત સ્રોત–અગ્નિ અને સૂર્ય – સહજ રીતે સ્મરણે ચડે. વેદમાં અગ્નિની સ્તુતિના ઘણાં ઉદાહરણો મળે છે. સૃષ્ટિના પ્રારંભે મનુષ્ય જાતિ પોતાનાં ક્ષેમકુશળ માટે બે તત્ત્વો અગ્નિ અને સૂર્યને અત્યંત મહત્વ આપતાં હશે. અગ્નિ માટે ઋગ્વેદના ઋષિ તેના ત્રણ સ્વરૂપોની કલ્પના કરે છે :

एक एवाग्ने र्बहुधा सामिध्या: ।
एकं सद्विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहु : ॥

અર્થાત્ – "એક જ અગ્નિ વિભિન્ન પ્રકારે વ્યાપ્ત છે. આ અગ્નિ તત્ત્વ ત્રણ સ્થળે વ્યાપ્ત છે."[૧]

અગ્નિની ત્રણ અવસ્થા દર્શાવતાં ઋષિ કહે છે કે પ્રથમ ઘનાવસ્થા, જે પાર્થિવ અગ્નિ છે ; બીજી તરલાવસ્થા, જે અંતરિક્ષમાં વાયુ અને તેના દ્વારા વિદ્યુતરૂપે રહેલ છે અને ત્રીજી વિરલાવસ્થા, જે દ્યોસ્થાનિય આદિત્ય છે. વેદમાં વિરાટ પુરૂષની જે કલ્પના છે તેમાં

चक्षो सूर्यो अजायत અને मुखादिद्रश्च अग्निश्च ।

એટલે કે "નેત્રોથી સૂર્ય અને મુખથી અગ્નિ થયો."[૨]

---

(૧) ऋ–૧–૧૬૪–૪૮
(૨) ऋ–૧૦–૯૦–૧૩

શતપથ બ્રાહ્મણમાં

सार्वाणि वा एष भूतानि सार्वदेवान् गर्भो भवति योऽग्निं बिभर्ति

એટલે કે બધાં જ પ્રાણીઓ અને દેવો પોતાની અંદર અગ્નિ ધારણ કરે છે.(1)

આ અગ્નિની ઉત્પત્તિ ઋષિઓઆ રીતે વ્યકત કરે છે.(2)

या अग्निरग्नेरध्य जायत शोकात्पृथिव्या उत वा

दिवसारि येन प्रजा विश्वकर्माजनान तमग्ने हडेः परिते वृणक्तु ॥

અર્થાત – "જે અગ્નિ પૃથ્વીને ફોડીને બહાર નીકળે છે તથા જે સૂર્યના પ્રકાશથી વિજળીરૂપે નીકળે છે તે વિઘ્નકારી અગ્નિથી બધાં પ્રાણીઓની રક્ષા કરો. જે અગ્નિથી ઈશ્વર બધાંની રક્ષા કરે છે તે અગ્નિની વિદ્યા જાણો." અગ્નિ અને સૂર્યને અભિન્ન ગણવામાં આવ્યા છે. બંન્ને ઉષ્મા આપનાર છે. તેમનું એક સ્વરૂપ ઉપદ્રવ કરનારથી રક્ષા કરનાર પણ છે. તેથી વેદના ઋષિ કહે છે કે(3)

सूर्यो नो दिवस्पातु वातो अन्तरिक्षात् अग्निर्न : पार्थिवेभ्य : ।

એટલે કે "સૂર્ય આકાશી પદાર્થોના ઉપદ્રવથી વાયુ (વિદ્યુત) અંતરિક્ષના ઉપદ્રવથી અને અગ્નિ પૃથ્વી પર થતા ઉપદ્રવોથી અમારી રક્ષા કરે." અગ્નિ અને સૂર્ય પરસ્પર સંલગ્ન છે. તે દર્શાવતાં ઋગ્વેદના ઋષિ કહે છે –(4)

अग्निना रमिमश्नवत् पोषमेव दिवेदिवे यशसं वीरवत्तमम् ।

---

*(૧) શતપથ બ્રાહ્મણ : ૯, ૫, ૧, ૬૨*

*(૨) યજુ. ૧૩.૪૫*

*(૩) ऋ ૭-૬૨-૫*

*(૪) ऋ ૧-૧-૩*

એટલે કે "અગ્નિ દ્વારા સૂર્યની ઉત્પત્તિ માટે નિરન્તર ધન અને પોષણ પ્રાપ્ત થતાં રહે છે." વળી અગ્નિનાં પૂજન દ્વારા સૂર્યની સહાયથી સમગ્ર સૃષ્ટિનું પાલન થાય છે તેમ મનુસ્મૃતિમાં દર્શાવેલ છે –

अग्नि प्रास्ताहुति सामगादित्यमुपष्ठिते ।
आदित्याज्जायते वृष्टिर्वृष्टैरन्न ततः प्रजा ॥

અર્થાત્ – "વિધિ પૂર્વક અગ્નિમાં આપેલી આહુતિ સૂર્યને પ્રાપ્ત થાય છે. સૂર્યથી વૃષ્ટિ થાય છે. વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે અને અન્નથી પ્રજા."[૧]

અગ્નિ પ્રાચીન સમયથી માંડીને વર્તમાન સમય સુધી એક યા બીજા સ્વરૂપે માનવજીવન અને સૃષ્ટિનાં અસ્તિત્ત્વ માટે અનિવાર્ય છે. અગ્નિને પૂજવાની પ્રણાલિકા વેદકાળમાં અત્યંત પ્રચલિત હતી. તે માટેનો અત્યંત પ્રસિધ્ધ એવો ઋગ્વેદના પ્રથમ મંડળનાં પ્રથમ સૂકતનો પ્રથમ મંત્ર અત્યંત ધ્યાનાર્હ છે –

अग्निभिलेपुरोहितम् यज्ञास्य देवमृत्विजं होतारं रत्नाधातम ।

એટલે કે – યજ્ઞના દેવતા, જે દેનાર તથા ગ્રહણ કરનાર છે, તે સૃષ્ટિના પ્રારંભથી જ સહુથી આગળ રહેનાર ઋત્વિજ છે. રત્નગર્ભા પૃથ્વીને ધારણ કરનાર છે, તે અગ્નિનું અસ્તિત્વ છે અને તેને અગાઉ જણાવ્યા પ્રમાણે સૂર્ય અને વિદ્યુત સ્વરૂપે પણ સ્વીકારેલ છે.[૨] નિરુકતકાર આ અંગે કહે છે કે –

---

*(૧) મનુસ્મૃ.૩-૭૬*
*(૨) ऋ १-१-१*

सन मन्येतायमेवाग्निरिति। अज्येते ऊतेर ज्योतिषी अग्नि उच्यते।

અર્થાત્ "અગ્નિ શબ્દથી માત્ર પાર્થિવ અગ્નિ જ અભિપ્રેત નથી, પરંતુ સૂર્ય તથા વાયુ (વિદ્યુત) પણ અગ્નિ કહેવાય છે."[૧]

અગ્નિ એક દેવસ્વરૂપ તત્ત્વ છે. તેની સાથે જ સૂર્ય પણ એવું જ દેવતત્ત્વ છે. વેદો અને પુરાણોમાં અગ્નિની જેમ જ સૂર્ય અંગે પણ પૂજયભાવે નિરુપણ થયેલું છે. સૂર્યની ઉત્પત્તિ અંગે ઋગ્વેદમાં આવો ઉલ્લેખ છે –

अष्टौ पुत्रासो अदितेर्ये जातस्तन्व स्परि।
देवॉऽप : प्रेत्साप्तभि : परा मार्तंडमास्यत्॥

અર્થાત્ – "એ અવ્યકત પ્રકૃતિ (અદિતિ) ના આઠ પુત્રો છે, જે વિસ્તૃત પ્રકૃતિથી ઉત્પન્ન થયેલછે. સાતથી અલગ એવા સૂર્યને દૂર સ્થાપવામાં આવેલ છે."[૨] સૂર્ય પ્રકૃતિનું સંતાન છે અને તે અન્ય તત્ત્વોથી દૂર બિરાજે છે છતાં વિશ્વનિયંતા દ્વારા ગોઠવાયેલી વ્યવસ્થા મુજબ બધા જ તત્ત્વો કાર્ય કરી રહયાં છે એ અર્થ દર્શાવતો ઋગ્વેદનો મંત્ર हरयो धूमकेतवो वातजूता ऊपद्यवि यतन्ते पृथगम्नयः॥

અર્થાત્ "હે પરમાત્મા આપના દ્વારા નિર્મિત આ સૂર્ય, અગ્નિ, વિદ્યુત, ચંદ્ર વગેરે સર્વે જગત પોતપોતાનાં કાર્યમાં અલગ-અલગ રીતે સંલગ્ન છે." ઋગ્વેદ અને યજુર્વેદ બંન્નેમાં ગાયત્રીમંત્ર રૂપે પ્રસિધ્ધ મંત્ર સૂર્યની સ્તુતિ જ છે. ઋષિ કહે છે.

---

*(१) निरुक्त ७-४*
*(२) ऋ. १०-७२-८-५१*

''भूर्भुव : स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य
धीमहि धियो यो न : प्रचोदयात् ॥

અર્થાત્ – ''સૂર્યદેવતાના તે શ્રેષ્ઠ તેજનું અમે ધ્યાન ધરીએ છીએ. એ શ્રેષ્ઠ તેજ અમારી બુધ્ધિને પ્રેરિત કરે.'' સૂર્ય સ્તુતિ કરનારની બુધ્ધિને સત્કર્મમાં પ્રેરનારી છે.(૧)

સૂર્ય સૃષ્ટિનું એવું તત્ત્વ છે કે જે સૃષ્ટિનાં અન્ય તત્ત્વો ઉપર પણ પ્રભાવ પાડે છે. ઋગ્વેદના ઋષિ આ માટે સૂર્યની મહત્તા દર્શાવતા મંત્રમાં કહે છે.

यः पृथिवीं व्यथमानागबृहत् य पर्वतान् प्रकुपितां
अरम्णात्। यो द्यामस्तम्नात स जनास इन्द्र : ॥

અર્થાત્ ''જેણે કમ્પાયમાન પૃથ્વીને સ્થિર કરી, કંપનશીલ પર્વતોને સ્થિર કર્યા તથા જેણે વિશાળ અંતરિક્ષમાં દ્યુલોક તેમજ નક્ષત્રોને સ્થાપિત કર્યા તે સૂર્ય જ છે.'' આ મંત્રમાં સૂર્યને ઈન્દ્ર કહ્યો છે. સૂર્યના પૃથ્વી ઉપરના પ્રભાવને વર્ણવતાં ઋગ્વેદના એક મંત્રમાં કહયું છે કે –(૨)

त्रिनाभिं चक्रम अजरमनर्व यत्रेमा विश्वा भुवनानि तस्थु : ॥

એટલે કે ''સૂર્યના કિરણોને આધારે વિશ્વમાં – ભુવનમાં ત્રણ પ્રકારનાં ઋતુ પરિવર્તનો થાય છે.'' સૂર્યના ઉપકાર કાર્યની સ્તુતિ કરતાં ઋષિ કહે છે કે (૩)

---

*(१) ऋ ३-६-२ / यजु ३-२५*
*(२) ऋ. २-१२-२*
*(३) ऋग्वेद*

इषे त्वोर्ज्जे त्वा वायव स्थ देवो व :
सविता प्रार्पयतु श्रेष्ठतमाय कर्मण : ॥

અર્થાત્ – "હે સૂર્ય તમે આપેલી ઊર્જા અને આપેલાં અન્ન (અમારાં) કાર્યોની સિધ્ધિ કરનાર છે. અમને શ્રેષ્ઠ કર્મમાં પ્રવૃત્ત કરો."[૧] સૂર્યના બે ઉપકારક તત્ત્વો – ઉર્જા અને અન્ન, તે બંન્નેનું સત્કર્મમાં ઉપયોજન કરવું તે મનુષ્યનું કર્તવ્ય છે. આ ઉપકારના પ્રતિભાવ રૂપે ઋષિ કહે છે કે–

सूर्यो मे चक्षुर्वात: प्राणोऽन्तरिमात्मा पृथिवी शरीरम्
अस्तुतो नामाहयमस्मि आत्मानं निदधे ॥

એટલે કે "મારાં નેત્રો સૂર્ય સમાન પ્રકાશમાન, પ્રાણવાયુ સમાન ગતિમાન (બનો) હું મારો આત્મા સૂર્ય અને પૃથ્વીની રક્ષા માટે અર્પણ કરું છું."[૨]

તે સૂર્ય પાસે માગે છે.

'सविता न : कृणोतु ।
"સૂર્ય અમને અભય પ્રદાન કરો."[૩]
અને
सूर्य चक्षुस मा पाहि ।

" હે સૂર્ય દ્રષ્ટિ સાથે તું અમારી રક્ષા કર." આ સૂર્ય સુખ આપનાર બને તેવી પ્રાર્થના કરતાં ઋષિ કહે છે –[૪]

---

*(૧) यजु. १-१*
*(૨) अथर्व ५-९-७*
*(૩) अथर्व ६-४०-१*
*(૪) अथर्व २-१६-३*

शन्नस्तपतु सूर्य्य : ।

"સૂર્ય અમારા માટે સુખદાખક બનીને તપે." [૧]

આ રીતે વેદાદિ સાહિત્યમાં તેજ તત્ત્વનાં બે મૂળ તત્ત્વો અગ્નિ અને સૂર્ય માટે વિવિધ પ્રકારે અભિવ્યકિત થઈ છે. વેદો અને ઉપનિષદોનાં અનુવર્તી સાહિત્ય પુરાણોમાં પણ પંચમહાભૂતોનું નિરુપણ થયેલું છે તેમાં તેજ તત્ત્વ સ્વરૂપે અગ્નિ અને સૂર્યનાં વર્ણનો મળી આવે છે. અત્રે તેજ તત્ત્વમાં તેજ અને ઉષ્મા બન્ને અભિપ્રેત છે. અન્યથા ચંદ્ર પણ તેજ તત્ત્વનો જ બનેલો છે. પરંતુ તેનો ગુણ શીતળતા છે. એ જ રીતે પુરાણની એક માન્યતા મુજબ સમુદ્રમાં પણ વડવાગ્નિ નામનો અગ્નિ રહેલો છે. સમુદ્રનોએ અગ્નિ સમુદ્રના ક્ષોભનું કારણ છે. તેથી આ તત્ત્વમાં પ્રથમ અગ્નિ અને સૂર્ય અંગે અભ્યાસ અંતર્ગત રહેલાં ચાર પુરાણ – વરાહ, વામન, વિષ્ણુ અને ભાગવતમાં અગ્નિ અને સૂર્ય અંગે થયેલા ઉલ્લેખો નિરુપ્યા છે.

શ્રીમદ્ ભાગવતપુરાણમાં તેજની વૃત્તિની સ્પષ્ટતા કરતાં કહેવાયું છે.

द्रव्याकृत्त्विं गुणता व्यक्ति सांस्थात्वमेय च ।
तेजसं तेजसा : साध्वि रूपमात्रस्य वृत्त्य : ॥
द्योतनं पाचनं पानमदनं हिममर्दनम् ।
तेजसो वृत्तयस्त्वेता शोषणं क्षुतृडेव च ॥

એટલે કે "વસ્તુના આકારનો બોધ કરાવવો, ગૌણ હોવું. દ્રવ્યનું અંગારરૂપે પ્રતીત હોવું, દ્રવ્યના આકાર–પ્રકાર–પરિમાણ મુજબ સ્વરૂપ ધારણ કરવું, તે બધી રૂપ તન્માત્રાની વૃત્તિઓ છે. ચમકવું, પકાવવું, શીતને દૂર કરવું, સૂકવવું, ભૂખ–તરસ ઉત્પન્ન કરવાં અને તેની તૃપ્તિ માટે ભોજન–પાણી કરાવવાં તે તેજની વૃત્તિઓ છે."[૨] આ જ ભાગવત પુરાણમાં અગ્નિની લાક્ષણિકતાઓ વર્ણવતાં કહેવાયું છે –

---

*(૧) यजु ३६-१०*

*(२) भाग ३-२६-३९-४०*

तेजस्वी तपसा दीप्तो दुर्धर्षोदरभाजनः ।
सर्वभक्षोऽपि युक्तात्मा नादत्ते मलमग्निवत् ॥
क्वचिच्छिन्नः क्वचित् स्पष्ट उपास्य श्रेय इच्छताम् ।
भुंक्तो सर्वत्र दातृणां दहन् प्रागुत्तराशुभम् ॥

અર્થાત્ " તેજસ્વી, તપ્ત હોવાથી દીપ્તિમાન, દબાવી ન શકાય તેવો, તેની પાસે પાત્ર ન હોવા છતાં બધું ભક્ષણ કરનાર, બધા જ વિષયોનો ઉપયોગ કરનાર પોતાનામાં કોઈ દોષ ન આવવા દેનાર, કયાંક પ્રકટ, કયાંક ગુપ્ત, કલ્યાણ કાર્ય માટે સાધનરૂપ, ભાવિ અશુભને ભસ્મ કરનાર તથા બધે જ અન્ન ગ્રહણ કરનાર છે."(૧)

અગ્નિની ઉત્પત્તિ અંગે જુદાં-જુદાં પુરાણોમાં ઉલ્લેખો છે વરાહપુરાણમાં આ અંગે નિરુપણ કરતાં કહેવાયું છે કે, સૃષ્ટિ ઉત્પન્ન કર્યા પછી વિષ્ણુ ભગવાનને તેના ધારણ અને પોષણની ચિંતા થઈ ત્યારે -

दक्षिणं वह्निसंकाशं वामन्तु हिमसन्निभम् ॥

" તેમનાં નેત્રમાંથી મહાન તેજ નીકળ્યું"(૨) તેમના જમણા નેત્રમાંથી નીકળેલું તેજ અગ્નિ જેવું ઉષ્ણ અને ડાબા નેત્રમાંથી નીકળેલું તે જ હિમ જેવું શીતળ હતું." અગ્નિની ઉત્પત્તિ અંગે વરાહ પુરાણમાં પ્રજાપાલનના પ્રશ્નના ઉત્તરમાં મહાતપા સૃષ્ટિનાં જુદાં-જુદાં તત્ત્વોની ઉત્પત્તિ અંગે કહેતાં કહે છે. -

विकुर्वतस्तस्य तदा महानाग्निः समुत्थित : ।
कोटिज्वाला परिवार : शब्दवान्दहनात्मक : ॥

---

*(૧) ભાગ ૧૧-૭-૪૫-૪૬*
*(૨) વરાહ ૯-૧૩*

અર્થાત્ – "(અન્ય તત્ત્વના) તે વિકારમાંથી મહાન અગ્નિ નીકળ્યો, જે કરોડો જવાળાઓના પરિવારવાળો, શબ્દ યુકત અને બાળીદેનાર હતો."[૧]

અગ્નિની સ્તુતિ કરતાં ભાગવત પુરાણ તેના પ્રભાવનું પણ વર્ણન કરે છે.–

नमो हिरण्यवीर्याय चातुर्होत्राय तन्तवे
नम ऊर्ज इषे त्रय्या : पतये यज्ञरेतसः ।
तृप्तिदाय च जीवानां नम : सार्व रसात्मने ॥

એટલે કે – " આપ જ હિરણ્ય રેતસથી યુકત અને ચાતુર્હોત્ર કર્મનાં સાધન તથા વિસ્તાર કરનાર, વેદત્રયી તરફ લઈ જનાર, ઊર્જા રૂપે, યજ્ઞરેતસ્‌ના પતિ, જીવોને તૃપ્તિ આપનાર અને બધા રસોના આત્મારૂપ છે."[૨]

આ શ્લોક દ્વારા અગ્નિનાં ભૌતિક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક પાસાંઓ સ્પષ્ટ થાય છે. વિષ્ણુમાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ જ શિવને પણ અગ્નિ સ્વરૂપ ગણવામાં આવેલ છે. વરાહપુરાણમાં દેવતાઓ શિવની સ્તુતિ કરતાં કહે છે.

अग्निस्वरूपोऽसि ।

"તમે અગ્નિસ્વરૂપ છો."[૩]

આ અગ્નિદેવનાં નિવાસ સ્થાનનો ઉલ્લેખ વરાહ પુરાણમાં દર્શાવેલ છે. જુદા જુદા દિક્‌પાલોની પુરીનાં સ્થાનો દર્શાવતાં સ્પષ્ટ કર્યુ છે કે ઈન્દ્રની અમરાવતી નગરીથી થોડે દૂર દક્ષિણ દિશામાં

---

*(१) वराह १८-७*
*(२) भाग ४-२४-३५,३६,३७*
*(3) वराह २५-२२*

तेजोवती नाम पुरी हुताशस्य महात्मन : ॥

"મહાભાગ અગ્નિદેવની પુરી છે, જે તેજોવતીના નામે પ્રસિધ્ધ છે.[૧]

અગ્નિદેવનું કાર્ય પ્રલયકાળે પણ હોય છે. તેનો જરા જુદી રીતે વરાહપુરાણમાં ઉલ્લેખ થયેલો છે પ્રલય વખતે સૃષ્ટિનું સમગ્ર જલ શોષાઈ જાય છે અને શૂન્ય પથરાઈ જાય છે એ જલશોષણની ક્રિયા જુદાં જુદાં પુરાણમાં જુદી જુદી રીતે દર્શાવેલ છે વરાહ પુરાણમાં કહયું છે કે –

वडवामुखमास्थाय पिबामि तदहं जलम् ।

(પ્રલય વખતે) હું વડવાનલનું રૂપ ધારણ કરી સંપૂર્ણ જલનું શોષણ કરું છું વડવા નામનો અગ્નિ સમુદ્રનાં પેટાળમાં રહે છે.[૨]

તેજ તત્ત્વનું બીજું માધ્યમ સૂર્ય છે. સૂર્ય પણ સૃષ્ટિનાં પ્રાણીમાત્રને, સ્થાવર જંગમને તેજ અને ઉષ્મા અર્પે છે. વેદોના ઉલ્લેખો પ્રમાણે સૂર્યનું એક અગત્યનું નામ આદિત્ય છે અદિતિથી જન્મેલ હોવાથી તે આદિત્ય કહેવાય છે. અદિતિ એટલે પરમ વિરાટ પુરૂષે ઉત્પન્ન કરેલ સૃષ્ટિ અને તેનું સંતાન તે આદિત્ય – સૂર્ય વેદોમાં આદિત્યની અનેક સ્તુતિઓ અને અનેક ઉલ્લેખો મળે છે તેજ રીતે પુરાણોમાં પણ સૂર્યની આદિત્યની ઘણી લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરેલી છે. વામન પુરાણમાં સનત્કુમારો સૃષ્ટિસર્જનનું વર્ણન કરતાં કહે છે –

यदाद्यं निःसृतं तेजस्तस्मादित्य उच्यते ।

અર્થાત્ "તેજના પ્રારંભમાં ઉત્પન્ન થવાથી તેને આદિત્ય કહે છે."[૩] આમ વિરાટ પુરૂષે જયારે તેજ તત્ત્વ ઉત્પન્ન કર્યું ત્યારે આદિમાં – પ્રારંભમાં સૂર્ય ઉત્પન્ન કર્યો તેથી તેનું

*(૧) वराह. ७६–९*

*(૨) वराह. १२५–३८*

*(૩) वामन. ४३–३५*

નામ  આદિત્ય પડ્યું તેવી વ્યુત્પતિ કરી શકાય તેવી સ્પષ્ટતા અહીં કરેલ છે સૂર્યના ગુણને વર્ણવતાં વિષ્ણુ પુરાણ કહે છે –

तया चाधिष्ठित : सोऽपि जाज्वलीति स्वरश्मिभि : ।
तम : सामस्तजगतां नाशं नयति चारिवलम् ॥

"તેનાથી અધિષ્ઠિત થયેલા સૂર્યદેવ પણ પોતાનાં પ્રખર કિરણોથી અત્યંત પ્રજવલિત થઈ સંસારના સમગ્ર અંધકારનો નાશ કરે છે."[૧] સૂર્યની આ એક લાક્ષણિકતા છે કે તે અંધકારનો નાશ કરી પ્રકાશ ફેલાવે છે આ ગુણ દશ્ય છે. પણ સૂર્યનો એક પ્રચ્છન્ન ગુણ સૃષ્ટિને વૃષ્ટિ આપવાનો પણ છે. શ્રીમદ્ ભાગવત પુરાણમાં એકાદશ સ્કંદમાં કહેલ છે કે –

गुणैर्गुणानुपादाने यथाकालं विमुंचति ।
गोभिर्गा इव गोपति : ॥

અર્થાત્ " જે રીતે સૂર્ય પૃથ્વી ઉપરથી જલ ખેંચી સમય આવે તે જલને વરસાવે છે."[૨]

વેદમાં જેમ સૂર્યની વિવિધ પ્રકારે સ્તુતિ કરવામાં આવી છે તે રીતે પુરાણોમાં પણ જોવા મળે છે શ્રીમદ્ ભાગવત પુરાણમાં સ્તુતિ કરતાં કહેવાયું છે –

नमो नमोऽ निरुद्धाय हृषीकेशेद्रियात्मने ।
नम : परमहंसाय पूर्णाय निभृतात्मने ॥
स्वर्गापवर्गधाराय नित्यं शुचिपदे नम : ॥

---

*(૧) विष्णु. २-११-१५*
*(૨) भाग. ११-७-५०*

અર્થાત્ – " આપ જ મન : તત્ત્વના અધિષ્ઠાતા અનિરુધ્ધ (રુંધી ન શકાય તેવા) ઈન્દ્રિયોના પતિ, આપ પરમહંસ છો, પૂર્ણ છો, શાંત અને સ્વસ્થ છો, સ્વર્ગ અને મોક્ષના દ્વાર રૂપ છો તથા પવિત્ર હૃદયમાં રહેનાર છો તેવા (સૂર્ય ભગવાન) ને નમસ્કાર"(૧) વિષ્ણુપુરાણ આદિત્ય – સૂર્યને વૈષ્ણવી શકિત કહે છે તેથી તેને વિષ્ણુ સ્વરૂપે સ્તવે છે –

अंगमेषा त्रयी विष्णोर्ऋग्यजु : सामसंज्ञिता ।
विष्णुशक्तिरवस्थानं सदादित्ये करोति सा ॥
एवं सा सात्त्विकी शक्तिवैष्णवी या त्रयीमयी ।
आत्मसप्तगणस्थं तं भास्वन्तमधितिष्ठति ॥

એટલે કે " આ ઋક, યજુ, સામ, સ્વરૂપીણી, વેદત્રયી ભગવાન વિષ્ણુનું અંગ છે. આ વિષ્ણુશકિત હંમેશા આદિત્યમાં રહે છે આ પ્રકારની ત્રયીમયી સાત્ત્વિકી વૈષ્ણવી શકિત પોતાના સપ્તગણોમાં રહેલ આદિત્યમાં જ રહેલ છે" અહીં આદિત્યને વૈષ્ણવી શકિત એટલા માટે બતાવવામાં આવી છે કે વિષ્ણુ સૃષ્ટિના પાલનકર્તા ભગવાન છે અને સૃષ્ટિનું પાલન કરવાની પ્રક્રિયાઓ, પ્રકાશ, ઉષ્મા, વૃષ્ટિ, ઋતુપરિવર્તન, વનસ્પતિ વગેરેનું પાલન કરવામાં સૂર્ય મહત્ત્વનો ભાગ ભજવે છે.

તેજ તત્ત્વની સાથે સંલગ્ન એવું એક અન્ય ગૌણ તત્ત્વ ચંદ્ર છે. ચંદ્રમાં ઉષ્મા નથી. તેજ છે અને તે સૃષ્ટિને ઉપકારક એવા કાર્યો કરે છે. શ્રીમદ્ ભગવદ ગીતના પંદરમાં અધ્યાયમાં કૃષ્ણએ કહ્યું છે –

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चोषधीः सर्वा सोमोभूत्वा रसात्मक : ॥

(૧) ભાગ. ૪-૨૪-૩૬

અર્થાત્ "પૃથ્વીમાં પ્રવેશીને હું જ સર્વ પ્રાણીઓને મારાં ઓજસ વડે ધારણ કરું છું અને રસાત્મક ચંદ્ર બની હું જ સર્વ ઓષધીઓને પોષુ છું." ચંદ્રના ગુણ, ઓજ, રસ અને વનસ્પતિ – ઓષધીને પુષ્ટ કરવાના છે.

ચંદ્ર સ્વયં પ્રકાશિત નથી, તે સૂર્યના પ્રકાશનું પરાવર્તન કરી પોતાનું તેજ ફેલાવે છે, પુરાણમાં ચંદ્રની કળાની વધ-ઘટ થવાની ક્રિયા સાથે મુખ્ય કથા દક્ષ પ્રજાપતિ દ્વારા મળેલા શાપથી ક્ષયરોગ પામેલા ચંદ્રની કથા છે. ભગવાન શિવનું આરાધન કરવાથી શુક્લપક્ષના પંદર દિવસ વૃધ્ધિ અને કૃષ્ણપક્ષના પંદર દિવસ ક્ષય થાય તેવું વરદાન મળેલું. આ કથા લગભગ બધાં જ પુરાણોમાં છે. વિષ્ણુ પુરાણમાં એવો ઉલ્લેખ છે કે ચંદ્રમાંથી ઝરતાં અમૃતનું પાન દેવતાઓ સતત કરતા હોવાથી તેની કલાઓ ક્ષીણ થાય છે. નવગ્રહ અંગેના વિષ્ણુપુરાણનાં નિરુપણમાં આ વિગત આ પ્રમાણે દર્શાવી છે –

क्षीणं पीतं सुरै : सोममाप्याययति दीप्तिमान् ।
मैत्रयैककलं सांतं रश्मिनैकेन भास्कर : ।।
क्रमेण येन पीतोऽसौ देवैस्तेन निशाकरम् ।
आप्याययत्यनुदिनं भास्करो वारितस्कर : ।।

એટલે કે "સુરગણના પાન કરતા રહેવાથી ક્ષીણ થયેલી કલામાત્ર ચંદ્રને પ્રકાશમય સૂર્યદેવ પોતાના એક કિરણથી પુનઃપોષણ કરે છે જે ક્રમમાં દેવતાઓ ચંદ્રનું પાન કરે છે તે ક્રમમાં જલનો ઉપભોગ કરનાર સૂર્ય શુકલ પ્રતિપદાથી નિત્ય પુષ્ટ કરે છે." અમાવાસ્યાએ ચંદ્ર દ્રષ્ટિગોચર થતો નથી. આ માટે વિષ્ણુ પુરાણ એમ કહે છે કે – [૧]

---

*(૧) विष्णु. २-१२-४/५*

कलाद्वावशिष्टस्तु प्रविष्ट : सूर्यमंडलम् ।
अमारव्यरश्मौ वसाति अमावास्या ततः स्मृता ॥

અર્થાત્ " જે સમયે ચંદ્રની બે કલા બાકી રહે છે ત્યારે તે સૂર્યમંડલમાં પ્રવેશી તેના 'અમા' નામનાં કિરણમાં રહે છે, તેથી તે તિથિ અમાવાસ્યા કહેવાય છે." આ રીતે ચંદ્રની કલાનાં વધવાની અને ઓછા થવાની તથા અદશ્ય થવાની ક્રિયા અંગે પુરાણકારે ઉલ્લેખ કરેલ છે, આ ચંદ્રની ઉત્પત્તિ અંગે વરાહ પુરાણ "બ્રહ્માના માનસપુત્ર અત્રિના પુત્ર રૂપે ચંદ્ર જન્મ્યા" તેમ કહે છે.(૧)

શ્રીમદ્ ભાગવતપુરાણ ચંદ્ર અંગે આ પ્રમાણે નિરુપણ કરે છે – य अेष षोडशकलः पुरुषो भगवान्मनोमयोऽन्नमयोऽमृतमयो देवपितृमनुष्यभूतपशुपक्षीसारीसृपवीरुधां प्राणाप्यायनशीलत्वात् सर्वमय इति वर्णयन्ति । આ ઉલ્લેખ પંચમ સ્કંધમાં ગદ્ય રૂપે છે એટલે કે આ જે ષોડશકલાયુકત મનોમય, અન્નમય, પુરૂષ સ્વરૂપ ભગવાન ચંદ્ર છે, તે જ દેવતા, પિતૃ, મનુષ્ય, ભૂત, પશુ, પક્ષી, સરીસૃપ અને વૃક્ષાદિ સમસ્ત પ્રાણીઓના પ્રાણનું પોષણ કરે છે તેથી તેને સર્વમય કહે છે.

ચંદ્રની અસરથી સમુદ્રમાં જે પરિવર્તન થાય છે તેને પણ પુરાણકારે નિરુપ્યું છે.(૨)

स्थालीस्थमग्निसंयोगादुद्रेक सलिलं यथा ।
तथेन्दु वृद्धो सलिलमंभो मुनिसत्तम् ॥
अन्यूनानतिरिक्ताश्च वर्धन्त्यापो ह्रन्ति च ।
उदयास्तमनेषविन्दो पक्षयो : शुक्लकृष्णयो : ॥
दशोत्तराणि पंचैव ह्यंगुलाना शतानि च ।
अपां वृद्धिक्षयौ ह्ष्टौ सामुदीणां महामुने ॥

---

*(૧) विष्णु. २-१२-८*
*(૨) विष्णु. २-५-८९/९०/९१*

અર્થાત્ ''પાત્રનું જલ જે રીતે અગ્નિના સંયોગથી ઉકળવા લાગે છે તે રીતે ચંદ્રની કલા વધવાની સમુદ્રનું જલ પણ વધવા લાગે છે. શુકલ અને કૃષ્ણ પક્ષમાં ચંદ્રના ઉદય અને અસ્તથી વધારે ઓછું ન થતાં જ જલ ઘટે છે અને વધે છે સમુદ્રના જલની વૃધ્ધિ, અને ક્ષય પાંચસો દસ આંગળ સુધી જોવા મળે છે.

તેજ તત્ત્વ અંગે વેદો અને પુરાણોમાં થયેલાં નિરુપણો પછી સૃષ્ટિ ઉપર અનેક આનુષંગિક ગૌણ તત્ત્વો મહત્ત્વ ધરાવે છે. તેમાં વનસ્પતિ, જલાશય પર્વત, સમુદ્ર, ધાતુઓ, પશુ, પક્ષી વગેરે ગણાવી શકાય. આ તત્ત્વો પૃથ્વીનાં સૃષ્ટિનાં પર્યાવરણને અસર કરનારા પરિબળો છે તેઓ સીધી કે આડકતરી રીતે પર્યાવરણમાં પોતાનું યોગદાન આપતાં હોય છે. આ પૈકી પ્રથમ અને અત્યંત અગત્યનું પરિબળ વનસ્પતિ છે. વનસ્પતિ અને વનપ્રદેશ એક–બીજા સાથે સંલગ્ન છે. વનપ્રદેશ વનસ્પતિથી ભરપૂર હોય છે, જયારે કેટલીક વનસ્પતિઓ માનવ સમાજ નિર્મિત પ્રદેશોમાં પણ શોભતી હોય છે.

આપણે વનસ્પતિ એટલે વૃક્ષો એટલી જ સમજણ ધરાવીએ છીએ. વિદ્વાનો વનસ્પતિને બહોળા અર્થમાં દર્શાવે છે. શ્રીમદ્ ભાગવતકાર ઇશ્વરે રચેલી વિવિધ સૃષ્ટિમાં સાતમી સૃષ્ટિને વૈકૃત સૃષ્ટિ કહે છે અને તે સૃષ્ટિ છ પ્રકારનાં સ્થાવર વૃક્ષોથી બનેલી છે તેમ કહે છે. ભાગવતકારે વૃક્ષો – વનસ્પતિનું સૂક્ષ્મ વર્ગીકરણ આપ્યું છે તેમાં આપણે જેને વનસ્પતિ કહીએ છીએ તે વનસ્પતિ ઉપરાંત ઓષધિ, લતા, ત્વક્સાર, વીરૂધ અને દ્રુમ એવા અન્ય પ્રકારો પણ છે.

વનસ્પતિ એટલે જે વૃક્ષ મોર આવ્યા વગર ફળે તે, તેમાં વડ, પીપળો, વગેરે આવે છે ઔષાધિ એટલે જેનાં ફળ પાકી ગયા પછી નષ્ટ થાય છે તે તેમાં ચોખા, ઘઉ, કઠોળ જેવાં ધાન્યો સમાવિષ્ટ છે. ત્રીજો પ્રકાર લતા છે. જે અન્યનો આશ્રય લઈ વધે છે તે લતા

કહેવાય છે, તેમાં બ્રાહ્મી ગળો વગેરે આવે છે. તે પછી વિરૂધ પ્રકાર આવે છે, જે પૃથ્વી પર જ ફેલાય છે કઠોર હોવાથી ઉપર તરફ વધતી નથી. તેમાં તરબૂચ, દૂધી વગેરે આવે છે. અન્ય પ્રકારને ત્વક્સાર કહે છે જેની છાલ બહુ કઠોર હોય તે ત્વક્સાર છે, તેમાં વાંસ જેવાં વૃક્ષો આવે છે. છેલ્લું દ્રુમ છે જે વૃક્ષમાં પ્રથમ ફૂલ આવે અને પછી ફૂલને સ્થાને ફળ આવે તે વૃક્ષને દ્રુમ કહે છે. આ પ્રકારમાં આંબો, જાંબુ વગેરે આવે છે. વૃક્ષસૃષ્ટિને અનુલક્ષીને ભાગવતકાર કહે છે. –

राजोभाजो भगवतो लीलेयं हरिमेधस : ।
साप्तमो मुरव्यसर्गस्तु षड्विधस्तस्थुसां च यः ॥
वनस्पत्योषधिलता त्वकसरा वीरूधा द्रुमा : ।
उत्स्रोतसास्तमप्राया अंत : स्पर्शा विशेषिवाः ॥

અર્થાત્ "(બ્રહ્માએ) રજો ગુણનો સ્વીકાર કરીને જગતની રચના કરી છે. છ પ્રકારની પ્રાકૃત સૃષ્ટિ પછી સાતમી પ્રધાન વૈકૃત સૃષ્ટિ છ પ્રકારની સ્થાવર વૃક્ષોની હોય છે. (તે) વનસ્પતિ ઓષધિ, ત્વક્સાર, વીરૂધ અને દ્રુમ તેનો સંચાર નીચેથી ઉપર તરફ હોય છે. તેનામાં પ્રાયઃ જ્ઞાનશકિત પ્રકટ નથી હોતી તે અંદરના ભાગે સ્પર્શનો અનુભવ કરે છે અને તે દરેકમાં વિશેષ ગુણ રહેલો હોય છે."[૧]

આ નિરુપણમાં ''अंतःस्पर्शाः'' એટલે કે સ્પર્શાનુભવ કરનાર છે, જે વિજ્ઞાને પણ સાબિત કરેલ છે બીજો શબ્દ ''विशेषिणः''છે જે "દરેકમાં વિશેષ ગુણ રહેલ છે" તેમ નિરુપે છે. એટલે કે દરેક વૃક્ષ આરોગ્ય માટે વિશેષતા ધરાવે છે વિષ્ણુ પુરાણનું એક વિધાન આ અંગે નોંધનીય છે. नास्तिमूलमनौषधम् કોઈપણ મૂળ ઓષધિના ગુણવિહીન હોતું નથી.

---

*(૧) ભાગ. ૩-૧૦-૧૮-૧૯*

વૃક્ષો સુખદુઃખ અનુભવનારાં છે તેમ મનુસ્મૃતિમાં નિરુપ્યું છે –

तमसा बहुरूपेण वेष्टिता कर्महेतुना ।
अन्तः सांज्ञा भवन्त्येते सुखदुःखसमन्विताः ॥

એટલે કે "પૂર્વ જન્મને કારણે વૃક્ષાદિ અત્યાધિક તમોગુણથી યુકત અંતઃચેતનાવાળાં તથા સુખદુઃખ અનુભવનાર હોય છે."[૧]

ઋગ્વેદ વૃક્ષાદિની ઉત્પત્તિ માટે પ્રકૃતિનાં તત્ત્વોને કારણભૂત દર્શાવતાં નિર્દેશે છે કે –

या सां द्यौः पिता पृथिवी माता सामुद्रोमूलं वीरुधां बभूव ।

અર્થાત્ "ઉત્પન્ન થનાર વૃક્ષાદિ ઓષધિના પિતા સૂર્ય છે, માતા પૃથ્વી છે અને સમુદ્ર તેનાં મૂળ છે."[૨] સૂર્ય અને પૃથ્વીથી પોષાતાં વૃક્ષોનાં મૂળમાં સમુદ્રની વિશાળતા અને અનંતતા રહેલી છે તે ઉકત મંત્રમાં દાર્શનિક રીતે બતાવવામાં આવેલ છે.

વૃક્ષો જયાં સતત વૃધ્ધિ પામતાં રહે છે તે વનપ્રદેશો વેદકાળમાં તેનાં તરફના પૂજયભાવ અને ઉપકારભાવને કારણે છેદન ન થતાં સતત વધતા રહેતા. આ અંગે ઋગ્વેદના ઋષિ કહે છે –

अराण्यान्यरण्यान्यसौ वा प्रव नश्यसि ऋ.

હે વનસમૂહ તમે પહેલાંથી જ પોતાની મેળે આગળ વધતા રહો છો. વનપ્રદેશમાં થતાં વૃક્ષો મનુષ્યાદિ પ્રાણીઓ માટે અત્યંત ઉપકારક છે. કોઈપણ આશા – અપેક્ષા વગર તેઓ પોતાનાં ફળો સહુને આપે છે. તે ફળોનો ઉપભોગ કરનાર પણ વૃક્ષોનો ઉપકાર માની પોતાનું સદાચારી જીવન વ્યતીત કરતા તેનું નિરુપણ કરતાં વેદઋષિ કહે છે.[૩]

---

*(१) मनुस्मृति १-४९*
*(२) ऋ. ६-४८-१७*
*(3) १०-१४६-१*

न वा अरण्यार्निहन्त्यन्यश्चन्नाभिगच्छति ।

स्वादोः फलस्य जगध्वाय यथा कणं निपधते ॥

અર્થાત્ "વનને ચાહનારાઓ કયારેય વનને નષ્ટ નથી કરતા. બીજા કોઈ શત્રુ પણ તેના ઉપર હુમલો નથી કરતા. એવા મનુષ્યો સુખપૂર્વક સ્વાદિષ્ટ ફળો ખાઈને ઉત્તમ સંકલ્પ અનુસાર જીવન વ્યતીત કરે છે."(૧)

યજુર્વેદમાં વનને અને તેના રક્ષક તેમજ પાલકોને સ્તુતિ દ્વારા દર્શાવેલ છે. વનપ્રદેશનું હોવું એક વાત છે અને તેનું પાલન પોષણ કરવું, તેનું રક્ષણ કરવું બીજી વાત છે. આવું કરનાર મહાન તપનું આચરણ કરે છે તેથી તેઓ નમસ્કાર યોગ્ય છે. યજુર્વેદના ઋષિ કહે છે.

नमो वृक्षेभ्यो हरिकेशेभ्यो वनानां पतये नमः

वृक्षाणां पतये नमः ओषधीनां पतये नमः ।

वृक्षाणां पतये नमः अरण्यानां पतये नमः ॥

એટલે કે "જેનામાં સૂર્યનાં હરણશીલ કિરણો સમાહિત હોય છે તેવાં મહાવૃક્ષોને નમસ્કાર વનના પાલકોને અને રક્ષકોને નમસ્કાર. વૃક્ષો અને ઓષધિઓની રક્ષા કરનારને નમસ્કાર. સમસ્ત વનોના સંરક્ષક અને પાલકને નમસ્કાર.(૨)

વનને ઉછેરવું, તેનું રક્ષણ કરવું તે માત્ર પ્રાચીન સમયની જ વાત નથી. વર્તમાન સમયમાં પણ એટલી જ સામયિક અને મહત્ત્વની છે. વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિને પુરાણકારો આ જન્મ અને પુનર્જન્મ સાથે સંલગ્ન કરે છે. શિવપુરાણમાં નિર્દેશ છે કે –

---

*(૧) ઋ. ૧૦-૧૪૬-૫*

*(૨) યજુ. ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦*

अतीतानागतान्सर्वान्पितृ शास्तु तारयेत् ।
कान्तारे वृक्षरोपी सरूतस्माद् वृक्षास्तु रोपयेत् ।

એટલે કે " જો કોઈ વ્યકિત વનમાં વૃક્ષ વાવે છે, તે પૂર્વ થયેલા અને આગળ થનારાં સમસ્ત પિતૃવંશનો ઉધ્ધાર કરે છે તેથી વૃક્ષારોપણ અવશ્ય કરવું."[૧]

વૃક્ષાદિ તત્ત્વ શી રીતે પ્રકટ થાય છે તેનું સૂક્ષ્મ નિરીક્ષણ પુરાણકારે કર્યુ છે. વૃક્ષ વગેરેમાં મૂળ, તેમાં રહેલી કેશવાહિનીઓ, પછી તેમાંથી ફૂટતો અંકુર, તેનું કાંડ, કોષ, પુષ્પ વગેરેને પૃથ્વી અને જલતત્ત્વની સામગ્રી મળતાં તેનો ઉદ્ભવ થાય છે વિષ્ણુ પુરાણમાં આ અંગે નિરુપણ છે કે –

व्रीहिबीजे यथा मूलं नालं पत्रांकुरौ तथा
कांड कोषस्तु पुष्पं च क्षीरं तदवच्च तंडुलाः ।
तुषाः कणाश्च सन्तो वै यात्याविर्भावमात्मनः ।
प्ररोहहेतुसामग्रीसाधि मुनिसत्त म ॥

અર્થાત્ " જે રીતે ચોખાના બીજમાં મૂળ, નાળ, પાંદડાં, અંકુર, થડ, કોષ, પુષ્પ, ક્ષીર, તંડુલ (દાણા), તુષ(પુષ્ટિ) અને કણ(પરિપક્વતા) બધા જ રહે છે તથા અંકુરના હેતુરૂપ (પૃથ્વી–જલ વગેરે) સામગ્રી મળતાં તે પ્રકટ થાય છે."[૨]

જુદાં – જુદાં પુરાણોમાં વૃક્ષોની વિવિધ સૂચિઓ આપી છે. ભારત વૃક્ષોની બાબતમાં કેટલું સમૃધ્ધ છે. તેનો તેના દ્વારા ખ્યાલ આવે છે. વૃક્ષોની ઉત્પત્તિ માટે પુરાણકારોએ

---

*(१) शिवपु. २–१७*
*(२) विष्णु. २७–३७/३८*

સૌંદર્યાત્મક કલ્પના કરી છે. શિવ દ્વારા કામદેવનું દહન થયું ત્યારે તેના હાથમાં રહેલાં ધનુષ્યના વિખરાવાથી જુદાં જુદાં વૃક્ષો ઉત્પન્ન થયાનાં વામન પુરાણકારે વર્ણન કરેલ છે.

यदासीन्पुष्टबंधं तु रुक्‌म पृष्ठं महाप्रभम्।
स चम्पकस्तरुर्जात सुगंधाढ्यो गुणाकृति :॥
नाहस्थानं शुभाकारं यदासीद् वज्रभूषितम्।
तज्जातं केसरारण्यं बकुल नामतो मुने॥
या च कोटि शुभा धासीदिंद्रनील विभूषिता।
जाता सा पाटला रम्या भृंगराजि विभूषिता॥

એટલે કે " એ ધનુષ્યની જે ચમકતી મૂઠ હતી તે સુગંધી સુંદર ચંપક વૃક્ષ થઈ ગઈ. તેનું હીરાજડિત જે નાહસ્થાન (બન્ને તરફની પટ્ટિકા) તે કેસરવનમાં બકુલ વૃક્ષ થયું. ઈન્દ્રનીલથી સુશોભિત જે પ્રત્યંચા (દોરી) હતી તે ભ્રમરોથી શોભતી ગુલાબના ફૂલમાં પરિવર્તિત થઈ ગઈ."[૧]

જુદા જુદા દેવો દ્વારા જુદી જુદી વનસ્પતિઓનું સર્જન થયું છે તેમ દર્શાવતાં વામન પુરાણ કહે છે कंदर्पस्य कराग्रे कदम्ब :। કામદેવની હથેળીથી કદંબવૃક્ષ यक्षाणामधिपस्य मणिभद्रस्थ वटवृक्ष :। યક્ષપતિ મણિભદ્રથી વટવૃક્ષ.

ब्रह्मणो मध्वतो देहात् खदिर :।
બ્રહ્માના દેહમધ્યથી ખદિરવૃક્ષ.
विश्वकर्मण : कंटकी વિશ્વકર્માથી કંટકી વૃક્ષ.
गिरिजायां करतले कुन्दगुलम्।

*(૧) વામન. ૬-૯૮/૯૯/૧૦૦*

પાર્વતીની હથેળીથી કુંદલતા

गणाधिपस्य कुंभस्थ : सिंधुवारक :।

ગણપતિના કુંભ સ્થળથી સિંધુવારક

यमस्य पार्श्वे पलाश :।

યમના પડખામાંથી પલાશવૃક્ષ

रुद्राज्जात : कृष्ण उदुम्बर:।

રુદ્રમાંથી કૃષ્ણ ઉદુંબર

વૃક્ષ. स्कंदस्य बंधुजीव :।

કાર્તિકેયમાંથી બંધુજીવ

વૃક્ષ. खे : अश्वत्थ।

સૂર્યમાંથી પીપળાનું વૃક્ષ.

नागाना पतये ब्रह्मछरस्तंब :।

નાગપતિમાંથી સરપત વૃક્ષ.

वासुके: विस्तृते पुच्छे पुच्छे सितासिता दूर्वा।

વાસુકિનાં વિસ્તૃત પુચ્છ અને પૃષ્ઠમાંથી શ્વેત અને શ્યામ દુર્વા.

साध्याना हदये हरितचंदनवृक्षा :।

સાધકનાં હૃદયમાંથી હરિચંદન વૃક્ષ.

ભારતભૂમિમાં વૃક્ષોની વિવિધ જાતો મળે છે. વરાહપુરાણના અધ્યાય ૧૪૫ માં જણાવેલ છે કે "સર્વતીર્થ કદંબક શિવવનમાં કેળનાં વન, નિચુલ, જાયફળ, નાગકેસર, અશોક, બકુલ, આમ્ર, પ્રિયાલક, નારિયલ, સોપારી, ચંપો, જાંબુ, નારંગી, બોર, જંબીર, માતુલુંગ, મલ્લિકા, યુથિકા, દાડમ વગેરેનાં વન હતાં."[૧]

---

*(૧) વામન ૧૭, શ્લોક ૨ થી ૧૦*

વામન પુરાણમાં વૃક્ષનાં સૌદર્ય અને સૃષ્ટિ પર તેની અસર અંગે સુંદર નિરુપણ કરેલું છે તેમાં કહેવાયું છે કે –

कदम्बसर्ज्जार्जुनकेतकी द्रुमा : ।
पुष्पाणि मुंचति सुमारुता हता ॥

''પ્રબળ વાયુના ઝોંકા ખાઈને કદંબ, સર્જ, અર્જુન અને કેતકીનાં વૃક્ષો પુષ્પ ખેરવી રહ્યાં છે.''(૧)

ततो वसंते संप्राप्ते किंशुका ज्वलनप्रभा ।
निष्पत्रा सततं रेजु : शोभयन्तो धरातलम् ॥

''પછી વસંત આવતા અગ્નિની જવાળા જેવા તેજવાળા પલાશ પત્રહીન થઈને રાત દિવસ પૃથ્વીની શોભા વધારવા લાગ્યાં.(૨) વળી,

वनानिकर्णिकाराणां पुष्पितानि विरेजिरे ॥
''પુષ્પિત એવાં કાંચનારનાં વૃક્ષોથી વન સુશોભિત થવા લાગ્યું.''(૩)

તેમજ रक्ताशोकवना भान्ति पुष्पिताः सहसज्वलाः ॥
''લાલ અશોકનો સમૂહપણ એકા એક પુષ્પિત અને ઉજ્જવળ થઈ સુશોભિત થવા લાગ્યો.''(૪)

---

*(૧) વામન ૧-૧૮*
*(૨) વામન ૬-૯*
*(૩) વામન ૬-૧૨*
*(૪) વામન ૬-૧૪*

यदर्णसं मोदेथा वृक्षम् ।

''હે મનુષ્ય, જલને કિનારે ઊગેલાં વૃક્ષને ન ઊખેડો.''[(૧)]

આવાં સુંદર વૃક્ષો, વનસ્પતિથી સુશોભિત સંપત્તિને રક્ષવી જરૂરી હોય છે. આ માટે પુરાણોમાં તેને નર્કના ભય, પાપ, કદાચાર જેવી બાબતો સાથે સાંકળી લીધેલ છે, જેથી મનુષ્ય ભયને કારણે આ પ્રકારનાં કૃત્યથી દૂર રહે. ઋગ્વેદના ઋષિ મનુષ્યને સહજ શીખામણ આપે છે. આમ ન કરવા પાછળની ભાવના ઋષિએ આ રીતે દર્શાવી છે –

मा काकम्बीरमुद्वहो वनस्पतिम्

''હે વિદ્વાનો, આપ કાગડા વગેરે પક્ષીઓનાં પોષણ કરનાર વૃક્ષોને નષ્ટ ન કરો.''

असिपत्रवनं याति वनच्छेदी वृथैव यः ॥

પુરાણકાર આ બાબતે ભય દર્શાવતા કહે છે.[(૨)]

અર્થાત્ '' જે કારણ વગર વનને કાપે છે તે અસિપત્ર નામના નર્કમાં જાય છે.''

આ અંગે વામનપુરાણમાં નિરુપણ છે કે –

फलस्तेयं महापापं फलहीनं तथाऽटनम् ।

छेदनं वृक्षजातीनां द्वितीयं नरकं स्मृतम् ॥

એટલે કે ''ફળની ચોરી કરવી ઉદ્દેશહીન ભટકવું અને વનસ્પતિનું છેદન કરવું તેને બીજું નરક કહ્યું છે.''[(૩)]

---

*(૧) ऋ. ५-५४-६*

*(૨) विष्णु २-६, २६*

*(૩) वामन ६१-२*

આવાં કૃત્યોમાંથી બચવા માટે અને વનસ્પતિ સંરક્ષણ માટે પુરાણકાર નર્કથી બચવાનો માર્ગ દર્શાવે છે –

अश्वत्थमेकमपिचमन्दमेकं न्यग्रोधमेकं दशपुष्पजाति : ।
द्वे द्वे दाडिम मातुलुंगे पंचाम्ररोपो नरकं न याति ॥

અર્થાત્ " એક પીપળાનું વૃક્ષ, એક લીમડાનું વૃક્ષ, એક વટવૃક્ષ, દશ પુષ્પલતા, બે દાડમ, બે બિજોરાનાં વૃક્ષ અને પાંચ આમ્રવૃક્ષ વાવનાર કયારેય નર્કમાં નથી જતો."[૧]

વૃક્ષારોપણમાં ઉપર દર્શાવેલા વૃક્ષો પૈકી પીપળાનું વૃક્ષ શાસ્ત્રોમાં અત્યંત પવિત્ર માનવમાં આવ્યું છે. આધુનિક વિજ્ઞાન પણ કહે છે કે વૃક્ષો સૂર્યપ્રકાશ દરમ્યાન દિવસે પ્રાણવાયુ છોડે છે અને રાત્રે અંગારવાયુ છોડે છે. તેમાં પીપળાનું વૃક્ષ અપવાદ છે. પીપળાનું વૃક્ષ દિવસે અને રાત્રે પ્રાણવાયુ છોડે છે તેથી જ કૃષ્ણએ ગીતામાં કહયું છે.

अश्वत्थः सर्ववृक्षाणां ।
બધા વૃક્ષોમાં હું અશ્વત્થ (પીપળો) છું."[૨]

વામન પુરાણમાં ભગવાન વિષ્ણુ કહે છે. –

अश्वत्थस्य तु यन्मूलं सादा तत्र वसाम्यहम् ।
अश्वत्थ वंदनं कृत्वा यम् रौद्रं न पश्यति ॥

અર્થાત્ – "હું સદા પીપળાના વૃક્ષમાં રહું છું. એ પીપળાના વૃક્ષને પ્રણામ કરનાર વ્યકિતને યમરાજ નહીં જુએ."[૩] યમ યાતનામાંથી બચવા માટે પીપળાના વૃક્ષને સેવવું જોઈએ.

---

*(૧) વામન. ૭૨-૩૯*
*(૨) ગીતા ૧૦-૨૬*
*(૩) વામન : ૩૬-૩૮*

વરાહ પુરાણના નિર્દેશ મુજબ વટવૃક્ષ પણ પરમાત્માને નિવાસ છે. વરાહ પુરાણ કહે છે. –

सार्व तज्जलपूर्णं तु न प्रज्ञायत किंचन।
वटमेकं वर्जयित्वा विष्णुमूलं यशोद्गमम्॥

એટલે કે "સૃષ્ટિના પ્રારંભમાં બધું જ જલપૂર્ણ હતું અને એક વટવૃક્ષ સિવાય કશું જ્ઞાત થતું ન હતું. તે યશસ્વી વૃક્ષ વિષ્ણુ જેના મૂળમાં છે તે (વટવૃક્ષ) હતું."(૧)

આવી વૃક્ષ સંપત્તિ વિશાળ વનપ્રદેશો વગર સંભવી ન શકે. કુરુક્ષેત્રના સાત વનપ્રદેશોનો ઉલ્લેખ અગાઉ કરેલો છે. આ સિવાય નૈમિષારણ્ય, દંડકારણ્ય જેવા વિશાળ વનપ્રદેશોના ઉલ્લેખ પુરાણોમાં જોવા મળે છે વરાહપુરાણના અધ્યાય ૬૧ માં મથુરાક્ષેત્રનું વર્ણન કરતાં પુરાણકારે તેના વનપ્રદેશો દર્શાવેલ છે તેમાં મધુવન, તાલવન, કુંદવન, કામ્યકવન, બહુવન, લોહવન, ભદ્રવન, બિલ્વવન, ભાંડિરવન અને વૃંદાવનનો ઉલ્લેખ મળે છે કૃષ્ણે કરેલી બાલલીલાઓમાં આ વનના ઉલ્લેખો જોવા મળે છે. આ રીતે ભરપૂર વનસંપત્તિ યુકત ભારતની ભૂમિએ રીતે ધન્ય બની છે. આ પ્રકારની પ્રાકૃતિક સંપતિ વધારવાની અને તેને જાળવવાની ફરજ વર્તમાન સમયની પ્રજાની છે.

પ્રકૃતિ સાથે જોડાયેલા અન્ય તત્ત્વો ગૌણ હોવા છતાં પ્રાકૃતિક પર્યાવરણના સંરક્ષણ માટે જાળવવાં અત્યંત જરૂરી છે. પ્રકૃતિ સાથે જોડાયેલ એક તત્ત્વ સમુદ્ર છે સમુદ્ર અંગે જલતત્ત્વના નિરુપણમાં પુરાણોના સંદર્ભો સાથે ઉલ્લેખો થયા છે સમુદ્રના કેટલાંક લક્ષણો પુરાણકારોએ સરસ રીતે દર્શાવ્યાં છે.

---

*(૧) વરાહ ૧૮૭-૧૫*

मुनि प्रसन्नगंभीरो दुर्विगाह्यो दुरत्ययः ।
अनंतपारो ह्यक्षोभो स्तिमितोद इवार्णवः ॥
समृद्धिकामो हीनो वा नारायणपरो मुनिः ।
नोत्सर्पेत न शुष्येत सरिद्भिरिव सागरः ॥

અર્થાત્ "પ્રસન્ન, ગંભીર, અથાહ, અપાર, અસીમ, ક્ષોભરહિત, સરિતાના ભળવાથી ન વધનાર અને ગ્રીષ્મમાં પણ ન સૂકાનાર સમુદ્ર જેવું બનવું." આ શ્લોકમાં સમુદ્રની તમામ લાક્ષણિકતાઓ વર્ણવી દીધી છે.(૧)

અન્ય તત્ત્વ પર્વત છે. તેના વિષે પણ આગળના પૃથ્વી તત્ત્વનાં નિરુપણ વખતે વિગતે નિર્દેશ થયેલ છે. દત્તભગવાન પર્વતને

शश्वत्परार्थ सर्वेह परार्थैकान्तसंभवः ।
साधु शिक्षेत भूभृतो नगशिष्य : परात्मताम् ॥

એટલે તે " તે શાશ્વત છે, બીજાને માટે બધું જ સહન કરનાર છે, અન્યને માટે એકાંત સેવી છે, તેને પૃથ્વી દ્વારા ધારણ કરાય છે."(૨)

વિશેષ તત્ત્વ વૃષ્ટિ દ્વારા પૃથ્વી પર આકાર લેતું જલાશય પણ છે. જલાશયનાં ઘણાં સ્વરૂપો સૃષ્ટિમાં વિદ્યમાન છે. વાપી, કૂપ, તળાવ, સરોવર, વગેરે આવા જલાશયોનું નિર્માણ કરનારને પુણ્યાત્માઓ કહેવાય છે. પરંતુ કેટલાંક દુષ્ટ-વિચારવાળા મનુષ્યો તેને નષ્ટ પણ કરતા હોય છે. પુરાણકાર આવા લોકોને તેમનાં દૃષ્કૃત્ય માટે નર્કનો ભય બતાવે છે.

---

*(૧) ભાગ. ૧૧-૮-૫, ૬*
*(૨) ભાગ. ૧૧-૭-૩૮*

कूपवापीतडागाश्च भंक्त्वा विध्वसयंति ये ।
तेषां विलपतां चर्म देहतः क्रियते पृथक् ॥
कर्तिकाभिः सुतीक्ष्णाभिः सुरौद्रैर्यमकिंकरैः ॥

એટલે કે " જેઓ કૂવા, વાવ, તળાવને તોડીને નષ્ટ કરે છે તે મનુષ્યને વિલાપ કરતા છતા ભયંકર યમદૂતો ધારદાર છરીથી તેની ચામડી ઉખેડે છે અને તેની ત્વચા કાપીને અલગ કરે છે."[૧]

વિશ્વના તમામ પ્રદેશોમાં વૃષ્ટિ આધારિત જનજીવન છે. વૃષ્ટિ દ્વારા વરસતું જલ કૃષિ માટે અત્યંત આવશ્યક છે. એવો પણ એક સમય હતો કે જયારે લોકો કૃષિ ન હોતા કરતાં અને ભૂખમરો વેઠતાં. ભૂખથી તેમની શારીરિક ક્ષમતા ઓછી થતી અને તેઓ શીતળ તા અને ઉષ્ણતાથી પીડાતા. ભગવાન ઋષભદેવ અને મહારાજા પૃથુએ લોકોને કૃષિ વિદ્યા શીખવી. કૃષિ દ્વારા ઉત્પન્ન થતાં અન્નથી ક્ષુધાતૃપ્તિ કરી. ક્ષુધા સંતોષાતાં અન્ય કલાકૌશલ્યો પણ તેણે વિકસાવ્યાં. વિષ્ણુ પુરાણમાં ઉલ્લેખ છે કે –

प्रतिकारमिमं कृत्वा शीतादेस्ता प्रजाः पुनः ।
वार्तोपायं ततश्चक्रुर्हस्तसिद्धं च कर्मजाम् ॥

અર્થાત્ " આ રીતે શીતોષ્ણાદિથી બચવા માટે પ્રજાએ આજીવિકા માટે કલાકૌશલ્યની રચના કરી."[૨]

વિદ્વાનોએ કૃષિ દ્વારા ઉત્પન્ન થતી ઉપજોને વર્ગીકૃત કરેલ છે આ વર્ગીકરણમાં ગ્રામ્ય અને વન્ય એમ બે રીતે વહેંચેલી નિપજો છે. પુરાણકારો આ નિપજને ઔષધિ એવું

*(૧) વામન: ૧૨-૨૩/૨૪*
*(૨) વિષ્ણુ ૧-૬-૨૦*

નામાભિધાન કરે છે. તેમાંથી ઘણી નિપજો – ઓષધિ કહેવાય છે આ કૃષિ નિપજોને પુરાણકાર આ રીતે દર્શાવે છે –

व्रीहयश्च यवाश्चैव गोधूमाश्चाणवस्तिला: ।
प्रियंगवो ह्युदाराश्च कोरदूषा सतीनका: ।।
भाषा मुद्‌गा मसूराश्च निष्पाफ: साकुत्यैका: ।
आढ्कयश्चणकाश्चैव शणा : साप्तदश स्मृता: ।।

અર્થાત્ "ધાન (ચોખા), જવ, ઘઉ, નાનાં ધાન્યો, તલ, કાંગ, જુવાર, કોદરી, નાનાવટાણા, અડદ, મગ, મસૂર, મોટાવટાણા, કળથી, રાઈ, ચણા અને શણ આ સત્તર ગ્રામ ઓષધિના જાતિઓ છે."[૧]

અન્ય રીતે વર્ગીકૃત કરેલ કૃષિ ઉપજમાં
व्रीहपस्सययया माषा गोधूमाश्चाणवस्तिला ।
प्रियंगु साप्तमा ह्यैते अष्टमास्तु कुलत्थका: ।।
श्यामकास्त्वथ नीवारा जर्तिला: सगवेधुका: ।
तथा वेणुयवा प्रोक्तास्तथा मर्कटका मुने ।
इत्येता ओषधीनां तु ग्राम्यानां जातयो मुने ।
औषध्यो याज्ञियाश्चैव ग्राम्यारण्याश्चतुर्दशा ।

એટલે કે " ચોખા, જળ, અડદ, ઘઉ નાનાં ધાન્ય, તલ, કાંગ અને કળથી આ આઠ તથા સામો, નીવાર, વનતલ, ગવેષુ, વેણુજવ અને મકાઈ – આ ગ્રામ્ય અને વન્ય એમ બે પ્રકારની મળીને કુલ ચૌદ ઓષધિ યાજ્ઞિક છે."[૨]

*(૧) विष्णु : १-६-२१, २२*
*(૨) विष्णु १-६-२३/२४/२५*

કૃષિ ઉદ્યોગ અત્યંત જરૂરી છે. પરંતુ તેમાં પણ વિઘ્નો આવે છે. કામાન્દક નીતિસાર આવાં છ વિઘ્નો કે ઉપદ્રવોનો ઉલ્લેખ કરે છે. –

अतिवृष्टिरनावृष्टि शलभाः मूषकाः शुकाः ।
प्रत्यासन्नाश्च राजानः षडेते ईतयः स्मृताः ॥

"અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉદર, પક્ષી અને નજીક રહેલ રાજા – આ છ ઉપદ્રવકારી તત્ત્વો (ईति) કહેવાય છે."(૧)

ભારતીય કૃષિકાર્યમાં પશુનું ઘણું જ મહત્ત્વ છે. તેમાં સહુથી વધારે મહત્ત્વ ગાયનું છે ગાય એ ભારતીય ધર્મનું પ્રતીક છે અને તેના કૃષિ ઉપર અનેક ઉપકારો છે. તેનાં મલમૂત્રમાંથી ઉત્તમ ખાતર બને છે, જે કૃષિ નિપજને ઉપકારક છે. તેના દ્વારા ઉત્પન્ન થતા બળદો ભારતીય કૃષિકાર્યની કરોડરજ્જુ સમાન છે. આવી આ ગાયને અત્યંત પવિત્ર ગણી પુરાણકારોએ તેના ગુણાનુવાદ કરેલ છે. વરાહપુરાણ કહે છે. –

स्थैर्यधृतिश्च कांतिश्च पुष्टिवृद्धिस्तथैव च ।
स्मृतिर्मेधा तथा लज्जा वपु : कीतिस्तथैव च ॥
विधाशांतिर्मतिश्चैव संतति परमा तथा ।
गच्छतामनुगच्छति ह्योता गावो न सांशय : ॥

અર્થાત્ – "સ્થૈર્ય, ધૃતિ, કાંતિ, પુષ્ટિ, વૃધ્ધિ, સ્મૃતિ, મેધા, લજજા, વપુ, કીર્તિ, વિદ્યા, શાંતિ, મતિ અને સંતતી આ બધા ગાયની પાછળ ચાલે છે તેમાં કોઈ સંશય નથી."(૨)

કૃષિ, કલાકૌશલ્ય વગેરે મનુષ્ય જાતિને પ્રાપ્ત થતાં તેને ધનપ્રાપ્તિ કરવાની

*(१) कामन्दक नीतिसार*
*(२) वराह : २०७-३३, ३४*

ઈચ્છા થઈ ધનનું પ્રાચીન સમયમાં સહુથી મોટું માધ્યમ ધાતુઓ હતી. પથ્થરથી શરુ કરીને લોહ, તામ્ર અને આગળ જતાં કલાઈ, સીસું, સુવર્ણ, રૂપું જેવી ધાતુઓ દ્વારા તેણે પોતાની ધનપ્રાપ્તિની ઈચ્છાપૂર્ણ કરી. ઈતિહાસે લોહયુગ અને તામ્રયુગ નોંધેલો છે પુરાણમાં પણ ધાતુની ઉત્પત્તિશી રીતે અને કયારે થઈ તે નિરુપાયું છે.

વરાહપુરાણની કથા મુજબ ગુડાકેશ નામના રાક્ષસે ભગવાન્ વિષ્ણુને પ્રસન્ન કરવા તપ કર્યુ. જયારે વિષ્ણુ પ્રસન્ન થયા ત્યારે ગુડાકેશે તેમનાં ચરણની અવિચળ ભકિત તો માંગી જ. સાથે વિષ્ણુને વિનંતી કરી કે ભગવાન્ તેમના ચક્રથી તેનો દેહનો નાશ કરી તામ્ર નામની ધાતુ બનવાનું વરદાન આપે. તામ્રમાંથી નિર્માણ થયેલા પાત્રો અત્યંત પવિત્ર ગણાય. વિષ્ણુએ તેની તે ઈચ્છાપૂર્ણ કરી. વરાહ ભગવાન આ કથા પૃથ્વીને કહે છે. વરાહ પુરાણકાર આ પ્રસંગને આલેખતાં કહે છે કે –

सप्तयुगसहस्राणि आदिकालोऽथ माधवि ।
यथा ताम्रं समुत्पन्न यथैव प्रियदर्शनम् ॥

અર્થાત્ "આજથી સાત હજાર યુગ પહેલાં તામ્રની ઉત્પત્તિ થઈ." આગળ જતાં કહે છે – [૧]

चक्रेणपातितस्यैतद् वासमांसानि किंचन ।
ताम्रनाम भवेद् देव पवित्रीकरणे शुभम् ॥

એટલે કે (ગુડાકેશ) – વિષ્ણુને કહે છે) "આપના હાથમાંથી છૂટેલા ચક્રથી મારું મૃત્યુ થાય અને એ રીતે મારા દેહના પડવાથી જે વસા (ચરબી) મજ્જા, મેદ, માંસ વિખેરાય તે તમામ તાંબા રૂપે થઈ જાય અને તેનામાં બધાને પવિત્ર કરવાની શકિત હોય."[૨]

---

*(૧) वराह १२-९-२१*

*(२) वराह : १२९-३१*

ભગવાને ગુડાકેશની ઈચ્છા પૂરી કરી. તે પછી તાંબા ઉપરાંત જે ધાતુઓ બની તે અંગે તેઓ પૃથ્વીને કહે છે. –

तदैव चक्रेण विपाटितोऽसौ प्राप्तोऽपि मां भागवत प्रधानः ।
प्राप्तो तु तन्मांसमसृक् सुवर्णमस्थीनि सव बहुधातप्तंश्च ॥
रंगं च सीसं त्रषु धातुसांस्थं कास्यं च रीतीं च मलस्य तेषाम् ॥

અર્થાત્ – "તે પ્રમાણે ચક્રથી તેના શરીરને ચીરતાં તેનાં માસમાંથી તાંબુ થયું. તેનું રકત સુવર્ણ બન્યું. તેનાં અસ્થિ ચાંદી બન્યા. તેની અન્ય ધાતુ પણ તેજસ્વી ધાતુમાં પરિવર્તિત થઈ અને તે કલાઈ, સીસું, ટીન, કાંસુ વગેરે બની. તેના મળથી અન્ય પ્રાકૃતિક ખનીજ – ગંધક વગેરે ઉત્પન્ન થયાં તાંબું ખૂબ પ્રાચીન સમયમાં ઉત્પન્ન થયું છે તે સાત હજાર યુગની સમયાવધિથી જોઈ શકાય છે. તાંબા પછી ક્રમિક રીતે અન્ય ધાતુઓ પણ મનુષ્યે પ્રાપ્ત કર્યાના નિર્દેશ આ રૂપક કથામાં છે. કૃષિકાર્યમાં અન્ન, બીજ, પશુ ઉપરાંત ધાતુઓ પણ જરૂરી હોય છે તેથી આ રીતે ધાતુની ઉત્પત્તિ માનવજીવનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.[૧]

આ રીતે આ પ્રકરણમાં સૃષ્ટિનાં પાંચ તત્ત્વો પૈકીનાં તેજ તત્ત્વ અને તે ઉપરાંતના સૃષ્ટિને ઉપકારક ગૌણ એવાં પ્રકીર્ણ તત્ત્વો – પર્વત, સમુદ્ર, ચંદ્ર, જલાશય, કૃષિ, ધાતુ વગેરે નિરુપેલ છે.

❋❋❋❋❋❋

---

*(૧) वराह : १२९-४३*

# પ્રકરણ – ૮

# પુરાણોમાં પર્યાવરણીય નિર્દેશો અને આધુનિક પર્યાવરણીય સંકલ્પનાઓ



## પ્રકરણ : ૮

## :પુરાણોમાં પર્યાવરણીય નિર્દેશો અને આધુનિક પર્યાવરણીય સંકલ્પનાઓઃ

એક હિન્દી કવિતાના કવિએ વર્તમાન પર્યાવરણીય પરિસ્થિતિ અંગે વેધક વાત કહી છે. કવિતાનો અનુવાદ નીચે મુજબ છે. :

રસ્તા ઉપર ચાલતાં
દુર્ઘટનાથી બચવા
મસ્તક પર શિરસ્રાણ પહેરીને;
આંખો પર ધૂમ અને ધૂળથી
બચાવનાર ચશ્માં પહેરીને;
ભયંકર અવાજોથી બચવા માટે
કાનમાં પ્લગ લગાવીને;
મુખ પર પ્રદૂષણ નિરોધક
બુરખો પહેરીને;
ખભ્ભા પર પ્રાણવાયુ ભરેલું
સિલિન્ડર;
હા, હવે હું તૈયાર છું –
એકવીસમી સદીમાં જવા માટે
સંપૂર્ણ રીતે તૈયાર છું.

– ડો. પ્રવેશ સકશેના.

આવતાં વર્ષોની આ તદ્દન સાચી સ્થિતિ છે. પેટ્રોલથી ચાલતાં વાહનો, ધુમાડો

ઓકતા ઉદ્યોગો, ભયંકર શોરબકોર અને હવામાં ઘટતા પ્રાણવાયુને કારણે કદાચ આવતાં પચાસેક વર્ષ ઈ.સ.૨૦૫૦ સુધીમાં આ પરિસ્થિતિમાંથી માનવજાત પસાર થતી હશે. એશિયા ખંડના દેશોની વસતી અને મકાનો તેમ જ ઉદ્યોગોની ગીચતા કદાચ આ સ્થિતિ લાવી દેશે. યુરોપમાં આ સમસ્યા પ્રમાણમાં ઓછી છે, કેમ કે તેનું પ્રાકૃતિક વાતાવરણ શીત છે, છતાં ત્યાંથી પ્રજા આ અંગે વહેલી જાગૃત થઈ છે. આફ્રિકાખંડને વનસ્પતિ બાહુલ્યનું પ્રાકૃતિક વરદાન છે. છતાં ત્યાં પર્યાવરણીય સમસ્યાઓ ઉત્પન્ન થઈ છે. એક રીતે જોતાં પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યા વૈશ્વિક છે. તેનાં નિવારણ માટે ચિંતકો, વિજ્ઞાનીઓ અને પર્યાવરણવાદીઓ સતત સજાગ રહી કાર્ય કરી રહ્યાં છે.

ઉત્તર યુરોપનો સ્કેન્ડિનેવિયન દેશ સ્વીડન આ અંગે વહેલો જાગૃત થયો છે. તેણે ઈ.સ.૨૦૨૦ સુધીમાં પેટ્રોલ – ડિઝલ પરનું અવલંબન તદ્દન બંધ કરવાની યોજના કરી છે અને તેનું અમલીકરણ પણ શરુ કરી દીધું છે. તેમણે રેફ્રિજરેટરનો ઉપયોગ ઓછો કર્યો છે, ખેતીમાં રાસાયણિક ખાતર બંધ કરવા માંડ્યું છે, મોટર વાહન બેટ્રી પર ચલાવવનું શરૂ કર્યું છે. સ્વીડનનો અનુભવ એમ કહે છે કે પરિવારમાં સભ્યોની સંખ્યા ઓછી હોય તો ઉર્જાનો વપરાશ વધે છે, તેથી સંયુકત પરિવારની પ્રથા ફરી જીવંત કરવી જોઈએ. વિશ્વના અન્ય ખંડો પણ એશિયાના પ્રમાણમાં પર્યાવરણની રીતે થોડા વધુ સલામત છે, છતાં જાગૃત છે.

વર્તમાન સમયમાં જેને એશિયાખંડ તરીકે ઓળખવામાં આવે છે તે કદાચ ભારતીય પુરાણકાળનો જંબુદ્વીપ છે. સંભવ છે કે તે વખતે સમગ્ર એશિયાખંડ જંબુદ્વીપ અંતર્ગત આવતો હોય છતાં વિષ્ણુપુરાણ –

उत्तरं यत्समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम् ।
वर्षं तद्भारतं नाम भारती यस्य संततिः ॥

***(१) विष्णु. २-३-१***

અર્થાત્ "સમુદ્રની ઉતરમાં અને હિમાલયની દક્ષિણમાં છે તે ભારતવર્ષ છે અને ભારતીયો તેનાં સંતાન છે."[૧] આમ ભારતની સીમા દર્શાવેલી છે. છતાં એક જે બુહદ્ ભારતની સંકલ્પના છે તેમાં સમગ્ર એશિયાખંડ આવી જતો હોય તેવું બને.

પ્રકૃતિના આર્શીવાદ ભારતવર્ષ ઉપર સંપૂર્ણ રીતે ઉતરેલ છે. લગભગ આખું વર્ષ તેને સૂર્યનો લાભ મળે છે. વિશાળ સમુદ્ર કિનારો છે. અત્યંત ફળદ્રુપ એવી ભૂમિ છે, અનેક બારમાસી નદીઓ છે, કેટલાક ગાઢ વનપ્રદેશો છે, યોગ્ય સમયે યોગ્ય ઋતુ પરિવર્તનો થાય છે, જાતજાતની વનસ્પતિઓનું બાહુલ્ય છે. ભારતમાં હિમાચ્છાદિત પર્વતો છે. અને વેરાન રણપ્રદેશ પણ છે. આમ, પ્રાકૃતિક સંપદાથી પૂર્ણ એવો આ સુંદર દેશ છે. છતાં આ દેશમાં કંઈક ખૂટે છે, જે ખૂટે છે તે દેશ અને દેશનાં પર્યાવરણ પ્રકૃતિ તરફ સહજ હોવું જોઈતું જ્ઞાન. ભારતની મોટાભાગની પ્રજા પોતાની પાસે રહેલી પ્રાકૃતિક સંપત્તિથી અજ્ઞાન છે. તે પોતાની આ સંપત્તિનો યોગ્ય ઉપયોગ કરી શકતી નથી, પરિણામે અજ્ઞાનમાં વધારો થાય છે, ગરીબી અને યાતના વધતાં રહે છે

પ્રાચીન સમયમાં પુરાણકારો, વિદ્વાનો અને ચિંતકોએ પ્રકૃતિની જાળવણીને ધર્મ અને સદાચાર સાથે જોડી દીધી હતી, તેથી લોકો સહજ રીતે તેનું પાલન કરતાં કેટલીકવાર કદાચાર કરવાથી લાગનારાં પાપ અને પાપને કારણે મૃત્યુબાદ પડનારાં દુઃખો – નર્કયાતના જેવી બાબતો વર્ણવી લોકોમાં ભય ઉત્પન્ન કરી સદાચાર તરફ વાળવાનો પ્રયત્ન પણ થતો જોવા મળે છે. શ્રીમદ્ ભાગવત પુરાણમાં, જુદાં જુદાં પાપકર્મ માટે જુદા જુદા પ્રકારની નર્કયાતના ભોગવવી પડે છે તેનું વિશદ્ વર્ણન મળે છે. દ્દષ્ટાંત તરીકે પંચમ સ્કંધમાં પશુને યાતના આપવી કે તેનો વધ કરવાથી મળતી નર્કયાતનાનું નિરુપણ કરેલ છે.

---

*(૧) વિષ્ણુ. ૨–૩–૧*

यस्त्विह वा उग्र पशून् पक्षिणो वा प्राणतः
उपरन्धयति तमपकरुणं पुरूषादैरपि विगर्हितम –
मुत्र यमानुचराः कुम्भीपाके तप्ततैले उपरन्धयन्ति ॥

એટલે કે "જે ક્રૂર મનુષ્ય આ લોકમાં પોતાનું પેટ ભરવા જીવિત પશુ કે પક્ષીને રાંધે છે, તે હૃદયહીન, રાક્ષસથી પણ નિમ્નકોટિના પુરુષને યમદૂત કુંભીપાક નર્કમાં લઈ જઈને ઉકળતા તેલમાં રાંધે છે."[૧] ઉપરાંત –

ये त्विह वै दाम्भिकाः दम्भयज्ञेषु पशून् विशसन्ति तानमुष्मिल्लोके
वैशसे नरके पतितान्निरयपतयो यातयित्वा विशसन्ति ॥

અર્થાત્ "જે પાખંડી લોકો પાખંડપૂર્ણ યજ્ઞોમાં પશુઓનો વધ કરે છે, તેમને પરલોકમાં વૈશસ (વિશસના) નર્કમાં નાખીને ત્યાંના અધિકારી ખૂબ જ પીડા આપીને કાપે છે."[૨]

गोघाती तु महावीथ्यां वर्षलक्षं तु पीडयते ॥
ગાયને મારનાર એક લાખ વર્ષ મહાવીથિ નામનાં નર્કમાં પડે છે.[૩] તથા
हत्वा हंसं बलाकां च बल बर्हिणमेव च वानरं
च स्पशर्येद् ब्राह्मणाय गाम् ॥

હંસ, બગલી, બગલા, મોર, વાનરને મારીને બ્રાહ્મણ અને ગાયને ન અડકવું માકડેય પુરાણ મુજબ કૃમિ–કીટ, પતંગ, પશુ, પક્ષી વગેરે ગૃહસ્થો દ્વારા જીવન જીવે છે.[૪]

---

*(૧) भाग. ५-२६-१३*
*(२) भाग. ५-२६-२५*
*(૩) अग्नि. पु. २-६*
*(૪) कूर्म पु. ૩२-५४*

અહીં પશુના શિકાર અને ધર્મના ઓઠા હેઠળ થતી પશુહિંસાની વાત છે. તે પાપ છે અને તેનાથી નર્ક મળે છે. તેવો ભય પુરાણકારે દર્શાવ્યો છે. આ રીતે પશુહિંસા કરવી તે પર્યાવરણીય ચક્રને હાનિરૂપ છે. રાજસ્થાનમાં કાળાં હરણને પૂજતી બિશ્નોઈ જાતિએ હરણને બચાવવા પોતાનાં બલિદાન આપ્યાં છે, તે જાણીતી વાત છે. તાજેતરમાં એક ફિલ્મ અભિનેતા અને એક ક્રિકેટર રાજવી ઉપર પણ આવા શિકાર માટે કોર્ટકેસ થયા છે. પશુઓનું રક્ષણ કરવું તે પ્રજાનો ધર્મ છે. વર્તમાન સમયમાં આ માટે વન્ય પશુ સંરક્ષણના કાયદા પણ બનાવ્યા છે. પર્યાવરણીય ચક્રને બચાવવા–સંરક્ષવાની અત્યંત જરૂરી છે. નહિ તો સમગ્ર વ્યવસ્થામાં એક ગર્ત ઉત્પન્ન થતાં સૃષ્ટિચક્ર પણ ખોરવાઈ જાય.

પર્યાવરણની સુરક્ષા માટે આવું જ બીજું અગત્યનું સ્થાન વાયુ સંરક્ષણનું છે. વાયુ પ્રદૂષિત થવાથી લોકોની જીવનચર્યા સ્વાસ્થ્ય વગેરે પર ગંભીર અસરો પડે છે. પૌરાણિક સમયમાં વાયુ પ્રદૂષણની સમસ્યા ન હતી. પુરાણકારોએ એવી ભવિષ્યવાણી કરી છે કે જેમ જેમ કલિયુગ વધતો જશે તેમ તેમ લોકોની તકલીફો વધતી જશે. વાયુનાં પ્રદૂષણને કારણે કયાંક આંધી થશે, કયાંક હિમવર્ષા થશે, અને તેને કારણે મનુષ્યજાતિ નષ્ટ થશે. જો કે આ બધું પહેલાં પણ હતું જ, પણ વર્તમાન સમયમાં વાયુ પ્રદૂષણને કારણે ધૂમાડાનું આવરણ વધ્યું છે, તેજાબની વર્ષા થાય છે. વાયુમાં આણ્વિક પ્રદૂષણ વધતું જાય છે. આધુનિક વિજ્ઞાને પર્યાવરણમાં ફેલાતા કેટલાક દૂષિત વાયુઓ જણાવ્યા છે. તેમાં કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ, નાઈટ્રોજન, જુદા જુદા પ્રકારના ઓક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, હાઈડ્રોક્લોરિન વગેરે છે. સહુથી વધારે હાનિકારક તત્ત્વ વાયુમાં બેંજોપાઈરિન છે. તદુપરાંત વિશ્વમાં વધતાં ઔદ્યોગિકીકરણને લીધે ગ્રીન હાઉસ ઈફેકટમાં વધારો થતો જાય છે.

પ્રાચીન સાહિત્યમાં પાંચ વાયુ-પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાનનો ઉલ્લેખ છે, જે શરીરની બહાર અને અંદર બન્ને જગ્યાએ રહે છે. આધુનિક વિજ્ઞાન પૃથ્વીને ફરતાં વાયુનાં આવરણ માટે વાયુના જુદા જુદા સ્તરો દર્શાવે છે, જેમાં સહુથી ઉપર ઓઝોન નામના વાયુનું સ્તર છે. ઓઝોનનું મુખ્ય કાર્ય સૂર્ય દ્વારા ફેંકાતાં પારજાંબલી કિરણને અટકાવવાનું છે. એ કિરણો પ્રાણીની ત્વચાને રોગિષ્ટ અસર કરે છે. અને તેનાથી ત્વચાનો કર્કરોગ (કેન્સર) થાય છે. આ ઓઝોનનું પડ ૨૪૦ કિ.મિ. ઘાટું છે. વર્તમાન સમયમાં, અગાઉ નિર્દેશેલી ગ્રીન હાઉસ અસરને કારણે ઓઝોનના પડમાં ગાબડાં પડ્યાનું નાસા સંસ્થાએ નોંધ્યું છે. આ અસર માનવજાત માટે ખતરારૂપ છે. તે ત્વચામાં કેન્સર ઉપરાંત વિશ્વનાં કૃષિ ઉત્પાદન ઉપર પણ વિઘાતક અસર કરે છે. ઓઝોનની સહુથી વધુ અસર ઉત્તર ધ્રુવ પ્રદેશ પર થાય છે. તેના પરિણામે વધતી ઉષ્માથી ત્યાંનો બરફ પીગળે છે. અને સમુદ્રની સપાટી વધે છે. પરિણામ સ્વરૂપ સમુદ્ર કિનારે આવેલા દેશોના કાંઠાના પ્રદેશો ડૂબી જાય તેવી દહેશત સેવવામાં આવે છે. આ પ્રકારનાં સંશોધન માટે નાસા, ગિસા, જેવી વૈજ્ઞાનિક સંસ્થાઓ; યુ એન જેવી વૈશ્વિક સંસ્થાઓ અને રાષ્ટ્રની સરકારો પ્રયત્નશીલ છે.

ગ્રીન હાઉસ ઈફેક્ટને કારણ કેટલાક વાયુઓ વાતાવરણમાં વધે છે, તેમાં વોટર વેપર, કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, ઓઝોન અને નાઈટ્રોસ ઓક્સાઈડ વગેરે છે. આ બધાંને ગ્રીન હાઉસ ઈફેક્ટ ઉત્પન્ન થવાનાં કારણોમાં ગ્રીન હાઉસ તરીકે વપરાતાં એકમનું પારદર્શી ઢાંકણ, ગ્રીન હાઉસનાં ઢાંકણની અંદર કરેલો રંગ અને અંદરના ભાગે રહેલી સપાટીનો પ્રકાર છે.

વાતાવરણમાં રહેલ કાર્બન ડાયોક્સાઈડને શોષી લેનાર પ્રાણવાયુ વનપ્રદેશનાં વૃક્ષો દ્વારા ઉત્પન્ન થાય છે. પરંતુ વનપ્રદેશ લુપ્ત થવા લાગ્યો છે. પ્રમાણની રીતે જોઈએ તો એક હેકટર વનક્ષેત્ર ત્રણ ટન કાર્બન ડાયોક્સાઈડ શોષી શકે છે. વાયુ પ્રદૂષણ પ્રાણીઓ તેમ જ વનસ્પતિને પ્રભાવિત કરે છે.

વાયુ પ્રદૂષણ સાથે જોડાયેલું અન્ય પ્રદૂષણ ધ્વનિ પ્રદૂષણ છે. માનવીનું મગજ અમુક જ માત્રામાં અવાજને સહન કરી શકે છે. તે માત્રાને આધુનિક વિજ્ઞાન ડેસિબલ એકમથી દર્શાવે છે. ૪૦ ડેસિબલ એકમ એ સહ્ય એકમ માત્રા છે. જો અવાજની માત્રા ૯૦ કે તેથી વધારે ડેસિબલ થાય તો મનુષ્યને ઉચ્ચ રકતચાપ, અનિદ્રા, માનસિક અસ્વસ્થતા જેવી તકલીફો થાય છે. વર્તમાન સમયમાં વાહનોનાં યંત્રો અને હોર્નના અવાજો, ઉચ્ચ માત્રાથી વાગતું સંગીત, ધ્વનિવર્ધક યંત્રોનો ઉપયોગ, ફટાકડાઓના અવાજથી આ પ્રદૂષણ ઉત્પન્ન થાય છે.

વિષ્ણુ પુરાણ આ અંગે ચેતવતાં કહે છે કે –

बहुप्रजा – वाते साहाश्च भविष्यन्ति ॥

"મોટાભાગની પ્રજા વાયુ દ્વારા સહન કરનારી બનશે."(૧)

પુરાણોમાં ભારતમાં ઘણાં વનક્ષેત્રો હતાં તે દર્શાવેલ છે. કેટલાંક વનપ્રદેશો ખૂબ વિશાળ હતા, જેમ કે નૈમિષારણ્ય, દંડકારણ્ય વગેરે. કેટલાક નાના વનપ્રદેશો હતા. કુરુક્ષેત્રનાં વિવિધ વનો અને મથુરાની આસપાસનાં અનેક પ્રકારનાં વૃક્ષો થતાં પુરાણકારોએ આવાં વૃક્ષોની યાદી આપી છે. તેમાં સાલ, અર્જુન, ખદિર, બકુલ, શિરિષ, વટવૃક્ષ, અશ્વત્થ જેવાં અનેક વૃક્ષો હતાં. આ વૃક્ષો પ્રાણવાયુ ઉત્પન્ન કરી લોકોની સુખાકારી વધારતાં. આ બધામાં અશ્વત્થ એટલે પીપળાનું વૃક્ષ પ્રાણવાયુનાં ઉત્પાદન માટે અત્યંત મહત્ત્વનું છે. આધુનિક વિજ્ઞાને પણ અશ્વત્થવૃક્ષો રાત અને દિવસ સતત પ્રાણવાયુ ઉત્પન્ન કરનાર વૃક્ષ તરીકે સ્વીકાર્યું છે. બાકીનાં વૃક્ષો દિવસે જ પ્રાણવાયુ આપે છે – રાત્રે નહિ. તેથી શાસ્ત્રોમાં રાત્રે વૃક્ષની નીચે સૂવાનો નિષેધ થયેલો છે. પીપળાનું મહત્ત્વ શ્રીકૃષ્ણએ ગીતામાં કહયું છે અને વૃક્ષોમાં હું અશ્વત્થ છું એમ કહી તેને ઈશ્વર સ્વરૂપ આપ્યું છે. (अश्वत्थः सार्ववृक्षाणाम् – ગીતા. ૧૦–૨૬) આ અશ્વત્થને ભગવાન કૃષ્ણ પુરુષોત્તમયોગમાં अश्वत्थं प्राहुरव्ययम् ।

---

(૧) ૨.૬૬

(गीता. १५-१) કહે છે. આ વૃક્ષ જેવું જ અન્ય વૃક્ષ વટવૃક્ષ છે. તેના પણ અનેક ઉપયોગો છે અને તે માનવ જીવનને ઉપકારક બને છે.

કોઈપણ પ્રકારનાં વૃક્ષની જાળવણી વન પ્રદેશમાં સુંદર રીતે અને પ્રાકૃતિક રીતે થાય છે. તેથી વનપ્રદેશને રક્ષવો અત્યંત જરૂરી છે. મનુષ્ય જાતિએ પોતાની ઈંધણ, કાગળ વગેરેની જરૂરિયાતો મેળવવા વિશ્વના ઘણા દેશોમાં વનોનો નાશ કરેલ છે. એક માહિતી મુજબ એક સમયે વિશ્વની ૪૦ ટકા ભૂમિ વૃક્ષાચ્છાદિત હતી. અત્યારે માત્ર ૧૨ થી ૧૫ ટકા જ તેની ભૂમિ રહી છે. પર્યાવરણ સંરક્ષણ, વનપ્રદેશ સંરક્ષણના કાયદાઓને લીધે વનપ્રદેશ વધે છે. ખરો પરંતુ તેની વધવાની ગતિ અત્યંત ધીમી છે. વનપ્રદેશ બચાવવાથી વાયુ પ્રદૂષણ તો રોકી જ શકાય છે તે ઉપરાંત માનવીની વનમાં વસતી જાતિઓએ પોતાનું મૂળ સ્થાન છોડવાની જરૂર પડતી નથી, વનને કારણે વર્ષાનું પ્રમાણ વધે છે, ભૂમિને ઘસારો ઓછો લાગવાથી ભૂસંરક્ષણમાં વૃધ્ધિ થાય છે. કૃષિ ઉત્પાદન વધે છે. આપણે પ્રાર્થના કરીએ કે -

अरण्यं ते पृथिवी स्योनमस्तु ।

(હે પૃથ્વી, તમારાં અરણ્યો અમારા માટે સુખકર બને)

યુ.એન.ઓ., અન્ય દેશોની સરકારો અને ભારત સરકારે વનસંરક્ષણને કાયદા દ્વારા માન્ય કર્યું છે. ઈ.સ.૧૯૯૪ ના વર્ષને વિશ્વપર્યાવરણ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું. આ બધા પ્રયત્નોને પરિણામે વનપ્રદેશમાં ધીમી પ્રગતિ થઈ રહી છે. છતાં ગેરકાયદેસર રીતે વનનાં વૃક્ષોનું છેદન કરનારાં તત્ત્વો અને સમાજમાં ઈંધણ, કાગળ વગેરેની જરૂરિયાત વધવાને કારણે તેમાં જોઈએ તેટલી ઝડપી પ્રગતિ નથી. આપણા ઋષિ, મુનિઓએ વર્ષો પૂર્વે આ બધું જાળવવાની જે શીખ આપી છે તેને સહુએ ચુસ્ત પણે અનુસરવું જોઈએ.

વિશ્વ પર્યાવરણમાં સંવર્ધન માટે બનાવેલા યુ.એન.ના રિપોર્ટમાં વાયુ અને

આકાશ સંબંધી નિર્દેશો વધારે છે. ઈ.સ.૧૯૭૦ માં યુ.એન.માં "પર્યાવરણ સંરક્ષણ સંસ્થા" ની સ્થાપના થયેલ છે. તેણે નીચેની બાબતોનો નિર્દેશ કરેલ છે :

★ જંતુનાશક રસાયણો ન વાપરવાં.
★ ધ્વનિ અને તાપમાનથી થનારાં પ્રદૂષણને નિયંત્રિત કરવાં.
★ વાયુ અને જલમાંથી હાનિકારક રસાયણો દૂર કરવાં.

આ માટે ભારત સરકારે ઈ.સ.૧૯૮૧ માં પ્રદૂષણ નિયંત્રણ એક્ટ બનાવી અમલમાં મૂકયો છે. આ ઉપરાંત તે જ વર્ષમાં વાહનોમાંથી નિકળતા પ્રદૂષિત વાયુની મર્યાદા દર્શાવતો એક્ટ પણ અમલમાં મૂકયો છે.

પ્રાચીન સમયમાં જયારે યાંત્રિક વાહનો ન હતાં ત્યારે પણ વાયુની શુધ્ધિ માટે જાગૃતિ લાવવાના નિર્દેશો આપેલા છે. દેવો અને પુરાણોમાં આ માટે ઘરમાં અગ્નિહોત્ર કરવું, જાહેરમાં મોટા યજ્ઞો કરવા એવી સૂચનાઓ આપેલી છે. ઘરમાં ધૂપ કરવાની–ખાસ કરીને ગૂગળનો ધૂપ કરવાની સલાહ આપેલ છે. આમ વાયુ દ્વારા પર્યાવરણ શુધ્ધિના પ્રયત્નો પરાપૂર્વથી ચાલે છે.

माता भूमिः पुत्रोऽहं पृथिव्याः । અથર્વવેદના ભૂમિ સૂકતમાં પૃથ્વીને માતા અને મનુષ્યે પોતાને પૃથ્વીનો પુત્ર કહયો છે. જેને આધારે સૃષ્ટિ ટકી છે તે પૃથ્વી કે ભૂમિને જાળવવી તે પણ પર્યાવરણીય રીતે મનુષ્યની ફરજ છે.

પુરાણોએ નિર્દેશ આપ્યા મુજબ સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા દરમ્યાન પૃથ્વીતત્ત્વની ઉત્પત્તિ થઈ. આ ઉત્પત્તિ તદ્દ્ન વૈજ્ઞાનિક અને તાર્કિક રીતે થઈ છે. પ્રથમ જલ થયું. તેમાં કલલ

(કાદવ) થયો, કલલમાંથી બુદ્‌બુદ થયો અને પૃથ્વી અસ્તિત્ત્વમાં આવી. આ ભૂમિ તદ્‌ન પ્રાથમિક અવસ્થામાં હતી તેને ઋષભદેવે પ્રારંભમાં વિભાગોમાં વહેંચી. તે પછી પૃથુરાજાએ તેને ખૂબ વ્યવસ્થિત રૂપ આપ્યું. ક્રમશઃ તેમાં સુધારા, વધારા, વિશેષતાઓ ઉમેરાતી ગઈ અને ભૂમિનું અત્યારનું સ્વરૂપ મનુષ્યને પ્રાપ્ત થયું.

પૃથ્વી–ભૂમિ માતા છે. માતા જેમ પોતાનાં બાળકનું પોષણ કરે તેમ પૃથ્વી પણ કરે છે. તેના આ ઉપકાર માટે અથર્વવેદના ઋષિ તેને વંદન કરે છે.

"હે શુધ્ધ, કરનાર ભૂમિ, તું મને શુધ્ધ કર. હે શાંત પૃથ્વી, પવિત્ર વિશ્વને જાગૃત કર. અન્ન અને ઘૃત દ્વારા પોષણ અને શકિત ધારણ કરનાર હે પૃથ્વી અમે તને સંપૂર્ણ માન સાથે વંદન કરીએ છીએ."

પૃથ્વી તરફ પોતાનો આદર વ્યકત કરતાં ઋષિ કહે છે : "હે ભૂમિ, હું જો તારો કોઈ ભાગ ખોદું તે ફરીથી ઉગી નીકળે. હે શોધવા યોગ્ય ભૂમિ હું તારા મર્મસ્થળ પર પ્રહાર ન કરું અને તારાં હૃદયને હાનિ ન પહોંચાડું."

વેદમાં ઋષિએ તેને બધાનું પોષણ કરનારી, રક્ષા કરનારી, દૃઢ આધારવાળી, પોતાની છાતીમાં સુવર્ણ(ધન) રાખનારી કહી છે.

પૃથ્વી મનુષ્યને નીરોગિતા આપનારી છે. અને મનુષ્ય તે માટે તેને પ્રાર્થના કરે છે.

उपस्थास्ते अनमीवा अयक्ष्मा
अस्मभ्यं सांतु पृथिवीप्रसूताः ।
दीर्घं न आयुः प्रतिबुध्यमाना
वयं तुभ्यं बली ह्वतः स्याम ॥

અર્થાત્ – "હે પૃથ્વી તારો ઉછંગ અમારા માટે નીરોગ અને રાજરોગ (ક્ષય) ની રહિત બને. અમે અમારું આયુષ્ય દીર્ઘકાળ સુધી જાગ્રત રાખી તારા માટે બલિદાન કરનાર બનીએ."[૧]

ભાગવત્ પુરાણમાં એક કથામાં શિવને લાગેલી બ્રહ્મહત્યાને તેમણે ચાર સ્થળોએ વિભાજિત કરી તેમ દર્શાવેલ છે. તેમાંનો એક ભાગ પૃથ્વીને આપ્યો. એ માટે ભાગવતકાર કહે છે–

भूमिस्तुरीयं जग्राह खातपूरवरेण वै ।
हरिणं ब्रह्महत्यायाः रूपं भूमौ प्रदृश्यते ॥

અર્થાત્ – "પૃથ્વીને વરદાન આપ્યું કે જયાં ખાડો થશે ત્યાં સમય આવ્યે તે આપોઆપ ભરાઈ જશે. આ બ્રહ્મહત્યા પૃથ્વી પર કયાંય કયાંય ક્ષાર રૂપે દેખાય છે."[૨] પૃથ્વીમાં આવી ક્ષમતા છે. વરાહપુરાણકાર પૃથ્વીના ગુણો દર્શાવે છે. –

"(પૃથ્વી) સત્ય સ્વરૂપા, હંમેશાં અચલ રહેનાર, બધાંને આશ્રય આપનાર, અવિનાશી સર્વવ્યાપી, બધાને જન્મ દેનાર, બધાં જ પ્રાણીઓ પર શાસન કરવામાં પરમ સમર્થ, સર્વજ્ઞા, સિધ્ધિ–બુધ્ધિ સ્વરૂપા તથા તમામ સિધ્ધિઓ પ્રદાન કરનારી છે."

*(૧) અથર્વ ૧૨-૧-૬૨*
*(૨) ભાગ. ૬-૯-૭*

આવી આ પૃથ્વીનો એક અત્યંત મહત્ત્વનો ફાળો અન્ન ઉત્પાદનમાં છે. એક અજાણ્યું બીજ પણ પૃથ્વી પર પડે છે તો તેમાંથી વૃક્ષ ઔષધિ ઉત્પન્ન થાય જ છે. તેની સમગ્ર પ્રક્રિયા પુરાણકારો સુંદર રીતે વર્ણવે છે. બીજમાંથી મૂળ, અંકુર, કાંડ, સ્થાણુ, શાખા, પર્ણ, ફૂલ અને ફળ એમ આપીએ પ્રક્રિયા સૃષ્ટિના પ્રારંભથી અદ્યાપિ ચાલી રહેલ છે.

પૃથ્વીના વિસ્તાર અંગે પુરાણકારે કલ્પના આપી છે કે –

रविचन्द्रमसोर्यावन्मयूखैरिव भास्यते ।

ससमुद्रसरिच्छैला तावती पृथिवी स्मृता ॥

''જેટલે દૂર સુધી સૂર્ય અને ચંદ્રના કિરણોનો પ્રકાશ જાય છે, સમુદ્ર, નદી અને પર્વતોથી યુકત છે તેટલો પ્રદેશ પૃથ્વી કહેવાય છે.''(૧) આ પ્રાચીન સમયની કલ્પના છે. તે વખતે મનુષ્યનો જેટલો દૃષ્ટિક્ષેપ હતો તેટલી પૃથ્વી છે. તેમ મનાતું હતું. વર્તમાન યુગમાં આ વ્યાપ વિશાળ થયો છે. પૃથ્વીનું નામ 'પૃથ્વી' થવા પાછળ મહારાજા પૃથુએ પૃથ્વીના જે વિભાગો પાડ્યા તેને કારણે તે તેની પુત્રી રૂપે પૃથ્વી કહેવાઈ.

આ રીતે પૃથ્વી–ભૂમિએ મનુષ્ય જીવન અને સૃષ્ટિનું એક અનિવાર્ય અંગ છે. તેનું જતન કરવું તે સહુની ફરજ છે. પ્રાચીન સમયમાં પૃથ્વીની શુધ્ધિ માટેના કેટલાક ઉપાયો બતાવેલા છે.

भूमिर्विशुध्यते खातदाहमार्जनगोक्रमैः ।

लेपादुल्लेखनात् सेकाद् वेश्मसंमार्जनार्चनात् ॥

''પૃથ્વીની શુધ્ધિ ખોદવાથી, બાળવાથી, ઝાડુ મારવાથી, ગાયના ચાલવાથી, લીંપવાથી, ઉખેડવાથી તથા ભીની કરવાથી થાય છે. અને ઘરની શુધ્ધિ ઝાડું મારવાથી, પાણી છાંટવાથી અને પૂજા વગેરેથી થાય છે.''(૨)

---

*(૧) વિષ્ણુ. ૨–૭–૩*

*(૨) વામન. પુ. ૧૪–૬૮*

આમાંની તમામ બાબતો અત્યારે પણ એટલી જ સામયિક છે. વર્તમાન સમયમાં આ ઉપરાંત પણ પૃથ્વીનું વનીકરણ કરવું, વૃક્ષો વાવવાં જેવી બાબતો ઉમેરાઈ છે.

પૃથ્વી તત્ત્વ સૃષ્ટિ માટે અગત્યનું તત્ત્વ છે. તેને જાળવી લેવું એ અત્યંત જરૂરી છે.

आपः पवित्रमुच्यन्ते ।

જલ આપણને શુ હુ અને પવિત્ર બનાવે છે.(૧)

आपो अस्मान्यातरः शुधयन्तु ।

"જલ આપણી માતા છે અને આપણને શુધ્ધ કરે છે."(૨)

તદુપરાંત – शं न आपो धन्वन्याइ शमु सान्त्वनूप्याः ।
शं न खनित्रिमा आपः शमु याः कुंभ
आ भृता शिवा नः सान्तु वार्षिकी ॥

"અમારા માટે રણપ્રદેશ (धन्वन्याः) નું જલ, જલપૂર્ણ (अनूप्याः) પ્રદેશનું જલ, ખોદેલું (खनित्रिमाः) કૂવાનું જલ, ઘડા (कुंभ) માં ભરેલું જળ અને વર્ષા (वार्षिकी) નું જલ સુખકર બનો."(૩)

ઉપર દર્શાવેલ વેદોકિતઓ જલનું મહત્ત્વ, જલનું કાર્ય અને જલના પ્રકારો દર્શાવે છે. જલ મનુષ્યને બાહ્યભ્યન્તર શુધ્ધિ કરનારું છે. જલ માતાની જેમ પોષણ કરનારું છે. જલના

---

*(૧) ऋग्वेद*

*(૨) ऋग्वेद*

*(૩) अथर्ववेद*

વિવિધ પ્રકારો છે, જેમાં રણપ્રદેશમાં પ્રાપ્ત થયેલું, અત્યંત જળવાળાં પ્રદેશનું, કૂવાનું, ઘડામાં રાખેલું અને વરસાદનું જળ પ્રકાર ભેદે જુદા જુદા પ્રકારના લાભો અને તૃપ્તિ આપનાર હોય છે. જલ માટેનો પર્યાય જીવન છે. જલથી જ જીવન સંભવિત છે. અનાવૃષ્ટિ થતાં દુષ્કાળ પડે અને તેથી જીવન ટકાવવું કષ્ટદાયક બની જાય. તે જ રીતે લાંબો સમય જલ ન મળે તો તરસથી પ્રાણ કંઠે આવે. આમ મનુષ્ય જીવનમાં જલ અત્યંત મહત્ત્વનું છે.

શ્રીમદ્ ભાગવતમાં કહેવાયું છે કે –

तृप्तिदाय च जीवानां नमः सर्वरसात्मनः ॥

"(જલ) રૂપે રહેલા આપને (ઈશ્વર) ને તૃપ્તિદાયક એવા સર્વરસરૂપને નમસ્કાર છે"[૧] ભાગવતના ૧૧ મા સ્કંધમાં જલની પ્રકૃતિ દર્શાવતાં કહયું છે –

स्वच्छः प्रकृतितः स्निग्धो माधुर्यस्तीर्थभूनृणाम् ॥

"જલ સ્વભાવથી જ સ્વચ્છ, સ્નિગ્ધ, મધુર અને પવિત્ર કરનાર છે."[૨]

વામન પુરાણ જલને વિષ્ણુસ્વરૂપ કહે છે.

योऽत्र तोयस्वरूपस्थो बिभर्त्यखिलमीश्वरः ॥

"જે (વિષ્ણુ ભગવાન) જલ સ્વરૂપે રહીને સમસ્ત વિશ્વનું પાલન કરે છે."[૩]

ઉપરની તમામ બાબતો જલનું મહત્ત્વ દર્શાવે છે. આ રીતે જોતાં જલને જાળવવું તે મનુષ્ય જાતિનું કર્તવ્ય છે. પ્રાચીન સમયમાં જલની શુધ્ધિ માટે કેટલીક આચાર પ્રણાલિઓ સૂચવવામાં આવી હતી. જેમાં જલમાં મલમૂત્રનો ત્યાગ ન કરવો, નગ્ન થઈને સ્નાન ન કરવું

*(૧) ભાગ. ૪-૨૪-૩૮*
*(૨) ભાગ. ૧૧-૭-૪૪*
*(૩) વામન. ૨૭/૩૨*

જેવા આચારો આપેલા હતા. તે જ રીતે જલાશયને ક્ષતિ પહોંચાડનારને ભય ઉત્પન્ન કરનારી નર્કયાતનાઓ દર્શાવી છે. વામનપુરાણમાં નિર્દેશ છે કે –

कूपवापीतडागांश्च भंक्त्वा विध्वसायंन्ति ये ।
तेषां विलपतां चर्म देहतः क्रियते पृथक् ॥
कर्तिकाभिः सुतीक्ष्णाभिः सुरौद्रैर्यमकिंकरैः ॥

"જેઓ કૂવા, વાવ અને તળાવને તોડીને નષ્ટ કરે છે તે મનુષ્યોને વિલાપ કરતા હોવા છતાં ભયંકર યમદૂતો ધારદાર છરીથી તેની ચામડી ઉખેડે છે અને તેને કાપીને અલગ કરે છે"(૧)

જલને શુધ્ધ રાખવા, જાળવવા, સંગ્રહ કરવા મનુષ્યે જાગૃતિ કેળવવી પડશે. નહિ તો આવતા કાળમાં શુધ્ધ પેયજલ માટે ખૂબ જ તકલીફ ઊભી થશે. જલ પ્રદૂષણથી ભારતની અત્યંત પવિત્ર ગણાતી ગંગા, યમુના જેવી નદીઓ અત્યંત ગંદી થઈ ગઈ છે. ગંગા અને યમુનાને કાંઠે સ્થપાયેલા અનેક ઉદ્યોગોના રાસાયણિક કચરા તેને કિનારે વસેલાં અનેક મહાનગરોની ગટરોની ગંદકીથી આ સુંદર નદીઓ ભયાનક રીતે પ્રદૂષિત થયેલી છે. આ બન્ને નદીઓનાં શુધ્ધીકરણ માટે ભારત સરકારે યોજનાઓ બનાવી છે, છતાં હજુ તેમાં જોઈએ તેવી સફળતા નથી મળી. જો કે આનાથી થોડુંક ઓછું પ્રદૂષણ યુરોપની ટેમ્સ કે રાઈન જેવી નદીઓમાં થયેલું છે. છતાં પ્રજાની જાગૃતિને કારણે તેમાં પ્રદૂષણ ઓછું છે. ભારતની એક અબજ જેટલી વસતીને આ પ્રકારે પ્રદૂષિત જલને કારણે ભવિષ્યમાં પેયજલની મુશ્કેલી ઊભી થઈ શકે. આ માટે પ્રજાએ જલદી જાગૃત થવું પડશે.

જલ સંસાધનોની જાળવણી માટે અત્યારે વિશ્વવ્યાપી ચિંતા અને ચિંતન ચાલી રહ્યાં છે. વિશ્વ સંસ્થા યુનોની પર્યાવરણ સંરક્ષણ સંસ્થાએ આ માટે નિયમો બનાવ્યા છે.

*(૧) વામન. ૧૨-૨૩/૨૪*

ભારત સરકારે પણ જલપ્રદૂષણ રોકવા માટે કાયદાઓ બનાવ્યા છે. લોકોમાં પણ જાગૃતિ આવતી જાય છે. જયાં બારેમાસ વહેનારી નદીઓ નથી, વરસાદનું પ્રમાણ ઓછું છે. ત્યાં નાના નાના બંધો (ચેકડેમ) બાંધી જલસંગ્રહની પ્રક્રિયા વેગવાન બનાવવામાં આવી છે. આ માટે રાજસ્થાનના કેટલાક ભાગમાં અને ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં સફળ કાર્યો થયાં છે. આવતી પેઢીને સ્વચ્છ, પુષ્ટિદાયક પેયજલ મળે તે માટે અત્યારની પેઢી જાગૃત બને તે સમયની માંગ છે.

''જલ સંસાધનનું મહત્ત્વ માત્ર પોતાની સુરક્ષા માટે જ નથી, પરંતુ તેના માટે પણ છે, જેઓએ વૃક્ષારોપણ કર્યુ છે.'' આ શબ્દો ભારતના પૂર્વપ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીએ નવી દિલ્હીમાં મળેલ જલ પર્યાવરણ અંગ્રેજી બીજી વિશ્વ પરિષદમાં ઈ.સ.૧૯૮૨ માં કહયાં છે. યુ.એન.ઈ.પી. સંસ્થાના ઈ.સ.૧૯૮૧ ના રિપોર્ટમાં ડો.મુસ્તફા કમાલ તોત્બાએ જણાવ્યું છે કે ''જલ પ્રદૂષણના અંકુશ માટે ભૂગર્ભ જલની વ્યવસ્થા સંપૂર્ણ દેશની જલ વ્યવસ્થા અંતર્ગત હોવી જોઈએ.'' પર્યાવરણવિદો જલ શુધ્ધિ માટે કેટલાક ઉપાયો સૂચવે છે. –

(૧) જલાશયમાં લીલ–શેવાળનો ઉછેર કરવો. આ કાર્ય સ્થિર જલાશય–તળાવ, સરોવર વગેરેમાં થઈ શકે. નદીનાં વહેતાં પાણીમાં થવાની શકયતા ઓછી રહે. શેવાળ માત્ર જલશુધ્ધિ જ કરે છે. તેવું નથી, તે ઉપરાંત શાકાહારી–તૃણભક્ષી પ્રાણીઓને તે પ્રોટીનયુકત ખોરાક પણ પૂરો પાડે છે.

(૨) જલીય ફૂલ(કમળ) અને અપતૃણ(નેતર) નો જલમાં ઉછેર કરવો. આ પ્રક્રિયા પણ સ્થિર જલાશયમાં થઈ શકે.

(૩) આ ઉપરાંત મીઠાં જલમાં ઉછરતી કેટલાંક પ્રકારની માછલાઓથી પણ જલશુધ્ધિ થાય છે.

ભારત સરકારે જલ પ્રદૂષણ રોકવા માટેના કેટલાક કાયદાઓ બનાવ્યાં છે.

(૧) જલ (પ્રદૂષણ નિયંત્રણ અને રોક) સુધાર નિયમ – ઈ.સ.૧૯૭૪.

(૨) જલ (પ્રદૂષણ નિયંત્રણ અને રોક) સુધાર નિયમ – ઈ.સ.૧૯૭૭.

(૩) ઉપર મુજબનો નિયમ – ઈ.સ.૧૯૭૮

(૪) ઉપર મજુબનો નિયમ – ઈ.સ.૧૯૮૬

(૫) પર્યાવરણ સંરક્ષણ નિયમ – ઈ.સ.૧૯૮૬

જલ સંશુધ્ધિ માટે પ્રાચીન સમયથી માંડીને વર્તમાન સમય સુધીના ગાળામાં સલાહો, સૂચનો, સદાચાર સ્વરૂપ અને કાયદા કાનૂનો દ્વારા માનવજાતની સુખાકારી વિચારવામાં આવી છે.

સૃષ્ટિનું એક અન્ય તત્ત્વ આકાશ છે મનુષ્યની ઉર્ધ્વદષ્ટિ જયાં સુધી પડે છે ત્યાં કોઈ આકાશ વિસ્તરેલું છે. તે અનંત છે. તેની કોઈ સીમા નથી, તેનો કોઈ આકાર નથી, છતાં તે સર્વવ્યાપક છે. ભારતીય દાર્શનિકો સમગ્ર આકાશને પરમબ્રહ્મનું સ્વરૂપ માને છે અને સૃષ્ટિ પર વિચરતા આત્માઓ તેમાં વિલીન થાય છે, તેમ તેઓ માને છે. આ માટે તેઓ ઘટાકાશ અને મઠાકાશ જેવા શબ્દો યોજે છે. વરાહપુરાણમાં આકાશના બે ગુણ દર્શાવેલા છે : ध्यवनिस्वरुपो गगने (વરાહ. ૨૫–૨૧) અને वायुस्तथा रवम् । (वराह. ૧૨–૧૨) આકાશમાં પરમતત્ત્વ–ઈશ્વર વાયુ સ્વરૂપે અને શબ્દ સ્વરૂપે રહેલ છે તેમ પુરાણકાર કહે છે.

શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધના છવીસમા અધ્યાયમાં આકાશના ગુણો દર્શાવતાં નિરુપાયું છે :

अर्थाश्रयत्वं शब्दस्य द्रष्टुलिंगत्वमेव च ।
तन्मात्रत्वं नभसो लक्षणं कवयो विदुः ॥

भूताना छिद्रदातृत्वं बहिरन्तरमेव च ।
प्राणेन्द्रियात्मधिष्णत्वं नभसो वृत्तिलक्षणम् ॥

એટલે કે "અર્થપ્રકાશ, અદશ્ય રહેલ વકતવ્યનું જ્ઞાન કરાવવું અને આકાશનું સૂક્ષ્મરૂપ હોવું તે વિદ્વાનોના મતે શબ્દનાં લક્ષણ છે. પ્રાણીઓને અવકાશ દેવો, બધાંની અંદર અને બહાર રહેવું તથા પ્રાણ, ઈન્દ્રિય અને મનના આશ્રયરૂપ હોવું તે આકાશનાં કાર્ય છે."(૧)

આ નિરુપણમાં આકાશ તત્ત્વની બધી જ લાક્ષણિકતાઓ દર્શાવી છે. ભાગવતપુરાણ આકાશની એક અન્ય વિશેષતા નોંધે છે :

नभो ददाति श्वसतां पदं यन्नियमाददः ॥

"પોતાનાં શાસનથી આ આકાશ જીવિત પ્રાણીઓના શ્વાસોચ્છ્વાસ માટે અવકાશ આપે છે." ભાગવતકાર આકાશની મહત્તા આ રીતે દર્શાવે છે."(૨)

अनंतहितश्च स्थिरजंगमेषु ब्रह्मात्मभावेन समन्वयेन ।
व्याप्ताव्यवच्छेदमसंगमात्मनो मुनिर्नभस्त्वं विततस्य भावयेत् ॥

"જેટલા સ્થાવર જંગમ પદાર્થ છે તે ભિન્ન ભિન્ન દેખાતા હોવા છતાં વાસ્તવમાં આકાશ એક જ અને અપરિચ્છિન્ન (અખંડ) જ છે."(૩)

આ રીતે આકાશ અખંડ છે, તેનામાં પ્રાણીમાત્રને યોગ્ય અવકાશ આપવાની ક્ષમતા છે, તેમાં વાયુ તત્ત્વ વિચરે છે અને તેનો ગુણ શબ્દ છે, તેમ પુરાણકારોએ નિશ્ચિત કરેલું છે. અને તે બાબત અત્યારે પણ એટલી સાચી અને નિર્વિવાદ છે.

---

*(૧) ભાગ। ૩-૨૬-૩૩/૩૪*
*(૨) ભાગ. ૩-૨૯-૪૩*
*(૩) ભાગ. ૧૧-૭-૪૨*

વર્તમાન સમયમાં સૃષ્ટિનાં અન્ય તત્ત્વોની જેમ આકાશ તત્ત્વને પણ પ્રદૂષણ દ્વારા નુકશાન પહોંચે છે. આકાશ અસીમ હોવાથી તેમાં સીધી રીતે કોઈ પ્રદૂષણ જોવા મળ તું નથી, પણ તેમાં વિચરતા વાયુઓ પ્રદૂષિત થવાથી આકાશનો જે લાભ સૃષ્ટિને મળવો જોઈએ તે મળતો નથી. કેટલીક વાર વાયુ દ્વારા ફેલાતાં તત્ત્વોને કારણે આકાશ દૂષિત બની તેમાંથી અમ્લવર્ષા, વિકિરણોની વર્ષા, આકાશ અને પૃથ્વીની વચ્ચે રહેલ વાતાવરણના જુદા જુદા સ્તરોને થતી હાનિ જોવા મળે છે અને આ રીતે આકાશ પ્રદૂષિત થાય છે. પ્રાચીન સમયમાં વિમાનો હતાં તેવા ઉલ્લેખો પુરાણોમાં મળે છે. કર્દમઋષિએ દેવહૂતિના આનંદ માટે બનાવેલું વિમાન, રામચંદ્રનું પુષ્પક વિમાન, જુદા જુદા રાક્ષસરાજોનાં અને ગંધર્વોનાં વિમાનોના ઉલ્લેખો પુરાણોમાં મળે છે. એ વિમાનો યાંત્રિક હતાં કે કેમ અથવા તેમાં કેવા પ્રકારનું ઈંધણ વપરાતું તે અંગે પુરાણોમાં કોઈ સ્પષ્ટતા નથી, તેથી ત્યારે વિમાનો દ્વારા અવકાશી પ્રદૂષણ થતું હોય તેવા ઉલ્લેખો મળતા નથી. પરંતુ આધુનિક કાળમાં વપરાતાં વિવિધ પ્રકારનાં અવકાશયાનોમાં વપરાતાં ખનીજ તેલનાં ઈંધણથી અવકાશી પ્રદૂષણો થાય છે તે વિશ્વભરમાં સ્વીકારાયેલું સત્ય છે. તે જ રીતે ચંદ્ર ઉપર જવા કે અન્ય ગ્રહોના પ્રવાસ માટે છોડાતાં રોકેટોના છૂટા પડેલા ટુકડાઓ પણ આવું પ્રદૂષણ ઉત્પન્ન કરે છે. વિશ્વના દરેક દેશે પોતાની ટેલિવિઝન પ્રસારણની સેવાઓ, યુધ્ધ વિષયક જાસૂસી કે પૃથ્વી પરની જુદી જુદી પરિસ્થિતિઓનો અભ્યાસ કરવા માટે છોડેલા કૃત્રિમ ઉપગ્રહો જયારે તેનું આયુષ્ય પૂર્ણ કરે છે ત્યારે તે કચરા સ્વરૂપે આકાશમાં ફર્યા કરે છે. આવા હજારો નકામા થયેલા કૃત્રિમ ઉપગ્રહો અત્યારે અવકાશમાં ફરતા રહી એક પ્રકારનું આકાશી પ્રદૂષણ ઉત્પન્ન કરી રહ્યાં છે

મનુષ્યજાતિએ આ બધાથી છૂટકારો મેળવી જીવનને શાંતિપૂર્ણ બનાવવા માટેના માર્ગો વિચારવા જ પડશે, નહિ તો આવનારી સદીઓમાં માનવજાત માટે ગંભીર પરિસ્થિતિ ઉત્પન્ન થશે અને ભાવિ પેઢીઓ યાતના પૂર્ણ જીવન મેળવશે.

સૃષ્ટિનાં પંચમહાભૂત પૈકી એક તત્ત્વ તેજ તત્ત્વ છે. તેજ તત્ત્વમાં બે બાબતો સમાયેલી છે પ્રકાશ અને ઉષ્મા. મનુષ્યજાતિ તેજ તત્ત્વના બે પ્રભાવકોથી પરિચિત છે – અગ્નિ અને સૂર્ય. વેદના ઋષિ સૂર્ય અને અગ્નિ ઉપરાંત વિદ્યુતને પણ ત્રીજું પ્રકાશ અને ઉષ્મા પ્રભાવક માધ્યમ કહ્યું છે. તેજતત્ત્વની ત્રણ અવસ્થા માનવામાં આવે છે. પ્રથમ અવસ્થા ઘનાવસ્થા, જે પાર્થિવ અગ્નિ સ્વરૂપ છે. બીજી અવસ્થા તે તરલાવસ્થા, તેમાં અંતરિક્ષમાં રહેલ વાયુથી ઉત્પન્ન થતી વિદ્યુત સ્વરૂપે છે. અને ત્રીજી અવસ્થા વિરલાવસ્થા છે, જે દ્યૌસ્થાનીય આદિત્ય છે. ઋગ્વેદના ઋષિ કહે છે –

एक  एवाग्निबहुधा सामिध्धः ।
एकं सद्‌विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥

"એક જ અગ્નિ વિભિન્ન પ્રકારે વ્યાપ્ત છે. તેને માતરિશ્વા પણ કહેલ છે, આ અગ્નિતત્ત્વ ત્રણ સ્થળે વ્યાપ્ત છે."[૧] અહીં 'માતરિશ્વા' ને પણ અગ્નિ કહેલ છે. તે આકાશમાં રહેલ વાયુને માટે વપરાયેલ છે, જે વિદ્યુત અગ્નિ ઉત્પન્ન કરે છે.

આ ત્રણે અગ્નિઓને ઋષિ પ્રાર્થના કરે છે –

सूर्यो नो दिवस्पातु वातो अन्तरिक्षात् अग्निर्नः पार्थिवेभ्यः ।

અર્થાત્ "સૂર્ય આકાશીય પદાર્થોના ઉપદ્રવથી, વાયુ (વિદ્યુત) અંતરિક્ષના ઉપદ્રવથી અને અગ્નિ પૃથ્વી પર થતા ઉપદ્રવોથી અમારી રક્ષા કરો."[૨]

અગ્નિની લાક્ષણિકતાઓ ભાગવતપુરાણમાં આ રીતે વર્ણવી છે –

---

*(૧) ऋग्वेद १-१६४-४८*
*(૨) ऋग्वेद. ७-६२-५*

तेजस्वी तपसा दीप्तो दुर्धर्षोदरभाजनः ।
सर्वभक्षोऽपि युक्तात्मा नादत्ते मलमग्निवत् ॥
क्वचिच्छिन्नः क्वचित् स्पष्ट उपास्य श्रेय इच्छताम् ।
भुंक्तो सार्वत्र दातृणां दहन् प्रागुत्तराशुभम् ॥

"તેજસ્વી, તપ્ત હોવાથી દીપ્તિમાન, દબાવી ન શકાય તેવો, તેની પાસે પાત્ર ન હોવા છતાં બધું ભક્ષણ કરનાર, બધા જ વિષયોનો ઉપભોગ કરનાર, પોતાનામાં કોઈનો દોષ ન આવવા દેનાર, કયાંક પ્રકટ, કયાંક ગુપ્ત, કલ્યાણ કાર્ય માટે સાધનરૂપ, ભાવિ અશુભને ભસ્મ કરનાર તથા બધે જ અન્ન ગ્રહણ કરનાર છે"[૧] આ શ્લોકથી અગ્નિની તમામ લાક્ષણિકતા, તેના ગુણો તેનું નિર્લિપત્વ પ્રકટ થાય છે.

સૂર્યની લાક્ષણિકતા ભાગવતકાર આ રીતે વર્ણવે છે.
नमो नमोऽनिरुध्धाय हृषीकेशेन्द्रियात्मने ।
नमः परमहंसाय पूर्णाय निभृतात्मने ॥
स्वर्गायापवर्गद्वाराय नित्यं शुचिपदे नमः ॥

અર્થાત્ "આપ જ ઈન્દ્રિયોના સ્વામી, મનઃતત્ત્વના અનિરુધ્ધ છો, આપ આપનાં તેજથી જગતને વ્યાપ્ત કરનાર સૂર્યદેવ છો, પૂર્ણ હોવાને કારણે આપનામાં વૃધ્ધિ અને ક્ષય થતાં નથી."[૨] સૂર્ય પૂર્ણ છે, પવિત્ર કરનાર છે. અગ્નિ અને સૂર્ય વિરાટ્ પુરુષમાંથી ઉત્પન્ન થયા છે. ઋગ્વેદ કહે છે–

---

*(૧) ભાગ. ૧૧-૭-૪૫/૪૬*
*(૨) ભાગ. ૪-૨૪-૩૫/૩૬*

चक्षोः सूर्यो अजायत। मुरवादिंद्रश्च अग्निश्च।

''નેત્રોથી સૂર્ય (અને) મુખથી અગ્નિ ઉત્પન્ન થયો.''(૧)

અગ્નિ અને સૂર્ય પરસ્પર સંબંધિત છે અને તે બન્ને ને કારણે સૃષ્ટિનું પાલન થાય છે. આમ, મનુસ્મૃતિમાં આ રીતે દર્શાવેલ છે. –

अग्निप्रास्ताहुति समगादित्यमुपपष्ठिते ।
आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्न ततः प्रजा ॥

''વિધિપૂર્વક અગ્નિમાં આપેલી આહુતિ સૂર્યને પ્રાપ્ત થાય છે. સૂર્યથી વૃષ્ટિ થાય છે. વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે અને અન્નથી પ્રજા.''(૨) આ રીતે સૂર્ય અગ્નિ અને માનવજાત ત્રણે પરસ્પર સંકળાયેલાં છે. સૂર્યએ ભારતવર્ષ માટે અનહદ આશીર્વાદ રૂપ છે. ભારત એવો દેશ છે કે જેમાં વિવિધ ઋતુઓ પ્રવર્તે છે. ઋગ્વેદના ઋષિ આ માટે કહે છે –

त्रिनाभि चक्रम अजरमनर्व यत्रेमा विश्वा भुवनानि तस्थुः ।

અર્થાત્ – ''સૂર્યનાં કિરણોને આધારે વિશ્વમાં–ભુવનમાં ત્રણ પ્રકારનાં ઋતુપરિવર્તનો થાય છે.''(૩) આ સૂર્યને સુખ આપનાર બનવા માટે ઋષિ પ્રાર્થના કરે છે.–

''शन्नरतपतु सूर्च्यः ।

''સૂર્ય અમારા માટે સુખદાયક બનો.''(૪)

અગ્નિ અને સૂર્ય સૃષ્ટિના આદિકાળથી સૃષ્ટિને પોષે છે. તેના સૃષ્ટિ પર અગણિત ઉપકારો છે. સૂર્યની કૃપાથી સૃષ્ટિ પર વૃષ્ટિ થાય છે –

---

*(૧) ऋ. १०-९०-१३*
*(૨) मनुस्मृति ३-७६*
*(૩) ऋग्वेद*
*(૪) यजुर्वेद*

गुणैर्गुणानुपादाने यथाकालं विमुंचति ।
..... गोभिर्गा इव गोपतिः ॥

"સૂર્ય પોતાનાં કિરણોથી જલ ખેંચે છે અને સમય આવે ત્યારે વરસાવે છે."[1]

અગ્નિ અને સૂર્ય સિવાયનું ત્રીજું તેજ તત્ત્વ ચંદ્ર છે – ચંદ્રમાં પ્રકાશ છે, ઉષ્મા નથી, ચંદ્ર એ સૂર્ય દ્વારા તેજનું પરાવર્તન કરે છે. તેનું આ પરોપજીવીપણું હોવા છતાં તેનામાં ઘણાં ગુણો છે. તેનો એક પ્રકટ ગુણ શીતળતા છે. તે ઉપરાંત શાસ્ત્રોએ વર્ણવ્યા મુજબ તેનાં કિરણોથી ઔષધિઓમાં ગુણારોપણ થાય છે. તેની વૃધ્ધિ અને ક્ષય સમુદ્ર પર અસર કરે છે. તેનો પૌરાણિક ભાગ લક્ષમાં ન લઈએ તો પણ તેના ગુણોને લક્ષમાં લેવા પડે.

અગ્નિએ એક રીતે અર્જિત તત્ત્વ છે. તે ઉત્પન્ન કરવા મનુષ્યે કેટલીક વિધિઓ કરવી પડે છે. જો કે કેટલીક વાર અગ્નિ આપોઆપ પણ ઉત્પન્ન થાય છે. પરંતુ તેના પર નિયંત્રણ મેળવી શકાય છે. વર્તમાન યુગમાં અણુવિસ્ફોટથી પણ અગ્નિસ્વરૂપી તત્ત્વ મેળવી શકાય છે. પણ તેનાં ભયસ્થાનો બહુ મોટા પ્રમાણમાં છે. કેટલાક સમય પહેલાં સંયુકત રશિયાના ચર્નેબિલમાં થયેલા અણુ અકસ્માતે ઘણા લોકોને હાનિ પહોંચાડેલી. બીજાં વિશ્વયુધ્ધમાં અમેરિકાએ જાપાન પર ફેંકેલા બે અણુબોમ્બથી અત્યારે સાંઠ વર્ષ પછી પણ ત્યાંની માનવજાતિ પીડાય છે. આ રીતે પ્રાકૃતિક બાબતને લોભવશ કે વૈરવશ ઉપયોગમાં લેવાથી માનવજાતિ એક ભયગ્રસ્ત પરિસ્થિતિ ભોગવી રહી છે અગ્નિને પ્રાકૃતિક સ્વરૂપે જ રાખવો તે ભાવિ વિશ્વ માટે ઉપકારક બનશે.

સૂર્યએ અર્જિત માધ્યમ નથી. તે ઈશ્વરે સૃષ્ટિને આપેલું અમૂલ્ય વરદાન છે. વર્તમાન સમયનું વિશ્વ બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોત તરીકે સૂર્ય પાસે ઘણી મોટી આશા રાખે છે. અને તેનો ઉપયોગ કરવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. સૂર્યની ઊર્જા દ્વારા રોજિંદા જીવનની ઘરગથ્થુ જરૂરિયાતો પૂર્ણ કરવાના પ્રયત્નો માત્ર ભારતમાં નહિ, વિશ્વભરમાં

(૧) ભાગ. ૧૧-૭-૫૦

ચાલી રહ્યા છે. આધુનિક વિજ્ઞાને માઈક્રોચીપ નામની જે એક આર્શીવાદરૂપ શોધ કરી છે તેની સહાયથી સૂર્ય ઉર્જા દ્વારા ઉષ્મા, પ્રકાશ અને યંત્રોને ગતિ આપવા માટે વિશ્વમાં કાર્ય થઈ રહ્યા છે. ભારત આ માટે સદ્‌ભાગી છે કે સમગ્ર વર્ષ દરમ્યાન તેને મહત્તમ સૂર્ય ઊર્જા પ્રાપ્ત થાય છે. તેનો પૂર્ણપણે ઉપયોગ કરી એક સુરક્ષિત ભવિષ્યને આકાર આપવાનું કાર્ય વર્તમાન યુગ કરી શકે. જયાં સૂર્ય ઊર્જા સતત ન મળી શકે તેમ હોય ત્યાં સૂકી બેટરીમાં સૂર્ય ઊર્જાને એકત્રિત કરી જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરવાની પધ્ધતિ પણ વિકસી છે.

અગ્નિના સદુપયોગ તરફ માનવજાત વળે, તેનો રચનાત્મક ઉપયોગ કરે તેમજ સૂર્ય ઊર્જા માટેના વિવિધ ઉપયોગો કરી ભાવિ પેઢીને એક અમૂલ્ય વારસો આપે તે સમયની માંગ છે અને માનવજાત તે તરફ વળે તેવી આશા રાખીએ.

**ઉપસંહાર :**

અગાઉ રજૂ થયેલી તમામ વિગતોનો નિષ્કર્ષ તારવવો હોય તો એમ કહી શકાય કે હવે વિશ્વને સ્વ્ચ્છ, સાફ-સૂથરું અને તંદુરસ્ત બનાવવાનો સમય આવી લાગ્યો છે. સૃષ્ટિનાં સ્થાવર-જંગમ તત્ત્વોને સ્વચ્છ રાખવાં જોઈએ તેવી સ્પષ્ટ સૂચનાઓ ભારતીય ઋષિમુનિઓ અને ચિંતકો ઠેકાણે આપી છે. આ સૂચનાઓ એટલી તો સૂક્ષ્મ છે કે જો તેનું યથાયોગ્ય પાલન કરવામાં આવે તો સ્વચ્છતા ફેલાઈ શકે છે. ભારતીય દર્શનમાં સ્વચ્છતાએ પવિત્રતાનો પર્યાય છે.

વિષ્ણુ પુરાણમાં સ્વચ્છતા માટે નિર્દેશ છે કે -

न कृष्टे सास्यमध्ये वा गोव्रजे जनसांसादि ।
न वर्त्मनि न नधादितीर्थेषु भरतर्षभ ॥

नाप्सु नैवाम्भसास्तीरे श्मशानं न सामाचरेत् ॥
उत्सर्गं वै पुरीषस्य मूत्रस्य च विसर्जनम् ॥

"ખેડેલાં ખેતરમાં, અનાજ યુકત ભૂમિમાં, ગાયની ગમાણમાં, જન સમાજમાં, માર્ગની વચ્ચે, નદી વગેરે તીર્થ સ્થાનોમાં, જલ અથવા જલાશયને કિનારે અને શ્મશાનમાં ક્યારેક મલમૂત્રનો ત્યાગ ન કરવો."(૧) આ શ્લોકમાં ઉત્સર્ગ શબ્દ છે, જે કોઈપણ પ્રકારનો કચરો ન કરવો તેવું સૂચવે છે.

આ ઉપરાંત તે જ પુરાણમાં કહયું છે –
तृणैरास्तीर्य वसुधां वस्त्रप्रावृतमस्तकः ।
तिष्ठेन्नातिचिरं तत्र नैव किंचिदुदीरयेत् ॥

"મલત્યાગ વખતે ભૂમિને ઘાસથી અને મસ્તકને વસ્ત્રથી ઢાંકી દેવાં તથા તે સ્થળે વધારે સમય રોકાવું અને કાંઈ બોલવું નહિં."(૨)

આ રીતે ઉત્સર્ગ ક્રિયા કરવાનું ધીમે ધીમે ગ્રામ્ય કે અર્ધ શહેરી વિસ્તારોમાં ફ્લશનાં જાજરૂને કારણે ઘટતું જાય છે, પરંતુ મુંબઈ જેવાં મહાનગરોની આ અંગેની હાલત બદતર છે. મોટાં નગરો કદાચ આર્થિક ખુશહાલી આપે પણ આવી બિનતંદુરસ્ત ઉત્સર્ગ ક્રિયાને કારણે મનુષ્યનાં શારીરિક અને માનસિક આરોગ્યને નુકસાન પહોંચાડે છે.

વીસમી સદીના ત્રીજા દાયકામાં અખંડ ભારતના પશ્ચિમ ભાગમાં પુરાતત્ત્વવિદોએ ઉત્ખનન કર્યું અને અત્યંત પ્રાચીન એવી મોહેં-જો-દડોની સભ્યતાના અવશેષો શોધી

---

*(૧) विष्णु. पु. ૩-૧૧-૧૨/૧૩*
*(૨) विष्णु. पु. ૩-૧૧-૧૫*

કાઢ્યા. વ્હીલર નામના વિદ્વાનના કહેવા મુજબ ઈ.સ.પૂર્વે ૩૦૦૦ માં મોહેં–જો–દડોમાં વસતી દ્રવિડ પ્રજા અને પ્રકૃતિ વચ્ચે તાલમેલ હતો. તે પ્રજાએ માટીની ઈંટો, કાષ્ટકામ અને સંપૂર્ણ સ્નાનગૃહો બનાવ્યાં હતાં. પાણીના નિકાલ માટે સંપૂર્ણ યોગ્ય એવી ગટર વ્યવસ્થા કરી હતી. તેઓએ પોતાની આજુબાજુનાં પર્યાવરણને અનુરુપ સુસંગત માળખાં અને પરિસરની પ્રાકૃતિકતાનો ઉપયોગ કર્યો હતો. મોંહે–જો–દાડોની પ્રજા આર્ય હતી કે આર્યેતર હતી તે વિષે હજુ મતમતાંતરો છે. પણ જે પ્રજા હતી તેણે સ્વચ્છતાનો સંપૂર્ણ ખ્યાલ રાખેલો હતો. વર્તમાન સમયથી પાંચ હજાર વર્ષ પહેલાં આવો ખ્યાલ સેવનારી પ્રજાના વંશજોએ પ્રકૃતિને પહોંચાડેલી ક્ષતિ ખૂબ મોટી છે.

પ્રાચીન ભારતના પ્રાકૃતિક દૃષ્ટિકોણને સદાચારની સાથે સાંકળી લીધેલ છે. આ બાબતમાં ત્રણ પાસાં જોવા મળે છે

(૧) દાર્શનિક દૃષ્ટિકોણઃ તેમાં ઈશ્વર અને લોકોનો વિચાર થયો છે.

(૨) દ્વિપારિમાણિક દૃષ્ટિકોણઃ જેમાં પશુ અને વનસ્પતિનો વિચાર થયો છે.

(૩) અચેતન પદાર્થ તરફનો દૃષ્ટિકોણઃ તેમાં પથ્થર, ખડક, માટી, પર્વત, જલ, આકાશ, સૂર્ય, ગ્રહો વગેરે અંગે વિચારવામાં આવ્યું છે.

પ્રાચીન પ્રજા જાણતી હતી કે સમગ્ર પ્રકૃતિને અંકુશમાં ન લઈ શકાય અને તેનાં કાર્યોમાં અનધિકૃત અંકુશ મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. લોકો તેની સાથે સહકાર કરી શકે. તે બાબત વૃષ્ટિ, પાલતુ પશુ કે ઋતુનાં પરિવર્તનો જેવી સરળ પણ હોઈ શકે અને ભૂકંપ, દાવાનળ, રાની પશુ, કે રાત્રીના અંધકાર જેવી ભયાનક પણ હોઈ શકે. પ્રકૃતિના સ્રોતને છંછેડવાથી તેમની ઊર્જાશકિતમાં ખલેલ ઉત્પન્ન થાય છે અને ધ્રુવીય સબંધોમાં એક અસમતુલા ઉભી થાય છે. પર્યાવરણીય ચક્ર એ જુદા જુદા પદાર્થોના યોગ્યતમ સબંધો ઉપર આધારીત હોય છે. તેમાં ભૌતિક કે આણ્વિક પદાર્થ, ઊર્જા, વગેરેનો સમાવેશ થાય છે.

કૃષ્ણ દ્વારા અર્જુનને કહેવાયેલી ગીતાએ ભારતની પ્રજાના સદાચાર ઉપર ઘણી અસર કરી છે. માનવને કોઈપણ બાબત તરફ વાળવો હોય તો તેને સમુદાય સ્વરૂપે વાળવો પડે છે. આ માટે કૃષ્ણએ ગીતામાં लोकसंग्रह શબ્દ વાપરેલો છે. લોકોના મોટા સમૂહ ઉપર જે અસર થાય છે તેનો પ્રતિઘોષ પછીની પેઢીઓ ઉપર પણ પડે છે.

ભારતીય દર્શનની મુખ્ય ત્રણ શાખાઓ જોવા મળે છે, આર્ય દર્શન, બૌધ્ધ દર્શન, અને જૈન દર્શન આ ત્રણે દર્શનોમાં સામુદાયિક ચેતના ઉપર ભાર મૂકવામાં આવેલ છે. ત્રણે દર્શન સૃષ્ટિના અંગરૂપ એવાં તમામ તત્વોને રક્ષવા માટે શીખ આપે છે. બૌધ્ધ વિચારસરણી મુજબ વિશ્વમાં સારી અને ખરાબ વસ્તુનું અસ્તિત્વ છે જ. ખરાબ વસ્તુને સુધારવા માટે તે કેટલાંક મૂળભૂત સત્યો કહે છે. આ સત્યોમાં પ્રેમ, આનંદ, ઉદારતા, સમાધાન, ભલાઈ, સહાનુભૂતિ, આભારદર્શિતા સમાવિષ્ટ છે. જૈનધર્મ આત્મસંયમ, આજ્ઞાકારિતા, ધીરજ, સંતોષ, પવિત્રતા, સત્ય અને સાચાં વર્તન ઉપર ભાર મૂકે છે. દરેક મનુષ્ય વિશ્વમાં પ્રવર્તતી વેદના, પીડાને દૂર કરવા પોતાનું યોગદાન આપી શકે.

આ ત્રણે વિચારસરણીઓ સૃષ્ટિનાં તત્ત્વોની સુરક્ષા માટે નિર્દેશો આપે છે. વન અને પશુ–પ્રાણી સુરક્ષા માટે દરેક ધર્મ નિર્દેશો આપે છે. આર્યદર્શન સૃષ્ટિનાં ચાલક બળનાં એક માધ્યમ તરીકે વનપ્રદેશને સ્થાન આપે છે. ઋગ્વેદના એક મંત્રમાં કહેવાયું છે કે –"હે વનદેવતા, તમે જનપદ (મનુષ્યની વસતી) વિષે કેમ પૂછતા નથી ? તમને આ એકાંત ભય પમાડતું નથી? જે કોઈ આ વનમાં સાંજે રોકાય છે તે પોતાની ગાયોને બોલાવે છે, કેટલાંક લાકડાં કાપે છે, કેટલાંક રડે છે, વનદેવતા મારી નાખતા નથી, કોઈ અન્ય ન હોય તો પણ. તે (મનુષ્ય) મિષ્ટ ફળ ખાય છે. અને તેને ગમે ત્યાં સૂવે છે. હે વન્ય પશુઓની માતા, તમને ભલે હળથી ખેડેલ નથી, પણ તમે બધા ખાદ્યપદાર્થોની ભરપૂર છો, સુગંધી છો. હે વનદેવતા હું તમારું અભિવાદન કરું છું."

આ ઉક્તિમાં વનપ્રદેશની વિશેષતા બતાવી છે, સાથે મનુષ્યની પોતાના સમાજ સાથે રહેવાની ઈચ્છા દર્શાવી છે. વનને એકાંત પીડતું નથી. મનુષ્ય એકલો રહી શકતો નથી. વનપ્રદેશ મનુષ્યને બધું જ આપે છે. આમ વનપ્રદેશ મનુષ્ય માટે અત્યંત ઉપકારક છે. છતાં વર્તમાન યુગમાં મનુષ્ય દ્વારા વનપ્રદેશના વિધ્વંસનું કાર્ય થાય છે તે ખરેખર દુઃખદ બાબત છે. ભારતમાં તેના વિસ્તારના પ્રમાણમાં ચાલીસ પ્રતિશત વનપ્રદેશ હોવો જોઈએ, આ પ્રમાણ ઘટતું જાય છે. હાલના આંકડાઓ મુજબ ભારતનો વનપ્રદેશ કેટલેક સ્થળે બાર પ્રતિશત છે તો કયાંક ત્રીસ પ્રતિશત છે. આ પ્રમાણ વધારવાની જરૂર છે. પ્રાચીન ભારતમાં વિશાળ વનપ્રદેશો હતા. વર્તમાન સમયમાં વનપ્રદેશની જાળવણી માટે કાયદાઓ બનાવવા પડે છે. વનપ્રદેશના નાશને કારણે પર્યાવરણીય ચક્ર ઉપર વિઘાતક અસરો પડે છે. વનપ્રદેશ સાથે સંકળાયેલ એ પશુ સંરક્ષણ છે. પશુઓનું રક્ષણ કરવું તે પણ મનુષ્યનું કર્તવ્ય છે. આ પશુ પાલતુ પણ હોઈ શકે અને વન્યહિંસક પણ હોઈ શકે. ભારત સરકારે વન અને પશુનો અવિનાભાવિ સંબંધ સ્વીકારી વનપ્રદેશોને અભયારણ્ય બનાવ્યાં છે. રણથંભોર, જિમ કાર્બેટ, કાઝીરંગા, તાડોબા, ગીર જેવાં જંગલો વન્ય પશુઓનાં સંરક્ષણ માટે અભયારણ્ય ઘોષિત થયાં છે.

બૌધ્ધ ધર્મની આખ્યાયિકાઓમાં પશુ દ્વારા મનુષ્ય તરફ દર્શાવાતી ઉદારતાની વાતો કહી છે. અને તે પછી મનુષ્યે પણ પશુ તરફ એવી જ ઉદારતા દર્શાવવી જોઈએ તેવી શીખ આપેલ છે. તિબેટિયન ધાર્મિક વડા દલાઈ લામા કહે છે કે – નાનાં કે મોટાં તમામ, પ્રાણીઓ આપણી નૈતિક લાગણી સાથે જોડાયેલા હોવાં જોઈએ. તિબેટ અને શ્રીલંકાના બૌધ્ધો પ્રાણી અને પ્રકૃતિ તરફ પોતાનો આદર તેમનો વિનાશ ન કરીને દાખવે છે. જો કે ઈ.સ.૧૯૫૦ માં તિબેટ ઉપર ચીનનાં પ્રભુત્વથી કેટલીક ગંભીર પર્યાવરણીય સમસ્યાઓ સર્જાઈ હોવાનું નોંધાયું છે. તેમાં સામૂહિક વૃક્ષ–વનનું છેદન, ભૂમિનો ઘસારો, નદીઓનું પ્રદૂષણ, મૂળભૂત સ્રોતોનો વિનાશ, પશુઓની જરૂર કરતાં વધુ હત્યા અને પર્યાવરણીય અવહેલના જેવી બાબતો જોવા મળી છે.

ભારતીય ચિકિત્સાશાસ્ત્ર આયુર્વેદ દ્વારા કેટલીક બાબતો સ્પષ્ટ થયેલ છે. તેમાં પ્રાકૃતિક વૈવિધ્ય, પર્યાવરણ અને જીવંત વસ્તુઓનો આંતરસંબંધ, પ્રાકૃતિક વેગની જાળવણી, વૃક્ષો અને છોડની યોગ્ય માવજત કરવાની રીતો, સ્થાનિક વનસ્પતિ અને પ્રાણીઓ સાથે યોગ્ય સંબંધ જાળવવાનું આવે છે. જો આમ ન થાય તો પ્રજા પર્યાવરણીય નિયમોનો ભંગ કરવાની શિક્ષા ભોગવે છે. તેમ આયુર્વેદ જણાવે છે.

પંચ મહાભૂત સાથેના આર્યુવેદિક આંતર સંબંધ એ રીતે છે કે પંચભૌતિક સંગઠન ધરાવતાં શરીરને પોષણ આપનાર તત્ત્વ, જલ, આહાર, વાયુ, ઔષધ, બધાં જ પંચ ભૌતિક છે. શરીરના નિયંત્રક દોષ ત્રણ છે. આકાશ અને વાયુ તત્ત્વની પ્રધાનતા ધરાવતો દોષ વાયુ છે. અગ્નિતત્ત્વની પ્રધાનતાવાળો દોષ પિત્ત છે અને જલ તથા પૃથ્વીની પ્રધાનતાવાળો દોષકફ છે.

વૃક્ષ અને વનસ્પતિ પ્રકૃતિનાં ઘણાં જ નાજુક ઘટકો છે. જો વૃક્ષને મનુષ્યના નિવાસ રચવાના હેતુથી એક સ્થળેથી બીજે સ્થળે ફેરવવામાં આવે તો તે માટેની કેટલીક વિધિઓ કરવાનું શાસ્ત્રમાં સૂચવવામાં આવ્યું છે. તેમાં વૃક્ષનું છેદન કરવાને બદલે તેને તેનાં મૂળ સ્વરૂપે અન્યત્ર ફેરવવાની વાત છે. તાજેતરમાં થયેલા અભ્યાસ મુજબ કેટલાંક વૃક્ષો અને છોડ પોતાની કપાયેલી ડાળીઓ, કૂંપળો, બીજ અને ફૂલનાં સ્થળાંતરને સહન કરી શકતાં નથી.

અશોકે તેના શિલાલેખોમાં જણાવ્યું છે કે મનુષ્ય કે પશુ બધાને ઓષધની જરૂર પડે છે. તેથી ઓષધીય અને ફળાઉ વૃક્ષો રસ્તાને કાંઠે ઉગાડવાં.

ઉત્તર ભારતના પર્યાવરણ ચળવળકાર સુંદરલાલ બહુગુણા અને રાજસ્થાનની બિશ્નોઈ જાતિના લોકોએ વૃક્ષને બચાવવા કરેલું "ચીપકો આંદોલન" ઘણું પ્રસિધ્ધિ પામ્યું છે.

અગાઉ જેને શાંતિ અંગેનું નોબલ પારિતોષિક મળ્યું છે તે આફ્રિકાની મહિલા પર્યાવરણવાદી વાંગારી મથાઈએ આફ્રિકામાં વૃક્ષ છેદનની પ્રવૃતિ અટકાવી અને લાખોની સંખ્યામાં વૃક્ષ વાવ્યાં અને ઉછેર્યાં છે. આવું માત્ર વિદેશમાં બને છે તેવું જ નથી. ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશના જામનગર જિલ્લાના કાલાવડ (શીતલા) ગામનાં પાદર અને સીમમાં હજારો વડલા વાવનાર.

એક વૃદ્ધ પુરુષ હમણાં સુધી હયાત હતા અને તેમણે એકલે હાથે હજારો વટવૃક્ષો વાવીને ઉછેર્યા ં છે. તે જ રીતે રાજકોટ જિલ્લાના અરણી ગામના ગોપ્રેમી પ્રેમજીભાઈએ ખેતરને શેઢે લીમડા વાવવાની પ્રવૃત્તિ ઘણાં વર્ષો કરેલી.

ભારતની ત્રણ વિચારસરણીઓ – આર્ય, બૌધ્ધ અને જૈનની અસરો દક્ષિણ એશિયાના દેશોમાં જોવા મળે છે. તેમાં પણ ગાંધીજીનો સિધ્ધાંત "કોઈને દુભવવું નહિ – દુઃખ પહોંચાડવું નહિ" ખૂબ જ પ્રસિધ્ધ થયો છે. ગાંધીજીએ પ્રાણી તરફ મનુષ્ય જેવો જ વ્યવહાર રાખવાનું શીખવ્યું છે. તેઓએ સંપૂર્ણ શાકાહાર પર ભાર મૂકયો છે. તેમણે અહિંસાને એક ચળવળનું રૂપ આપ્યું.

ગાંધીજીનું બીજું મહત્વનું પ્રદાન ગ્રામીણ અને કુટિર ઉદ્યોગો સ્થાપવા પર ભાર મૂકવાનું હતું. તેમના વિચાર પ્રમાણે મહાકાય ઉદ્યોગો સ્થાપી પર્યાવરણીય સમસ્યા ઊભી કરવાને બદલે નાનાં એકમોમાં હળવી તક્નિકીવાળા કુટિર ઉદ્યોગો સ્થાપી ગ્રામીણ અર્થવ્યવસ્થાને વિકસાવવી જોઈએ, તેમ તેમનું માનવું હતું. ગ્રામીણ વિકાસ અને કૃષિકારના વિકાસ માટે વૈકલ્પિક તક્નિકીના કાર્યક્રમો આપવાના પક્ષમાં આધુનિક પર્યાવરણીવાદીઓ પણ છે. આવા કાર્યક્રમોમાં નિર્ધૂમ ચૂલા, ગારાની ઈંટો, સેન્દ્રિય ખાતરો અને જંતુનાશકો, ગોબરગેસ પ્લાન્ટ તથા સૂર્ય ઊર્જા અને પવન ઊર્જાનો ઉપયોગ કરવાની બાબતો છે. આધુનિક

પર્યાવરણવાદીઓ માને છે કે મહાકાય ઉદ્યોગો સ્થાપતા બહુરાષ્ટ્રીય ઉદ્યોગોમાં સ્થાનિક પરિસ્થિતિ, રિવાજો, ટેવો, વર્તણૂંક વગેરેની સમજણ કે સહાનુભૂતિ નથી હોતાં. તેનાં પરિણામ સ્વરૂપે કયારેક બહુ મોટી દુર્ઘટના બને છે. તેનું તાજેતરનું ઉદાહરણ ઈ.સ.૧૯૮૪ માં ભોપાલની દુર્ઘટના છે. અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપની યુનિયન કાર્બાઈડમાંથી થયેલ ગેસ ગળતરને કારણે ભોપાલના હજારો લોકોને કાં તો મૃત્યુ મળ્યું, કાંતો કાયમી રોગગ્રસ્તતા મળી. હજુ સુધી આ લોકોને પૂરતું વળતર મળ્યું નથી. જો તે ઉદ્યોગે સ્થાનિક લોકોની ટેવો, કુશળતા વગેરે લક્ષમાં લીધાં હોત તો કદાચ તેણે આ ઉદ્યોગો ત્યાં સ્થાપ્યો જ ન હોત અને મોટી દુર્ઘટના ટાળી શકાઈ હોત. પરંતુ મોટાભાગના ઉદ્યોગપતિઓ આવી બાબતને ધ્યાનમાં લેતા નથી.

"ટર્નિંગ પોંઈટ" નામનાં પુસ્તકમાં ફ્રિત્જોફ કાપ્રાએ અર્થશાસ્ત્ર અંગેનું ચિંતન આપતાં કહ્યું છે – "સત્તરમી, અઢારમી સદીથી ભૌતિકવાદી અને યંત્રવાદી જીવનદર્શન હેઠળ ઊભી થયેલી આ અર્થવ્યવસ્થા હવે ટકી શકે તેમ નથી. (તેમાં) ગળાકાપ હરીફાઈ, આગળ નીકળવાની આંધળી દોટ, વધુ મેળવવું, વધુ ભેળું કરવું, વધુ વિસ્તારવું, અટપટી ટેકનોલોજી અપનાવવી, બધી જ બાબતોને પૈસા સ્વરૂપે જોવી, તેવાં મૂલ્યો, માન્યતાઓ દઢ થયેલ છે. તેને લીધે સમાજમાં અકરાંતિયાપણું, મિથ્યાભિમાન, સ્વાર્થ, લોભ જેવી હીનવૃતિઓ વિકસી છે." તે વિકાસને જીવનનું આવશ્યક લક્ષણ માને છે, પણ તેની ગુણવત્તા જાળવવાનું કહે છે. તે માને છે કે વિકાસ માટેની આંધળી દોટને કારણે કુદરતી સંપત્તિનો બેફામ દુરુપયોગ થાય છે. તેના કહેવા પ્રમાણે આજે જે પ્રકારની ટેક્નોલોજી છે તે ઈકોલોજી વિરુધ્ધ, સમાજહિત વિરુધ્ધ, સ્વાસ્થ્ય માટે હાનિકારક અને અમાનવીય છે. કાપ્રાએ નોંધ્યું છે કે ઔદ્યોગિક કારખાનાઓનાં બળતણમાંથી સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડ વિપુલ માત્રામાં બહાર પડે છે અને તે માનવજીવન અને પર્યાવરણ માટે અત્યંત વિઘાતક છે. તે કહે છે કે કુદરતી સંપત્તિનો ઉપયોગ અમુક મર્યાદામાં કરવો જોઈએ. હજારો વરસોનો એ આપણને મળેલો વારસો છે. એ વારસો આપણે ભાવિ પેઢીઓને પણ સોંપી જવાનો છે.

કાપ્રા જણાવે છે કે ફળદ્રુપ જમીન એક જીવંત વસ્તુ છે. એક ઘનફુટ જમીનમાં લાખો જીવંત કીટક, જીવાણુ, અળસિયાં હોય છે, જે જટિલ સૃષ્ટિ સંતુલનની જ એક વ્યવસ્થા છે, જેમાં જીવન માટે ઉપયોગી તત્ત્વોનું એક ગતિમાન ચક્ર ચાલ્યા કરે છે. સૂર્ય ઊર્જા આ ચક્રને ગતિમાન રાખવાનું એક કુદરતી ઈંધણ છે.

કાપ્રાના મતે આધુનિક ભૌતિકશાસ્ત્રએ વિશ્વની મૂળભૂત એકતા માનવજાત સામે ખુલ્લી કરી દીધી છે. આખું વિશ્વ એક અને અવિભાજ્ય છે તેનાં જુદાં જુદાં અંગો વચ્ચેના આંતરસબંધોના એક જટિલ વણાટરૂપે જ તેને જોઈ શકાય. દરેક દરેક ઘટના ઉપર આખાયે વિશ્વનો પ્રભાવ પડતો હોય છે. આ પ્રભાવને ભલે વિગતે ન વર્ણવી શકાય. પરંતુ એક વૈશ્વિક વ્યવસ્થા જરૂર જોઈ શકાય છે. બધું જ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. કાપ્રાની માન્યતા પ્રમાણે ભૌતિકવાદની અસર ઓસરી રહી હોય તેવાં લક્ષણો દેખાવા લાગ્યાં છે. સ્વૈચ્છિક સાદાઈ, બાહ્યને બદલે આંતરિક વિકાસ તરફનું વલણ વધી રહ્યું છે. કાપ્રા કહે છે કે સજીવ સૃષ્ટિનો આપણે જેમ જેમ વધુ અભ્યાસ કરતા જઈએ છીએ તેમ તેમ આપણને એવી પ્રતીતિ થાય છે કે એક બીજા સાથે જોડાવું, પરસ્પર અવલંબન સાધવું, સહકાર સાધવો, એ સજીવ ઘટકોની એક મૂળભૂત લાક્ષણિકતા છે. એકલું અટુલું કશું જ નથી. દરેક દરેક જીવ કોઈને કોઈ રીતે બાકીનાઓ સાથે સંકળાયેલો છે. ફિત્જોફ કાપ્રાએ આધુનિક વિશ્વ સામે એક વાસ્તવિક વિચારસરણી રજૂ કરેલ છે. કાપ્રાની જેમ જ શૂમેકર નામના ચિંતકની વિચારસરણી "સ્મોલ ઈઝ બ્યુટિફુલ" કે ટોફલરની "ધી થર્ડ વેવ" જેવાં ચિંતનો આધુનિક વિશ્વ સામે સાચી વાસ્તવિકતા મૂકી આપેછે.

કાપ્રા, શૂમેકર કે ટોફલરની વિચારધારાઓ જાણે આપણાં પુરાણો આપેલી સંકલ્પનાઓનું આધુનિક વિસ્તરણ હોય તેવું લાગે છે. વધુ નાના એકમમાં હોય છતાં પરસ્પર સંબંધિત હોય તેવા વિચાર ભારતનાં પુરાણોમાં છે. સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયામાં એક તત્ત્વમાંથી બીજું તત્ત્વ પ્રકટ થતું જાય અને સૃષ્ટિ રચાતી જાય તે અને પ્રલય દરમ્યાન પણ

એક એક તત્ત્વ બીજાં તત્ત્વમાં લીન થતાં જાય તે પ્રક્રિયા તત્ત્વો વચ્ચેના આંતર સબંધો, પરસ્પર અવલંબનો દર્શાવે છે.

આ રીતે પુરાણોએ વિશ્વને મૂળભૂત ચિંતન આપી तत्र भवति विश्व एक नीડम् અને वसुधैव कुटुम्बकम् નો સંદેશો આપ્યો છે.

**<u>ભલામણો :-</u>**

આઠ પ્રકરણમાં વહેંચાયેલ આ મહાનિબંધને આધારે સંશોધકને કેટલીક ભલામણો કરવા માટે વિચારો આવ્યા હતા. આ ભલામણો અથવા સૂચનો આ શોધ મહાનિબંધનાં કેન્દ્રસ્થાને રહેલ પર્યાવરણ જાળવણી અંગેનાં છે.

પર્યાવરણ જાળવણી અને પ્રદૂષણ નિયંત્રણ બન્ને પરસ્પર સંબંધિત બાબતો છે. જો પર્યાવરણની યોગ્ય જાળવણી ન થાય તો પ્રદૂષણ વધે જ અને જો પ્રદૂષણ વધે તો પર્યાવરણની સમતુલા જોખમાવાની સંપૂર્ણ શકયતા રહે છે. આમ પર્યાવરણ જાળવણી અને પ્રદૂષણ નિયંત્રણ એક જ સિકકાની બે બાજુઓ છે.

છેક વેદકાળથી માંડીને વર્તમાનયુગ સુધી ચિંતકોએ પર્યાવરણ સંબંધી વિચારણા કરી છે અને પર્યાવરણ જાળવવા માટે ચિંતા સેવી છે. પ્રાચીન અને મધ્યકાલીન ચિંતકોએ તેને ભૂ–ભૌતિક બાબતો સાથે સાંકળીને વિચાર્યું છે. પણ માનવજાતની અમર્યાદ આવશ્યકતાઓ, લોભ, લાલચ વગેરે દુર્ગુણોને કારણે આવી અમૂલ્ય શિખામણોની અવગણના કરી છે. આમ થવાથી જ માઠાં પરિણામો માનવ જાતિએ ભોગવવાનાં છે તેનો પ્રારંભ થઈ ચૂકયો છે તેમ જણાય છે.

સંશોધકની કેટલીક ભલામણો નીચે મુજબ છે.

(૧) વૃક્ષછેદનની વૃત્તિ અને પ્રવૃત્તિને મનુષ્યે સ્વનિયંત્રિત કરવી જોઈએ. સરકારી નિયમો અને કાયદાઓ દ્વારા આ બાબતને નિયંત્રિત કરવાના પ્રયત્નો થાય છે, પણ 'કાયદાઓ તોડવા માટે રચાય છે.' તેવી કટાક્ષ ઊકિત અનુસાર આવા કાયદા પળાતા નથી. આ કાર્ય દરેક વ્યકિત પોતે જ કરવાનું છે તેવી સમજ સમાજમાં કેળવાવી જોઈએ.

(૨) વૃક્ષછેદનને બદલે દરેક વ્યકિત, દરેક જનપદ, દરેક નગર વૃક્ષારોપણની પ્રવૃત્તિ કરે તેવી ભાવના પ્રસરવી જરૂરી છે. વ્યકિત પોતાના નિવાસ પાસે, જનપદ પોતાનાં પાદરે વૃક્ષારોપણ કરી હવાને શુદ્ધ કરવામાં પોતાનું યોગદાન આપી શકે.

(૩) વૃક્ષ વનસ્પતિ જેવું જ અગત્યનું પરિબળ જલ સંગ્રહ છે. ભૂગર્ભ જળનો અમર્યાદ ઉપયોગ ટાળવો અત્યંત જરૂરી છે. આ માટે કૃષિવલોએ સમજ કેળવવી જોઈએ. શાસનકર્તાએ ભૂગર્ભ જળને ઉલેચાવામાંથી બચાવવા માટે ફૂવારા પદ્ધતિ કે ટપક પદ્ધતિથી સિંચાઈ કરવા માટેની આર્થિક સુવિધાઓ કરાવી છે. તેનો મહત્તમ લાભ લઈ જલસંગ્રહનું મહત્ત્વ સ્વીકારવું એ આ યુગની અનિવાર્ય આવશ્યકતા છે.

(૪) જલસંગ્રહ જેવી જ અગત્યની બાબત પેયજલની સંશુદ્ધિની છે. ભારત અને અન્ય દેશોમાં પણ વર્ષાજલ સમયે ઉપલબ્ધ રહે છે. આ વર્ષાજલનો સંગ્રહ કરવાથી પેયજલની સમસ્યા હળવી થઈ શકે. છતાં મોટા ભાગની જનતાને ભૂગર્ભજળ પેયજલ તરીકે ઉપયોગમાં લેવું પડે છે. તેમણે આધુનિક યંત્રો દ્વારા થતાં શુદ્ધિકરણથી શુદ્ધ પેયજલ મેળવી પોતાની સુખાકારી જાળવવા પ્રયત્ન કરવો જોઈએ.

(૫) જલપ્રાપ્તિનો અન્ય સ્રોત નદીઓ છે. ઉત્તર ભારતના મેદાની પ્રદેશોમાં થઈને વહેતી નદીઓ બારમાસી છે. પરંતુ તેના કિનારાનાં નગરોમાંથી નીકળતી ગંદકી અને કારખાનાંઓનું પ્રદૂષિત પાણી તેમાં ભળતાં નદીનાં પાણી પ્રદૂષિત થાય છે. તે લોકોની શારીરિક તંદુરસ્તીને હાનિકર્તા છે. ગંદકીવાળાં પાણીનાં શુદ્ધીકરણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિકસી છે તેનો ઉપયોગ કરવો જરૂરી છે. આ માત્ર ભારતના ઉત્તરભાગની સ્થિતિ છે તેવું નથી, સમગ્ર ભારતમાં વધતા ઓછા અંશે આમ થાય છે તે માટે લોકોમાં જાગૃતિ આવવી જરૂરી છે.

(૬) વાયુની શુદ્ધિ રહેવી તે માનવજાત માટે એક મહત્ત્વની સ્થિતિ છે. પેટ્રોલિયમ પદાર્થો દ્વારા ચાલતાં વાહનોમાંથી નીકળતા ધૂમાડાથી અનેક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. લોકો સમજપૂર્વક તેવાં વાહનોનો ઉપયોગ ઘટાડે છે. ભારત જેવા ગીચ વસતીવાળા વિકાસશીલ દેશોએ આ પ્રથા ઊભી કરવી જરૂરી છે. આને કારણે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટશે અને ધ્વનિપ્રદૂષણ ઓછું થશે.

(૭) પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં યજ્ઞયાગાદિ ક્રિયા દ્વારા વાયુ શુદ્ધિ થતી. તે પ્રથા તદ્દ્ન વૈજ્ઞાનિક છે. તેનું પ્રચલન થાય તો વાયુપ્રદૂષણના ઘણા પ્રશ્નો હલ થઈ શકે.

(૮) આકાશ સર્વત્ર ફેલાયેલ છે. આકાશ અને વાયુને ગાઢ સંબંધ છે. આકાશ એટલે ખુલ્લાપણું. જેટલો અવકાશખુલ્લાપણું વધારે તેટલું વાયુ પ્રદૂષણ ઓછું. ખાસ કરીને ભારત જેવા વિશાળ જનસંખ્યા ધરાવતાં દેશમાં જીવનયાપન કરવા, મેળવવા માટે ગામડાંની વસતી શહેરો તરફ ઘસે છે અને શહેરોમાં ઝૂંપડપટ્ટી વધતી જાય છે. આવી ઝૂંપડપટ્ટીઓ એટલી ગીચ અને ગંદી હોય છે કે તેમાં શ્વાસ લેવો પણ મુશ્કેલ હોય છે. નગરના શાસકોએ ઝૂંપડપટ્ટી ન વસે અને વસેલી આવી વસાહત સુધારી મનુષ્યને રહેવા લાયક બનાવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. નગરો તરફના આ જનપ્રવાહથી ગામડાંઓ ભાંગે છે અને શહેરો વધુને વધુ પ્રદૂષિત થતાં જાય છે. આ માટે વેળાસર વિચારવું જરૂરી છે.

(૯) અન્ય પરિબળોમાં પ્રાણીરક્ષા પણ અત્યંત મહત્ત્વની છે માંસાહારનું પ્રમાણ વધવાને કારણે નિદોર્ષ પશુઓની બેફામ હત્યા થાય છે. સૃષ્ટિ ચક્રમાંથી એક મહત્ત્વની કડી કપાઈ જાય તે પહેલાં આવી હિંસા રોકવી જરૂરી છે. લોકો વધુને વધુ શાકાહાર તરફ વળે તેવા પ્રયત્નો સમાજસેવીઓએ કરવા જોઈએ. બધાં જ પશુ પક્ષી પર્યાવરણની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. તેમાં ગાય અત્યંત મહત્ત્વનું પશુ છે તે અત્યારનું વિજ્ઞાન પણ માને છે. તેથી ગૌરક્ષા, ગોસંવર્ધન અને ગૌસંરક્ષણ વર્તમાનયુગની આવશ્યકતા છે.

(૧૦)પંચમહાભૂતમાં સમાવિષ્ટ તેજ તત્ત્વ પણ છે. આ તત્ત્વ સૃષ્ટિને અગ્નિ પ્રાપ્ત કરવો સહેલો છે. તેથી તેના દ્વારા મળતું તેજ તત્ત્વ ગમે ત્યારે મેળવી શકાય છે. તેજ મેળવવાનું અન્ય માધ્યમ સૂર્ય છે. જે દેશોમાં સૂર્ય સતત ન રહેતો હોય તેવા દેશો પણ સૂર્ય ઊર્જાનો મહત્તમ ઉપયોગ શરુ કર્યો છે. તો ભારત જેવા દેશો, કે જયાં સૂર્ય સતત પ્રકાશે છે તેણે આ ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરી તેજ તત્ત્વનો ઉપયોગ કરવો જોઈએ. બિનપરંપરાગત ઊર્જા માધ્યમ તરીકે સૂર્ય ઊર્જાનો ઉપયોગ કરવાનાં ધણા સાધનો વિજ્ઞાને વિકસાવ્યા છે. આવા સાધનોનો લોકો વાપરતાં થાય તો વૃક્ષ છેદન ઉપર પણ નિયંત્રણ આવી શકે.

આ ભલામણોનો ત્વરિત અમલ થાય તેવું તો શકય નથી, પણ લોકોમાં જાગૃતિ આવે, પર્યાવરણ અને પ્રદૂષણ અંગેની સમજ કેળવાય અને ભારત દેશ પ્રાચીન સમયમાં હતો તેવો સુખી, સમૃદ્ધ અને નિરામય બને તેવી અપેક્ષા છે. આ માટે ચિંતકો, સમાજસેવીઓ, પ્રસાર માધ્યમો, શાસનકર્તાઓ અને પ્રજા સહિયારો પ્રયત્ન કરે તો કશું અશકય નથી.

**ભાવિ સંશોધન પ્રતિ અંગુલિનિર્દેશ :**

સંશોધન કર્તાઓ આ શોધ મહાનિબંધ તૈયાર કર્યો તેના લેખન દરમ્યાન સંશોધકને કેટલાંક નૂતન દિશાસૂચનો મળ્યાં તેના આધારે આ વિષય પરત્ત્વે અન્ય શોધકાર્ય થઈ શકે તેમ જણાયું. તેથી સંશોધકે ભવિષ્યના શોધકર્તાને ઉપયોગી થાય તેવા સંશોધન ક્ષેત્રો અંગે અંગુલિનિર્દેશ કરવાનો વિચાર કર્યો તે નીચે મુજબ છે.

(૧) આ શોધકાર્ય ૧૮ પુરાણો પૈકી ૪ વિષ્ણુ સંબંધીત પુરાણો પર આધારિત છે, તે જ રીતે શિવને અનુલક્ષીને રચાયેલા પુરાણોમાં પર્યાવરણ અંગેના નિર્દેશો શોધી શકાય.

(૨) લોકોમાં બહુ પ્રખ્યાત અને પ્રચલિત ન હોય તેવા પુરાણો, જેવાં કે માર્કંડેય, નારદ, કૂર્મ, વગેરેમાં પણ પર્યાવરણ સંબંધી વિગતો તારવી શોધકાર્ય કરી શકાય.

(૩) વિશાળ કાય એવાં અને પ્રમાણમાં અદ્યતન કહેવાય તેનાં સ્કંદ, બ્રહ્મવૈવર્ત, બ્રહ્માંડ જેવા પુરાણોમાં પર્યાવરણીય વિગતો કઈ રીતે દર્શાવી છે તે માટે શોધકાર્ય થઈ શકે.

(૪) ભારતીય પરંપરામાં સ્મૃતિઓનું વિશિષ્ટ સ્થાન છે. નારદ સ્મૃતિ, પરાશર સ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, મનુસ્મૃતિ વગેરેમાં ભરપૂર રીતે પથારયેલા પર્યાવરણીય નિર્દેશો મેળવી તેના અર્થઘટનો દ્વારા શોધકાર્ય થઈ શકે.

(૫) લૌકિક સંસ્કૃતમાં રચાયેલા પંચ મહકાવ્યોમાં તેના રચયિતા કવિઓએ રચેલા પર્યાવરણીય સંકેતોનું શોધકાર્ય કરી શકાય.

(૬) લૌકિક સંસ્કૃતનાં પ્રસિદ્ધ નાટકોમાં પર્યાવરણીય મુદ્દાઓ શી રીતે આપેલા છે તે વિષે સંશોધન થઈ શકે.

(૭) બાણભટ્ટ વિરચિત સાહિત્યમાં રહેલા પર્યાવરણીય હંગિતોનું ચયન કરી શોધકાર્ય થઈ શકે.

(૮) વર્તમાન યુગમાં રચાતાં સંસ્કૃત વાઙ્મયમાં વર્તમાન રચનાકારોએ નૂતનયુગની પર્યાવરણીય સંકલ્પના કેવી રીતે રજૂ કરી છે તે વિષે સંશોધન કરી શકાય.

આ રીતે પ્રકરણ ૩ થી ૭ સુધી સૃષ્ટિના મૂળભૂત પંચમહાભૂત તત્ત્વોનું ચાર પુરાણો આધારિત પર્યાવરણીય અર્થઘટન કરી પાંચ પ્રકરણો રચ્યાં છે. પહેલાં પ્રકરણમાં સંશોધનની ભૂમિકા અને પર્યાવરણીય સંકલ્પના દર્શાવી છે. બીજાં પ્રકરણમાં પુરાણ વિષે નિરુપણ કરેલ છે.

આઠમું પ્રકરણ વર્તમાનયુગના પર્યાવરણીય ખ્યાલો અને પુરાણોની પર્યાવરણીય સંકલ્પનાનાં સામંજસ્યથી નિષ્કર્ષ આપી યોગ્ય ભલામણો અને ભવિષ્યમાં કરી શકાય તેવા સંશોધનોનો ખ્યાલ આપ્યો છે.

આ રીતે આ શોધ મહાનિબંધ પૂર્ણ થાય છે.

❋ ❋ ❋ ❋ ❋ ❋

# સંદર્ભસૂચિ



# :: Environment ::

O purifying Earth, you I invoke.!

O patient earth, by sacred Word enhanced

Bearer of nourishment and strength, of food and ghee

O earth, we would approach you with due praise !

(Atharva Veda XII. 1.29)

The Indian religious traditions are interwined with equally disparate cultural, social, linguistic, philosophical and ethical systems that have developed over a vast history, compounded with movement of peoples, foreign interventions, and internal transformations in structures and identities experienced over time. How does one then begin to talk about environmental values and concerns in the Indian religious traditions? Well one can, albeit, randomly and selectively; and so this essay will be confined to tracing the contours of certain highlights and tensions in the traditional approaches to the question of the environment. Of special significance will be the Brahmanical Hindu, Jaina, and Buddhist traditions, in their ancient to classical modalities, concluding with some contemporary responses to the supposed impact, or lack thereof, of traditional perspectives to ecological problems facing a repidly modernizing South Asian nation state, from Gandhi to Bhopal and after,

Even before the Brahmanical order took firm root in greater India, there are records from incomplete archaeological findings, that suggest a major civilization of the Indus Valley (in a sprawling region encompassed by the Punjab, Sind, and present-day Pakistan and Baluchistan), which peaked around 3000 BCE, where a close symbiosis between nature and the Dravidie people appears to have been prevalent. (Wheeler. 1979: 1,84) The major cities of the Indus civilization, namely, Harappa and Mohenjo-daro, with their imposing civic edifices, mudbrick and timber dwellings complete with baths, extensive drainage and sewer systems, give the impression of being exceedingly carefully designed. The architecture as well as farming practices gave evidance to structural harmony with surrounding and climatic conditions that would optimally conserve natural resources, prevent deforestation, and also appease the gods who were little more than personified symbols of human dependence upon the energies of nature. Barely decipherable inscriptions and artifacts bear testimony to the storng worship of a form of feminine earth divinity and if Siva, an ascetic yogic god.

## Early Indian ethics and outlook on nature

It is perhaps a remarkable feature of the Indian tradition that from its very early beginnings ethical ponderings were never too far off from the overwhelming awareness of nature, in as much as 'forms of life' were

derivative of or entailed by a particular outlook on nature of which the human being, as other species or sectors of beinghood, was seen as a constitutive, at times lost, alienated or anomalous, perhaps even outrageous or offending, part. In their moral judgements, the early Indian people placed on the side of the 'good', values such as happiness, survival, courage, health, joy, calmness, friendship, knowledge and truth; and on the side of 'bed' more or less their opposite or disvalues, notably, misery, suffering, sickness and injury, death, infertility, pain, anger, enmity, ignorance or error, untruth., (Bilimoria, 1991:44). These normative values were not restricted for human well-being alone, rather they were universalized for all sentient beings and inanimate sectors as well;spiritspheres, i.e. gods and the faithfully departed; the biosphere, i.e. animals ans plants; and the broader biotic universe, i.e. inanimate realms comprising the elements, stones, rocks, earth-soil, mountains, waters, sky, the sun, planets, stars and galaxies to the edges of the universe (this and other possible ones).

The principle guiding this outlook was that the highest good is to be identified with the total harmony of the cosmic or natural order, characterized in the earliest religious texts as *Rta(=rita),* which we could render for now as the natural law; this is the creative purpose or *telos* that circumscribes all sentient behavior and every movement, from the stillness of the deep-sea water to the invisible vibration of the sub-atomic particle. The

social and moral order is thus conceived as the correlate of the natural order. The vast universe was not strewn about in random chaos, but had an inner order, a unity with an inexorable law and purpose *(Rta)* that governs the working of both the macrocosm and microcosm (Dandekar, 1979: 15) This is the ordered course of things, the truth of being or reality *(sat)* and hence the 'Law', *Rta* determines the place, entitlement, function and end of everything. But *Rta* is too subtle for the undiscerning eyes, and its originary promulgation occurs mythically with the dismemberment of the Cosmic Person *(Purusha)* performed by the gods.

From that cosmic sacrifice,
Drops of oil were collected,
Beasts of the wings were born,
And animals wild and tame,
From that horses were given birth,
And cattles with two rows of teeth,
Cows were born from that,
And from that were born goats and sheep
The moon was born from his mind;
His eyes gave birth to the sun;
Indra and Agni came from his mouth;
And Vayu (the wind) from his breath was born.

From the neval mindair arose;

the sky arose from his head;

From feet, the earth; from ears, the directions.

Thus they formed the worlds.

(Rig Veda Purusa Sukta' X. 90.8,10,13,14; de Nicolas, 1976 : 225-226).

Above all, the quest, then, is for this Law, the Truth of things, the knowledge of its functioning; and the means of practical action consistent with what is ordained inor by the Law is at once spiritual and intellectual, the two orientations being hardly differentiated in the Vedas. The idea of *Rta* and its enigmas is expressed succinctly and, as so often mythically, in several of the moving verses of the *Vedas*. The verses speak of the mythological deeds of a galaxy of gods - Indra, Varuna, Mitra, Adityas, and so on - who are responsible for holding together the universe by various devices, struggles against opposing dark forces, by churning the waters of the ocean for the stolen secrets providing rain and grains for the nourishment to the deserving, and punishing with the same fetters the transgressors of the Law. Thus, for example, Varuna (from root *vr* 'to bind' 'envelope') could exercise his unstinted authority over the whole realm as its supreme ruler (samrat), an arbiter and exemplar of moral conduct or righteousness by virtue of being endowed with asu. As R N Dandekar *(1979: 16 158)* points out:

The concept of asu is perhaps the most central in Vedic religious ideology, Indeed, it is seen to have vitally influenced the whole religio-philosophical thought of ancient India. It was believed that an all-pervading magical potence-substance penetrated through the universe and thereby invested it, so to say, with existence and life. This magical potence served as the essential basis of the various aspects of creation such as gods, men, animals, trees, etc. There was, accordingly, an essential qualitative unity throughout the universe... the larger the quantity of asu one possessed, the greater was the magical power he could wield. Varuna could effectively enforce the cosmic law Rta because he was believed to have possessed the greatest quantity of asu - because he was asura."

He sits among his people,
consistent to Law.
Most wise, he presides and governs all things,
From there, surveying,
he beholds earth's marvels,
both that which has been and that which shall be
Supreme Lord,
ruling the spheres,
hear, O wise God,
as you pass on your way.

Free us from fetters of every sort. Loosen our bonds that we may live!

(Rig Veda 1.25, 10, 11, 20; 21; cf, 1.105; Panikkar 1977; 149-150).

Following the differentiation of the cosmos, numerous god, often in a spirit of competition, would claim the title of the supreme enforcer of the Law. this indeed coincides with shifts in the substantial environmental conditions of the Aryans on their further migration towards the seven big rivers (Saptasindhu). Thus, Indra, a human hero who evolves to become the chief of gods, is extolled for his command over the arid forces of nature, especially the thunderstorm and thereby refreshing the earth with rain. The other gods who variously regulate different aspects of the biotic community are perceived as working in unison with the mind of Indra. He claims to have released the Sun from its concealing darkness, and set the solar-disk on its proper course in the sky, making it shine bright so as to give energy to all fradations of sentience and nature - animals, trees, waters, rocks, moon, etc ; and in turn the Sun-god, Savita, looks over to see that all other gods live according to Rta. - the harmonious inter-play of all the elements as forces of nature.

Let us worship Indra.

the True *(satya)* and not untrue or disorder *(antra)*

*(Rig Veda VHI.62.12).*

The sun, agian, is auspiciously extolled in its own right as a majestic presence in the heavens, Surya, or the Great Eye of Varuna, who along with the family of sky-gods (Dawn, Alvins, Visnu) brings light and joy to the earth and they cry out. "Here comes the Sun, magnificent!":

The cosmic eye, the auspisious Surya,
Mounts upward for the good of all,
The God, the eye of Varuna and Mitra,
Has rolled up darkness like a hide.
(Rig Veda VH.63.1; de Nicolas, 1976: 213)

Related to the energy of the Sun, and much more present on earth, is Agni, the god of fire nad heat. Indeed, Agni is the first god. bom of the waters, as the *Rig Veda* begins with a hyran. to Agni, the carrier of sacrifice as well as the first-bom offspring of Order and guardian of Truth *(-? ta)*. In the **tenth** mandala of the Rig Veda. Agni is given high praise for his role in energizing subtle life forms by forming the necessary bridge between Father-sky *(dyauh pitu)* and mother-Earth *(prthvi mutd)*:

The Holy Pair (Heaven and Earth) of great power, Moved by *Rta*, have couplated, giving birth to a child. You (Agni) are the navel of all that moves and stands still, Of your movement the sages have spun a thread.

Rta's overflow and ritual foods

Nurse forever the healthy child

Wearing, him as mantle, Heaven and Earth

Grow strong - by pleasant food and drink.

When *Sat* (Being) and *Asat* (Non-Being) were in Aditi's bosom

In Daksa's origin, in the vault of heaven,

Agni was for us Rta's first-born,

A bull and a cow at the origin of life.

(*Rga Veda X.5,3,4,7,: XI, 37, 47:* de Nicolas *1976: 222*)

In ecological terms, the Vedic hymns interweave a number of insights, from a primitive conception of a unique all-being (or nonbeing) of which everything is a part, to the more complex idea of everything being a part of a unity which is also in everything or in every part thatis constitutive of the unique whole. In other words, the Vedas speak of the uncanny unity of creatin and, more significantly, the musterious interconnectedness or co-dependence of everyting to everything else. Each thing, element and species or bio-organism - which we can be characterized as having the mark of beinghood - has an inretest and purpose to fulfil in the larger scheme of things. It is this that makes each thing 'sacred' and therefore worthy of moral consideration, by human beings and the gods alike.

Either way, he universe, whether as a whole or in each of its part, or both, accords respect, perhaps even some anxiety or *angst*, and deep regard for its beinghood, its mysterious origins, its inner workings, its regulative order, and its future state or *telos* with which indeed the existence, well-being and future of the humen and other species alike are inexorably connected. The act of sacrifice is an act also of "sacred-making" and a reminder that the universe begins with and is sustained by this wondrous act, and by which also it comes to an end at the closure of the cycle of time

"Everything is sacred by virtue of its own nature because energy pervades everything, thus the lofty tree is worshipped as well as the humble grass on which we sit and the one that helps ignite the fire: all and each one play their role in the cosmic symphony." (Vannucci, 1993: 113)

The ancient people recognized that they could neither control the whole of nature nor interface unduly in its order and processes to seize control of all its varied functions; that if anything, they needed the cooperation of the benign and harsh elements alike, be these the ravaging sails of the wind, the bursting of the waters, the quake of the earth, the fire of the forests, the wild beasts and pests on the fringes of dwellings, the darkness of the night, the stubborn seasons, and so on. Only after

understanding the system and much sacrifice, i.e. appeasing of the forces of nature and the spirits in command beyond, could they hope to benefit from the bounty and goods provided by nature, or design wheels and other instruments for extracting natural products, dictated wheels and other instruments for extracting natural products, dictated be needs rather than want and greed. Rituals hepled prepare plants, herbs, and other healing products to restore health and rectify breakdown of the Law. Strict equilibrium had to be maintained in the interal environment as it was the Law in respect of the external environment too. The ecological framework in a broad stroke was formulated in terms of the proportionate combination of matter (substance, atomic entities) and energy (variously imaged as the spirit, breath, speech, vibration, *anima, pneuma*). Competition over the resources of nature can deplete the energy levels and create an imbalance in the polar relations. The human being has no prelapsarian claim of dominionship over nature. A classical (Benthamite) model of utilitarianism which measures pleasure (or gain, benefit, the good) in terms human interest alone, could not have been thought of in this context even as a theoretical or formal possibility. The interest of the 'deep whole' or species in the broadest possible sense connot be overlooked or unreasonably compromised.

However, some competiton within nature represented in terms of struggle and tension between and among individuated forces signifying

હવા અને પાણીને પ્રાચીન ગ્રંથોમાં મરુત અને વરુણ દેવના પ્રતીક ગણીને તેમનું પૂજન કરવાનું વિધાન બતાવ્યું છે. અત્યારની સ્થિતિએ જો પાણીનું ખરા અર્થમાં પૂજન કરવું હોય તો પેટાજળની યોગ્ય માવજત, તેને પ્રદૂષણ મુકત રાખવું અને જમીનમાં ઘટતા જતા જળસ્તરને રોકી જળસ્તરને ઊંચે લાવવાના પ્રયત્નો થાય તે છે. યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ ૨૨ માર્ચના રોજ 'વિ✓જલ દિન' ઉજવવાનું જાહેર કર્યું છે. જળનો ઉપયોગ કરતી વખતે પ્રત્યેક ક્ષણે એ યાદ રાખવું જરૂરી છે કે બિનજરૂરી જળવપરાશ ભવિષ્યમાં આપણને પાણી વિના ટળવળતા કરી મૂકશે. એટલે જ કહેવાયું છે કે જળ એ જ જીવન છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને અને ગૃહિણીઓને આ દિશામાં જરૂરી કેળવણી કે તાલીમ આપવાની જરૂર છે. રિ–ચાર્જીંગ પ્રત્યે સભાન બની વરસાદનું વહી જતું પાણી રોકીએ. આપણે બધા સામૂહિક રીતે આ કાર્ય નહીં ઉપાડીએ તો એ નહીં ચાલે. વેદમાં કહ્યું છે 'હે જળ તમે તો જીવનપ્રદાયક છો, અમને એવું પોષણ આપો કે અમે ઉલ્લાસભર્યું જીવન જીવીએ.'

## –:: માનવભક્ષી પ્રદૂષણના દૈત્યને કઈ રીતે ખતમ કરી શકાય ? ::–

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

દેશમાં અને વિશ્વમાં પર્યાવરણના ગંભીર પ્રશ્નો સર્જાતા તેની વિઘાતક અસરો સર્જાઈ રહી છે. હવાના પ્રદૂષણને કારણે વૈશ્વિક તાપમાન (ગ્લોબલ વોર્મીંગ) વધી રહ્યું છે. આ ઉપરાંત એસીડીક રેઈન અને ગ્રીનહાઉસ ઈફેકટસના ગંભીર પ્રશ્નો સર્જાયાં છે. આથી વાતાવરણમાં અને ઋતુચક્રમાં પરિવર્તનો આવી રહ્યાં છે.

વિશ્વમાં વિકસિત ઔદ્યોગિક દેશો તેમજ વિકસતા ઔદ્યોગિક દેશો હવામાં કાર્બન ડાયોકસાઈડ વધારે પ્રમાણમાં છોડીને વાતાવરણને વધારે પ્રદૂષિત કરે છે. વિશ્વના ૨૦ દેશો સૌથી વધારે પ્રમાંણમાં કાર્બન ડાયોકસાઈડ છોડીને હવાને વધારે પ્રદૂષિત કરે છે. તેઓ કુલ છોડાતા કાર્બન ડાયોકસાઈડના ૭૮.૭ ટકા કાર્બન ડાયોકસાઈડ છોડીને હવામાં ભેળવે છે. તેમાં અમેરીકાનું પ્રદાન કુલ છોડાતા કાર્બન ડાયોકસાઈડના ૨૩.૫ ટકા, ચીનનું ૧૩.૬ ટકા, રશિયા – ફેડરેશનનું ૬.૩ ટકા, જાપાનનું ૫ ટકા, ભારતનું ૪.૬ ટકા, અને જર્મનીનું ૩.૬ ટકા છે.

માથાદીઠ કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ અમેરિકામાં ૫.૪૩ મેટ્રીકટન, ઓસ્ટ્રેલીયામાં ૪.૮૮ મેટ્રીકટન, સાઊદી અરેબિયામાં ૩.૮૩ મેટ્રીકટન, કેનેડામાં ૪.૧૭ મેટ્રીકટન છે.

સ્ટેર્નનાં અભ્યાસ પ્રમાણે પ્રદૂષણથી થતાં વાતાવરણના ફેરફારથી વિશ્વની

જી.ડી.પી. ના ૫ ટકાનું નુકશાન જાય છે. અને આ પ્રમાણ ૨૦ ટકા જેટલું વધી શકે છે. આથી ગ્રીન હાઉસ ગેસના પ્રમાણને ઘટાડવાની ત્વરીત જરૂર છે.

કુલ માનવસર્જીત પ્રદૂષણ અને માથાદીઠ કાર્બન ડાયોકસાઈડમાં અમેરિકા પ્રથમ ક્રમે છે. અમેરિકાએ પ્રદૂષિત વિશ્વ સર્જનમાં મોટો ફાળો આપ્યો છે. અમેરિકા જેવા વિકસિત દેશોમાં ઊર્જા કાર્યદક્ષતા નીચી છે. પ્રદૂષણ નિયંત્રણના અસરકારક કાર્યક્રમનો અભાવ, અતિવપરાશ, જાહેર વાહન–વ્યવહાર પદ્ધિતનો અભાવ, વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતોની ઊપેક્ષા ઓઈલ લોબીનું મહત્ત્વ વગેરે બાબતોને કારણે પણ ઊર્જાના, પ્રદૂષણના ગંભીર પ્રશ્નોમાં આ વિકસિત દેશોનો મુખ્ય ફાળો છે.

કાર્બન ડાયોકસાઈડથી સર્જાતા પ્રદૂષણના પ્રશ્નો હલ કરવા માટે છોડવામાં આવતા કાર્બનમાં ૬૦ ટકા ઘટાડો કરવાની જરૂર છે. આમ કરવાની જવાબદારી જે દેશો સૌથી વધારે માથાદીઠ કાર્બન ડાયોકસાઈડ ઘટાડે છે તે દેશો પર આવે છે. આ દેશોમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, સાઊદી અરેબીયા, પશ્ચિમ યુરોપ, રશિયા, યુક્રેઈન, પોલેન્ડ, કોરીયા, જાપાન, દ.આફ્રિકા વગેરે દેશો પર આવશે.

ભારતમાં બિન આયોજિત ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે પ્રદૂષણના ગંભીર અને આત્મઘાતક પ્રશ્નો વધ્યાં છે. ભારતમાં ૧૮૩ મીલીયન હેકટર ખેતજમીનમાં ૯૦૦૦૦ ટન કરતાં વધારે જંતુનાશક દવાનો વપરાશ થતાં જમીનની ગુણવતા અને ફળદ્રુપતા પર ગંભીર અસર થવા ઊપરાંત પ્રદૂષિત ખોરાકથી ઘણાં ગંભીર રોગો સર્જાય છે. મુંબઈમાં પ્રતિદિન ૮૦૦૦ ટન ઊપરાંત કચરો થાય છે. આ પ્રમાણ દિલ્હીમાં ૪૦૦૦ ટન,

મદ્રાસ અને કલકતામાં ૩૦૦૦ ટન છે. સેન્ટર ફોર રીસર્ચ ઈન એન્વાયર્મેન્ટલ એન્ડ બાયોલોજીકલ સાયન્સીઝના મતે દિલ્હીમાં હવાના પ્રદૂષણ માટે ૬૦ ટકા ઓટોમોબાઈલ ક્ષેત્ર જવાબદાર છે. દિલ્હી વિશ્વનું એક મુખ્ય પ્રદૂષિત શહેર છે કે જયાં દૈનિક ૨૦૦૦ ટન પ્રદૂષકો હવામાં ભળે છે. મુંબઈમાં દૈનિક ૩૦૦૦ ટન પ્રદૂષકો હવામાં ભળે છે.

ભારતની ૧૫ મોટી નદીઓના કિનારે દેશના ૮૫ ટકા લોકો રહે છે. ગંગા–પવિત્ર નદી છે. પણ આ પવિત્ર મહાનદીમાં દૈનિક ૧૦૦૦ મીલીયન લીટર ઘરવપરાશનો કચરો અને ૩૫૦ મીલીયન લીટર ઔદ્યોગિક કચરો ઠાલવવામાં આવે છે. ધી સેન્ટ્રલ વૉટર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના મંતવ્ય પ્રમાણે વારણસીમાં નદીમાં મડદાઓ ફેંકવાની પ્રણાલિકાથી પાણી પ્રદૂષિત થાય છે. ધોવાણ, ખવાણ અને ખારાશને કારણે જમીનના પ્રદૂષણના પ્રશ્નો વધ્યાં છે.

ભારતમાં ૧૩ મીલીયન હેકટર જમીન ધોવાણ, ખારાશ અને ક્ષારાશની અસરોવાળી છે. ૪ મીલીયન હેકટર જમીન ખીણો અને ખાડાવાળી સાંકડી જમીન છે. નેશનલ કમીશન ઓન ઈન્ડીયન એગ્રીકલ્ચરના મતે પ્રતિવર્ષ ૭૦૦ હેકટર સારી ફળદ્રુપ જમીન બનતી જાય છે. ભારતમાં કોલસાથી હવાનું પ્રદૂષણ વધે છે. કોલસાનો રેલ્વેમાં, વીજસર્જનમાં, સ્ટીલપ્લોટસમાં, ખાતર ઉદ્યોગમાં, સિમેન્ટ અને કાપડ ઊદ્યોગમાં વ્યાપક ઊપયોગ થવાથી તેનાથી હવામાં કાર્બન વાયુઓ ઊમેરાવા હવાનું પ્રદૂષણ વધારે ગંભીર બને છે.

સૌથી વધારે પ્રદૂષણ ફેલાવતાં ઊદ્યોગો બંધ કરીને પર્યાવરણ મિત્ર ઊદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ. નાના પાયાના ઊદ્યોગો, ગ્રામોદ્યોગ, કુટીરઊદ્યોગો,

સેન્દ્રીય ખેતી, વગેરેને પ્રોત્સાહન આપવું જોઈએ. એજ પર્યાવરણ મિત્ર વપરાશની પદ્ધતિને વ્યાપક ઊતેજન આપવું જોઈએ.

સરકારે અતિ પ્રદૂષિત ઊદ્યોગોને ઓળખીને તાત્કાલિક રીતે તેના પર પ્રતિબંધ મુકવો જોઈએ. પ્રદૂષણ કરતાં કોઈપણ એકમ પાસેથી પ્રદૂષણ કર લેવો જોઈએ. પ્રદૂષણ પરમીટ આકરણી વડે આ પ્રદૂષણનું નિયંત્રણ કરી શકાય. સરકારે પ્રદૂષિત રહિત કે પ્રદૂષણ નિયંત્રિત ઊત્પાદન પ્રક્રિયા માનવ સાધનો વગેરેના વ્યાપક ઊપયોગ માટે ૧૦૦ ટકા સબસીડી પહેલ તમામ રાજકોષીય અને નાણાંકીય પ્રોત્સાહનો આપવા જોઈએ. આ બધાં પ્રયાસો દ્વારા જ પ્રદૂષણના દૈત્યને ખતમ કરી શકાશે.

**શ્રી મહેશ જોષી**

ગુજરાત સમાચાર

તા. ૨૬મી માર્ચ ૨૦૦૭

## –:: સમુદ્રતટે ફલેટ કે બંગલો હોય એ આશીર્વાદ યા અભિશાપ ? ::–

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત કે મુંબઈમાં સમુદ્ર તટે વસતાં નાગરિકો ઘણીવાર અન્યોની અદેખાઈનું નિમિત બનતા હોય છે. એમ, તમે વરલી સી ફેસ પર રહો છો ? વેરી લકકી હોં કે ! અથવા ઓહો તમે ડુમસના દરિયા કિનારે નાનકડો બંગલો બનાવ્યો છે. ભૈ વાહ ! કયા બાત હૈ ... એવા સંવાદો તમે પણ સાંભળ્યા હશે. પરંતુ હવે પછી આવા સંવાદ સાંભળો ત્યારે જરાય અપસેટ નહીં થતા. તમે દરિયાથી થોડે દૂર રહેતા હો તો નસીબના બળિયા છો એમ સમજજો.

એન્વાયર્નમેન્ટ એન્ડ અર્બનાઈઝેશન (પર્યાવરણ અને શહેરીકરણ) નામના જગમશહુર અંગ્રેજી સામયિકના એપ્રિલ ૦૭ ના અંકમાં પ્રગટ થયેલા એક અભ્યાસ મુજબ વૈશ્વિક તપારો એટલે કે ગ્લોબલ વોર્મિંગ અને સમુદ્રોની સપાટી બંને એટલી ઝડપથી વધી રહ્યાં છે કે એકલા એશિયા ખંડમાં આશરે ૨૬ કરોડ લોકો પર મહાસાગરના મોજાં ફરી વળે એવા દિવસો દૂર નથી. લંડનમાં વડું મથક ધરાવતી એનજીઓ ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ફોર એન્વાયાર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ અને સિટિ યુનિવર્સિટી ઑફ ન્યૂયોર્ક અને કોલંબિયા યુનિવર્સિટી ઑફ ન્યૂયોર્કે સાથે મળીને દુનિયાનાં કેટલાંક મહાનગરોનો અભ્યાસ હાથ ધર્યો હતો. તેમને અમુક માહિતી (ડેટા) ફેબ્રુઆરી ૨૦૦૦ માં તરતા મૂકાયેલા ઉપગ્રહ દ્વારા મળી હતી. અહીં એ યાદ કરવું ઘટે કે છેલ્લાં બે વરસમાં એકલા અમેરિકામાં કેટરીના અને ટીના અને મીના જેવાં નામ ધરાવતાં ડઝનબંધ નાના મોટાં વાવાઝોડાં આવી ગયાં. એ દરમિયાન અગાઉ જણાવેલ યુનિવર્સિટીઓનો પેલો અભ્યાસ ચાલુ હતો.

આ અભ્યાસનો સાર અહીં મુદ્દાસાર રજૂ કર્યો છે. હવે પછીની વિગતો અભ્યાસની છે – વિશ્વની દસ ટકા વસતિ દરિયાથી માત્ર દસ મીટર – આશરે ૩૨ થી ૩૫ ફૂટ દૂર રહે છે. ઉપગ્રહ દ્વારા મળેલો ડેટા અને આ સંસ્થાઓના નિષ્ણાતોએ કરેલી જાતતપાસના પગલે મળેલાં તારણો ખાસાં ચોંકાવનારાં નીકળ્યાં. મહત્ત્વનું તારણ એ છે (આપણે ફકત એશિયા ખંડની વાત કરીએ) કે પરીકથાની રાજકુંવરીની જેમ એશિયાનાં મહાનગરો દિવસરાત વિકસી રહ્યાં છે. વસતિમાં બેફામ વધારો થઈ રહ્યો છે અને આ શહેરો પર સમુદ્રની સપાટી વધવાથી તેમ જ ગમે તે ઘડીએ વિનાશક વાવાઝોડાંની શકયતા વધવાથી ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. નિષ્ણાંતો આ વિસ્તારોને લો ઈલેવેશન કોસ્ટલ ઝોન (ઓછી ઊંચાઈએ આવેલો કાંઠાળ વિસ્તાર) તરીકે ઓળખાવે છે.

ચીનમાં લગભગ ૧૪ કરોડ ૪૦ લાખ લોકોનાં જીવન પર ખતરો છે. ભારતમાં ૬ કરોડ ૩૦ લાખ અને બાંગ્લાદેશમાં ૬ કરોડ ૨૦ લાખ લોકો પર દરિયાના તોફાની મિજાજનો ખતરો તોળાઈ રહ્યો છે. આખા વિશ્વની વાત કરીએ તો આ પ્રકારના ડેન્જર ઝોનમાં આશરે ૩૬ કરોડ શહેરીજનો આવી જાય છે. પરંતુ એમાંના ૬૫ ટકા એકલા એશિયા ખંડના શહેરી નાગરિકો છે. ૫૦ લાખથી વધુ વસતિ ધરાવતાં શહેરો આવા ઝોનમાં આવે છે. આવાં શહેરોની ૩૨ ટકા વસતિએ કુદરતી આપત્તિ માટેની માનસિક તૈયારી સાથે જ રહેવું જોઈએ. મુંબઈની વાત કરીએ તો કોલાબા, કવીન્સ નેકલેસ તરીકે જાણીતો મરીન ડ્રાઈવ વિસ્તાર, ચોપાટી, મલબાર હિલ, નેપિયન સી રોડ, વોર્ડન રોડ, મહાલક્ષ્મી, વરલી સી ફેસ, જૂહુ ચોપાટી, વરસોવાથી માંડીને છેક વસઈ–વિરાર સુધીના વિસ્તારો આવી જાય. મહારાષ્ટ્ર–ગુજરાત સરહદ પરના વિસ્તારો અને દક્ષિણ ગુજરાતનાં થોડાં ગામ–નગરો પણ આ પટામાં છે. બીજી રીતે કહીએ તો ભારતની કુલ જમીનના ત્રણેક ટકા ભૂમિ પ્રદેશ આ ખતરા–ઝોનમાં છે.

બાય ધ વે, ગુજરાતના પૂજય અધ્યાત્મ પુઢષ દાદા ભગવાને થોડાં વરસ પહેલાં ભવિષ્યવાણીના સૂરમાં કહેલું કે મુંબઈગરા ચેતે. નહીંતર ૨૦-૧૩-૧૪ માં મુંબઈ અને મદ્રાસ (ચેન્નાઈ) પર મહાસાગરનાં મોજાં ફરી વળશે. મુંબઈ દરિયામાં ગરક થઈ જશે. ઍન્વાયનમેન્ટ એન્ડ અર્બનાઈઝેશન સામયિકના આ લેખમાં એવી જ અમંગળ આગાહી આડકતરી રીતે રજૂ થઈ છે. મુંબઈ અને કૉલકતાના તેમજ ચેન્નાઈના કેટલાક હિસ્સા દરિયાલાલના રોષનો ભોગ બનશે એવું આ હેવાલમાં જણાવ્યું છે.

આ અભ્યાસ રજૂ કરનારા વિજ્ઞાની ગોર્ડન મેકગ્રાનાહને નોંધ્યુ છે કે અતિ ઝડપી વિકાસવાળા અને અતિ ગીચ વસતિ ધરાવતા કાંઠાળ નગરોનું ભાવિ ધૂંધળું છે. નીચાણવાળા કાંઠાળ વિસ્તારોમાં ઊભા થતાં રહેઠાણો પર્યાવરણને વધુ જોખમાવે છે. સમુદ્રતટે અનાયાસે ઊગતી વનસ્પતિ અને ઝાડીઝાંખરા નવાં મકાનોના પગલે નષ્ટ થાય છે. પરિણામે આંખના પલકારામાં દરિયાના પાણી ત્યાં ધસી આવી શકે. અગાઉ આ સ્થળેથી લખેલું એ ફરી યાદ કરી લઈએ. આંતરરાષ્ટ્રીય નામના ધરાવતા એક આર્કિટેકટે પાંચ વરસ પહેલાં લખેલું કે મુંબઈના ચોપાટીનો મહાસાગર રોષે ભરાય તો તેનાં મોજાં એક ફિલ્મી ગીત પૂરું થાય એટલા સમયમાં એટલે કે ફકત અઢી ત્રણ મિનિટમાં ચોપાટીથી કર્નાક બંદર – મસ્જિદ બંદર પહોંચી જાય.

પ્રદૂષણ ઘટાડવાનાં પગલાંનો સોએ સો ટકા અમલ થાય. તો પણ કુદરતી આપત્તિને ટાળી શકાય એવી કોઈ શકયતા નથી. તેમાંય મુંબઈમાં તો આજે નરીમાન પોઈન્ટ તરીકે ઓળખાતો વિસ્તાર ૧૯૬૦ ના દાયકામાં દરિયો હતો. ત્યારના મુખ્ય પ્રધાન દરિયો

પૂરીને નવ સાધ્ય કરેલી જમીન પર નરીમાન પોઈન્ટ ખડું છે. અને આ વિસ્તારમાં આજે પણ ચોરસફુટ દીઠ ૨૫ થી ૩૦ હજાર રૂપિયાનો ભાવ બોલાય છે.

ડૉકટર મેકગ્રાનાહનના અને તેમના સાથી વિજ્ઞાનીઓ છાતી ઠોકીને કહે છે કે અત્યાર અગાઉ સાગરતટે રહેતા લોકો ખુશકિસ્મત ગણાતા હતાં. નજીકના ભવિષ્યમાં એ માન્યતા બદલાઈ જશે એટલું જ નહીં, પાણીના ભાવેય એ મકાનો ખરીદવાની કોઈની ઈચ્છા નહીં રહે. આજથી વીસ વરસ પહેલાં સમુદ્રની સપાટી આટલી ઝડપથી વધી જવાની કોઈને સપનેય કલ્પના નહોતી. આજે એ સમસ્યા વિકરાળ બની ચૂકી છે.

૨૦૦૪ ના ડિસેમ્બરમાં સુનામીએ દેખાડી દીધું કે મહાસાગર વિફરે ત્યારે એનાં મોજાં કેવાં રાક્ષસી હોઈ શકે. સુનામીનો એ અનુભવ ચેન્નાઈના નાગરિકો જાતે અનુભવી ચૂકયા છે.

૨૦૦૪ ની સુનામીમાં મુંબઈ અને કોલકતા ઊગરીગયાં હતાં પરંતુ દર વખતે કુદરત એટલી દયાળું હોતી નથી. અમેરિકાને જે રીતે વાવાઝોડાંએ ધમરોળ્યું અને છેલ્લાં બે વરસથી મુંબઈમાં જુલાઈ માસમાં જે પૂર આવ્યાં તે જોતાં ચેતી જવાની તાકીદે જરૂર છે. ?

## –:: પર્યાવરણની સમસ્યા ઓઝોન હોલ અને ગ્રીન હાઉસ ઈફેક્ટ ::–

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

યુરોપિયન સ્પેસ એજન્સીના ઓકટોબર, ૨૦૦૬ ના અહેવાલ અનુસાર દક્ષિણ ધ્રુવ પર વાતાવરણમાં ઓઝોન હોલ (Ozone hole) નું ક્ષેત્રફળ ૨,૮૦,૦૦,૦૦૦ (બે કરોડ એંસી લાખ) ચોરસ કિલોમીટર જેટલું વિસ્તરી ચૂકયું છે. અમેરિકન સંસ્થા નાસા (NASA- National Aeronautics and Space Administration) દ્વારા પણ વિસ્તરતા ઓઝોન હોલની ગંભીર સમસ્યાની પર્યાવરણીય અસરો અંગે ચિંતા વ્યકત થઈ છે.

૧૯૭૦ માં પ્રથમ વખત દક્ષિણ ગોળાર્ધ પર વાતાવરણમાં ઓઝોન હોલના સગડ મળ્યા બાદ ૧૯૮૦માં તેનું ક્ષેત્રફળ ૩૦,૦૦,૦૦૦ (ત્રીસ લાખ) ચોરસ કિલોમીટર નોંધાયું હતું. ત્યાર બાદ ૧૯૯૦ માં ઓઝોન હોલ વિસ્તરીને ૧,૯૦,૦૦,૦૦૦ (એક કરોડ નેવું લાખ) ચોરસ કિલોમીટર સુધી પહોંચ્યું હતું.

પૃથ્વીની સપાટીથી ૧૫થી ૫૦ કિલોમીટર ઊંચાઈ પર વાતાવરણમાં સ્ટ્રેટોસ્ફિયરમાં ઓઝોન વાયુના મોટા ભાગના અણુઓ ધરાવતો વિસ્તાર ઓઝોન સ્તર (Ozone Layer) તરીકે ઓળખાય છે. ઓઝોન વાયુના અણુઓ સૂર્યનાં મોટા ભાગનાં પારજાંબલી (Ultraviolet) કિરણોનું શોષણ કરે છે અને તે કિરણોની ધારક અસરોથી પૃથ્વીની સજીવ સૃષ્ટિનું રક્ષણ થાય છે. પૃથ્વીના વિષુવવૃતીય વિસ્તાર પર વાતાવરણમાં ઓઝોન સ્તર ઘણો પાતળો છે. આથી, સૂર્યનાં પારજાંબલી કિરણોનું શોષણ ઓછા પ્રમાણમાં થાય છે. પરિણામે આ વિસ્તારમાં પૃથ્વીની સપાટી સુધી વધારે પ્રમાણમાં પહોંચતાં સૂર્યનાં પારજાંબલી

કિરણોની અસરના કારણે લોકોમાં ચામડીના કેન્સરના રોગનું પ્રમાણ, પૃથ્વીના અન્ય વિસ્તારના માનવો કરતાં વધારે જણાયું છે.

એરકન્ડિશનર અને રેફ્રિજરેટરમાં શીતક (Coolant) તરીકે ઉપયોગી તથા રંગ, અત્તરના બારીક છંટકાવ (Aerosol Spray) માટે વપરાતાં વાયુરૂપ કલોરોફલોરોકાર્બન (CFC) રસાયણો ઓઝોન સ્તરના ઓઝોન વાયુના અણુઓના વિઘટન માટે મુખ્યત્વે જવાબદાર છે. આ ઉપરાંત અગ્નિશામકમાં વપરાતાં હેલોન વાયુનાં સંયોજનો, કલોરિન અને બ્રોમિનનાં સંયોજનો તથા વિમાનો દ્વારા ઉત્સર્જન પામતા નાઈટ્રોજન ઑકસાઈડ વાયુઓ ઓઝોન સ્તરના નાશ માટે જવાબદાર છે. આ રસાયણોનો ઉપયોગ ક્રમશઃ ઘટાડવા માટે આંતરરાષ્ટ્રીય સંમેલનો દ્વારા વિવિધ દેશોએ ઘણા પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નો અમુક અંશે સફળ પણ રહ્યા છે. આગળનાં વર્ષોની સરખામણીએ છેલ્લાં દસ વર્ષમાં દક્ષિણ ધ્રુવ (એન્ટાકિર્ટકા) પર ઓઝોન હોલના વિસ્તરણનો દર ઘણો નિયંત્રિત કરી શકાયો છે. પરંતુ એકંદરે ઓઝોન હોલ મોટું થતું જ માલૂમ પડયું છે. એટલે કે આંતરરાષ્ટ્રીય સમજૂતીનાં સંપૂર્ણ સંતોષકારક પરિણામો હજી મેળવી શકાયા નથી.

ગ્રીન હાઉસ ઈફેકટ માટે મુખ્યત્વે જવાબદાર વાયુઓનાં કાર્બન ડાયોકસાઈડ, મિથેન, કલોરાફલોરોકાર્બન્સ, નાઈટ્રોજનના ઑકસાઈડ અને પાણીની વરાળ છે. ગ્રીન હાઉસ ઈફેકટના કારણે ઉદ્દ્ભવેલી ગ્લોબલ વોર્મિંગ (Global Warming) ની સમસ્યામાં ઓઝોન હોલનો પણ ફાળો છે, કારણ કે સૂર્યનાં પારજાંબલી કિરણો પૃથ્વીની સપાટી સુધી પહોંચીને વાતાવરણમા ગરમીમાં વધારો કરવા માટે નિમિત બને છે. છેલ્લાં ૧૦૫ વર્ષમાં પૃથ્વીના સરેરાશ તાપમાનમાં એક ડિગ્રી સેન્ટિગ્રેડનો વધારો નોંધાયો છે. આથી ધ્રુવ પ્રદેશો પરનો બરફ ઝડપથી ઓગળી રહ્યો છે. તેના કારણે સમુદ્રોની સપાટીમાં વધારો થઈ રહ્યો છે.

છેલ્લાં ૨૫ વર્ષમાં ઉત્તર ધ્રુવ પર છવાયેલા બરફના ક્ષેત્રફળમાં ૮ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. પૃથ્વી પરના બરફના કુલ જથ્થાનો ૯૦ ટકા જેટલો ભાગ માત્ર દક્ષિણ ધ્રવ પર છે. આથી દક્ષિણ ધ્રુવ પર ઓઝોન હોલનું વિસ્તરણ વધુ ચિંતાકારક છે, કારણ કે દક્ષિણ ધ્રુવના બરફ પર પડતાં સૂર્યનાં પારજાંબલી કિરણો બરફને ઝડપથી ઓગાળવા માંડે છે. ધારો કે દક્ષિણ ધ્રુવ પરનો બધો જ બરફ ઓગળી જાય તો દુનિયાના સમુદ્રોની સપાટીમાં આશરે ૫૭ મીટર જેટલો વધારો થવાની સંભાવના છે. પરિણામે માલદીવ જેવા ઘણા નાના ટાપુઓ અને દરિયાકિનારાના પ્રદેશો ધીમે ધીમે ડૂબમાં જવાનો ખતરો તોળાઈ રહ્યો છે.

પરંતુ આપણે ઈચ્છીએ કે સહિયારા આંતરરાષ્ટ્રીય પ્રયાસો દ્વારા ઓઝોન વિઘટનકારક વાયુઓ-રસાયણો અને ગ્રીન હાઉસ ઈફેક્ટ માટે જવાબદાર વાયુઓનું ઉત્સર્જન ઘટે. વળી, અનુકૂળ સંજોગોમાં દક્ષિણ ધ્રુવ પરનો ઓઝોન સ્તર પુનર્નિમાણ પામતો પણ નોંધાયો છે જ. તેમ છતાં અત્યાધુનિક ટેકનોલોજીના સહારે એટલો સંતોષ તો લઈ શકાય કે સામાન્ય સંજોગોમાં સમુદ્રોની સપાટીમાં વધારો થવાની પ્રક્રિયાની ઝડપ કરતાં માનવોની સ્થાનાન્તર કરવાની ઝડપ વધારે છે. આથી કદાચ નુકશાન ઓછું વેઠવું પડે, પરંતુ જમીન ગુમાવવી પડશે.

શ્રી કુંજન મહેતા

નવનીત-સમર્પણ-એપ્રિલ-૨૦૦૭

आंखो में पडे छाले, छालों से बहा पानी,
इस दौर के सहरा में, ढूँढे न मिला पानी।

दुनिया ने कसौटी पे, ता उम्र कसा पानी,
वनवास से लौटा तो शोलों पे चला पानी।

पर्वत के जुबाँ फुटी, इक शोर उठा, पानी।
मन्जर पे बना मन्जर, पानी पे गिरा पानी।

लोगों ने कभी एसा, देखा न सुना पानी,
पानी में बही बस्ती, बस्ती में बहा पानी।

सैलाब ने हर घार की तस्वीर बदल डाली,
रुकने को किसी घार में, पल भर न रुका पानी।

बन्दे से खुदा बनते, देखा है उन्हें हमने,
जो लोग कराते हैं पानी से जुदा पानी।

मन्दिर हो कि मस्जिद हो, गिरजा हो कि गुरुद्वारा,
आजाद रहे जब तक, लगता है भला पानी।

फूलों से लगी लेने, अब काम बमों का भी,
इस दर्जा सियासत की, आँखो का मरा पानी।

बेआब न थे इतने हम दौरे–गुलामी में,
बतलाए कोई जोशी, किस देश गया पानी।

देखा है जिन आँखों ने, इक जलते हुए वन को,
रहता है उन आँखों में, हर वक्त हरा पानी।

हर सिम्त मुकाबिज थीं, बस धूप की तलवारें,
पर आखिरी कतरे तक, सहरा में लड़ा पानी।

जल प्यासा अँधेरों के घर बैठ गई जा के,
जलते हैं दिये जैसे, सहरा में जला पानी।

उस पार हर इक युग में, महीवाल का डेरा था,
कच्चा था घड़ा जिसका, काटे न कटा पानी।

वीरान हम इतने थे, जंगल न कोई होगा,
इक शाम पहनने को, यादों ने बुना पानी।

हर लफज का मानी से, रिश्ता है बहुत गहरा,
हमने तो लिखा बादल और उसने पढा पानी।

तन भी न बचा कोरा, मन भी न बचा कोरा,
इस बार के सावन में, क्या जम के गिरा पानी।

हम जब भी मिले उससे, हर बार हुए ताजा,
बहते हुए दरिया का, हर पल है नया पानी।

घर छोड के निकलें तो, निर्वाण मिले हमको,
कब धूप को पहने बिन, बनता है हवा पानी ?

इक मोम के चोले में, धागे का सफर दुनिया,
अपने ही गले लग के, रोने की सजा पानी।

जन्नत थी मगर हमको, झुक कर न उठाना थी,
काँधों पे रहा चेहरा, चेहरे पे रहा पानी।

हर एक सिकन्दर का, अन्जाम यही देखा,
मिट्टी में मिली मिट्टी, पानी में मिला पानी।

''एक हाथ की ताली''

काव्य संग्रह

# જળગીત

:::::::::::

આદિકાળના
કયા બ્રહ્મ-અંડને ભેદી
દડી પડયું આ પાણી !
કલ્પી પણ ના શકાય એવી
કઈ વિરાટ ધારાથી એનું -
છે આ નિત્ય પ્રયાણ !
કયા અગમ ઊંડાણેથી એ
વહન કરી લાવ્યું
આ આદિમ-ધ્વનિ !

લથબથ થાય બધુંયે
જળનું કાને પડતાં નામ
હોઠથી સરે શબ્દ જયાં 'વારિ'
સઘળું રણઝણ રણઝણ.
અમે બધાં પ્રાણીઓ જળમય
તેજ-યુકત થઈ જઈએ જળથી
નિત્ય-જીવનમાં
ત્રિ-પરમાણુથી નિપજેલું
મનહર મોતી

ઝરી ગયું આંગણમાં

ઊછળતાં મોજાઓના હિલ્લોળ મહી

આવી પડતા

આ અનંત જલરાશિ

નાનકડી હથેળિયુંમાં.

આવ્યું કયાંથી ?

પાર કરીને લોક કેટલાં ?

કેટકેટલા ગહન તિમિર

ને તેજપુંજના ઓધ કેટલાં

ગોપિત રાખ્યાં

હૃદય–ગુહામાં ?

આ ગ્રહન નીલ પૃથ્વી સંગાથે

આવ્યો અહીં મહેમાન થઈ તું

જીવ–કોષ હે અમૂલખ !

તારું નામ–ઠામ–ઠેકાણું કયાં છે ?

ના; ના, એમ જઈશ ના પાછો.

સ્પર્શ માત્રથી તારા

વસુધા, સદ્ય–પ્રસૂતા બની નિત્ય.

ને

ભર્યાં જળાશય જે જે તેં

એ બની ગયાં ગર્ભાશય.
દૂર દૂરના કયાં આસમાનોએ
અહીંયા તને મોકલ્યું
પ્રકાશના ઉપહાર સ્વરૂપે ?

તારા નિત્ય પ્રમાસે
થઈને નિર્ઝર
બની ઝરણ
નદીઓ થઈને
કે થઈને સાગર
કર્યું રૂપાંતર ધરતીનું
જળ-ચર્મ, ધારિણી માતારૂપે.

પોણી દુનિયા પર ફેલાયા
જલાવરણમાં
સકળ ભૂખંડો સાથે
ઘૂમે 'જીવ-ગોળ' આ
નહીં કેવળ ફેંકાઈ ગયેલો
માટીનો કો' પિંડ,
સમુદ્રો બધાય એક જ.
નામમાત્રના સાગર ભાસે સાત

એક છે, એક જ જળનો મહાનિધિ આ
સૃષ્ટિ આખી છે વિરાટ જીવનનો અર્ણવ
તેદી તો આ પૃથ્વી છે 'જળ-ગોળ'.
પણ રહેતો કયાં માણસ મૂંગો ?
ચપટી માટી માટે પણ ઊછળી પડનારો
માણસ કયારે ચૂપ રહ્યો છે ?

પગ હેઠેની માટીનો
અભિષેક કરી એ બોલ્યો :
'આ છે ભૂ-ગોળ'
હસી પડી જલમાતા મનમાં
અને મનોમન બોલી
આ પામર માણસનું અભિમાન પણ
કદી જોઈ લેવાશે.

ખીણોના ખોળામાંથી
ઝરમરવા લાવ્યાં ઝરણાં
અને ઝરણની પ્યાલી હોઠે માંડી
નદીઓ હોઠ કરે છે ભીના
નદીઓના પગલે પગલે
ફૂટયા નૂતન જળમાર્ગો
અને હજારો કોશ ચાલતી જળલહેરોએ

જુઓ, સજાવ્યો ધરતીનો આકાર

અરે !

કાળના પ્રવાહનું છે દશ્ય-રૂપ

આ નદી !

બધી સભ્યતાનાં મૂળોને

સીંચ્યા એણે

ભીની ભીની આંગળીઓથી.

કર્યા ઉજાગર

ભૌગોલિક સત્યોને એણે

પ્રક્ષાલનથી.

નિસર્ગનાં સૂત્રોને એણે

ભાષ્ય નવું આપ્યું છે.

જળ તો સંસ્કૃતિ.

કૃતિ એક ઈતિહાસિક છે જળ

જીવનના સો વિન્યાસોનો

જળ છે આવિષ્કાર.

લેખક

લે.એન.ગોપી,

અનુવાદ : રમણીક સોમેશ્વર

''ઓળખ'', નવેમ્બર-૨૦૦૬

## -:: પાણી રે પાણી ::-

::::::::::::::::::::

વૈશ્વિકીકરણ અને ઉદારીકરણને ચાળે ચઢીને ૨૦૦૩ ના જાપાન જળસંમેલન સાથે આપણે પાણી મોરચે ખાનગીકરણનાં દ્વાર ખોલી નાખ્યાં તે સાથે જળ, જમીનને જંગલ સાથે જનસાધારણનો હકસરનો સહજ નાતો સિદ્ધ કરવાની આપણી રાષ્ટ્રિય મથામણને જફા પહોંચી છે એમ જ કહેવું જોઈશે. ભારત અને ગુજરાતનું વાસ્તવચિત્ર સમજવા વાસ્તે ગંગા ને નર્મદાની નમૂના દાખલ જિકર બસ થઈ પડશે. જીનીવાસ્થિત ડબ્લ્યુડબ્લ્યુએફે બુધવારે, જળ દિવસના એક દિવસ આગમચ દુનિયાની દસ મોટી નદીઓએ મોટા દઈત બંધોથી માંડીને ઋતુપલટા સહિતનાં કારણોસર અસલનેરનું નૂર (કહો કે 'પાણી') ગુમાવ્યા બાબતે ચિંતા, ચેતવણી ને નિસબત જતાવતો વિશેષ હેવાલ પ્રસારિત કર્યો છે. યાંગત્સે (ચીન), નાઈલ (આફ્રિકા) અને ગંગા (ભારત) સહિત દરેકની દાસ્તાં પ્રવાહ પાતળો પડયાની છે. અને ગંગા, એક રીતે તો ભારતવર્ષની પ્રાણધારા, દેશની એક તૃતીયાંશ ભૂમિને પ્રભાવિત કરતી એની તટલીલા-દુનિયાના દર બાર પૈકી એક માણસને સારુ એ સીધી કે આડકતરી જીવનધારા છેઃ તે 'પાણી' ગુમાવતી માલૂમ પડે એનો શો અર્થ કરવો, કોઈ તો કહો. ને નર્મદા! આમ તો એ ગુજરાતની જીવાદોરી. આપણી જળજરૂરત જોતાં જયારે એના પર બંધનો નિર્ધાર કર્યો ત્યારે એનું એક લૉજિક પણ હતું. જોકે, છતી ઉંચાઈએ, કેનાલ ખેંચ આપણને એ પાણીના સાર્થક ઉપયોગ લગી પહોંચવા દેતી નથી તે પમ્પિંગ સ્ટેશન છતાં એક દુર્દૈવ વાસ્તવ છે. હકીકતે, નર્મદા જીવાદોરી છે અને નથી. 'નથી' તે એ અર્થમાં કે એના ઉપયોગમાત્રથી છીપે એટલી સીમિત તરસ ગુજરાતની પ્રજાની તેમજ કૃષિ ને ઉદ્યોગોની નથી. કેશુભાઈ પટેલના વારાથી ચેકડેમો માટે શરૂ થયેલી સઘન ઝુંબેશ. ઉત્થાન ને પ્રવાહ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે જાગૃતિ ને પ્રાયોગિક પ્રવૃતિ, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરનું વૉટર શેડ મેનેજમેન્ટનું

કામ, સરકાર અને લોકભાગીદારીના સંયોજન શું વાસ્મો- વૉટર ઍન્ડ એનિટેશન મેનેજમેન્ટ, ભૂકંપ સાથે કામ પાડતે પાડતે આગલા તબકકામાં કચ્છ નવનિર્માણ અભિયાને હાથ ધરેલી પાણીની હિલચાલ, શામજીભાઈ આંટાળા–મનસુખ સુવાગિયા–પ્રેમજીભાઈ પટેલ સરખાની કામગીરી, શું સંભારીએ ને શું ન સંભારીએ. આ સૌએ નવી વાતો, પ્રણાલિગત વિશેષતાઓ અને લોકભાગીદારીથી ભોં જરૂર ભાંગી છે. જોકે મજલ હજુ લાંબી હોવાની છે. આ દિશામાં એક સમગ્ર અભિગમની રીતે વિચારવાની તાકીદ સમજાઈ રહેશે. ?

૨૨ માર્ચ ૨૦૦૭

"દિવ્ય ભાસ્કર" અગ્રલેખ

## –:: આપણી જળનીતિ જરાય યોગ્ય નથી ::–

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

આપણી જળનીતિનો પહેલો મુસદ્દો ૧૯૮૭ માં તૈયાર કરાયો હતો. પાણીને કુદરતી અણમોલ ભેટ માનીને તેને વ્યકિત કે કંપનીના અધિકાર ક્ષેત્રથી બહાર રાખવામાં આવ્યું હતું. ૧૯૯૨ ના પૃથ્વી શિખર સંમેલન અને માર્ચ – ૨૦૦૦ માં નેધરલેન્ડમાં આયોજિત વિ✓ જળસંમેલનમાં ભારત પોતાના વલણને વળગી રહ્યું હતું, પરંતુ ૨૦૦૩ માં જાપાનમાં આયોજિત જળસંમેલન ભારતીય જળસંપદા માટે ખતરાની ઘંટી પુરવાર થયું. સરકારે ૨૦ માર્ચ, ૨૦૦૩ના રોજ પાણીના ખાનગીકરણની જાહેરાત કરી અને વિ✓ની જળકંપનીઓને પાણીના વેપાર માટે વિધિસરનું આમંત્રણ આપ્યું.

વાસ્તવમાં જળનીતિનો છૂપો એજન્ડા આ વિદેશી કંપનીઓને જળસંપદા સોંપવાનો છે. પ્રશ્ન માત્ર જળનો નથી, વૈ✓કીકરણ અને ઉદારીકરણના નામે વિ✓ના વિકસિત દેશોએ આપણી જીવનશૈલી અને જીવન દૃષ્ટિ બદલવાનો પણ પ્રયાસ કર્યો છે. હવે પાણી પર કબજાનો સવાલ છે. 'પાણી ઊતરી જવું' એ કહેવત આપણે ત્યાં પ્રચલિત છે. જેનું પાણી ઊતરી જાય તે કશા કામનો રહેતો નથી. વિદેશી કંપનીઓ હવે પાણીના માધ્યમથી દેશનું પાણી ઉતારવા પેંતરા ઘડી રહી છે. દેશની જળનીતિમાં અનેક વિરોધાભાસ જોવા મળે છે. આપણું અસ્તિત્વ જળને જ આભારી છે. હું તો પાણી થકી પાણની વાત માનું છું. અને સૌથી પહેલા પાણીને સમજયા, પછી લોકોને સમજાવ્યા અને જળસંગ્રહનું કામ શરૂ કર્યું. અમારી જળનીતિ ભારતીય જળ–દર્શન સાથે સુસંગત છે. એટલે હજારો – તળાવ બનાવ્યા છે. સરકારી જળનીતી આયાતી – દર્શન મુજબ ઘડાયેલી છે. સરકારે બંધો બાંધ્યા, બંધથી પૂર આવ્યા, પુનવર્સનની સમસ્યા પેદા થઈ. ૨૦૦૦ માં લોકવિરોધી જળનીતિ ઘડાતી હતી ત્યારે

અમે, જળ બિરાદરીના લોકોએ, સરકારને જળ પર સૌનો સમા હક રાખવાનો આગ્રહ કર્યો હતો, પરંતુ અમારી વાત માનવામાં ન આવી. આ નીતિ નિર્ધારીત થઈ ત્યારે અમે જળના બજારીકરણ વિરુદ્ધ દિલ્હીમાં સત્યાગ્રહ કર્યો. ત્યાર પછી દેશભરમાં જળયાત્રા કરી અને લોકોને જળનીતિ અંગે જાગ્રત કર્યો. પછી નવી સરકાર આવી ત્યારે આ મુદ્દે તેમની સાથે વાતચીત શરૂ કરી, પરંતુ પરિણામ શૂન્ય. અલબત્ત, નદીઓને જોડવા જેવી ભયંકર વિનાશક યોજનાની ફાઈલ અભરાઈ પર ચડાવી દેવામાં સફળતા મળી ખરી. જોકે, જયાં સુધી નીતિ નહીં બદલાય, ત્યાં સુધી કશું થશે નહીં. વાસ્તવિકતા એ છે કે જળ-નીતિ-૨૦૦૨ નો દસ્તાવેજ એવો ને એવો છે અને સરકાર તેને જબરદસ્ત માનવીય ગણાવી રહી છે.

લેખક :- રાજેન્દ્રસિંહ

મેગ્સેસ એવોર્ડ વિજેતા અને

જળબિરાદરીના અધ્યક્ષ છે

# નહીં રાષ્ટ્રીયકરણ, નહીં ખાનગીકરણ જરૂર છે પાણીના 'પોતાનાકરણ' ની

**હજી પણ આપણે કરવા લાયક નાનાં કાર્યોને બદલે અબજો રૂપિયાની યોજનાઓની વાત થઈ રહી છે. જે ધરતી પર હજી થોડાં વર્ષ પહેલાં જ હજારો નદીઓ કલશોર કરતી હતી, તે બધીને સૂકવી નાખી છે. પરંપરાગત જળસંચયની પદ્ધતિ અપનાવ્યા વિના ચાલવાનું નથી.**

આજે રાજકારણે પાણીમાં પણ પ્રવેશ કર્યો છે. પાણી તરલ છે, એટલે તેનું રાજકારણ પણ જરૂર કરતા વધારે વહેવા લાગ્યું છે. દેશનો કોઈ એવો વિસ્તાર નથી જયાં કુદરત તેને લાયક પાણી પુરૂં પાડતી ન હોય. જોકે, આજે બે ઘર વચ્ચે, બે ગામ વચ્ચે, બે શહેર, બે રાજયો અને બે દેશ વચ્ચે પણ પાણીના મુદ્દે લડાઈ જોવા મળશે. જોકે પાણીના રાજકારણો કુદરતના સ્વભાવને ભૂલવાની અક્ષમ્ય ભૂલ કરી છે. એટલે આપણે કુદરત પાસેથી ક્ષમા મેળવી શકતા નથી. આપણે વિકાસની દોટમાં બધે એક સમાન આદતો ધરાવતો સમાજ ઊભો કરી દીધો છે. બધે એક સરખી ખર્ચાળ પાણીની વધુ જરૂરીયાત ઊભી કરતી જીવનશૈલીને આદર્શ માની લીધી છે. હવે આપણને સૌને એક સમાન પ્રમાણમાં પાણી જોઈએ અને બધા શહેરોને જયારે એક સમાન પ્રમાણે મળી શકતું નથી ત્યારે આપણે દોષનો ટોપલો કુદરત પર અને નદીઓ પર ઢોળી દઈએ છીએ હવે નદીઓને જોડવાની યોજના રજુ કરાઈ છે. દેશની જે ભૂગોળે લાખો વરસોની મહેનતે એક છેડેથી બીજા છેડા સુધી જુદી જુદી નાની–મોટી નદીઓ સર્જી, તેનો હવે આપણે વાંક કાઢી રહ્યા છીએ. અને કાલા થઈએ છીઅ કે એક નદી કાશ્મીરથી કન્યાકુમારી સુધી કેમ ન વહી. હજી પણ આપણે કરવા લાયક નાનાં કાર્યોને બદલે અબજો રૂપિયાની યોજનાઓની વાત થઈ રહી છે. જે ધરતી પર હજી થોડા વર્ષ

પહેલાં જ હજારો નદીઓ કલશોર કરતી હતી, તે બધીને સૂકવી નાખીને હવે આપે બાકી બચેલી ચાર–પાંચ નદીઓને જોડીને તેના પાણીની હેરફેર કરવાનું વિચારી રહ્યા છીએ. જોકે સરકાર બદલાતાં આ યોજના પડતી મૂકવામાં આવી છે. તે સંતોષની વાત છે.

પહેલાં તો પાણીની અછત ઉનાળાના દિવસોમાં સર્જાતી હતી. પરંતુ હવે તો આખું વર્ષ એ જ પરિસ્થિતિ રહે છે. શહેરોમાં શિયાળામાં પણ નળ 'ડૂકી' જાય છે. રાજકીય રીતે મોભાદાર અને જાગૃત શહેર પોતાની પાણીની જરૂરીયાત પૂરી કરવા માટે બાજુના વિસ્તારમાંથી ખેંચી લાવવામાં આવે છે તો કયાંક ચોરી કરીને પણ પાણી લઈ આવે છે. જોકે, તેનાથી આખા દેશનું જળસંકટ નિવારી શકાતું નથી.

આપણે તો કેટલાંક હજાર કરોડ રૂપિયાના ખર્ચે જળસંગ્રહ અને પાણી રોકો જેવા પ્રોજેકટો ચલાવવામાં આવ્યા તો બિનસરકારી સંસ્થાઓ થકી દેશમાં 'વોટર શેડ ડેવલપમેન્ટ' નો વિચાર પણ અમલમાં મૂકયો, પરંતુ તેનાથી કહેવાલાયક પરિણામ મળી શકયા નથી. આપણી મોટામાં મોટી ભૂલ કદાચ એ છે કે આપણે આપણી જળસંગ્રહની પરાપૂર્વથી ચાલી આવતી પદ્ધતિઓને જૂની કે પરંપરાગત ગણીને છોડી દઈએ છીએ. આપણે ભૂલવું ન જોઈએ કે લાખો વર્ષોથી કુદરતે વરસાદ વરસાવવાની રીત બદલી નથી તો આપણે તેના સેવન–સંગ્રહની રીતો બદલી શકીએ નહીં. આગ લાગે ત્યારે કૂવો ખોદવા જવું એવી આપણે ત્યાં કહેવત છે અને આપણે એ જ કરતા આવ્યા છીએ. તરસ લાગે છે, દુષ્કાળનો દવ લાગે છે ત્યારે સરકાર અને સમાજ કૂવો ખોદવાનું શરૂ કરી દે છે. કહેવતમાં તો કૂવો ખોદવાથી કદાચ પાણી પણ મળતું હશે, પરંતુ સરકારી આયોજનો અને યોજનાઓમાં આ પાણીનો રંગ કંઈ ઓર જ દેખાય છે.

પાણી રોકવાની પરંપરાગત પદ્ધતિ વાવ કે તળાવ વગેરે રહ્યા છે. વિકાસની નવી યોજનાઓમાં આ પદ્ધતિઓની ખૂબ ઉપેક્ષા થઈ છે. શહેરોમાં જ નહીં ગામડાઓમાં પણ

તળાવોને બૂરી દઈને તેના પર મકાન, દુકાન, મેદાન, બસસ્ટેન્ડ વગેરે બનાવી દેવામાં આવ્યાં છે. જે પાણી અહીં રોકાઈને સમગ્ર વિસ્તારનું પાણીનું સ્તર ઊંચું લાવતું હતું તેને જ આપણે નાશ કરી નાખ્યો છે. તેને લીધે આધુનિક ગણાતાં ટયુબવેલ, બોર, હેન્ડ પંપ વગેરે મૂકીને પાણી ખેંચવામાં આવે છે. પાણી અંદર ઉતારવાનું બંધ કર્યુંને કાઢવાની ગતિ રાક્ષસી કરી દીધી. તોપણ આપણે માનતા રહ્યા કે બધું આપણી અનુકૂળતા મુજબ ચાલશે. પરંતુ હવે કુદરત દર વર્ષે જાસો મોકલી રહી છે અને આપણે ભૂલ કરી રહ્યા છીએ તેની પ્રતીતિ કરાવી રહી છે. આપણે તેની સજા ભોગવવી પડશે.

જૂના સમાજમાં સેંકડો – હજારો તળાવ અચાનક શૂન્યમાંથી પ્રગટયા નહોતા. આપણા પૂર્વજોએ વરસોથી મહેનતથી ઊભી કરેલી મિલ્કતને આપણે ધૂળધાણી કરી નાખી. આપણે ન તો જૂના તળાવ સાફ–ઊંડા કરાવ્યા, ન નવા બનાવ્યા. માટી તળાવમાં નહીં, નવા સમાજના માથામાં ભરાઈ ગઈ છે. ત્યારે સમાજનું માથું સ્વચ્છ હતું. તેણે કાંપને સમસ્યા તરીકે નહીં, બલકે તળાવના પ્રસાદ તરીકે લીધો હતો.

દુષ્કાળ, પાણીની અછત, બધું એકલું આપતું નથી. સારા વિચારો અને કાર્યોનો અભાવ પહેલાં આવી જાય છે આપણી ધરતી ખરેખર તો માટીનો એક મોટો ગોળો છે. તેમાં પાણી નાખીશું તો જરૂર પડયે કાઢીને વાપરી શકીશું, પરંતુ પાણી નાખવાનું બંધ કરશું ને કાઢવાનું આમને આમ ચાલુ રાખીશું તો કુદરત જાસો પણ નહીં મોકલે અને સીધેસીધી સજા ફટકારી દેશે.

લોકનેતૃત્વ અને સરકારી તંત્ર પર મેદ અને કાટ ચડવા લાગે છે ત્યારે કમનસીબે તેનો એક જ ઉપાય દેખાય છે રાષ્ટ્રીયકરણને બદલે ખાનગીકરણ કરી નાખો. પાણીના મુદ્દે પણ આ ઉપાય અજમાવઈ રહ્યો છે. પહેલા આપણો સમાજ ન રાષ્ટ્રીયકરણને ઓળખતો હતો, ન ખાનગીકરણની ગતાગમ હતી. તે પાણીનું 'પોતાનાકરણ' કરતો હતો. જયાં જેટલું

ઉપલબ્ધ હતું એટલું વાપરતો હતો. એટલે ઓછામાં ઓછા પાણીના મામલે જયાં સુધી બહુ સમજી-વિચારેલી યોજના ફરીથી અપનાવવામાં નહી આવે ત્યાં સુધી આપણી ઢાંકણીના પાણીમાં ડૂબતા રહીશું, પરંતુ આપણને શરમ નહીં આવે.

અનુપમ મિશ્ર

(લેખક જાણીતા પર્યાવરણવિદ્ છે

અને 'આજ ભી ખરે હૈ તાલાબ'

નામનું ચર્ચિત પુસ્તક લખ્યું છે)

# એક પંખી ઝાડ પર બેઠું અને ડાળને ટહુકા વળી ફૂટી ગયા

માનવીની વૃક્ષ સાથેની નિસબત અબજો વર્ષ જૂની છે. આદમ અને ઇવ જન્નત (સ્વર્ગ)માં હતાં ત્યારે જે વૃક્ષનું ફળ ખાવાની મનાઈ ફરમાવાઈ હતી તે ફળ ઈવે ખાતાં તેમને સ્વર્ગ પરથી પૃથ્વી પર પ્રયાણ કરવું પડયું. માનવજીવન સાથે વૃક્ષ ત્યારેથી વણાયેલું છે. એક વૃક્ષનું ફળ આદમઅને ઈવને પૃથ્વી પર લાવતા દુનિયા રચાય, તો બૌધિ વૃક્ષ નીચે બુદ્વને જ્ઞાન લાધે છે, જે નિર્વાણ માટેનો માર્ગ મોકળો કરે છે.

પથ્થર યુગનો માનવી ભટકતું જીવન જીવતો હતો ત્યારે ફળો-ફૂલો, કાચાં કદમૂળ ખાઈને પેટની આગ ઠારતો હતો. અગ્નિ પેદા કરવાનો હુન્નર એ ઝાડ પાસેથી શીખ્યો. જોરદાર પવન – તોફાની વાવાઝોડામાં બે વૃક્ષોના ઘર્ષણમાં આગ ઝરીને માનવીએ બે પથ્થર ઘસીને આગ ઉતપન્ન કરી. એ પછી કાળક્રમે વૃક્ષ નીચે બેઠેલો ન્યૂટન સફરજન વૃક્ષ પરથી નીચે કેમપડયું ઉપર મેન ગયું ? એ વિચારતા ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત શોધ્યો, આમવૃક્ષ માનવીનો પહેલો મૂક શિક્ષક ગણાય.

વગડો ત્યજીને વસ્તી વચ્ચે રહેવાનું ટેવાતા સુધીમાં તો માનવી પેલા વૃક્ષથી જોજનો દૂર હડસેલાઈ ગયો. જો કે આજે પણ એણે વૃક્ષ સાથે સંબંધ તો સાચવી રાખ્યો છે. પણ તે ખપ પૂરતો, તે છતાં એના મનમાં ઊંડે ઊંડે પેલો વૃક્ષપ્રેમધરબાયેલો પડયો છે ખરો. એનું કારણ ફળ-ફૂલ સિવાય વૃક્ષની લીલીછમ્મડાળોનું ઝૂલવું, મીઠો છાંયડો, પક્ષીઓની ચહલપહલ આજેય માનવીના મનને તરબતર કરી દે છે.

આબોહવા, પ્રદેશ પ્રમાણે રોપવાથી કે કુદરતી રીતે ઊગી નીકળતાં વૃક્ષો રૂપે-રંગ, આમારે પણ એકબીજાથી સાવ જુદી ભાત પાડે. ઘટાદાર વડલો, વડવાઈઓથી એનું સામ્રાજય ચોતરફ પાથરે, તો તાડ વાદળો સાથે વાત કરવા તલપાપડ હોય તેમ ઊંચે ને ઊંચે વિકસે.

જયારે કડવા લીમડાનું સાંનિધ્ય માણીને આવતી પવન લહેરખીઓ તો એરકન્ડિશનની ઠંડકનેય આંબી જાય.

મીઠાં–મધૂરાં ફળોથી ઝૂકી જતા ઝાડનો સંદેશો સમજવા જેવો છે. કોઈ પથ્થર મારે તો ગુસ્સે થવાને બદલે સૂફી સંતોને જેમરાજી થઈને ફળ આપે. કેટકેટલાને એ રાજી કરે છે. કઠિયારાનું બેલી, સુથારને રોજી–રોટી આપે. આપણામાં ભાગ્યે જ કોઈ એવું જણ હશે જેણે મા–દાદીનું હાલરડું સાંભળતાં ઘોડિયાનાં મીઠી નીંદર ન માણી હોય, ફળ–ફૂલ, લાકડું, મધ, દવા, ગુંદર, કાગળ, હોડી–જહાજ, વરસાદ જેવી કેટકેટલી ભેટ વૃક્ષ આપણને આપે છે. વરસાદ એટલે વૃક્ષ અને વાદળ વચ્ચેના પ્રેમનું પરિણામ.

રસ્તા, વિસ્તારોને ઓળખવા, વૃક્ષોના નામો સાથે જોડવાનો જૂનો રિવાજ ધીરેધીરે હવે તો અસ્ત થવા માંડયો છે. છતાં એવાં નામો ગામ–વિસ્તારો સાથે જોડાયેલા છે. લીમડી, વડનગર, ગોળ લીમડા, પાંચપીપળી, આંબાવાડી, લીમડા ફળીયું જેવાં વૃક્ષ સાથે સંકળાયેલાં અનેક નામો આજેય અનેક જગાએ અસ્તિત્વમાં છે.

વૃક્ષને તરુ પણ કહેવાય છે. બીજા ધોરણમાં કવિતા શીખેલા–તરુનો બહુ આભાર જગત પર તરુનો બહુ આભાર, વૃક્ષો વગરનું જીવન કલ્પી શકાય ખરું ? ના, અને ના છતાં એના તરફ આપણે બેદરકાર, નગુણા થઈને વર્તવા માંડયા છે. સિમેન્ટ–ર્કાક્રિટના જંગલો ઊભા કરવાના મોહમાં, આસ્ફાલ્ટના અજગરી ભરડામાં આપણે કેટકેટલાં વૃક્ષોને સ્વાહા કરીએ છીએ. માની લઈએ કે એકવીસમી સદીમાં એ આપણી મજબૂરી–જરૂરીયાત છે તો પેલાં કપાતાં વૃક્ષોની ભરપાઈ કરવાના ચોકકસ ગણિતમાં આપણે કાચા પડયા છીએ એમનથી લાગતું ?

જન્મતાં ઘોડિયું અને મૃત્યુ પછી ઠાઠડી જનાજાથી લઈ કબર અંત્યેષ્ટિ સુધી વૃક્ષ આપણો સાથ નથી છોડતું. છતાં એનું ઋણ અદા કરવાની આપણને પડી છે ખરી ? યાદ કરી

જુઓ, જીવનમાં આપણે એકાદ વૃક્ષ ઉછેરવાનીય તસ્દી લીધી છે ? વૃક્ષોની કદર તો અરબસ્તાન જેવા રણપ્રદેશના લોકો કરે છે. હજારો ટન માટી, વૃક્ષો, વિદેશથી મંગાવી રણપ્રદેશને હરીયાળો બનાવવા કટિબદ્ધ થયા છે. ઈઝરાયેલના પ્રવાસે જેઓ ગયા છે તેમને ખબર છે કે, રેતાળ પ્રદેશને તેમણે કેવો હરીયાળો બનાવ્યો છે એ દેશની મુલાકાતે જનાર રાજકીય નેતાઓ પાસે તેઓ વૃક્ષ રોપાવી એની સનદ પેલા મહેમાનને આપવાનો રિવાજ બનાવાયો છે. ચોમાસા દરમ્યાન વૃક્ષારોપણ સપ્તાહ ઉજવ્યા પછી આપણે પેલું વૃક્ષ ઉછર્યું કે કેમ ? તે યાદ પર કરતા નથી.

વૃક્ષ તો ઋષિ મુનિ જેવું છે. એ કોઈને તુંકારો–જાકારો આપવાનું શીખ્યું જ નથી. એના છાંયડે બુદ્ધ બેસે, ગાયોનો ગોવાળ બેસે કે ટહુકા–કલબલાટ કરતાં પક્ષીઓ બેસે, માળો બાંધે, સૌને એ પ્રેમથી ભીંજવી દે છે. સાથે વૃક્ષ પોતે પણ ભીંજાવા માંડે છે. મારો એક શે'ર છે :

એક પંખી ઝાડ પર બેઠું અને ડાળને ટહુકા વળી ફૂટી ગયા. એના પરનાં લીલાછમ્મપાંદડા પાનખર આવતાં એનાથી વિદાય લે કે ટાઢ, તડકો, વાવાઝોડું, વરસાદ, ભૂકંપ આવે તો પણ યોદ્ધાની જેમ અડીખમ રહેવાનું વૃક્ષ પાસેથી આપણે શીખવું રહ્યું.

## તેજરેખા

નગરની સંસ્કૃતિ વૃક્ષોની કેવી ઉપેક્ષા કરે છે એ વાત ભગવતીકુમાર શર્માના એક શે'રમાં સરસ રીતે ઉજાગર થઈ છે.

આ છાંયડાના કસુંબાઓ ગટગટાવી લ્યો !
નગરનું વૃક્ષ છું, કોઈ પણ ક્ષણે વઢાઈ જઈશ.

અઝીઝ ટંકારવી

૧ માર્ચ ૨૦૦૬, "સંદેશ" પૂર્તિ

# વો કત્લ ભી કરતે હૈ તો ...

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**જગત આખાની કાગળની જરૂરયાતોને સંતોષવા દર વર્ષે અમેરિકા દર વર્ષે ૭૬૭ લાખ ટન, જાપાન ૨૮૩ લાખ ટન, ચીન ૨૪૦ લાખ ટન અને ભારત ૩૨ લાખ ટન કાગળનું ઉત્પાદન કરે છે.**

પદ્મપુરાણના ઉત્તરકાંડમાં એક કથા છે. એક સમયે દેવાધિદેવ મહાદેવ અને પાર્વતી એકાંત સ્થાનમાં વિહાર કરતાં હતાં ત્યારે બધા દેવોએ અગ્નિદેવને કહ્યું કે તમે બ્રાહ્મણો વેશ ધરી ત્યાં જાઓ. અગ્નિદેવ માની ગયા અને એ એકાંત સ્થળે બ્રાહ્મણ સ્વરૂપે પહોંચી ગયા. દેવી પાર્વતી બધો ખેલ પામી ગયાં અને ક્રોધિત થઈને અગ્નિને મોકલનાર દેવોને શ્રાપ આપ્યો કે 'જાવ તમે બધા પૃથ્વી પર વૃક્ષ બની જાવ...'

વારાહપુરાણમાં વળી એવો ઉલ્લેખ છે કે જો કોઈ વ્યક્તિ એક પીપળ, એક લીમડો, એક વડ, બે દાડમ, બે સંતરા, ફૂલના દસ છોડ અને પાંચ આંબા વાવે, ઉછેરે તે કદી નરકમાં નથી જતો... વૃક્ષોનું મહત્વ અને પર્યાવરણની જાળવણી વિષે થોકબંધ લખાયું છે, લખાતું જાય છે. પણ જો તમારા કાન અને હૃદય કવિનાં હશે, અતિસંવેદનશીલ હશે, તો તમારા હાથમાં રહેલા આ કાગળમાં 'દટાયેલું' વૃક્ષ ચીસ પાડીને અંગારા વરસાવશે. એ કહેશે કે ભલે આ મારો નવો જન્મ હોય, પણ એ માટે મારું 'નેચરલ ડેથ' નથી થયું. મારું ખૂન કરવામાં આવ્યું છે. વાચક બિરાદરો માટે આ રહ્યાં કેટલાંક ફેક્ટ્સ એન્ડ ફીગર્સ....

કચરપટ્ટી જેવા ખોરાક માટે એક જાણીતો શબ્દ છે. 'જંકફૂડ' અમેરિકામાં સેંકડો

એવી કંપનીઓ છે, જે પોતાની 'કચરા' જેવી આઇટમનું વેચાણ કરવા પ્રમોશનલ બ્રોશર્સ, ફરફરિયાંનો પોસ્ટ દ્વારા મારો ચલાવીને અમેરિકનોને તોબા પોકારાવી દે છે. આવી ટપાલને તેઓ 'જંક મેલ' કહે છે. અમેરિકાનાં પ્રત્યેક ઘરમાંથી આવા જંક મેલ એક વર્ષ સુધી એકઠાં કરીને તેનો સરવાળો કરવામાં આવે તો તેનો સરવાળો ઘરદીઠ સવા બે વૃક્ષ જેટલો થાય ! માત્ર આવાં ફરફરિયાં 'બનવા' માટે આખા અમેરિકાના દસ કરોડ વૃક્ષોનું ડેથવોરંટ ફાટે છે. એક સુંદર મજાનું પુસ્તક છે 'ફિફટી સિંગલ થિંગ્ઝ યુ કેન ડુ ટુ સેવ ધ અર્થ'. એમાં એવો અંદાજ મુકાયો છે કે જંક મેલ માટે બગાડાતા બધા કાગળને જો બાળવામાં આવે તો એમાંથી અઢી લાખ ઘરોમાં એરહીટર્સ ચાલી શકે એટલી ગરમી પેદા થાય.... !

કાગળ અને વૃક્ષોના સાયન્સની હિસ્ટરી એવું કહે છે કે ઇ.સ. ૧૦૫ માં ચીનના ત્સાઈ લૂમ નામના ખાંખતિયાએ શેતૂરના ઝાડની છાલમાંથી દુનિયાનો પહેલો કાગળ બનાવ્યો. લાકડાનો માવો, વેલાના રેસા, કપાસ અને શણના શંભુમેળાએ કાગળનું સર્જન કરેલું. વર્ષો પછી ચીનના બૌદ્ધ ભિખ્ખુઓ અને પછી આરબોને આ કળા હસ્તગત થઈ. પેપીરસમાંથી ખૂબ સારો કાગળ બની શકે. એવું બ્રહ્મજ્ઞાન ઈજિપ્શિયનોને થતાં આ વનસ્પતિનો ઘાણ નીકળવો શરૂ થયો. સ્પેન થઈને આ ટેકનોલોજી વાયા મેકિસકો, અમેરિકા પહોંચી. એ વખતે જર્મનટાઉન તરીકે ઓળખાતા હાલના ફિલોડેલ્ફિયામાં ઇ.સ. ૧૬૯૦ માં જગતની સર્વપ્રથમ પેપર મિલનો પાયો નખાયો. ભારતમાં ૧૮૬૭ માં હુગલી નદીના કાંઠે બ્રિટિશ વેપારીએ પ્રથમ એવી 'રોયલ પેપર મિલ' સ્થાપી.........

હિસ્ટરીની આ ભીતરી મિસ્ટ્રીમાંથી બહાર આવે તો મોઢું  વધુ ફાટી જાય એવા આંકડાઓ તમારું 'સ્વાગત' કરવા તૈયાર છે. સવારે છાપું ખોલીએ ત્યારે લગભગ રોજ

છાપાની વચ્ચેથી સરી પડતું જાહેરાતનું ફરફરિયું અમેરિકામાં વાર્ષિક ૨૦ લાખ ટનનો સ્કોર નોંધાવી ચૂકયું છે. આમાના લગભગ ૬૦ ટકા ફરફરિયાં વંચાયા વિના જ ડસ્ટબિનના હવાલે થઈ જાય છે. જો આ બધાં ફરફરિયાં અને જંકમેલ ખોલવામાં આવે તો જે સમય બગડે તેનો સરવાળો કેટલો થાય ? એમેઝિંગ..... જીવનના આઠ મહિના ..... ! જો માત્ર એક લાખ અમેરિકનોને પણ આ સજામાંથી મુકિત અપાય તો પણ વર્ષે દોઢ લાખ વૃક્ષોનો ખુડદો બોલતો અટકે.

ભારતે તો આ બાબતમાં પણ ડફણાં ખાવાનો વખત આવ્યો છે. કાગળનો માવો બનાવવા માટે શ્રેષ્ઠ ગણાતાં ચીંડના વૃક્ષો હિમાલય સિવાય બીજે કયાંય થતાં નથી. આપણે જંગલો વિષે બહુ વિચાર્યું નથી. એટલે બ્રાઝિલ કે ઇન્ડોનેશિયામાં ૧ ટન લાકડું ૨૮ ડોલરમાં પડે, તે માટે આપણે ૬૨ ડોલર ઢીલા કરવા પડે છે ! સરેરાશ ત્રણ ટન લાકડું વાપરો ત્યારે માંડ એક ટન કાગળ બને .... ! દેવદારના જે ઝાડને ઊગતા ૧૫ વર્ષ લાગ્યા હોય, તેનો કાગળ બન્યા બાદ બીજા જ દિવસે નિકાલ થઈ જાય છે.

દુનિયાના બધા જ દેશોને બાજુએ મૂકી માત્ર અમેરિકાને જ માંચડે ચડાવવું હોય, તો એ પણ નોંધી લો કે અમેરિકાના અખબારોની માત્ર રવિવારીય આવૃત્તિ છાપવા જોઈતો કાગળ બનાવવા પાંચ લાખ ઝાડ પર કુહાડો ફેરવવો પડે. સપ્ટેમ્બર ૧૪, ૧૯૮૭ ના દિવસે અમેરિકાના 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' નો રવિવારનો અંક છપાયો. આંકડાઓની દષ્ટિએ એ અંકનું મહત્વ જરા જુદું હતું. એ એક જ છાપામાં કુલ પાના ૧૬૧૨, પ્રત્યેક અખબારી નકલનું વજન ૫.૪ કિલો અને કુલ કોપી ૧૬.૫૦ લા.....ખ.....! કેલ્કયુલેટર નાનું પડતું હોય, તો કોમ્પ્યુટર લઈને બેસી જાવ અને ત્રિરાશિ માંડો કે પેપરપલ્પ બનાવવા દેવદારનું આખું ઝાડ ૫૪ કિલોગ્રામ કાગળ બનાવવા ખુવાર થઈ જાય છે. તો ......

અમેરિકન પેપર ઈનસ્ટિટયૂટના સર્વે મુજબ સરેરાશ અમેરિકન દર વર્ષે ૧૨૦ પાઉન્ડ ન્યૂઝપ્રિન્ટ વાપરે છે. એ હિસાબે છાપું વાંચવા દર વર્ષે તે એક ઝાડનું નામું નાખી દે છે ! ભારતમાં વાંસના ટોપલાં બનાવીને પેટિયું રળતા શ્રમિકને જે ભાવે વાંસ વેચાય છે, તેના કરતા સેંકડો ગણા ઓછા ભાવે એ જ વાંસને ન્યૂઝપ્રિન્ટ બનાવતી પેપરમિલો ઝૂંટવી લે છે. સૌથી વધુ પ્રદૂષણ ફેલાવનાર ઉદ્યોગોમાં પેપરમિલ્સ સ્કોલર વિદ્યાર્થીની જેમ પરીક્ષા આપે છે. કેમ કે જગત આખાની કાગળની જરૂરીયાતોને સંતોષવા દર વર્ષે સાડા ચાર લાખ ચોરસ કિલોમીટરના જંગલને સ્થાને મેદાનો બની જાય છે. આ જંગલોમાંથી અમેરિકા દર વર્ષે ૭૬૭ લાખ ટન, જાપાન ૨૮૩ લાખ ટન, ચીન ૨૪૦ લાખ ટન અને ભારત ૩૨ લાખ ટન કાગળ નું ઉત્પાદન કરે છે. કાગળના ઉત્પાદન અને આયાતના કુલ સરવાળાને આપણા દેશની વસતી વડે ભાગી નાખો તો જવાબ આવે વાર્ષિક માથાદીઠ ફકત ૪ કિલોગ્રામ. ચાલો, હજી વાંધો નથી ......... ! અમેરિકનો ન્યુઝપ્રિન્ટ સહિત જે કાગળો બગડે છે તેનો જુમલો છે ૫૮૦ પાઉન્ડ, અને એટલા કાગળ માટે કેટલા વૃક્ષો કાપવાં પડે ? ઝાઝાં નહીં, માત્ર ૮૫ કરોડ .... ! જો એ વૃક્ષોને સ્થાને ભારતની વસ્તીને મૂકીએ, તો માત્ર ૧૦ ટકા ભારતીયો બચે !

માઈન્ડ વેલ, આ બધા જ આંકડા માત્ર કાગળ માટે કપાતાં વૃક્ષોના છે અને લાકડામાંથી માત્ર કાગળ જ નથી બનતો. ગુંદર, રેયોન, બારી-બારણાં, ફર્નિચર, બોર્ડ, ટર્પેન્ટાઈન, રબ્બર, પ્લાસ્ટિક, આલ્કોહોલ, સાબુ .... આવી તો બીજી ૫ હજાર આઈટમ્સ છે ! અને કાગળની કુલ જાતો છે ૧૦ હજાર ...... !

આંકડાઓની આ બધી બબાલોને તડકે મૂકો અને વૃક્ષના છાંયે બેસી સ્કંદપુરાણનો આ શ્લોક વાંચી 'શાંતિપાઠ' કરો ......

एतेषम् सर्ववृक्षाणाम्

छेदनम् नैव कर्येत

चतुर्मास्ये विशेषणं

बिना यज्ञोधिकारणम् ।

અર્થાત્ વૃક્ષોનું છેદન કરવું ન જોઈએ. ખાસ કરીને ચોમાસાના ચાર માસ દરમિયાન અને યજ્ઞના હેતુ સિવાય તો નહીં જ......

છેલ્લે ચરકસંહિતાનો 'ઈકોફ્રેન્ડલી' શ્લોક ........ !

विगुणेशर्वापतु खलुएतेषु

जनपदोध्वंसं करे शुभावेषु

भंषजेनोपपादय मनन्

न भयम् भवति रोगभ्यस्ति ।

અર્થાત્ – વૃક્ષોનું અસ્તિત્વ અત્યંત શુભ છે. વૃક્ષોનો નાશ કરવાથી સામાજિક સમૃદ્ધિનો નાશ થાય છે. અનેક ગુણ ધરાવતાં વૃક્ષો અનેક રોગોને અટકાવવા સમર્થ છે. એનું છેદન કરતા ડરો.

અરે હા, પ્રેમીઓ ...... વેલેન્ટાઈન – ડે ના કાર્ડ્ઝ બનાવતાં પૂર્વ દેવદારના થડ પર પડતો પ્રત્યેક કુહાડો વૃક્ષને કેટલી પીડા આપે છે, એ વિચાર્યું છે કદી ? આવાં કાર્ડ્ઝ બનાવવાં માટે કેટલાં વૃક્ષો કાપવાં પડે ? સરવાળો ન કરતાં ... થાકી ગયા હશો ..... !

વિરલ વસાવડા

૨૭ સપ્ટેમ્બર ૨૦૦૬

''દિવ્ય ભાસ્કર'' કળશ પૂર્તિ

# જળ-મૂડી જમા કરવાની તાતી જરૂર

ભારતની અનેક વિસંગગતાઓમાંની એક એ છે કે ભારતનાં રાજયોએ પોતાની જાહેર સિંચાઈ એજન્સીઓ થકી ભૂમિ પરના જળાશયો પર પોતાનો કબજો જમાવી દીધો. સિંચાઈ તંત્રનું કામ પોતાના હાથમાં લઈને બંધ, જળાશયો અને નહેરો બંધાવી અને તેની મરામતનું ધ્યાન રાખીને પાણીનો પુરવઠો પૂરો પાડયો. એટલે કે વરસો સુધી જળનાં જે સંસાધન લોકોના હાથમાં હતા તે સરકારે હસ્તગત કરી લીધાં. બીજી તરફ દેશના મોટા ભાગના લોકો આજે ભૂર્ગભ જળનો ઉપયોગ કરે છે, જેના પર તેમનું પોતાનું નિયંત્રણ હોય છે. રાજયનું નિયંત્રણ તો માત્ર કલ્પના બનીને રહી ગઈ છે. દેશમાં હાલમાં ત્રણ ચતુર્થાંસ સિંચાઈ ભૂર્ગભ જળ પર આધારિત છે. સિંચાઈનું આ માળખું ખેડૂતોએ ખુદના ખર્ચે અને જોખમે ઊભું કર્યું છે.

આપણે જાણીએ છીએ કે સિંચાઈના માળખાની રચનામાં વધતો ખર્ચ અને રાજયો દ્વારા ઘટતાં મૂડીરોકાણને કારણે સિંચાઈનાં માળખાંઓના વિકાસમાં અવરોધ ઊભા થાય છે. દસમી પંચવર્ષીય યોજનાની મધ્યાવધિ સમીક્ષા અનુસાર સિંચાઈનો વ્યાપ વધારવામાં પ્રતિ હેકટર ૪૦,૦૦૦ થી ૨,૫૦,૦૦૦ રૂપિયા સુધી મૂડીરોકાણ કરવું પડે છે. આજે આ ખર્ચ બે ગણો થઈ ગયો છે. અહીં લોકોના પુનર્વસન તેમજ જૈવિક વિવિધતા અને જંગલોનું જે નુકશાન થશે એની ગણતરી તો કરવામાં જ નથી આવી. માળખાકિય સુવિધા ઊભી કરવાનો ખર્ચ વધી ગયો છે ત્યારે ખેડૂતો પાસેથી આના ત્રીસ ટકા જેટલું પણ વળતર વસૂલવું શકય નથી. રાજયોની એજન્સી મેન્ટેનન્સ ખર્ચના ત્રીસ ટકા કરતાં પણ ઓછી વસૂલાત મેળવી શકી છે. તેના લીધે સિંચાઈ વ્યવસ્થાની સંભાળને આડઅસર થઈ છે. સિંચાઈ તંત્રની ક્ષમતા અને

તેના ઉપયોગ વચ્ચે ૧૪ મિલિયન હેકટર સુધી અંતર હોય છે, જે દેશની કુલ સિંચાઈ ક્ષમતાના લગભગ વીસ ટકા છે. વળી, દૂર દૂર સુધી પાણી પહોંચાડવામાં વચ્ચે પાણી વેડફાતું હોય છે અને એ રીતે પણ ક્ષમતા ઘટી જાય છે. ભૂમિ પરના સિંચાઈ તંત્રની ક્ષમતા ૬૫ થી ૭૦ ટકા કાર્યક્ષમ હોય છે એવો એક અંદાજ છે. મૂડી અને સંસાધનોના અભાવને કારણે દરેક વ્યકિત સુધી તેની પહોંચ શકય નથી, હાલમાં દેશમાં ૪૫ ટકાથી વધારે અનાજ વરસાદ આધારિત સિંચાઈ દ્વારા પેદા થાય છે, જે ગરીબ ખેડૂતો પકવે છે. સિંચાઈ યોજનાઓને કારણે સમૃદ્ધિના ટાપુઓ સર્જાયા છે, પરંતુ સાર્વત્રિક ધોરણે તેનાથી કોઈ લાભ થયો નથી. આવી સ્થિતિમાં ભૂગર્ભ જળ કામ આવે છે. ભૂગર્ભ જળ વધુ સ્થાનિક અને વિકાસની બાબતમાં વિકેન્દ્રિત છે. જોકે, તેનો વિવેકપૂર્વક ઉપયોગ થવો જોઈએ. આજે ભૂગર્ભ જળ ઊંડા ઊતરતાં જાય છે. ભૂગર્ભ જળનું ઊતરતું સ્તર ચિંતાજનક છે. એના માટે આપણે લોકોમાં એવી જાગૃતિ લાવવી જરૂરી છે કે ભૂગર્ભ જળને રિચાર્જ કરી શકાય છે. આપણે આપણા બોર અને કૂવા વરસાદના દિવસોમાં રિચાર્જ કરીને જળમૂડી જમા કરાવી શકીએ અને પછી જરૂર મુજબ વાપરી શકીએ છીએ. આપણે વધુ ને વધુ પાણીનો સંગ્રહ કરીએ અને વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરીએ.

સુનિતા નારાયણ

પર્યાવરણ વિદ્

## -:: પ્રદૂષણ ફેલાવતા વાહનોને દંડ કેમ નહીં ? ::-

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

આજે આપણો સમાજ પેટ્રોલ અને ડિઝલ દ્વારા સંચાલિત વાહનો ઉપર એટલો બધો નિર્ભર બની ગયો છે કે મોટરકાર, સ્કૂટર કે રિક્ષા વગરના જીવનની આપણે કલ્પના પણ નથી કરી શકતા. લકઝરી મોટરકાર ખરીદવી અને ચલાવવા એ સ્ટેટસ સિમ્બોલ ગણાય છે. કોઈ માણસ સ્મોકિંગ કરતો હોય ત્યારે તેને એ વાતની સમજણ હોય છે કે તેના ધ્રૂમપાનથી આજુબાજુના અનેકને કેન્સર થવાની શકયતા છે. પોતાની કાર કે ટુવ્હિલર ચલાવનારો માણસ કયારેય એવો વિચાર નથી કરતો કે તેમાંથી જે કાર્બન ડાયોકસાઈડ વાયુ બહાર પડે છે તે પુથ્વીના પર્યાવરણ માટે અને લોકોના આરોગ્ય માટે અત્યંત ઘાતક અને હાનિકારક છે. તેનું કારણ એ છે કે આપણી સરકારની નીતિ કયારેય પેટ્રોલ-ડિઝલના વપરાશને ઓછો કરવાની રહી નથી. પેટ્રોલ-ડિઝલનો વપરાશ જેમ વધે તેમ દેશનું વાયુમંડળ પ્રદૂષિત બને છે પણ સરકારની આવક વધતી હોવાથી સરકાર ભાગ્યે જ મોટરકારના માલિકોને એવો અહેસાસ કરાવે છે કે તેઓ કંઈક ખોટું કરી રહ્યા છે. આજે દુનિયાના મોટા ભાગના દેશોની હાલત આવી છે ત્યારે યુરોપમાં આવેલા ધનાઢય દેશ સ્વિડને એક એવી યોજના બનાવી છે કે જેનાથી મોટરકારના માલિકોને ભાન થાય કે તેઓ સમાજની કુસેવા કરી રહ્યા છે, જેના માટે તેમણે દંડ ભરવાની તૈયારી રાખવી પડશે.

સ્વીડનની સરકારે નકકી કર્યું છે કે તેઓ ઈ.સ.૨૦૨૦ સુધીમાં અશ્મિભૂત બળતણ (પેટ્રોલ અને ડિઝલ) ઉપરનું અવલંબન બિલકુલ બંધ કરી દેશે. આ દિશામાં પહેલા પ્રયાસ તરીકે આ વર્ષના પ્રથમ છ મહિનામાં રાજધાની સ્ટોકહોમમાં પ્રાયોગિક ધોરણે દાખલ

થતાં વાહનો ઉપર ટેકસ લેવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ રીતે કારમાલિકો પાસેથી ટેકસ વસૂલ કરવાને કારણે કોઈ પણ સરકારની લોકપ્રિયતા ખતરામાં આવી જાય તમે હતું. પણ સોશિયલ ડેમોક્રેટિક પક્ષની સરકારે રાજકીય ગેરલાભની પણ પરવા કર્યા વિના આ ટેકસ દાખલ કરી દીધો હતો. આ ટેકસને કારણે સ્ટોકહોમના ટ્રાફિકમાં ૨૦ ટકા જેટલો ઘટાડો થયો હતો અને તેના કાર્બન ડાયોકસાઈડના લેવલમાં ૧૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ ટેકસથી બચવા માટે અનેક મોટરિસ્ટો સિટી બસમાં કે ટ્રેનમાં બેસીને પોતાની ઓફિસે આવ્યા હતા, જેને કારણે ગિરદીના કલાકોમાં પણ સ્ટોકહોમના મુખ્ય વિસ્તારોમા બિલકુલ ઓછા ટ્રાફિક જોવા મળતો હતો. આ રીતે ટેકસ ડોલરની આવક થઈ હતી.

સ્વિડનની સરકારે સંકલ્પ કર્યો છે કે તેઓ માટે અનેક મોટરિસ્ટો સિટી બસમાં કે ટ્રેનમાં બેસીને પોતાની ઓફિસે આવ્યા હતા. જેને કારણે ગિરદીના કલાકોમાં પણ સ્ટોકહોમના મુખ્ય વિસ્તારોમાં બિલકુલ ઓછા ટ્રાફિક જોવા મળતો હતો. આ રીતે ટેકસ ઉઘરાવવા દ્વારા સરકારને આશરે સાત કરોડ ડોલરની આવક થઈ હતી.

સ્વિડનની સરકારે સંકલ્પ કર્યો છે કે તેઓ હવે વાહન વ્યવહારથી લઈ ઉદ્યોગો અને આવાસ સંકુલોથી લઈને ઉર્જાના ક્ષેત્રમાં ઝેરી વાયુઓના ઉત્પાદનને નિયંત્રિત કરવા માંગે છે. સ્વિડન એક ઔદ્યોગિક દેશ હોવાને કારણે કયોટો પ્રોટોકોલ મુજબ તે પોતાના કાર્બન ડાયોકસાઈડના ઉત્પાદનમાં ઈ.સ.૨૦૧૨ ની સાલ સુધીમાં ચાર ટકા જેટલો વધારો કરી શકે છે. તેને બદલે તેણે નકકી કર્યું છે કે ઈ.સ.૨૦૨૦ સુધીમાં તેઓ કાર્બોદિત બળતણના વપરાશથી સંપૂર્ણ છૂટકારો મેળવી લેશે. એટલે ઈ.સ.૨૦૨૦ ની સાલ પછી સ્વીડન તરફથી હવામાં જરા પણ કાર્બન ડાયોકસાઈડ છોડવામાં આવશે નહીં. આ માટે કાર્બોદિત છોડવામાં આવશે નહીં.

આ માટે કાર્બોદિત બળતણના સબળ વિકલ્પની શોધ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. ઈ.સ.૨૦૨૦ માં પેટ્રોલ અને ડિઝલ વગર જીવનારો વિશ્વનો સૌથી પ્રથમ દેશ સ્વિડન બનશે.

પર્યાવરણની બાબતમાં સ્વિડનની પ્રજા શરૂઆતથી જ વધુ જાગૃત રહેતી આવી છે. છેક ઈ.સ.૧૯૭૨ ની સાલમાં સ્વિડનમાં પર્યાવરણ બાબતમાં આંતરરાષ્ટ્રીય પરિષદ મળી હતી. જેમાં ભારતનાં ત્યારનાં વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી હાજર રહ્યાં હતાં. સ્વિડન અને નેધરલેન્ડ જેવા સ્કેન્ડિનેવિયન દેશોમાં પર્યાવરણ બાબતમાં કડક કાયદાઓ અગાઉથી જ અસ્તિત્વ ધરાવે છે. સ્વિડન વિશ્વનો એકમાત્ર એવો દેશ છે, જેમાં પર્યાવરણને નુકશાન ન થાય તે રીતે દેશનો વિકાસ સાધવા માટે મંત્રાલય ચલાવવામાં આવે છે. સ્વિડનની સરકાર ઉપર પર્યાવરણ માટે લડતાં જૂથોની હંમેશા મજબૂત પકડ રહી છે. યુરોપમાં પર્યાવરણ માટે જાગૃતિ ધરાવતાં શહેરો માટે જે પ્રોજેકટ ચાલી રહ્યો છે, તેમાં સ્ટોકહોમનો પણ સમાવેશ થાય છે.

સ્વિડનની રાજધાની સ્ટોકહોમમાં ૬૦ પરિવારો કેવી રીતે ઓછામાં ઓછી ઉર્જા વાપરીને વધુમાં વધુ સુખેથી જીવી શકાય તેના પ્રેકટિકલ પ્રયોગ પોતાના જીવનમાં કરી રહ્યા છે. તેમને ખ્યાલ આવ્યો છે કે ખોરાકમાં સૌથી વધુ ઉર્જા વપરાઈ જાય છે. આપણા આહાર માટે ખેતીવાડીથી લઈને પરિવહન, પેકેજિંગ, ફ્રિજીંગ અને રસોઈમાં ઉર્જાનો પુષ્કળ વ્યય થાય છે. આ રીતે ઉર્જાનો વ્યય ટાળવા માટે તેઓ તાજા ફળફળાદિ ખાય છે અને ફ્રિજનો બિલકુલ ઉપયોગ કરતા નથી. અનાજ અને કઠોળના ઉત્પાદનમાં જે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગ થાય છે, તેમાં પણ પુષ્કળ ઉર્જાનો વ્યય થતો હોવાથી આ

કુટુંબો ઓર્ગેનિક ફૂડ જ વધુ પસંદ કરે છે. સ્વીડનમાં રસ્તા ઉપર જે મોટરકારો દોડે છે તેમાંની ૨૦ ટકા બેટરી ઉપર કે ઈથનોલ ઉપર ચાલે છે, જેમાંથી કોઈપણ જાતનું પ્રદૂષણ પેદા ન કરતાં વાહનોને તાજેતરમાં લાદવામાં આવેલા ટેકસમાંથી મુકિત આપવામાં આવી હતી.

આજે સ્વિડનમાં વીજળી પેદા કરવા માટે જરાય કોલસો બાળવામાં આવતો નથી. સ્વિડનમાં ૫૦ ટકા વીજળી જળઊર્જાથી મેળવવામાં આવે છે અને બાકીની ૫૦ ટકા અણુઊર્જામાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. હવે તેઓ અણુઊર્જાનો પણ તબકકાવાર ત્યાગ કરી રહ્યા છે. ઈ.સ.૧૯૭૦ માં સ્વિડનમાં જેટલી કુલ ઊર્જા વાપરવામાં આવતી હતી, તેમાં પેટ્રોલ અને ડિઝલનો ફાળો ૭૦ ટકા હતો. આજે આ હિસ્સો ઘટીને ૩૦ ટકા ઉપર આવી ગયો છે. ઈ.સ.૨૦૨૦ સુધીમાં આ ફાળો શૂન્ય ઉપર આવી જશે તેવી ધારણા રાખવામાં આવે છે. આજે સ્વિડનમાં ૨૮ ટકા ઊર્જા ફરી ફરીને વાપરી શકાય તેવા સ્ત્રોતમાંથી મેળવવામાં આવે છે, જેમાં વનસ્પતિનો કચરો અને છાણ મુખ્ય છે. સ્વિડનની મોટા ભાગની બસો આજે ઈથનોલ ઉપર ચાલે છે, જે નકામાં લાકડામાંથી બનાવવામાં આવે છે. ઈથનોલ બળે ત્યારે હવામાં જરાય કાર્બન ડાયોકસાઈડ પેદા થતો નથી.

કોઈ પણ દેશ જો દ્રઢ સંકલ્પ કરે તો કાર્બોદિત ઈંધણની ગુલામીમાંથી સંપૂર્ણપણે મુકત થઈ શકે છે. સ્વિડને આપણને સંપૂર્ણપણે મુકત થઈ શકે છે. સ્વિડને આપણને બતાવ્યું છે કે માત્ર વીજળીનું ઉત્પાદન વધારવાની વિકાસ નથી થઈ જતો પણ ઊર્જાની કરકસર કરીને પણ વિકાસ સાધી શકાય છે આ વિકાસ એવો હોય છે કે જેનાથી પર્યાવરણને અને માનવજાતને ઓછામાં ઓછું નુકશાન થાય છે. ભારતની પ્રજા પણ એક સમયે ઉર્જાની વધુમાં વધુ કરકસર કરીને જીવતી હતી પણ પશ્ચિમી પદ્ધતિના વિકાસની ઘેલછામાં આપણે આપણી

આ ઈકોફ્રેન્ડલી જીવનપદ્ધતિ ભૂલી ગયા છીએ. ભારત દેશમાં તડકો પુષ્કળ મળતો હોવાથી આપણને કપડાં સુકવવા માટે ડ્રાયરની બિલકુલ જરૂર નથી તો પણ આપણે ઓટોમેટિક વોશિંગ મશીનમાં ડ્રાયરનો ઉપયોગ કરીને ઉર્જાનો વ્યય કરીએ છીએ. ભારતમાં અગાઉ કૃષિમાં રાસાયણિક ખાતરોનો બિલકુલ વપરાશ કરવામાં આવતો નહોતો, જેને કારણે પણ ઊર્જાની જોરદાર બચત થતી હતી.

સ્વિડનનો અનુભવ કહે છે કે પરિવારમાં માણસોની સંખ્યા જેટલી ઓછી એટલો માથાદીઠ ઊર્જાનો વપરાશ વધે છે. ભારતમાં સંયુકત કુટુંબની જે પ્રથા અસ્તિત્વમાં હતી તેને કારણે ઉર્જાની સાહજિક રીતે બચત થતી હતી. ભારતનાં ગામડાંઓમાં મોટા ભાગના લોકો સાંજે વહેલા વાળુ કરીને અંધારું થાય ત્યાં ફળિયામાં ખાટલા ઢાળીને ઉંઘી જતા હતા. તેમને લાઈટ, પંખો કે એસીની કોઈ જરૂર પડતી નહોતી. વળી તેઓ ઘરમાં ફ્રિજ, ટીવી, વોશિંગ મશીન, ગિઝર ઈલેકટ્રીક ઉપકરણો પણ વાપરતા ન હોવાથી તેઓ બહુ ઓછી ઉર્જામાં સુખેથી જિંદગી પસાર કરી શકતા હતા.

ભારતની પ્રજાની લાઈફસ્ટાઈલ જ પર્યાવરણની રક્ષા કરનારી હતી.

ભારતની પ્રજા એક ગામથી બીજા ગામે જવું હોય તો પગપાળા પ્રવાસ કરતી અથવા બળદગાડામાં બેસીને જતી, જેને કારણે પેટ્રોલ અને ડિઝલના વપરાશની આવશ્યકતા નહોતી. આજે તો શહેરના લોકો એકાદ કિલોમીટર વિના ચાલવું હોય તો પણ ટુવ્હિલર, રિક્ષા કે મોટરકાર વિના ચાલી શકતા નથી. આ સંયોગોમાં કાર્બોદિત બળતણના વપરાશમાં વધારો પ્રજા ભૂતકાળમાં રસોઈ કરવા માટે છાણાંનો કે લાકડાનો ઉપયોગ કરતી હતી. આ

બન્ને ઈંધણ ફરી ફરી પેદા કરી શકાય તેવા છે. આજે તેઓ કેરોસીનનો અને ગેસનો ઉપયોગ કરે છે, જેની આયાત કરવી પડે છે.

ભારત દેશમાં અનાજ, કઠોળ, શાકભાજી વિગેરે ખાદ્યપદાર્થો જે પ્રદેશમાં પાકતા હોય ત્યાં જ ખાવામાં આવતા હતા. તેને કારણે આ બધા પદાર્થોને દૂર દૂર સુધી ટ્રકમાં મોકલવાની અને ડિઝલનો વપરાશ કરવાની આવશ્યકતા નહોતી. આજે પંજાબના લોકો ચોખા ખાય છે.

પર્યાવરણ

શ્વેતા શાહ

''ફૂલછાબ'' દૈનિક પેપરમાં તા. ૨૭-૯-૨૦૦૬ ની પૂર્તી ''પંચામૃત'' માં પ્રસિધ્ધ થયેલ લેખ

# પરિશિષ્ટ

